પુષ્ટિ વિમર્શ

- ડો. જયેન્દ્ર સોની



પુષ્ટિ-વિમર્શ

(પુષ્ટિ સંપ્રદાયના વિભિન્ન પહેલુઓ પર ચિંતન)

૧. 'પુષ્ટિ-સંપ્રદાય'માં ગુરુ કોણ ? તેમનું મહત્વ !
૨. 'વલ્લભીય સૃષ્ટિ' માટે આત્મચિંતન કરવું આવશ્યક છે !
૩. વલ્લભીયજનો, જરા વિચારો !
૪. 'પુષ્ટિ-સંપ્રદાય'નું હાર્દ
૫. 'પુષ્ટિમાર્ગ-એક ચિંતન' (સમીક્ષા અને નિરાકરણ)

આલેખક

ડો. જયેન્દ્ર સોની
એમ.એ., એડ.ડીપ્લોમા-વલ્લભ વેદાંત, એમ.એ. (ફીલોસોફી) પીએચ.ડી.

પ્રકાશક

શ્રીવલ્લભ પ્રકાશન
વલ્લભાશ્રય, ૧૦ બાલાસિનોર સોસાયટી,
ફાયર સ્ટેશન સામે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૦૧૪૫૧૮, મો. ૯૧-૯૮૬૯૨૬૪૬૬૮
Email : jayendra@abcfinechem.com

પુષ્ટિ-વિમર્શ

(પુષ્ટિ-સંપ્રદાયના વિભિન્ન પહેલુઓ પર ચિંતન)

આલેખક : **ડૉ. જયેન્દ્ર સોની**
(એમ.એ., એડ. ડીપ્લોમા-વ.વેદાંત, પીએચ.ડી.)
મો. : +૯૧-૯૮૬૯૨૬૪૬૬૮

પ્રકાશક : **શ્રીવલ્લભ પ્રકાશન**
(શ્રીમતિ કલાવતી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મુંબઈ)

પ્રકાશન સહયોગ : ૫૦/-

પ્રાપ્તિસ્થાન : **'વલ્લભાશ્રય'**
૧૦, બાલાસિનોર સોસાયટી,
ફાયર સ્ટેશન સામે, એસ. વી. રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૦૧૪૫૧૮,
મો. : +૯૧-૯૮૬૯૨૬૪૬૬૮
Email : jayendra@abcfinechem.com

મુદ્રક : **ખુશી મલ્ટી પ્રિન્ટ્સ.**
એ/૬૦૮, જોયોસ હબટાઉન,
એસ.ટી. બસ ટર્મિનલ પાસે,
ગીતા મંદિર ચાર રસ્તા, અમદાવાદ.
ફોન : ૦૯૨૨૭૫૦૪૫૫

પ્રાક-કથન

આપણે 'પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ' છીએ, એવી આપણી માન્યતા છે. આપણે પોતાની જાતને, તેનું કારણ એ રીતે આપતાં હોઈએ છીએ કે આપણે ગળામાં તુલસીની કંઠી ધારણ કરીએ છીએ, આપણે કોઈક વલ્લભકુળ આચાર્યશ્રી પાસેથી બ્રહ્મસંબંધની દીક્ષા લીધી છે, અથવા આપણને વડીલોએ અપાવી છે, આપણે ક્યારેક અથવા નિયમિત પુષ્ટિમાર્ગીય હવેલીમાં દર્શન કરવા જઈએ છીએ, અનુકૂળતા મુજબ આપણે વર્ષે-બે વર્ષે નાથદ્વારા અથવા વ્રજમાં જતાં હોઈએ છીએ, ક્યારેક શ્રી ઠાકોરજીના મનોરથ/કુંડવારો ઈત્યાદિ કરાવતાં હોઈએ છીએ, આપણે પુષ્ટિ-સંપ્રદાયના ભાગવત કથા ઈત્યાદિ આયોજનોમાં 'વિત્તજા' સેવા (!) કરતાં હોઈએ છીએ, આપણે ઘરમાં શ્રી ઠાકોરજીની સેવા કરીએ છીએ અથવા આપણા વડિલો સેવા કરે છે, ઈત્યાદિ આમાંના એક કે વધુ કારણોને લઈને આપણે પુષ્ટિમાર્ગીય હોવાનો **'અહં'** પોષતા હોઈએ છીએ. ક્યાંક તો આપણે સ્વેચ્છયા પુષ્ટિમાર્ગનો સ્વીકાર કર્યો હશે અથવા કોઈ પ્રયોજનવશ કે પરંપરાગત રીતે આપણે પુષ્ટિમાર્ગીય બની ગયા હોઈએ છીએ. કદાચ આપણી પોતાની રુચી તદ્-વિષયક ન હોવા છતાં. આ એક વાસ્તવિક હકિકત છે. વૈષ્ણવોના ઘરના રસોઈયા-ઘાટી તથા પુષ્ટિમાર્ગીય મંદિરોના મોટાભાગના કર્મચારીઓની આવી જ સ્થિતિ છે.

શું ખરેખર આપણે જાણીએ છીએ કે **'પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ'** હોવાનું તાત્પર્ય શું છે ? 'પુષ્ટિમાર્ગ'નું રહસ્ય શું છે ? શા માટે કોઈએ 'પુષ્ટિમાર્ગ' અથવા કોઈ માર્ગ અપનાવવો જરૂરી છે ? શું આપણે **'પુષ્ટિ જીવ'** છીએ ? તે વિશે આપણે કેવી રીતે જાણી શકીએ ? જો આપણે કોઈ રીતે પુષ્ટિમાર્ગ અથવા પુષ્ટિમાર્ગીય ઉપક્રમ સાથે જોડાયેલ હોઈએ તો આપણે ઉપરોક્ત પ્રશ્નો વિશે ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઈએ અને તદ્-વિષયક જ્ઞાન મેળવવું જોઈએ. પુષ્ટિમાર્ગ જો માત્ર આપણી આજીવિકાનું સાધન હોય તો તેની કથા જુદી છે. પરંતુ જો આપણે તેને 'ધર્મ'ના રુપે અપનાવેલ હોય અથવા આપણા કર્તવ્ય પાલન તરીકે સ્વીકાર્યો હોય તો તે વિશે પ્રામાણિક પણે આપણે વિચારવું જોઈએ, કારણ

કે આપણો આ માર્ગને અપનાવવા પાછળ કોઈક આધ્યાત્મિક દૃષ્ટિકોણ રહેલો હોય છે. અન્યથા આપણે પુષ્ટિમાર્ગના નામે જે પણ કાંઈ કર્મ કરતાં હોઈશું, ન તો તેમાં આપણી પૂરી નિષ્ઠા હશે, તદર્થ ન તેની કોઈ ફલદાયીતા હોઈ શકે ! આપણે ગંતવ્યના ભાન વિના માત્ર ભટક્યાં જ કરીશું, જીવનના પ્રવાહમાં તણાંતા રહીશું અને આપણું જીવન વ્યર્થ જ જશે.

કદાચ આપણે એટલું તો જાણીએ છીએ કે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના **આદ્યગુરુ** છે. તેમણે **'પુષ્ટિ સંપ્રદાય'**ની સ્થાપના કરી છે, તેને પ્રવર્તિત કર્યો છે, તેમજ તેના સિદ્ધાંતો આલેખ્યા છે અને પોતાના' ગ્રંથો દ્વારા તેને સમજાવ્યા છે. તેમણે ભગવાનને મેળવવાના માર્ગ તરીકે **'પુષ્ટિમાર્ગ'**ના નામે એક વિશિષ્ટ પ્રકારની **'જીવનશૈલી'**નો નિર્દેશ કર્યો છે. પુષ્ટિમાર્ગના આરાધ્ય દેવ **'શ્રીનાથજી'** છે. તે ભગવાન શ્રીકૃષ્ણનું જ સ્વરૂપ છે. તેમણે સર્વે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને શ્રીકૃષ્ણના બાલ સ્વરૂપની **'ભક્તિ'** કરવાનો ઉપદેશ આપ્યો છે. સૌ કહેવાતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો કમ સે કમ આટલી વાતો તો જાણતા હોય છે.

શ્રી મહાપ્રભુજીએ સમજાવ્યું છે કે ભગવાને **'દૈવી'** તથા **'આસુરી'** (જેને તેઓ **'પ્રવાહીસૃષ્ટિ'** કહે છે) ઉત્પન્ન કરી છે. તેઓ દૈવી સૃષ્ટિના બે પ્રભેદ બતાવે છે. **'પુષ્ટિ સૃષ્ટિ'** અને **'મર્યાદા સૃષ્ટિ'**. તદુપરાંત અનેક પ્રકારની **'મિશ્ર સૃષ્ટિ'** પણ છે, જેમાં ઓછા વત્તા **પુષ્ટિ-મર્યાદા-પ્રવાહ** સૃષ્ટિના ગુણ હોય છે.

પ્રત્યેક સૃષ્ટિના જીવોની ઉત્પત્તિ, સ્વરૂપ, તેઓની રુચિ અને તેમને થનારી ફલપ્રાપ્તિ ભિન્ન ભિન્ન હોય છે. પુષ્ટિ જીવોને ભગવાને પોતાની સેવા માટે ઉત્પન્ન કરેલાં છે. તદર્થ તેમની રુચિ 'પુષ્ટિમાર્ગ' પ્રત્યે ભગવદ્ કાર્ય, ભગવદ્ સેવાર્થે વિશેષ હોય છે. **'ભગવદ્ સેવા'** પુષ્ટિ જીવનું મુખ્ય કર્તવ્ય છે. તદ્-વિષયક તેમની રુચિ હોવી એ જ પુષ્ટિ જીવનું લક્ષણ છે. તેથી આપણે પુષ્ટિ જીવ છીએ કે નહીં તેનું માપદંડ આપણી પુષ્ટિમાર્ગમાં રુચિ કેટલી છે, તે છે. જો આપણે 'પુષ્ટિ જીવ' હોઈશું તો આપણને પુષ્ટિ-સંપ્રદાયને અનુસરવાની, પુષ્ટિમાર્ગને જાણવાની, તેના ગ્રંથો ભણવાની-સમજવાની સહજ ઈચ્છા થશે.

આપણે જાણીએ છીએ કે જો આપણે કોઈ માર્ગે ચાલવું હોય તો કોઈ ભોમિયાની, માર્ગદર્શકની આવશ્યકતા હોય છે, જે આપણને સાચો રાહ બતાવી શકે. તેવી જ રીતે અધ્યાત્મના માર્ગે પ્રસસ્ત થવા માટે કોઈ ગુરુની આવશ્યકતા હોય છે. જે આપણા **'પથ પ્રદર્શક'** બની શકે, આપણાને જ્ઞાન આપી શકે, આપણને યોગ્ય દિશા બતાવી શકે. તેનાથી આપણે આપણા ગંતવ્ય સ્થાને પહોંચી શકીએ. પુષ્ટિમાર્ગ પર ચાલવા માટે પણ આપણે એવા સક્ષમ ગુરુ કરવા જરૂરી છે. પુષ્ટિમાર્ગમાં તેના **સ્થાપક-પ્રવર્તક મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી છે** જેઓ આ સંપ્રદાયના સમસ્ત અનુયાયીઓના **'ગુરુ'** છે. તેમના અવતાર કાલમાં તેમણે અનેક દૈવી જીવોને શરણે લઈ, તેમનો ઉદ્ધાર કર્યો હતો. આજે પણ તેઓ પોતાના વંશજોના માધ્યમથી પુષ્ટિ સંપ્રદાયનું પ્રવર્તન કરી રહ્યા છે. શ્રી મહાપ્રભુજી તેમજ તેમના અનુવર્તી આચાર્યો-શ્રી ગોપીનાથજી, શ્રી ગુંસાઈજી, શ્રી ગોકુલનાથજી, શ્રી હરિરાયજી, શ્રી પુરુષોત્તમજી ઈત્યાદિ આચાર્યોના ગ્રંથો વર્તમાનમાં પુષ્ટિ-સંપ્રદાયને અનુસરવા માટે માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે.

શ્રી મહાપ્રભુજીએ પોતાના 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથમાં કહ્યું છે : **'કૃષ્ણ સેવા સદા કાર્યા'** એ મારો મુખ્ય સિદ્ધાંત છે. ઉપર કહ્યું તેમ પુષ્ટિ જીવની ઉત્પત્તિ જ ભગવદ્-સેવાર્થે થઈ છે. તેથી સ્વાભાવિક છે કે **'કૃષ્ણ સેવા'** એ પુષ્ટિ જીવનું મુખ્ય કર્તવ્ય હોય. એક ચર્ચાના સંદર્ભમાં ભગવાન જગન્નાથજી એ પણ આજ્ઞા કરેલી છે **'કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા'** અર્થાત્ ભગવાન કૃષ્ણની સેવા એ જ જીવ માત્રનું મુખ્ય કર્મ-કર્તવ્ય છે. તેથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હોવાના નાતે આપણે શ્રીકૃષ્ણની સેવા કરવી, એટલું જાણીએ છીએ અને તેથી જે પ્રકારે આપણે સેવાને સમજીએ છીએ, તદનુસાર કદાચ સેવાનો ઉપક્રમ આપણે નિભાવતાં હોઈએ છીએ. પરંતુ મોટાભાગે આપણે **'સેવા'** એક 'કાર્ય' એક **'કર્મ-કાંડ'**ની માફક ક્રિયાવત જ કરતાં હોઈએ છીએ. તેનું કારણ છે કે આપણે સેવાનું હાર્દ સમજતા હોતા નથી. બહુ ઓછાને જાણ હશે કે શ્રી મહાપ્રભુજીએ શા માટે **'કૃષ્ણ સેવા'**નો જ આગ્રહ રાખ્યો છે ? શું રહસ્ય છે તે **'કૃષ્ણ તત્ત્વ'**નું ? કૃષ્ણનું 'સ્વરુપ' તેનું 'માહાત્મ્ય' શું છે ?

મોટા ભાગના અનુયાયીને તે વિશે જાણકારી હોતી નથી. આ બધી બાબતોના જ્ઞાનના અભાવમાં આપણી સેવા માત્ર **'ક્રિયાવત'** જ હોય છે. ઘણું કરીને આપણે આપણી દૈનિક ક્રિયાના એક ભાગ રૂપે સેવા કરતાં હોઈએ છીએ. ક્યારેક આપણે કહેતા હોઈએ છીએ કે **'મેં સેવા પતાવી દીધી'**, જાણે એક કાર્ય પૂરું કર્યું હોય. કેટલી હાસ્યાસ્પદ આ બાબત છે !

શ્રી હરિરાયજી પોતાના **'સ્વરુપ તારતમ્ય નિર્ણય'** ગ્રંથમાં આજ્ઞા કરે છે કે **'સ્વમાર્ગમાં સેવ્ય સ્વરુપનું જ્ઞાન ન હોય તેવી વ્યક્તિ જ્યારે માર્ગની માત્ર રુઢી અનુસાર શ્રદ્ધાપૂર્વક પણ જે કાંઈ સ્વરુપ સેવા કરે છે, તે કેવળ આધિભૌતિક સેવા છે.'** અર્થાત્ તે સેવાનું બાહ્ય રુપ હોઈ શકે, પરંતુ તેની ફળદાયિતા કેટલી ? શું તે પ્રકારની સેવામાં આપણી નિષ્ઠા જોડાયેલી હોય છે ? કારણકે તે આપણી એક કરવા પૂરતી ક્રિયા જ હોય છે. તેમાં જે **'ભાવ'**ની આવશ્યકતા હોય છે, તે હોતો નથી. વાસ્તવમાં 'ભાવયુક્ત ક્રિયા'ને જ 'સેવા' કહી શકાય, અને તો જ તે ફલદાયિ બને. શ્રી મહાપ્રભુજી સ્વયં કહે છે કે **'નિષ્ઠાના અભાવમાં કરેલું કોઈ કાર્ય ફલ-પ્રદાન કરી શકતું નથી.'**

તેથી જ શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના નિબંધ ગ્રંથમાં એક અતિ મહત્ત્વની આજ્ઞા કરી છે. તેઓ કહે છે **'શાસ્ત્રમ્ અવગત્ય, મનોવાગ્દેહૈઃ કૃષ્ણ સેવ્યઃ'** અર્થાત્ શાસ્ત્રને સારી રીતે જાણીને મન-વાણી-દેહ દ્વારા કૃષ્ણની સેવા કરવી જોઈએ. અહીં શાસ્ત્રોનો અભ્યાસ એ 'કૃષ્ણ સેવા'ની પૂર્વ શરત બતાવી છે, અથવા તેની આવશ્યકતાનો નિર્દેશ કર્યો છે. આથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે 'પુષ્ટિ સંપ્રદાય'ને અનુસરવા માત્ર 'કૃષ્ણ સેવા' જ પૂરતી નથી, પરંતુ તે પહેલાં **શાસ્ત્રોનો, ગ્રંથોનો** અભ્યાસ કરવો પણ જરૂરી છે, કેમ કે પુષ્ટિ-સંપ્રદાય માત્ર **'ક્રિયાત્મક'** નથી, **'જ્ઞાનાત્મક'** પણ છે. આપણે કદાચ મૂળ ભગવદ્ શાસ્ત્રોનો અભ્યાસ ન કરી શકીએ, પરંતુ તે વેદાદિ શાસ્ત્રોના આધારે શ્રી મહાપ્રભુજીએ જે સિદ્ધાંતો તારવી પોતાના વિભિન્ન ગ્રંથોમાં આલેખ્યા છે, તેને જાણવા-સમજવાની આવશ્યકતાનો અહીં સ્પષ્ટ નિર્દેશ મળે છે.

આપણે જાણીએ છીએ કે પુષ્ટિ-સંપ્રદાય એક **'ભક્તિ-સંપ્રદાય'** છે. તેમાં

ભગવાનની **‘ભક્તિ’** કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. ભક્તિ જ આ સંપ્રદાયનું હાર્દ છે. તેથી જ શ્રી મહાપ્રભુજી એ સ્થાપેલો માર્ગ **‘પુષ્ટિ ભક્તિ માર્ગ’** તરીકે ઓળખાય છે. ‘**જ્ઞાન**’ અને ‘**ક્રિયા**’ એ બંને ભક્તિના અંગભૂત છે. ભક્તિમાં તે બંનેની આવશ્યકતા છે. તેથી જ શ્રી મહાપ્રભુજીએ **‘જ્ઞાન’ અને ‘ક્રિયા**’ ઉભયયુક્ત બ્રહ્મના સાકાર સ્વરુપ **‘શ્રીકૃષ્ણ’**ની સેવાનો ઉપદેશ આપ્યો છે. ભક્તિની વ્યાખ્યા સમજાવતાં તેઓ કહે છે કે **‘ભગવાનના માહાત્મ્ય જ્ઞાનપૂર્વક, તેમનામાં સુદૃઢ સ્નેહ હોવો, તેને ભક્તિ કહેવાય.’** આમ ભગવાનના **‘માહાત્મ્યનું જ્ઞાન’** અને તેમનામાં અપ્રતિમ ‘સ્નેહ’ તે બે ભક્તિના મહત્વના અંગ છે. આપણી સેવા રુપ ક્રિયામાં આ બંને બાબતો સમાવિષ્ટ હોય તો તેને **‘ભક્તિ’** કહેવાય. આજ વાતનો નિર્દેશ ઉપરોક્ત નિબંધ ગ્રંથની આજ્ઞામાં પણ કરેલો છે. ‘માહાત્મ્ય જ્ઞાન’ માટે સ્વાભાવિક છે કે ‘શાસ્ત્ર’ને સમજવા જરૂરી ગણાય, અને તેથી જ શ્રી મહાપ્રભુજીએ માહાત્મ્ય જ્ઞાનને ‘કૃષ્ણ સેવા’ની પૂર્વ આવશ્યકતા બતાવી છે.

ભગવાનના માહાત્મ્ય જ્ઞાન અને તેમના પ્રત્યેના સ્નેહનો સીધો સંબંધ **‘શરણાગતિ’** અને **‘સમર્પણ’** સાથે છે. ભગવાનના ‘માહાત્મ્ય જ્ઞાન’ના કારણે તેમનો **‘આશ્રય’** સિદ્ધ થાય, જ્યારે તેમનામાં ‘સ્નેહ’ને કારણે આપણે તેમને સર્વસ્વ **‘સમર્પણ’** કરી દઈએ. આમ ભક્તિ દ્વારા ભગવાનની ‘શરણાગતિ’ અને ‘સમર્પણ’ સહજ રીતે સિદ્ધ થાય છે. ભગવાન પ્રત્યે આપણી ભક્તિની અભિવ્યક્તિ ‘**સેવા**’ દ્વારા કરી શકાય. તેથી **ભક્તિ, શરણાગતિ, સમર્પણ અને સેવા** એ ચારેય ‘પુષ્ટિમાર્ગ’ના મહત્વના અંગો પરસ્પર સંકળાયેલ છે. માટે શ્રી મહાપ્રભુજીએ ષોડશ ગ્રંથોમાં તે ચાર વિષયોની મુખ્યત્વે ચર્ચા કરી તેને સમજાવ્યા છે. તદર્થ પુષ્ટિ–સંપ્રદાયના પ્રત્યેક અનુયાયીએ ઓછામાં ઓછું ષોડશ ગ્રંથોનો તો અભ્યાસ કરવો જરૂરી ગણાય. **સિદ્ધાંત મુક્તાવલી** ગ્રંથના અદયયન દ્વારા **‘સેવાનો સિદ્ધાંત’** સમજી શકાય, તેમજ **‘કૃષ્ણ’** સાક્ષાત્ પરબ્રહ્મ છે, તેવો બોધ પણ મળે. **‘વિવેકધૈર્યાશ્રય’** ગ્રંથમાં **‘શરણાગતિ’** અર્થાત્ **‘આશ્રય’** અને તેના અંગભૂત **‘વિવેક’** તેમજ **‘ધૈર્ય’**ના સ્વરુપની સમજણ આપવામાં

આવી છે. **'નવરત્ન ગ્રંથ'** દ્વારા **'સમર્પણનો સિદ્ધાંત'** સમજાવ્યો છે, જ્યારે **'ભક્તિ વર્ધિની'** ગ્રંથમાં **'ભક્તિ'**નું સ્વરુપ, 'બીજ ભાવ' એટલે શું, અને ભક્તિ કઈ રીતે વૃદ્ધિ પામી ફળદાયી બને તે વિશેની છણાવટ કરી છે. જો આપણે આ ગ્રંથો દ્વારા એ ચારેય બાબતોને સરખી રીતે સમજીને તદનુસાર આચરણ કરીએ તો પુષ્ટિના પંથે ચાલીને અપેક્ષિત ફળ–પ્રાપ્તિ કરવી સંભવ બની શકે.

કેટલાક એમ કહેતાં હોય છે કે 'પુષ્ટિમાર્ગ' **'પ્રમેય'**નો માર્ગ છે, તેથી તેમાં **'પ્રમાણ'**ની અર્થાત્ શાસ્ત્રોના અધ્યયનની આવશ્યકતા નથી. આ માર્ગમાં પ્રભુની કૃપાથી જ જીવનો ઉદ્ધાર થાય છે, અર્થાત્ જે કાંઈ કરવાનું છે, તે ભગવાને જ કરવાનું છે. પરંતુ આવી માન્યતા ભૂલ ભરેલી છે. આ વાત જો સાચી હોત તો શ્રી મહાપ્રભુજી એ **'શાસ્ત્રમ્ અવગત્ય'**ની આજ્ઞા કરી ન હોત. એ સાચું છે કે 'પુષ્ટિમાર્ગ'માં **'ભગવદ અનુગ્રહ'** જ નિયામક છે. ભગવાન સર્વતંત્ર સ્વતંત્ર છે. ક્યારેક તેઓ જીવના સાધનોનો વિચાર કર્યા વિના પોતે જ કૃપાવશ પ્રકટ થાય ત્યારે જીવને ભગવાનના સ્વરુપ અને લીલામાં સહજ રતિ સિદ્ધ થઈ શકે. તેથી ભગવાનના માહાત્મ્યને જાણ્યા વિના જ જીવની ગતિ ભગવાન તરફ થાય અને તેમના તરફ તે આકર્ષાય, જેના કારણે તેને ભગવાનમાં સ્નેહ પ્રકટ થઈ જાય છે. ગોપીજનોને આવો સહજ સ્નેહ માહામ્ત્ય જ્ઞાન થયા વિના જ ઉત્પન્ન થયો હતો. તેથી પ્રભુએ પોતાના સ્વરુપથી તેમનો ઉદ્ધાર કર્યો હતો. આને **'પ્રમેય બલ'**થી ઉદ્ધાર કર્યો તેમ કહી શકાય. પરંતુ ત્યારે ભગવાન પ્રત્યક્ષ રુપે પ્રકટ હતાં. જ્યારે અનવતાર કાલમાં, વર્તમાનમાં તો પ્રભુનું **'પ્રમાણ બળ'** જ કાર્ય કરે છે. ભાગવત આદિ ભગવદ્ શાસ્ત્રોના **'પ્રમાણ'** દ્વારા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થાય ત્યારે તેમનામાં **'સ્નેહ'** અર્થાત્ **'ભક્તિ'** પ્રકટ થાય છે. તે કારણે જ વર્તમાનમાં ગીતા, ભાગવત વગેરે શાસ્ત્રોનું અધ્યયન આવશ્યક જ નહીં, અનિવાર્ય છે.

શ્રી મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે **'સર્વં ભગવાનેવ કરોતિ, કિન્તુ ભજનં વિના ન કિંચિત કરોતિ'** અર્થાત્ સર્વ કાંઈ ભગવાન જ કરે છે, પરંતુ ભજન વિના કાંઈ જ કરતાં નથી. આથી સમજી શકાય છે કે ભગવાનની કૃપાથી જ સર્વ કાંઈ થાય છે, પરંતુ **'ભજન'** એટલે કે **'ભક્તિ'** કરવી એ પુષ્ટિ જીવનું

આવશ્યક કર્તવ્ય છે. તેથી તેણે સહજ રુપે દાસ-ભાવથી ભક્તિ કરવી જોઈએ. તે માટે કોઈ વિશેષ પ્રયોજન હોવું ન જોઈએ. શ્રી હરિરાય મહાપ્રભુ શિક્ષાપત્રમાં આ બાબત સ્પષ્ટ કરવા આજ્ઞા કરે છે.

તસ્ય સેવા પ્રકુર્વીતં યાવજ્જીવં સ્વધર્મતઃ
ન ફલાર્થ, ન ભોગાર્થ, ન પ્રતિષ્ઠ પ્રસિદ્ધયે
શ્રીમદાચાર્ય માર્ગેણ, નાન્યેનાપિ કદાચન,
ન કલ્પિત પ્રકારણે, ન દુર્ભાવ સમન્વયાત્ (શિ. ૧૮/૧૩-૧૩)

અર્થાત્ પોતાના માથે બિરાજતા શ્રી ઠાકોરજીની સેવા **'સ્વધર્મ'** સમજીને સ્વયં તન, મન, ધન, ઘર, પરિવાર ઈત્યાદિના વિનિયોગ કરીને કરવી જોઈએ. તે કોઈ ફલ કે ભોગને માટે અથવા 'પ્રતિષ્ઠા' કે 'પ્રસિદ્ધ'ના પ્રયોજનથી ન કરવી જોઈએ. એવી સેવા શ્રી મહાપ્રભુજી દ્વારા બતાવેલી પદ્ધતિ અનુસાર જ કરવી જરૂરી છે. તે કોઈ અન્ય આશયથી અથવા પોતાની કલ્પના અનુસાર કરવી ન જોઈએ. શ્રી હરિરાયજીનો આ ઉપદેશ અતિ મહત્વનો છે. પુષ્ટિ સંપ્રદાયને અનુસરવા શ્રી મહાપ્રભુજી તેમજ તેમના અનુવર્તિ પૂર્વાચાર્યોના વચન જ પ્રમાણરૂપ છે અને **'પુષ્ટિ ફલ'**ની પ્રાપ્તિ માટે તે જાણવા સમજવા અને આચરવા આવશ્યક છે. તેમના ગ્રંથોમાં એવી અનેક બાબતો, ખુલાસા, સિદ્ધાંતોનું પ્રતિપાદન સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું છે, જે પુષ્ટિજીવો માટે માર્ગદર્શક છે. પુષ્ટિમાર્ગે ચાલવા માટે તદ્-વિષયક સિદ્ધાંતોનું પાલન અનુયાયી માર્ગ માટે આવશ્યક છે. તેમ તે સિદ્ધાંતોને સમજાવવાનું ઉત્તર દાયીત્વ **'ગુરુદ્વાર'** રુપ **'વલ્લભકુળ આચાર્યશ્રી'**ઓનું છે.

વર્તમાનમાં વલ્લભકુલ આચાર્યશ્રીઓની વાણી, તેમની આજ્ઞાઓ 'શ્રી મહાપ્રભુજી'એ પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતોને સુસંગત હોવી જરૂરી છે. જે બાબતો વિશે તેઓ સંપ્રદાયના અનુયાયીઓને માર્ગદર્શન આપતા હોય, તદનુસાર તેમના પોતાના જીવનમાં પણ તેઓ આચરણ કરતા હોવા અનિવાર્ય ગણાય, કારણ કે અન્યથા, તેમનો ઉપદેશની અસરકારકતા હોઈ શકતી નથી. તેથી જ કદાચ શ્રી મહાપ્રભુજીએ **'ગુરુ'**ના લક્ષણ બતાવતાં **'દંભાદિ રહિતં'** શબ્દ કહ્યા છે.

આચાર્યશ્રીઓની વાણી અને વ્યવહારની એકરૂપતા અનિવાર્ય છે. અનેક સ્થાને આજે **'કહેણી'** અને **'કરણી'**માં ભેદ વર્તાતો હોય છે, જે એક પ્રકારે પાખંડનું જ સ્વરૂપ ગણાય. પુષ્ટિમાર્ગના પાયામાં **'ભાગવત્ ધર્મ'** રહેલો છે, જેનો આત્મા **'સત્ય'** છે. **'સત્યં પરં ધીમહિ'** ભાગવતના મંગલાચરણમાં કહેવાય છે. તેથી અસત્યના પાયા ઉપર પ્રસ્તુત કરવામાં આવેલા કોઈ પણ ઉપક્રમને **'પુષ્ટિમાર્ગીય'** ન કહી શકાય. ગઈ કાલની પેઢી શ્રદ્ધા કે અંધશ્રદ્ધાના આધારે આચાર્યશ્રીઓની અસંગત જણાતી આજ્ઞાઓને પણ શીરોધાર્ય માનતી હતી. તેવી સ્થિતિ વર્તમાન કાળમાં ચાલી શકે તેમ નથી. આજની પેઢી સિદ્ધાંતોને તર્કયુક્ત રીતે સમજવા ઈચ્છે છે. શ્રી મહાપ્રભુજીએ પણ અન્ય આચાર્યોના વચનોનો, 'શાસ્ત્ર'ની સંગતિના આધારે તર્કપૂર્ણ રીતે ઉચ્છેદ કરી **'સ્વસિદ્ધાંત'** પ્રતિપાદિત કર્યો છે. તેમની કોઈ પણ આજ્ઞા પાયા વિહોણી નથી. તે તેમના ગ્રંથો પર કરેલા તેમના અનુવર્તી આચાર્યોના ખુલાસાઓથી સ્પષ્ટ થાય છે.

પુષ્ટિ–સંપ્રદાયને અનુસરવા માટેની કેટલીક પાયાની બાબતો અહીં રજુ કરવામાં આવી છે. તેવી અન્ય અનેક બાબતો વિશેની સમજણ પણ કેળવવી આવશ્યક છે, જેને માટે મૂળાચાર્યોના ગ્રંથોનો અભ્યાસ કરવો આવશ્યક છે અને તદવિષયક પ્રશિક્ષણિય માળખુ ઊભું કરવાની જવાબદારી સમગ્ર **'વલ્લભીય સૃષ્ટિ'**ની છે. તેમજ જે તે ક્ષેત્રમાં બિરાજમાન શ્રી વલ્લભકુળ આચાર્યો માટે એ અનિવાર્ય છે કે તેઓ સ્વયં શ્રી મહાપ્રભુજીના પ્રકિર્ણ ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ કરે, એટલું જ નહીં, પોતપોતાના ક્ષેત્રમાં સંપ્રદાયના અનુયાયીઓને ગ્રંથોનું જ્ઞાન આપે, જે સ્થિતિ આજે નહીવત્ જણાય છે. માત્ર કથાઓ કરવાથી કે પ્રાસંગિક પ્રવચનો કરવાથી આ હેતુ સાધી શકાતો નથી. તેથી જ આજની એ વાસ્તવિકતા છે કે મોટા ભાગનો અનુયાયી વર્ગ શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોથી અનભિજ્ઞ છે અને જે રીતે દર્શન–મનોરથના ઉપક્રમો તેમને દૃષ્ટિગોચર થાય છે, તેમાં જ **'પુષ્ટિ ભક્તિ'**ની ઈતિ–કર્તવ્યતા તેઓ સમજી લે છે અને તેના દ્વારા જ પોતાને કૃતાર્થ થયેલ સમજે છે.

આવી સર્વે બાબતોનું મનનપૂર્વક ચિંતન કરતાં કેટલાક મૂલભૂત મુદ્દાઓ

સ્પષ્ટ થાય છે તે નીચે મુજબ છે.

૧. **'પુષ્ટિ સંપ્રદાય'**ના સંસ્થાપક તેમજ તદ્-વિષયક સિદ્ધાંતોનું પ્રતિપાદન કરનાર **'શ્રીમદ્ વલ્લભાચાર્યજી'** છે. વર્તમાન સમયમાં આ સંપ્રદાયના અનુયાયીઓને બ્રહ્મસંબંધની દીક્ષા આપી તેમને યથાર્થ માર્ગદર્શન કરવાનું દાયિત્વ તેમના વતી 'ગુરુદ્વાર' રૂપે વલ્લભકુળ આચાર્યશ્રીઓ નિભાવે છે. અતઃ પુષ્ટિમાર્ગના 'ગુરુ' તરીકે કોને ગણવો જોઈએ, તેની સ્પષ્ટ સમજણ હોવી જરૂરી છે.

૨. શ્રી વલ્લભાચાર્યજીને થયેલી ભગવદ્ આજ્ઞા મુજબ **'નામ મંત્ર'**ની તેમજ 'બ્રહ્મસંબંધ'ની દીક્ષા લઈ વૈષ્ણવો પુષ્ટિ સંપ્રદાયના અનુયાયી બને છે. તેથી સ્વાભાવિક રીતે સર્વે અનુયાયી **'વલ્લભીય સૃષ્ટિ'** છે. તેના બે અંગો છે. ૧. આચાર્યઓ, **'વલ્લભકુલ'** જેઓ **'બિન્દુસૃષ્ટિ'** કહેવાય છે અને ૨. અનુયાયી વૈષ્ણવો, જેઓ **'નાદ સૃષ્ટિ'** કહેવાય છે. આ બંને અંગોનું સંપ્રદાયમાં સરખું જ મહત્વ છે અને બંને પરસ્પર સંકળાયેલ છે. માટે એ જાણવું જરૂરી ગણાય કે તે બંને અંગોનું સ્વરુપ શું છે ? આપસી સંબંધ કેવા હોવા જોઈએ ? અને તે બંનેનું ઉત્તરદાયિત્વ શું છે ?

૩. વાસ્તવિકતાનો વિચાર કરીએ તો આ સંપ્રદાયના સમસ્ત આચાર્યોનું તેમજ સર્વે અનુયાયી વર્ગનું સુવ્યવસ્થિત સુસંગઠીત સંસ્થાકિય માળખુ અસ્તિત્વમાં નથી, જેના ધારા-ધોરણ સર્વમાન્ય હોય. એવી પરિસ્થિતિના કારણે પુષ્ટિ સંપ્રદાયના વિવિધ કાર્યક્રમો, ઉપક્રમો તથા પ્રણાલીઓમાં અનેક પ્રકારની વિસંગતિઓ વર્તાય છે. સિદ્ધાંત વિષયક પણ અનેક મતમતાંતર પ્રવર્તે છે. તેના કારણે વિભિન્ન આચાર્યો દ્વારા ભિન્ન ભિન્ન આજ્ઞાઓ/ઉપદેશો આપવામાં આવતાં હોય છે. અનુયાયી વર્ગ પોતે પણ ગ્રંથોના અધ્યયનના અભાવના કારણે સિદ્ધાંતોથી અનભિજ્ઞ હોવાથી મોટા ભાગના અનુયાયીઓ અવઢવમાં હોય છે. તેઓ વાંચે-સાંભળે છે એક, જ્યારે વ્યવહારમાં તેઓને વિપરીતતા દશ્યમાન થાય છે. એવી અસમંજસની સ્થિતિમાં સાચા વૈષ્ણવો સંપ્રદાયને અનુસરવામાં મુંઝવણ અનુભવતા હોય છે. આવી પરિસ્થિતિનું નિરાકરણ કેવી રીતે થઈ શકે તે બાબત ગંભીરતાપૂર્વક ચિંતન કરવાની આવશ્યકતા છે.

૪. શ્રી મહાપ્રભુજીએ પોતાના ગ્રંથોમાં કરેલા નિર્દેશ મુજબ પુષ્ટિ સંપ્રદાયનું

હાર્દ શું છે ? કેવી રીતે તેને અનુસરવું જોઈએ ? આ વિષયક પાયાનું જ્ઞાન હોવું પ્રત્યેક અનુયાયીને હોવું આવશ્યક છે.

અત્રે ઉપરોક્ત ચારેય મુદ્દાઓને લેખકના ચિંતનના ફળ સ્વરૂપે ચાર પ્રકરણોમાં ચર્ચવામાં આવ્યા છે, જેનો હેતુ માત્ર ટીકા-ટીપ્પણ કરવાનો કે દોષ દર્શનનો નથી, પરંતુ જે વાસ્તવિક પરિસ્થિતિ પ્રવર્તે છે તે વિશે અંગુલિ-નિર્દેશ કરવાનો અને જાગરુક વલ્લભીયજનોની તદ્‌વિષયક સંવેદના જગાડવાનો છે.

તદુપરાંત મુંબઈથી પ્રકાશિત દૈનિક પત્રમાં બે વર્ષ પૂર્વે પુષ્ટિ માર્ગની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને કેટલાક આચાર્યશ્રીઓ તેમજ મહાનુભાવોના ચર્ચા-પત્રો પ્રકાશિત થયેલા હતા, જેમાં સંપ્રદાયની ગતિવિધિઓને સ્પર્શતા અનેક મુદ્દાઓની છણાવટ કરવામાં આવી હતી. લેખક દ્વારા તે આ લેખોનો કરવામાં આવેલી સમીક્ષા પણ વિચારણીય હોઈ અહીં અંતિમ પ્રકરણ રુપે સામેલ કરવામાં આવેલ છે.

વર્તમાન પરિસ્થિતિના મૂળમાં દૃષ્ટિપાત કરીએ તો તેને માટે બે બાબતો જવાબદાર છે. ૧) **સંગઠનનો અભાવ** અને ૨) **સંપ્રદાયના ગ્રંથોના સુવ્યવસ્થિત પ્રશિક્ષણનો અભાવ.** વર્તમાનમાં કોમ્પ્યુટર/ઈન્ટરનેટના યુગમાં આ બંને બાબતો માટેની સુવ્યવસ્થા કરવી મુશ્કેલ ન ગણાય. સંપ્રદાયનો યુવા-વર્ગ શિક્ષિત પણ છે. તદર્થ વિચારશીલ પણ કહી શકાય અને કોમ્પ્યુટર/ ઈન્ટરનેટના ઉપયોગથી ટેવાયેલ પણ છે. તેના કારણે સમય અનુસાર તેઓને બૌદ્ધિક રીતે પ્રશિક્ષિત પણ કરી શકાય છે. તે માટે તદ્‌વિષયક સમાન વિચારસરણી ધરાવતાં વલ્લભીયજનોએ સાથે મળી પોતાના નિજી અહં કે સ્વાર્થને અળગો રાખી, સંકલ્પપૂર્વક સહીયારો પ્રયાસ કરવાની આવશ્યકતા છે.

અંતમાં તો શ્રીમદાચાર્ય ચરણ આજ્ઞા કરે છે તેમ પુષ્ટિમાર્ગમાં **'અનુગ્રહ'** જ નિયામક છે. કૃપા કરવી એ ભગવાનનો વિષય છે, ભક્તિ કરવી એ આપણું કર્તવ્ય છે. આપણે તો એટલું જે ઈચ્છીએ-

બુદ્ધિપૂર્વક કૃષ્ણસ્ય પાદે પદ્મમ્ પ્રસીદતુ !

શ્રી મહાપ્રભુજી પ્રાકટ્ય ઉત્સવ ૨૦૧૬ **-ડૉ. જયેન્દ્ર સોની**

(૧)

પુષ્ટિમાર્ગમાં 'ગુરુ'નું સ્થાન અને મહત્વ

પુષ્ટિમાર્ગમાં 'ગુરુ' કોણ ? શા માટે ?

૧

પુષ્ટિમાર્ગમાં 'ગુરુ'નું સ્થાન અને મહત્વ
પુષ્ટિમાર્ગમાં 'ગુરુ' કોણ ? શા માટે ?

ગુરુની આવશ્યકતા શા માટે ? :

મૂળભૂત રીતે જ્ઞાન પ્રાપ્તિનું સાધન ગ્રંથો-પુસ્તકો છે. વિવિધ વિષયોને અનુલક્ષીને દુનિયાની અનેક ભાષાઓમાં અગણિત પુસ્તકો લખાયા છે, લખાય છે અને છપાયેલ છે. રોજ નિતનવા પુસ્તકો છપાતાં રહે છે. કોઈ પણ વિષયની જાણકારી માહિતી મેળવવી હોય તો તે વિષયના પોતાને અનુકૂળ ભાષાના પુસ્તક વાંચવાથી મળી શકે છે. ચાહે વિજ્ઞાન હોય, સાહિત્ય હોય, વાણિજ્ય હોય કે પછી તત્ત્વજ્ઞાન હોય, પુસ્તકો દ્વારા, ગ્રંથો કે શાસ્ત્રો વાંચવાથી તદ્ વિષયક જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. આજના આધુનિક યુગમાં તો કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની વૈજ્ઞાનિક શોધે તો સમસ્ત વિશ્વના વિવિધ વિષયોના જ્ઞાનની વિશ્વ-વ્યાપિ જાળ બિછાવી દીધી છે અને માત્ર આંગળીના સ્પર્શ દ્વારા તમે ઈચ્છો તે વિષયની તલસ્પર્શી જાણકારી મેળવી શકો છો.

તેમ છતાં પ્રાચીન કાળથી અધપર્યંત ગુરુકુલો, વિદ્યાલયો, સ્કૂલ-કોલેજ, વિશ્વ વિદ્યાલયોનું વિશિષ્ટ મહત્ત્વ રહેલું છે, તે હકીકતને નજર અંદાજ કરી શકાય તેમ નથી. આપણી નાલંદા અને તક્ષશિલા વિદ્યાલયો આ હકીકતના પ્રમાણ છે. ભારતમાં વેદકાળમાં ગુરુકુલની વ્યવસ્થા હતી. વિદ્યાર્થીઓ બાલ્યકાળથી ગુરુકુલમાં પ્રવેશ લઈ, ગુરુના ગૃહમાં જ રહી, ગુરુ-સેવા સાથે વિદ્યાધ્યયન કરતાં હતાં. સાંદીપની ઋષિના આશ્રમમાં કૃષ્ણ-સુદામાનો વિદ્યાભ્યાસ જગજાહેર છે. ભગવદાવતાર હોવા છતાં શ્રીકૃષ્ણે ગુરુ પાસે વિદ્યા અર્જન કરવાની ઘટના ગુરુના મહત્ત્વને ઉજાગર કરે છે.

ઉપનિષદમાં ગુરુ-શિષ્યના સંવાદો, આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્તિ માટે ગુરુની અનિવાર્યતાનો નિર્દેશ કરે છે. આપણા દેશના આચાર્યોએ કોઈને કોઈ વિદ્વજ્જને ગુરુ તરીકે સ્વીકારી વિદ્યાભ્યાસ કરેલ હોવાના પ્રમાણ ઈતિહાસને પાને નોંધાયેલ છે. શ્રી વલ્લભાચાર્યજીએ પણ માધવેન્દ્ર યતિજી પાસે વિદ્યાભ્યાસ કરેલો. તેમણે પોતાના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીને પણ માધવ સરસ્વતી પાસે વિદ્યાધ્યયન કરાવેલું.

આધુનિક સમયમાં પણ નીત-નવા પુસ્તકોની ભરમાર, તેમજ ઈન્ટરનેટ-ગુગલ જેવી વ્યવસ્થા ઉપલબ્ધ હોવા છતાં રોજ નવી કોલેજો-વિશ્વ વિદ્યાલયો સ્થપાય છે. દુનિયાભરની યુનિવર્સીટીઓમાં યુવાનો અભ્યાસાર્થે જાય છે અને વિવિધ વિષયોના નિષ્ણાંત બને છે. આ સમગ્ર હકીકત ગુરુની **'માર્ગદર્શક'** તરીકેની અનિવાર્યતાની સૂચક છે. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ કરવા માટે કોઈ ભોમિયો-માર્ગદર્શક કે **'ગુરુ'** મહત્વનો ભાગ ભજવે છે. વિશેષતઃ આધ્યાત્મિક ક્ષેત્રે ઉન્નતિ કરવા માટે તો ગુરુની આવશ્યકતા અનિવાર્ય હોય છે, કારણ કે અન્યથા વ્યક્તિને અન્યત્ર દિશામાં ભટકી જવાની ભીતિ રહે છે.

તેથી જ શાસ્ત્ર સમજાવે છે કે -

'નિરાલમ્બો યથાલોકે સ્થાન ભ્રષ્ટો નિગદ્યતે,
હરેઃ કૃપાવિશિષ્ટોઽપિ ગુરુહીન સ્તથૈવ ચ,
યથા ભક્તિ સ્વતંત્રોક્તા ગુરુ સેવાપિ તાદૃશી.'

અર્થાત્-જેમ લોકમાં આશ્રયરહિત પુરુષ **'સ્થાન ભ્રષ્ટ'** થાય છે, તેમ હરિની કૃપાવાળો પુરુષ પણ જો ગુરુરહિત હોય તો તે પણ **'સ્થાન ભ્રષ્ટ'** થાય છે. જેમ ભક્તિને સ્વતંત્ર કહેવામાં આવી છે. તેમ 'ગુરુસેવા' પણ તેવી જ (સ્વતંત્ર) છે.

છાંદોગ્ય ઉપનિષદ કહે છે - **'આચાર્યવાન્ પુરુષો વેદ'** એટલે કે જે 'આચાર્યવાન' હોય, જેને 'ગુરુ' હોય તેવો માનવી જ્ઞાન પ્રાપ્ત કરે છે. આમ જ્ઞાન

પ્રાપ્તિમાં ગુરુની મહત્તા પ્રતિપાદિત કરવામાં આવી છે. કઠોપનિષદ પણ ગુરુ મહિમાને વર્ણવતાં સમજાવે છે કે – **'નેષા તર્કેણ મતિરાપને યા પ્રોક્તાન્યેન સુજ્ઞાના ય પ્રેષ્ઠ'** અર્થાત્ તર્ક દ્વારા કે યુક્તિ દ્વારા **'તત્ત્વ'**ને જાણી શકાય નહીં. તેથી જો કોઈ તત્ત્વવિદ્ સદ્‌ગુરુ તે સમજાવે તો જ તે જાણી શકાય. મનુષ્ય ગમે તેટલો બુદ્ધિશાળી હોય પરંતુ તે પોતાની બુદ્ધિ વડે **'પરમ તત્ત્વ'**ને જાણી શકતો નથી. કદાચ સત્-શાસ્ત્રો દ્વારા તેને સમજવાનો પ્રયત્ન કરે તો પણ સદ્‌ગુરુની કૃપા વિના શાસ્ત્રનો સાચો અર્થ સમજવો અશક્ય ગણાય. સ્વતંત્ર રીતે શાસ્ત્રનું અર્થઘટન કરવા જતાં ભ્રાંતિ થવાની હંમેશાં સંભાવના રહેલી છે.

સામાન્યતઃ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં મનુષ્યને યોગ્ય ગુરુ કરવા જરૂરી હોય છે. પરંતુ જ્યારે તે અધ્યાત્મને માર્ગે પ્રશસ્થ થવા ઈચ્છે, કોઈ સંપ્રદાયને અપનાવવા ઈચ્છે ત્યારે તે સંપ્રદાયના પરંપરાગત ગુરુ પાસે દીક્ષા ગ્રહણ કરી તેમના માર્ગદર્શન હેઠળ તે સંપ્રદાયની પ્રણાલી મુજબ પોતાના જીવનને ઢાળી આત્મ કલ્યાણના માર્ગે આગળ વધી શકે છે.

'ગુરુ' શબ્દમાં 'ગુ'નો અર્થ થાય – 'જે માર્ગ બતાવે તે' અને 'રુ'નો અર્થ થાય 'અંધકાર' અથવા 'અજ્ઞાન'. તેથી જે અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનને માર્ગે લઈ જાય તે 'ગુરુ' કહેવાય. તેથી જ કહે છે –

'અજ્ઞાન તિમિરાં ધ સ્ય, જ્ઞાનાંજન શલાક્યા,
ચક્ષુરુન્મિલિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ'

અર્થાત્ અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી અંજન નેત્રમાં આંજી, જે નેત્રને ખોલે, અથવા સાચો રાહ બતાવે તેવા ગુરુને હું નમન કરું છું.

ગુરુ કોને કરવા ?

આત્મોન્નતિના અથવા મોક્ષ-પ્રાપ્તિ કે ભગવદ્ સાક્ષાત્કારના વિવિધ માર્ગો શાસ્ત્રોએ બતાવ્યા છે, જેમાં ત્રણ મુખ્ય છે. તે છે – **કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ** અને **ભક્તિમાર્ગ.** આ ત્રણેય માર્ગની વિશેષતાઓ છે, તેમજ મર્યાદાઓ છે. કોને કયો માર્ગ રુચે છે કે અનુકૂળ આવે, તે માટે પ્રત્યેક વ્યક્તિની પોતાની

પસંદગી હોઈ શકે, જે માર્ગે તે પ્રશસ્થ થવા ઈચ્છતો હોય તદનુસાર તેને પોતાનો માર્ગદર્શક–ગુરુનું ચયન કરવું જોઈએ.

આપણે જાણીએ છીએ શ્રી શંકરાચાર્ય આચાર્ય શ્રેણીમાં ભારતના પ્રાચીનત્તમ આચાર્ય થઈ ગયા. હિન્દુ સંસ્કૃતિના તેઓ રક્ષક ગણાય છે. વેદાંતનો વિષય આવે તો તેમનું નામ મોખરે છે. તેઓ જ્ઞાનમાર્ગના પ્રવર્તક છે. તેમના મતે **'બ્રહ્મ'** નિર્ગુણ–નિરાકાર છે. **'પ્રસ્થાન–ત્રયી'** એટલે કે વેદ, ગીતા અને બ્રહ્મસૂત્રો એ ત્રણ શાસ્ત્રોના અભ્યાસ દ્વારા જો બ્રહ્મનું 'જ્ઞાન' થાય તો બ્રહ્મને પામી શકાય, બ્રહ્મમય બની જવાય, તેમ તેમનો મત છે. વેદ કહે છે **'અહંબ્રહ્માસ્મિ'**.

તેવી જ રીતે **શ્રી વલ્લભાચાર્યજી** ભક્તિમાર્ગના આચાર્ય છે. ભક્તિમાર્ગના મૂળ પ્રતિપાદક તરીકે અગિયારમી શતાબ્દિમાં થઈ ગયેલા શ્રી રામાનુજાચાર્યજી છે, જેમના અનુયાયી ભક્તો દક્ષિણ ભારતમાં **'આલવાર'** સંતો થઈ ગયા. તેઓ શાસ્ત્રમાં વર્ણિત **'મર્યાદા ભક્તિ'**ના પ્રવર્તક હતા. શ્રી વલ્લભાચાર્યજીએ તેનાથી વિશિષ્ટ ભગવાનની કૃપા પર અવલંબિત **'પુષ્ટિ–ભક્તિમાર્ગ'**ને પ્રસ્થાપિત કર્યો છે.

જો આપણને **'જ્ઞાનમાર્ગ'** અથવા **'પુષ્ટિ–ભક્તિમાર્ગ'** વિશેની વિશેષ જાણકારી ન હોય તો **શ્રી શંકરાચાર્યજી**ને ગુરુ તરીકે સ્વીકારવા જોઈએ કે **શ્રી વલ્લભાચાર્યજી**ને તે વિશે મનમાં મુંઝવણ થાય. પરંતુ જો આપણે બંનેની દાર્શનિક વિચારધારા અને તેમના જીવન પ્રત્યેના અભિગમ વિશે જાણીએ તો આપણી વિવેક બુદ્ધિથી તેનો નિર્ણય કરી શકીએ. આપણે નક્કી કરી શકીએ કે તે બંનેમાંથી આપણે કોને ગુરુ તરીકે સ્વીકારવા જોઈએ.

શંકરાચાર્યજીના મતાનુસાર શ્રુતિ વચન **'એકમેવાદ્વિતિયમ્'** પ્રમાણે સૃષ્ટિમાં 'પરમ તત્ત્વ' એક માત્ર **'બ્રહ્મ'**નું જ અસ્તિત્વ છે. તેના સિવાય અન્ય કશું છે જ નહીં. તે માત્ર **'એક'** જ અને **'અદ્વિતિય'** છે. તેથી તેમના વાદ ને **'કેવલાદ્વૈતવાદ'** કહેવાય છે. તો પછી સૃષ્ટિમાં દશ્યમાન જડ ચેતન વિવિધ

2.

પદાર્થો આપણે જોઈએ છીએ, જેને જગત અને જીવ કહીએ છીએ, તે બધું શું છે ? તેવો પ્રશ્ન થાય. તેઓ કહે છે કે આપણા અજ્ઞાનને કારણે આપણને 'બ્રહ્મ'ને બદલે આ બધા વિવિધ પદાર્થો દેખાય છે, જેનું કારણ **'માયા'** છે. વાસ્તવમાં **'જગત'** જેવું કશું જ નથી. જેમ, અંધકારમાં આપણને દોરી લટકતી હોય, તો તેમાં સર્પનો ભાસ થાય, તેવી આ વાત છે. અજવાળું થાય તો દોરીના સાચા સ્વરુપનું ભાન થાય. તેમ જો શાસ્ત્રો દ્વારા આપણને બ્રહ્મનું સાચું જ્ઞાન થાય, આપણું અજ્ઞાન દૂર થાય તો, સર્વ કાંઈ 'બ્રહ્મ' જ હોવાનો અહેસાસ થાય. તેથી જગતને તેઓ જેમ અરિસામાં પ્રતિબિંબ દેખાય છે, પરંતુ તે સાચું નથી હોતું, તેમજ જગતને તેઓ **'મિથ્યા'** કહે છે. જીવો પણ જે અલગ અલગ દેખાય છે તે માયાના કારણે છે. વાસ્તવમાં **'આત્મા એ જ પરમાત્મા છે.'** તેમાં ભેદ નથી. તેથી તેઓનું સૂત્ર છે – **'બ્રહ્મ સત્યમ્ જગન્મિથ્યા જીવો બ્રહ્મૈવ નાપરઃ'**, અર્થાત્ બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે, જીવ બ્રહ્મ સિવાય અન્ય કાંઈ નથી.

તેમની આ દાર્શનિક વિચારધારાને કારણે તેમના મતે આ જગત જેને તેઓ **'સંસાર'** પણ કહે છે, તે 'અસાર' છે. લોકો તેમાં સુખ શોધી રહ્યા છે તે અવાસ્તવિક છે. જ્યારે જગત જ મિથ્યા છે તો તેમાં સાચું સુખ ક્યાંથી સાંપડી શકે ? માટે તેનો ત્યાગ કરવો જોઈએ.

શંકરાચાર્યજીએ બ્રહ્મને જાણવા–**'બ્રહ્મ–જીજ્ઞાસા'** માટે **'સાધન–ચતુષ્ટય'** ચાર સાધનો બતાવ્યા છે. (૧) **નિત્ય–અનિત્ય વસ્તુનો વિવેક** અર્થાત્ સત્–અસત્ વસ્તુઓ ઓળખવાની સૂઝ–(૨) **વૈરાગ્ય**–સંસારની સર્વ વસ્તુઓ–વિષયો કે ઉપભોગના સાધનોમાં અનાસક્તિ (૩) **ષટ્ સંપત્તિ** એટલે (i) **શમ** – મનોનિગ્રહ (ii) **દમ** – બાહ્ય ઈન્દ્રિયોનો નિગ્રહ, (iii) **ઉપરતિ** – સર્વ ભોગ–વિષયોથી વૃત્તિઓનું પાછું વળી જવું, તેના સેવન પરત્વે મનની અનિચ્છા, (iv) **તિતિક્ષા** – અર્થાત્ સહનશીલતા, (v) **શ્રદ્ધા** – શાસ્ત્ર અને ગુરુવચનને સત્ય બુદ્ધિ દાખવી તેને ગ્રહણ કરવા અને (vi) **સમાધાન** –

નિંદ્રા, આળસ ત્યજીને મનને એકાગ્રત કરવું અને (૪) **મુમુક્ષુત્વ** – મોક્ષની ઈચ્છા રાખવી.

જો શ્રી શંકરાચાર્યજીના જ્ઞાન માર્ગે ચાલી **'બ્રહ્મપ્રાપ્તિ'**ની અપેક્ષા હોય તો ઉપરોક્ત 'સાધન–ચતુષ્ટય' મુજબ માનસિકતા કેળવવી આવશ્યક ગણાય. તે સાધનોની માનસિક તેમજ વાસ્તવિક ભૂમિકામાં જો શાસ્ત્રોના અધ્યયન દ્વારા બ્રહ્મ વિશે યથાર્થ જ્ઞાન થાય, તેને જાણી શકાય તો આત્મા, પરમાત્મા સાથે એકરૂપતા સાધી શકાય, અને ત્યારે જ **'બ્રહ્મપદ'**ને પામી શકાય. તેનું અંતિમ ફલ **'અક્ષરબ્રહ્મ'**ની પ્રાપ્તિ છે, પુરુષોત્તમ અથવા શ્રીકૃષ્ણની પ્રાપ્તિ નથી. શંકરાચાર્યજીને ગુરુ બનાવી આત્મોન્નતિનો માર્ગ લેવો હોય તો જીવનમાં આવો વૈરાગ્યપૂર્ણ અભિગમ અપનાવી સંન્યાસી બનવું પડે.

શ્રી વલ્લભાચાર્યજીની દાર્શનિક વિચારધારા શંકરાચાર્યજીએ સ્વીકારેલ **'પ્રસ્થાનત્રયી'** ત્રણ શાસ્ત્રો **વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો** ઉપરાંત **'ભાગવત'** એમ ચાર શાસ્ત્રો, જેને તેઓ **'પ્રમાણ–ચતુષ્ટય'** કહે છે, તે પ્રમાણોની **'એકવાક્યતા'**ના આધારે પ્રતિપાદિત થયેલી છે. તેની સ્પષ્ટતા કરતાં તેમણે પોતાના નિબંધ ગ્રંથની શરૂઆતમાં જ કહ્યું છે–

'વેદા, શ્રીકૃષ્ણ વાક્યાનિ, વ્યાસસૂત્રાણિ ચૈવહિ,
સમાધિભાષા વ્યાસસ્ય, પ્રમાણં તચ્ચતુષ્ટયમ્'

અર્થાત્–સમસ્ત વેદો, ગીતામાં કહેલા શ્રીકૃષ્ણના વાક્યો, વ્યાસજીએ રચેલા બ્રહ્મસૂત્રો તેમજ ભાગવતની સમાધિભાષા એ ચાર પ્રમાણ છે. તેના આધારે તેમણે પોતાના સિદ્ધાંત પ્રસ્તુત કર્યા છે.

શ્રી વલ્લભાચાર્યજી પણ શ્રુતિવાક્ય **'એકમેવાદ્વિતિયમ'**ના આધારે સ્વીકારે છે કે સૃષ્ટિમાં એક માત્ર બ્રહ્મનું જ અસ્તિત્વ છે. તેના સિવાય અન્ય કશું છે જ નહીં. પરંતુ જડ–જીવાત્મક જગત વિશે ખુલાસો કરતાં બીજા શ્રુતિ–વચન **'સર્વ ખલુ ઈદમ્ બ્રહ્મ'** પ્રમાણે તેઓ કહે છે કે જે આ બધું દેખાઈ રહ્યું છે, તે બ્રહ્મ જ છે. આ દૃશ્યમાન જગત એ બ્રહ્મનું જ બીજું સ્વરૂપ છે. અર્થાત્

'બ્રહ્મ' અને **'જગત'** એ બે જુદા તત્ત્વો નથી. બંને વચ્ચે તાદાત્મ્ય સંબંધ છે. તેઓ સમજાવે છે કે બ્રહ્મ પોતે અનેક રૂપ થવાથી ઈચ્છાના કારણે પોતાનામાંથી જ અનેક **નામ-રૂપ-કર્મ** ધારણ કરી આ જગતરૂપ બન્યા છે. તેથી જગત ભ્રમ માત્ર કે મિથ્યા નથી પરંતુ તે બ્રહ્મ જેટલું જ **'સત્ય'** છે. આ સમજાવવા તેઓ સોનાની લગડી અને તેમાંથી ઘડાતાં આભૂષણોનું દૃષ્ટાંત આપે છે. સોનાની લગડીમાંથી જ્યારે વિવિધ પ્રકારના આભૂષણો - વીંટી, કંઠી, બંગડી ઈત્યાદિ બનાવવામાં આવે ત્યારે સોનાની લગડીના બદલે વિવિધ આકાર (રૂપ) અને તેના નામ અલગ અલગ હોય છે અને તેનો ઉપયોગ પણ ભિન્ન ભિન્ન હોય છે. કોઈ આંગળીમાં પહેરાય તો કોઈ ગળામાં કે હાથમાં, પણ તે બધામાં સોનું તો અકબંધ રહે છે. તત્ત્વ તરીકે સોનાની લગડી અને તે આભૂષણો બંનેમાં સોનાનું અસ્તિત્વ જેમનું તેમ જ રહે છે. તેવી જ રીતે બ્રહ્મ જ્યારે પોતાનામાંથી જ વિવિધ રૂપ અને નામ ધારણ કરી જગતરૂપે પરિણમિત થાય છે. ત્યારે તેમાં **'બ્રહ્મ તત્ત્વ'**નું અસ્તિત્વ જેમનું તેમજ રહે છે. અર્થાત્ બ્રહ્મ અને જગત વચ્ચે **'અદ્વૈત'** સંબંધ છે. બંનેમાં અભેદ છે. અભિન્નતા છે. વળી બ્રહ્મ અને જગત વચ્ચેનું અદ્વૈતપણું, સ્વયં ભગવાનની ઈચ્છાથી છે. તે માટે અન્ય કોઈ તત્ત્વ કે માધ્યમ જવાબદાર નથી, અર્થાત્ તે શુદ્ધ અદ્વૈત-**'શુદ્ધાદ્વૈત'** છે. તેથી શ્રી વલ્લભાચાર્યજીનો મત **'શુદ્ધાદ્વૈતવાદ'** કહેવાય છે. તેમના મતે જીવ, શંકરાચાર્યજી કહે છે, તેમ **'બ્રહ્મ'** જ નથી પરંતુ **'બ્રહ્માત્મક'** બ્રહ્મનો અંશ છે, તેનો બ્રહ્મ સાથેનો સંબંધ **'અંશ-અંશી'**નો છે.

ભગવાન જ્યારે પોતાનામાંથી આ સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે પોતાના **'સચ્ચિદાનંદ'** સ્વરૂપમાં સ્થિત **સત્-ચિત્-આનંદ** અંશો તેમાંથી વ્યુચ્ચરિત થયા, અર્થાત્ છુટા પડ્યા. તેમના **સદંશ**માંથી જગતના જડ પદાર્થો બન્યા. જેમાં **'ચિદંશ'** તથા **'આનંદાંશ'** તિરોહીત (છુપાયેલ) છે. જ્યારે **'સદંશ'** અને **'ચિદંશ'**માંથી પ્રાણી સૃષ્ટિ બની જેમાં **'આનંદાંશ'** તિરોહીત છે. સદંશ, ચિદંશ અને આનંદાંશ સહિત અનેક અંશો **'અંતર્યામિ'** રૂપે પ્રાણી માત્રમાં સ્થિત છે.

આમ હજારો વર્ષોથી જીવ ભગવાનથી છુટો પડ્યો છે અને પોતાના કર્મોના આધારે અનેક પ્રકારની યોનિઓમાં જન્મ લેતો રહે છે. જ્યારે ભગવદ્ કૃપાથી તેને મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય અને શ્રી વલ્લભાચાર્યજી જેવા કોઈ સદ્‌ગુરુનો સંગ મળે ત્યારે તેના દ્વારા તેને જાણ થાય છે કે મૂલતઃ તે ભગવાનનો અંશ છે, અને હજારો વર્ષ વિતી જવાથી તે પોતાના અસલ સ્વરુપને ભૂલી ગયો છે, અને જન્મ-મરણના ચક્કરમાં અટવાતો રહ્યો છે. જેમ શરીર સાથે આપણા વિવિધ અંગોનો અંગ-અંગીનો સંબંધ હોય છે. તે ભગવાનનો અંશ હોઈ ભગવાનનો '**દાસ**' છે. જેમ શરીર સાથે આપણા વિવિધ અંગોનો '**અંગ-અંગી**'નો સંબંધ હોય છે, તેવો જ આ સંબંધ છે. તેથી ભગવાનને '**સ્વામી**' તરીકે સ્વીકારી તેની સેવા કરવી તે તેનો 'સહજ ધર્મ' છે.

શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે જીવે દાસભાવથી પોતાનું સર્વસ્વ તેના સ્વામી ભગવાનને સમર્પિત કરી, તેમની શરણાગતિ સ્વીકારી, તેમના આશ્રયે, તેમની સેવામાં જીવન વ્યતિત કરવું જોઈએ. નિષ્કામ ભાવથી જીવ જો ભગવાન પ્રત્યે નિષ્છલ પ્રેમ દ્વારા તેમની '**ભક્તિ**' કરે તો તે ભગવદ્ કૃપા મેળવવા સદ્‌ભાગી થઈ શકે. ભગવદ્ કૃપા દ્વારા ભગવાનને પ્રાપ્ત કરવાના માર્ગને '**પુષ્ટિ માર્ગ**' કહે છે, જે શ્રી વલ્લભાચાર્યજી એ પ્રવર્તિત કરેલી '**સાધના પ્રણાલી**' છે. પુષ્ટિમાર્ગીય અનુયાયીની તેને '**જીવન પ્રણાલી**' કહી શકાય.

પુષ્ટિ ભાવ

જીવને અનેક યોનીમાં ભ્રમણ કરતાં આ અમૂલ્ય માનવ દેહ પ્રાપ્ત થાય છે. જીવ ભગવાનનો અંશ છે છતાં તેમની સાથેના અતૂટ સંબંધને તે ભૂલી ગયો છે. મોહ-માયામાં અટવાતાં તે અનેક પ્રકારની આધિ-વ્યાધિ-ઉપાધિઓથી ઘેરાઈ જાય છે. તે મનની શાંતિ ખોઈ બેસે છે, અને તે મેળવવા અનેક ઉપાય યોજે છે. ભગવાનને મેળવવાના ભિન્ન ભિન્ન રસ્તા વિભિન્ન મનીષીઓએ બતાવ્યા છે. કોઈ 'જ્ઞાનમાર્ગ' ચીંધે છે તો કોઈ 'કર્મમાર્ગ'. વળી કોઈ 'સાંખ્ય' કે 'યોગમાર્ગ'નો નિર્દેશ કરે છે. અનેક પ્રકારની કઠીન સાધનાઓ આ માર્ગો

પર ચાલતાં કરવી પડે છે. છતાંય અંતિમ લક્ષ્ય ક્યારે પ્રાપ્ત થશે તે અનિશ્ચિત હોય છે. આવી પરિસ્થિતિમાં શ્રી વલ્લભાચાર્યજી પોતાના '**શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ**'ની દાર્શનિક વિચારધાર અંતર્ગત '**સમર્પણ**' અને '**શરણાગતિ**'નો સરળત્તમ માર્ગ '**પુષ્ટિમાર્ગ**' પ્રકટ કર્યો છે, પ્રવર્તિત કર્યો છે. આ માર્ગ છે–જીવે પોતાનું સર્વસ્વ ભગવાનને સમર્પિત કરી દઈ 'દાસભાવ'થી તેમનું 'શરણ' સ્વીકારવાનો માર્ગ. તેની વિશેષતા એ છે કે તેમાં જીવનની ક્રિયાઓ બદલવાની નથી. કેવળ જીવન પ્રત્યેનો અભિગમ બદલવાનો છે. જાતિ, વર્ગ, ધર્મ ઈત્યાદિની કોઈ પણ જાતના ભેદભાવ વિના પ્રત્યેક ક્ષેત્રની વ્યક્તિ આ માર્ગને અપનાવી શકે છે. '**પુષ્ટિમાર્ગ**'ને જીવન જીવવાની એક ઉત્તમ કલા કહી શકાય. એક એવી કલા જે આપણા જીવનને આનંદથી ભરી દે. જીવનને જીવવા જેવું બનાવે. જીવનને આનંદમય બનાવે. જીવનમાં કોઈ અધુરપ વર્તાય નહીં. જીવનને જીવ્યાનો સંતોષ અને આનંદ પ્રાપ્ત કરાવે એવો છે આ **પુષ્ટિમાર્ગ.**

પુષ્ટિમાર્ગમાં મુખ્યતા છે '**ભક્તિ**'ની. ભક્તિ એટલે ભગવાનમાં અક્ષુણણ પ્રેમ, અવિરત વહેતો પ્રેમ. આપણા એવા વિરલ પ્રેમની અભિવ્યક્તિ કરવાની, ભગવાનની પ્રેમપૂર્વક કરવાની '**સેવા**' દ્વારા શ્રી વલ્લભાચાર્યજી '**કૃષ્ણસેવા**'ને જ 'પોતાનો સિદ્ધાંત' બતાવે છે. '**કૃષ્ણ સેવા સદા કાર્યા**' એ તેમનું સૂત્ર છે. પોતાના '**તન**' અને '**ધન**'થી પોતાના '**ઘરમાં**' પોતાના પરિવાર સાથે પોતાના '**સેવ્ય સ્વરૂપ**'ની સેવા કરવી તે 'પુષ્ટિમાર્ગીય સાધના'નું એક વિશિષ્ટ અંગ છે. તેમાં કોઈ વૈદિક વિધિ નથી. '**સેવ્ય**'ને સુખ થાય તેવો તેમના પ્રત્યે સમર્પણપૂર્વકનો દિવ્ય ભાવ તેમાં રહેલો છે.

શ્રી વલ્લભાચાર્યજીએ સમજાવ્યું છે કે તમારું જે કાંઈ છે તે તમારા શ્રી ઠાકોરજીને સમર્પી દો. તમારી બધી સંપત્તિ, તમારો પરિવાર પણ, તમારા આત્મા સહિત તેમના ચરણે ધરી દો અને તેને તમારા સ્વામી સમજી 'દાસભાવ' સ્વીકારી લો. તમારી બધી આવડત, તેને રાજી કરવામાં, પ્રસન્ન

કરવામાં વાપરો. તેને રાજી રાખતાં તમે પણ પ્રસન્નતા અનુભવશો, તમારા દિલ–દિમાગમાં પણ આનંદ અને ઉલ્લાસ છવાઈ જશે.

આ સેવાનો પ્રકાર માણસની સંવેદનાને જગાડનારો છે અને જીવતી રાખનારો પ્રકાર છે. પ્રભુને જે અનુકૂળ આવે–ભાવે તે બનાવવાનું અને તેને પ્રેમપૂર્વક ભોગ ધરવાના. આરોગવા માટે એને લાડથી મનાવવાના અને પછી એના પ્રસાદ તરીકે પ્રસન્નતાથી પોતે લેવાનું. એને મરચું તીખું લાગે તો આપણે પણ નહીં ખાવાનું. કેટલી મોટી વાત છે ? આપણા ગમા–અણગમા છોડાવવાની કેવી સહજ રીત છે ? કોઈને ધૂમ્રપાનની ટેવ હોય પણ એ શ્રી ઠાકોરજીને અંગીકાર ન કરાવી શકાય, તો પોતે પણ તેનો ઉપયોગ ન કરી શકે ! વ્યસન છોડવાનો આ કેવો પ્રેમભર્યો ઉપાય છે !

પુષ્ટિમાર્ગીય જીવનમાં ક્યાંય સંકુચિતતા નથી કે નથી દંભને અવકાશ. તમે ભલા, તમારા ઠાકોરજી ભલા અને તમારું ઘર ભલું. તમે તમારા પ્રભુ સિવાય અન્ય કોઈને જવાબદાર નહીં. કોઈનો તમને ભય નહીં. તેથી જ શ્રી વલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે – **‘પ્રભુ સર્વ સમર્થો હિ તતો નિશ્ચિતતાં વ્રજેત્’** પુષ્ટિમાર્ગની કેટલી વિશેષતાઓ છે. તમારી બધી કલાઓ તમારા શ્રીઠાકોરજી માટે. પાકશાસ્ત્રમાં પ્રવિણતા છે, તો તેમને માટે સુંદર વિવિધ સામગ્રી સિદ્ધ કરો. સંગીતનો શોખ છે, તો તેમની આગળ કીર્તન કરો. સારા કલાકાર છો, તો સુંદર કલાત્મક પલના, હિંડોળા, ફૂલમંડલી ઈત્યાદિ તૈયાર કરો, અનેક પ્રકારની આકર્ષક સજાવટ કરો. વિવિધ પ્રકારની પુષ્પમાળા બનાવી ધરો.તમને નૃત્યકલાનો શોખ હોય તો તેમને પ્રસન્ન કરવા તેમની સામે નૃત્ય કરો. પ્રભુ તો **‘સર્વ રસ શિરોમણી’** છે. જીવનની બધી જ સાહજિક ક્રિયાઓના કેન્દ્ર સ્થાને તમારા કૃષ્ણને રાખી દો. તમે જે કાંઈ કરો તે પોતને માટે નહીં, પ્રભુને માટે. લગ્ન કરો, સંતતિ કરો, કમાવો, સર્વ કાંઈ તેમને માટે. તેમની સુખાકારી માટે, તેમને લાડ લડાવવા માટે. બસ કૃષ્ણમય પ્રવૃત્તિમાં જીવનને હર્યુંભર્યુ રાખવાનું. ક્યાંય કઠોર તપ નહીં, કઠોર દંડ નહીં, કઠોર વ્રત નહીં, ન ત્યાગ, ન વૈરાગ્ય, ન સંન્યાસ, ગૃહસ્થાશ્રમ પાળવાનો, ઘરનાની સાથે

રહેવાનું, પણ પ્રભુને માટે રહેવાનું, પ્રભુ માટે પ્રભુના થઈને રહેવાનું, પ્રભુના માટે જ જીવવાનું. તે જ શ્રી વલ્લભની આજ્ઞા–'**કૃષ્ણસેવા સદા કાર્યા**', (અર્થાત્ ૨૪×૭)નું તાત્પર્ય છે. ત્યારે જ પ્રભુના કૃપાપાત્ર થઈ શકાય. પ્રભુ તમારા થઈને રહે, તમારે આધિન રહે–'**અહં ભક્ત પરાધિનો**' ભગવાને સ્વયં કહ્યું છે. આનું નામ છે '**પુષ્ટિભાવ**'

કોને ગુરુ તરીકે અપનાવશો ?

આપણે શ્રી શંકરાચાર્યજીની તેમજ શ્રી વલ્લભાચાર્યજી બંને સમર્થ આચાર્યોની દાર્શીનિક વિચારધારા, તેમનો જીવન પ્રત્યેનો અભિગમ જોયો. હવે આપણે જાતે જ આપણા વિવેકને જાગ્રત કરી નક્કી કરવાનું કે તે બેમાંથી આપણે કોને 'ગુરુ' કરવા જોઈએ ? સ્વાભાવિક રીતે શ્રી વલ્લભાચાર્યજી પર આપણી પસંદગી ઉતરે.

પરંતુ તમે નક્કી કરો તે પહેલાં ભગવાને તમારું વરણ કયા માર્ગમાં કરેલું છે તે જાણવું ખૂબ જ મહત્વની બાબત છે. પ્રભુ તમને જે માર્ગે ફલ આપવા માંગે તે માર્ગમાં તમારી સ્વાભાવિક રૂચી બનતી હોય છે. એક સમયે શ્રી વલ્લભાચાર્યજીના સેવક પુરુષોત્તમ જોષીએ તેમને પ્રશ્ન કર્યો હતો કે મહારાજ 'કર્મમાર્ગ' મોટો કે 'જ્ઞાનમાર્ગ' ? ત્યારે શ્રી આચાર્યજીએ કહ્યું : '**જેના મનમાં જે માર્ગ દઢ થાય, જે માર્ગમાં જેનો વિશ્વાસ હોય, તેને ગમતો એ જ માર્ગ મોટો અને મોટો તો 'ભક્તિમાર્ગ' છે, જેમાં જીવ કૃતાર્થ થાય છે અને જ્ઞાનમાર્ગમાં તથા કર્મમાર્ગમાં કઠીનાઈથી કૃતાર્થ થવાય છે.**' તેનું કારણ જણાવતાં કહે છે – '**તે બંને માર્ગ કષ્ટ સાધ્ય (મુશ્કેલીથી સિદ્ધ થાય એવા) છે. આ કાળમાં શરીરમાં કષ્ટ સહન થઈ શકતું નથી. શરીરમાં કષ્ટ સહન કરે તો મન ઠેકાણે રહે. તેથી ભક્તિમાર્ગમાં જીવ કૃતાર્થ થાય. એ સિવાય બીજો કોઈ આશ્રય નથી.**'

જો ભગવદ્ કૃપાથી ભગવાને આપણું વરણ '**પુષ્ટિ ભક્તિમાર્ગ**'માં કરેલું છે અને આ માર્ગને અપનાવવાની રૂચીના કારણે આપણે '**શ્રી વલ્લભાચાર્યજી**'ને

ગુરુ તરીકે સ્વીકાર્યા, તો તેમના વચનોમાં સંપૂર્ણ નિષ્ઠા રાખી તેમની આજ્ઞા મુજબ વર્તવાની, આપણી પૂરેપૂરી તૈયારી હોવી જોઈએ. તેઓ સ્વયં પોતાના નિબંધ ગ્રંથમાં કહે છે –

'નિષ્ઠાભાવે ફલ તસ્માદ્ નાસ્ત્યેવ ઈતિ વિનિશ્ચય
નિષ્ઠા ચ સાધને રે વ, ન મનોરથવાર્તયા,
સ્વાધિકારાનુસારેણ માર્ગ ત્રેધા ફલાય હિ.'
(ત.દી.નિ.૧/૧૮)

અર્થાત્ નિષ્ઠાના અભાવમાં કોઈ ફળ મળતું નથી. નિષ્ઠા માત્ર વાતો, તરંગો કરવાથી નહીં પરંતુ શાસ્ત્રોમાં કહેલા સાધનો મુજબ તેને અનુસરવાથી થાય છે. શ્રી વલ્લભાચાર્યજીને ગુરુ તરીકે સ્વીકાર્યા પછી, તેમના દ્વારા બ્રહ્મસંબંધની દીક્ષા લઈ, ભગવદ્ સેવા કરતાં તેમની આજ્ઞા મુજબ સમર્પિત જીવન જીવવાથી જ ભગવાનરૂપી ફલની પ્રાપ્તિ સંભવ બની શકે છે.

એ યાદ રાખવું જોઈએ કે ગુરુ કરવા માત્રથી કૃતાર્થતા નથી, એ તો માત્ર પ્રાથમિક કક્ષા છે. ગુરુ તરીકે કોઈને સ્વીકારવા એ તો જીવનમાં કલ્યાણ મેળવવાની શરૂઆત થઈ કહેવાય. પણ ગુરુ કર્યા પછી ગુરુને પ્રસન્ન કરવાથી પરમ કલ્યાણ થાય. ગુરુની પ્રસન્નતા ફળ આપનારી બને છે. ગુરુ કરવાથી, માત્ર ગુરુના અભાવમાં જે દોષો આવતા હોય તે અટકી જાય, પણ જો ગુરુ પ્રસન્ન થાય તો તેઓ ભગવાનને મેળવી આપે. તેથી જ કહે છે – **'પ્રયચ્છતિ ગુરુઃ પ્રીતો વૈકુંઠં યોગી દુર્લભમ્'** અર્થાત્ જો ગુરુને પ્રસન્નતા થાય તો તેઓ યોગીને પણ દુર્લભ એવો વૈકુંઠ લોક પ્રાપ્ત કરાવી શકે છે.

ભક્ત અને ભગવાનની વચ્ચે ગુરુ 'સેતુરૂપ' છે. સેવકની સાર્થકતા ગુરુને શરણ આવવાની છે અને ગુરુની સાર્થકતા સેવકને ભગવાનના શરણે લાવવાની છે. કહે છે કે ભગવાનને જ્યારે જ્યારે પોતાના ભક્તને મળવાનું મન થાય ત્યારે તે 'સદ્ગુરુ'નું રૂપ લઈને જગતમાં અવતરે છે. આધ્યાત્મિક સાધનામાં ગુરુ ઉદ્દીપકનું કાર્ય કરે છે. ગુરુ દ્વારા જ શાસ્ત્રોના ગૂઢાર્થ જાણવા મળે છે. શાસ્ત્રોનું તત્ત્વજ્ઞાન સમજવું દુષ્કર હોય છે. કોઈક સદ્ગુરુની કૃપા થાય તો

જ શાસ્ત્રોનું રહસ્ય સમજી શકાય છે.તેથી જ ગુરુને જ્ઞાનરૂપી જ્યોતિનો પ્રકાશક કહે છે. જેમ અંધકારમાં મૂકેલું નાનું કોડિયું આખા ઓરડાને પ્રકાશિત કરી મૂકે છે. તેવું વિરલ કાર્ય ગુરુનું છે. તે શિષ્યના અંધકારમય ઓરડામાં જ્ઞાનરૂપી પ્રકાશ પાથરે છે. માટે જ ગુરુને માનવજીવનના કલ્યાણની દીવાદાંડી કહી છે.

ગુરુનો મહિમા ગાતા કોઈકે કહ્યું છે –

તીન લોક નવ ખંડ મેં, ગુરુ સે બડા ન હોય.
કરતા કરે ન કરિ સકે, ગુરુ કરે સો હોય.

તેથી આગળ વધી કહે છે – '**દાતા એક સર્વનો, સદ્ગુરુ નિઃસંદેહ, સર્વજ્ઞાનનું મૂળ સદ્ગુરુ, ગુરુ દેવાધિ દેવ**' સંત કબીરજીએ તો ગુરુનો મહિમા ચરમ સીમા પર પહોંચાડતા ગાયું –

ગુરુ ગોવિંદ દોહુ ખડે, કાકે લાગુ પાય,
બલિહારી ગુરુ આપકી, ગોવિન્દ દિયો બતાય.

પુષ્ટિમાર્ગમાં 'ગુરુ' શ્રી વલ્લભાચાર્યજી

'પુષ્ટિમાર્ગ' શબ્દથી જ મહાપ્રભુ શ્રી વલ્લાભાચાર્યજીના નામનું સ્મરણ થઈ આવે. શાસ્ત્રમાં વર્ણિત ભક્તિમાર્ગ અર્થાત્ '**મર્યાદા ભક્તિમાર્ગ**' તો વેદકાલિન છે, જ્યાં વિભિન્ન દેવતાઓની ઉપાસનાનું વિધાન અનેક શાસ્ત્રોમાં પ્રાપ્ત થાય છે. ભાગવતમાં '**નવધા ભક્તિ**'–**શ્રવણ, કીર્તન, સ્મરણ, વંદન, અર્ચન, પાદસેવન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન** બતાવવામાં આવી છે, જે પ્રત્યેક '**સાધન–ભક્તિ**' છે. તેના દ્વારા પાંચ પ્રકારની મુક્તિ–**સાયુજ્ય, સામિપ્ય, સારુપ્ય, સાલોક્ય અને સાર્ષ્ટિ** માંથી ભક્તની અપેક્ષા મુજબ જે તે દેવની ભક્તિ દ્વારા મેળવી શકાય છે. પરંતુ '**પુષ્ટિભક્તિ**' તો સ્વયં ભગવાનની કૃપા દ્વારા જ સાધ્ય છે.

કઠોપનિષદ કહે છે – '**નાયમાત્મા પ્રવચનેન લભ્ય, ન મેધયા, ન બહુના શ્રુતેન, યમે વૈષ વૃણુતે તેન લભ્ય**', અર્થાત્ ''પરમાત્મા પ્રવચનો

કરવાથી નથી મળતાં, કે ન તેને બુદ્ધિ દ્વારા મેળવી શકાતા, તેમજ તે કથા શ્રવણથી પ્રાપ્ત થઈ શકતાં નથી. પરમાત્મા જેનું વરણ કરે, અર્થાત્ પોતાની કૃપાથી જેની પસંદગી કરે, તેને તેઓ પ્રાપ્ત થાય.'' આ શ્રુતિ વચનના આધારે શ્રી વલ્લભાચાર્યજીએ ભગવાનની કૃપા પર અવલંબિત **'પુષ્ટિ ભક્તિમાર્ગ'**નો પાયો નાંખ્યો છે.

આપણે ભગવાનને મળવું હોય કે મેળવવા હોય તો જપ, તપ, દાન, પૂજન–અર્ચન ઈત્યાદિ અનેક પ્રકારના શાસ્ત્રોક્ત સાધનોનો આધાર લેવો પડે. તે સાધનો પણ અનેક પ્રકારના શાસ્ત્રમાં બતાવેલા વિધાનો મુજબ કરવા પડે, જે કલિયુગમાં અસંભવ નહીં તો કઠીન જરૂર છે. આવા સાધનો કરવા છતાં પણ જો ભગવાન આપણને મળવા ન ઈચ્છતા હોય તો તેઓ મળશે જ તે જરૂરી નથી. કારણ કે ભગવાન સ્વતંત્ર–સર્વતંત્ર છે. તેઓ પોતાની ઈચ્છા મુજબ જ કરે છે. **'નિજેચ્છાત કરિષ્યતિ'** શ્રી વલ્લભાચાર્યજી કહે છે.

આથી વિરુદ્ધ જો ભગવાન સ્વયં જ આપણને મળવા વિચારે તો તેઓ સહજ રીતે મળી શકે છે. તેમના પર તે માટે કોઈ પ્રકારના પ્રતિબંધ નથી. આ વાત શ્રી ગુસાંઈજી તથા અકબર બાદશાહના એક પ્રસંગથી સરળતાથી સમજી શકાય.

અકબર બાદશાહ શ્રી ગુસાંઈજીને પોતાના ગુરુ તરીકે માનતા હતા અને તેમના પ્રત્યે ઘણું માન ધરાવતા હતા. એક સમયે બાદશાહે ગોકુલમાં શ્રી ગુસાંઈજી પાસે આવી પ્રશ્ન કર્યો. **'સાહબ કૈસે મીલે ?'** અર્થાત્ ખુદા–ભગવાન કેવી રીતે મળે ? શ્રી ગુસાંઈજીએ તુર્તજ બાદશાહને જવાબ આપ્યો– **'જૈસે આપ મીલે.'** બાદશાહ શ્રી ગુસાંઈજીના કહેવાનો મર્મ પામી ગયો. શ્રી ગુસાંઈજીના વચનનું તાત્પર્ય હતું કે જો તેમણે અકબર બાદશાહ–દિલ્હી સલ્તનતના શહેનશાહને મળવા જવું હોય તો કેટલી બધી સરકારી યંત્રણામાંથી પસાર થવું પડે. પરંતુ જ્યારે બાદશાહે સ્વયં શ્રી ગુસાંઈજીને મળવા વિચાર્યું ત્યારે કોઈ પણ પ્રકારની વિધી પસાર કર્યા વિના શ્રી ગુસાંઈજીને સીધા આવીને મળ્યા, કારણ કે બાદશાહ સ્વતંત્ર છે. તેમના પર કોઈ બંધન નથી. તેમને

કોઈની પરવાનગી લેવાની જરૂરત નથી. તેઓ ધારે તે કરી શકે છે.

આવી જ વાત ભગવાન માટે છે. ભગવાન બધી જ રીતે સ્વતંત્ર છે. તેઓ પોતાની મરજી મુજબ વર્તે છે. તેઓ ઈચ્છે તેનું વરણ અર્થાત્ પસંદગી કરી શકે છે. એટલે કે પોતાની કૃપાનો અનુભવ કરાવી શકે છે. તે માટે તેઓ ભક્તના કે કોઈ પણ વ્યક્તિના લક્ષણ જોતા નથી. આનું સ્પષ્ટ ઉદાહરણ ભાગવતમાં **'અજામિલ આખ્યાન'**માં જોવા મળે છે. અજામિલ દુષ્ટ પુરુષ હતો. તે ભગવાનમાં શ્રદ્ધા ધરાવતો ન હતો અને અનેક ખોટા કાર્યો કરતો હતો. તેના પુત્રનું નામ **'નારાયણ'** હતું. તેના અંત સમયની વેળાએ જ તેણે પોતાના પુત્રને 'નારાયણ, નારાયણ' એમ સાદ પાડી બોલાવ્યો. યોગાનુયોગ તે જ સમયે અજામિલના પ્રાણ છુટી ગયા. 'નારાયણ' નામનો પોકાર સાંભળી વિષ્ણુ દૂતો આવી તેને વૈકુંઠમાં લઈ ગયા. આમ ભગવાને તેના પર કૃપા વિચારી હોઈ, અજામિલે પુત્રનું નામ નારાયણ ઉચ્ચાર્યું હોવા છતાં ભગવાને પોતાનો પોકાર સમજી તેનો ઉદ્ધાર કર્યો. આને ભગવાનની કૃપા દ્વારા ઉદ્ધારનું શ્રેષ્ઠ ઉદાહરણ કહી શકાય.

તેથી જ આગળ કહ્યું તેમ શ્રુતિવચન પ્રમાણે ભગવાન પોતે જેની પસંદગી કરે તેને પોતે મળી શકે છે. આ હકીકતના આધારે શ્રી વલ્લભાચાર્યજીએ ભગવદ્ કૃપા પર આધારિત ભગવાનને પ્રાપ્ત કરવાનો **'પુષ્ટિ ભક્તિમાર્ગ'** અથવા **'પુષ્ટિમાર્ગ'** પ્રવર્તિત કર્યો છે.

લોકમાં આપણે જાણીએ છીએ કે જેમને આપણા પ્રત્યે પ્રીતિ હોય છે, જેઓ આપણા સુખનો વિચાર કરતા હોય છે, જેઓ આપણને પ્રસન્ન રાખવા પ્રયત્નશીલ હોય છે, તેમના પ્રત્યે આપણી પણ રહેમ નજર હોય છે. તેઓ આપણા કૃપાપાત્ર બને છે. આપણો નોકર કે કર્મચારી પોતાના કામને માત્ર નોકરી ન સમજતાં તેમનામાં આપણા પ્રત્યે વિશેષ ભાવ ઉત્પન્ન થતો હોય છે. તેથી ઘણા લોકો નોકરને પુત્રવત્ રાખતા/પાળતા હોય છે, અને તેની નીજી જરૂરિયાતોને પણ તેના પર અનુગ્રહપૂર્વક પૂરી પાડતા હોય છે. આથી સમજી શકાય કે લાગણીપૂર્વકની સેવા સ્વામીને સેવક પર કૃપા કરવા પ્રેરે છે.

વાસ્તવમાં સ્વામી–સેવક વચ્ચે સ્નેહનો સેતુ બંધાય છે. સેવકનો સ્નેહપૂર્ણ ભક્તિયુક્ત વ્યવહાર સ્વામીના હૃદયને પીગળાવે છે. તેથી સ્વામી સેવક પર કૃપાવાન બને છે. સ્વામી પ્રત્યેની સેવકની **'ભક્તિ'** તેને સેવક પર કૃપા કરવા પ્રેરિત કરે છે.

અહીં મહત્ત્વનો મુદ્દો એ સમજવાનો છે કે જો નોકર અથવા સેવક, કોઈ સ્વાર્થવશ સ્વામીને રીઝવવા માટે, તેને પ્રસન્ન કરવા માટે પ્રયત્ન કરતો હશે તો બુદ્ધિશાળી સ્વામી, સેવકના હેતુને તુર્ત પારખી જશે અને જે લાભની અપેક્ષા તે રાખતો હશે તે સંભવ ન પણ બને. સેવકનો સ્વામી પ્રત્યે સાહજિક સ્નેહ કે ભક્તિયુક્ત ભાવ અને તદર્થે તેની સેવા જ સ્વામીને **'કૃપાવાન'** બનવા પ્રેરી શકે છે.

શ્રી વલ્લભાચાર્યજીએ આ જ વાત સમજાવી છે કે જીવ ભગવાનનો **'અંશ'** છે, ભગવાન **'અંશી'** છે. જેમ આપણા હાથ–પગ ઈત્યાદિ વિવિધ અંગોએ 'અંગી' એવા આપણા દેહને પોતપોતાના ધર્મો બજાવીને સહયોગ કરવો જોઈએ, તેમ પ્રત્યેક જીવાત્માએ 'અંશી' એવા ભગવાનની સેવા દાસભાવથી કરવી જોઈએ. ભગવાન જીવાત્માના સ્વામી છે. તેથી તેમની સેવા એ દાસ રૂપ જીવાત્માનો **'સહજ ધર્મ'** છે. જીવાત્મા બ્રહ્મસંબંધ કરતી વખતે પોતાના સર્વસ્વના સમર્પણ સાથે અંતમાં **'દાસોહં'** કહી પોતે દાસ હોવાની કબુલાત કરે છે. તેથી અપને આપ ભગવાન શ્રીકૃષ્ણ જેને તે આત્મનિવેદન કરી રહ્યો છે તેને **'સ્વામી'** તરીકે સ્વીકારે છે.

આમ, દાસધર્મ બજાવવાની પ્રત્યેક જીવાત્માની સહજ ફરજ બને છે. તેથી શ્રી વલ્લભાચાર્યજી પોતાના ચતુઃશ્લોકી ગ્રંથમાં **'ધર્મ'** પુરુષાર્થ સમજાવતાં કહે છે –

સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધીપઃ
સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્ય કવાપિ કદાચન.

અર્થાત્ પુષ્ટિમાર્ગમાં વ્રજના અધિપ, ભગવાન શ્રી કૃષ્ણ જ ભજનીય છે,

તેમની આપણા હૃદયના સર્વ ભાવોથી પ્રેમયુક્ત લાગણીઓથી **'ભજન'** એટલે **'સેવા'** કરવી, તે એક માત્ર જીવાત્માનો **'સહજ ધર્મ'** છે. તે સિવાય ક્યારેય ક્યાંય અન્ય કોઈ ધર્મ હોઈ શકે નહીં.

આથી આગળ વધી તેઓ સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં તો કૃષ્ણસેવાને **'સ્વસિદ્ધાંત'** બતાવતાં કહે છે –

નત્વા હરિં પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાન્ત વિનિશ્ચયમ્
કૃષ્ણસેવા સદા કાર્યા, માનસી સા પરામતા.

આમ તેમણે પુષ્ટિમાર્ગીય જીવાત્મા માટેની અનિવાર્ય ફરજ રૂપે **'કૃષ્ણસેવા સદા કરવી'** એવો ઉપદેશ આપ્યો છે. આજ ગ્રંથમાં આગળ તેમણે એ પણ ચોખવટ કરી છે કે **'અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક'** અર્થાત્ પુષ્ટિમાર્ગમાં ભગવદ્ અનુગ્રહ જ નિયામક છે.

શ્રી વલ્લભાચાર્યજીની ઉપરોક્ત આજ્ઞાઓનો સારાંશ જોઈએ તો એ સ્પષ્ટ થાય છે કે શ્રીકૃષ્ણની સેવા, પુષ્ટિમાર્ગીય જીવો માટેની અનિવાર્યતા છે, અને શ્રી કૃષ્ણના અનુગ્રહથી જ પુષ્ટિમાર્ગમાં અંતિમ લક્ષની પ્રાપ્તિ સંભવ બની શકે છે. માટે જો ભગવદ્-પ્રાપ્તિ એ આપણું ધ્યેય હોય અને શ્રી વલ્લભચાર્યજીએ પ્રવર્તિત કરેલા વિશિષ્ટ માર્ગ-**'પુષ્ટિ-ભક્તિમાર્ગ'** આપણી પસંદગી હોય તો સ્વાભાવિક રૂપે શ્રી વલ્લભાચાર્યજીને જ **'ગુરુ'** તરીકે સ્વીકારવા જોઈએ. જેમના વિશે અનેક મહાનુભાવ આચાર્યોએ તેમનો યશ ગાયો છે.

શ્રી મહાપ્રભુજીને શ્રેષ્ઠ ગુરુ તરીકે બિરદાવતાં શ્રી હરિરાય મહાપ્રભુ કહે છે –

પુષ્ટિમાર્ગીય સર્વજ્ઞઃ કરુણા રસ પૂરિતઃ
શ્રેષ્ઠ ફલ પ્રદાતા ચ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ

અર્થાત્-પુષ્ટિમાર્ગના સર્વજ્ઞ (કેમ ન હોય ? કેમ કે આ માર્ગ જ તેમણે પ્રવર્તિત કર્યો છે !) જેઓ કરુણાયુક્ત હૃદયના સ્વામી છે (જીવો પર કરુણા

કરવી તે તેમનો સહજ સ્વભાવ છે.) ભગવાનરૂપી શ્રેષ્ઠ ફલને આપવાવાળા જેઓ છે (તેઓ સ્વયં જ '**ભગવાન એવ ફલમ્**'નો નિર્દેશ કરે છે) તેવા ગુરુને હું નમન કરું છું.

શ્રી વલ્લભાચાર્યજીના દ્વિતીય પુત્ર શ્રી ગુસાંઈજી શ્રી વિઠ્ઠલનાથજી, જેઓ પણ પુષ્ટિમાર્ગને વિસ્તરિત કરવા અને પ્રવર્તિત કરવા માટે પિતા જેટલા જ જવાબદાર છે. તેમને પુષ્ટિમાર્ગના **'સહ-સ્થાપક'** કહીએ તો તે અતિશયોક્તિભર્યું નથી. તેમણે પોતાના 'વલ્લભાષ્ટક' નામક ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજીને '**વસ્તુતઃ કૃષ્ણએવ**', તેઓ સાક્ષાત્ શ્રી કૃષ્ણ જ છે, તેમ કહે છે. આ વાત તેમના અનેક જીવન પ્રસંગોમાં ચરિતાર્થ જણાય છે. શ્રી ગુસાંઈજીએ તેમના '**સર્વોત્તમ સ્તોત્ર**' ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજીના ગુણો-લક્ષણો-સામર્થ્યને પ્રતિપાદિત કરતાં ૧૦૮ નામો વર્ણવ્યાં છે, જે તેમના વ્યક્તિત્વને, તેમની ભગવદ્ સ્વરૂપતાને સંપૂર્ણપણે ઉજાગર કરે છે.

આ સ્તોત્રની શરૂઆતમાં જ તેમણે એક ઘટસ્ફોટ કરતાં કહ્યું છે –

''દયયા નીજ માહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભુતં ચકાર હિ.''

અર્થાત્ 'જ્યારે ભગવાને જીવો પર દયા કરી પોતાનું માહાત્મ્ય, પોતાની વાણી-વચન દ્વારા પ્રકટ કરવાની ઈચ્છા કરી, ત્યારે તેમણે પોતાના મુખાર્વિંદ સ્વરૂપને પોતાના સામર્થ્ય સાથે આચાર્ય રૂપે પ્રકટ કર્યું.' આ તથ્યની પુષ્ટિ ઉપરોક્ત વલ્લભાષ્ટકમાં કહેલ કથન '**વસ્તુતઃ કૃષ્ણ એવ**'થી પણ થાય છે.

શ્રી વલ્લભાચાર્યજીની ભગવદતાનું વિશેષ પ્રમાણ તેમનું સ્વયંનું વચન જે તેમણે ભાગવતજીની વ્યાખ્યા કરતાં શ્રી સુબોધિનીજીના પ્રારંભમાં લખ્યું છે તેમાં જ પ્રાપ્ત થાય છે. તેઓ લખે છે –

''અર્થં તસ્ય વિવેચિતું હિ, વિભુ વૈશ્વાનરા
વાક્પતેરન્યસ્તત્ર, માનુષતં વ્યાસચ્છ્રીપતિઃ''

અર્થાત્ 'શ્રી ભાગવતના અર્થનું વિવેચન કરવા વાણીના પતિ વૈશ્વાનર'

વિભુ સિવાય અન્ય કોઈ પણ સમર્થ નથી. તેથી જ શ્રીપતિ ભગવાને વ્યાસજીની જેમ મને આજ્ઞા કરી છે. અહીં એ સ્પષ્ટપણે સમજી શકાય છે કે તેઓ વાણીના પતિ–વાક્પતિ, વૈશ્વાનર વિભુ છે.

શ્રી હરિરાય મહાપ્રભુ શ્રી વલ્લભના સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે–

‘‘નિઃસાધન જનોદધાર કરણ પ્રકટીકૃતઃ
ગોકુલેશ સ્વરૂપં શ્રી વલ્લભ શરણં મમ’’

અર્થાત્ ‘જે મનુષ્યો કોઈ સાધન કરીને પોતાની શક્તિથી ભગવાનને પ્રાપ્ત કરી શકે તેમ નથી, તેઓનો ઉદ્ધાર કરવા માટે નિઃસાધન જનોના સ્વામી શ્રી ગોકુલેશ (ભગવાન શ્રીકૃષ્ણ)શ્રી વલ્લભ સ્વરૂપે પ્રકટ થયા છે, તેઓ જ મારું શરણ છે. (તેનો જ આશ્રય કરવાથી મારો ઉદ્ધાર સંભવ છે.)’

ઉપરોક્ત સર્વ પ્રમાણો શ્રી વલ્લભાચાર્યજીની ભગવદ્રૂપતા પ્રતિપાદિત કરે છે. તેથી સ્વાભાવિક રીતે પુષ્ટિના પંથે અગ્રેસર થવા ઈચ્છનાર સૌ કોઈએ, તેમને જ ‘ગુરુ’ તરીકે સ્વીકારી તેમની આજ્ઞા મુજબ પોતનો જીવન વ્યવહાર કરવો જોઈએ, જેનાથી તે અપેક્ષિત ફલની પ્રાપ્તિ કરી શકે. પોતાના ભૂતલ પરના જીવનકાલ દરમ્યાન તેમણે ગુરુ તરીકે અનેક જીવોને શરણે લઈ ભગવદ્–પ્રાપ્તિ કરાવ્યાના પ્રમાણ ઈતિહાસના પાને નોંધાયેલ છે. (૮૪ વૈષ્ણવોની વાર્તા) તેમના પછી તેમના દ્વિતીય પુત્ર શ્રી ગુસાંઈજી શ્રી વિઠ્ઠલનાથજી, જેઓ પણ ભગવદ્ સ્વરૂપ જ હતાં. (જેનું ઐતિહાસિક પ્રમાણ પ્રાપ્ત છે) તેમણે પણ ગુરુ તરીકે અનેક જીવોને શરણે લઈ, તેમનો ઉદ્ધાર કર્યાના ઉદાહરણો પણ ઈતિહાસમાં નોંધાયેલ છે, જેનું પ્રમાણ પ્રસિદ્ધ ‘૨૫૨ વૈષ્ણવોની વાર્તા’માં મળે છે.

અવતાર કાળમાં તો શ્રી વલ્લભચાર્યજીએ એવમ્ શ્રી ગુસાંઈજીએ પ્રત્યક્ષમાં અનેક જીવોને શરણે લઈ તેમને યોગ્ય માર્ગદર્શન આપી, તેમનો ઉદ્ધાર કર્યો અને ભગવદ્–પ્રાપ્તિ કરાવી. પરંતુ તેઓના ભૂતલ પરથી ભગવદ્–ધામમાં પરત પધારી ગયા પછી ભવિષ્યમાં અન્ય દૈવી જીવોના ઉદધારાર્થે, તેમણે ગુરુ કરવા માટે માર્ગદર્શક વિધાન કરેલા છે.

ગુરુના લક્ષણ કેવા હોવા જરૂરી છે ?

શાસ્ત્રોમાં ગુરુને **‘આચાર્ય’** કહ્યા છે. આચાર્યની વ્યાખ્યા કરતાં સમજાવ્યું છે – **‘આચરતિ આચરયતિ ચ ઈીતિ આચાર્ય’** અર્થાત્ ગુરુ જેઓ પોતે પ્રતિપાદિત કરેલા કે પોતે સ્વીકારેલા સિદ્ધાંતોનું પરિપાલન પોતાના જીવનમાં કરી તદ્પશ્ચાત પોતાના શિષ્યો પાસે તેનું આચરણ કરાવે, તેને **‘આચાર્ય’** કહેવાય.

વિશેષમાં એમ પણ કહ્યું છે **‘આચિનોતિ હિ શાસ્ત્રાર્થો નો ર સ્થાપયત્ય પિ સ્વયમાચરતે યસ્માત્તરસ્માદાચાર્ય ઈીરિતઃ’** અર્થાત્ જેઓ શાસ્ત્રોનું અર્થઘટન કરે, અને તદનુસાર સ્વયં તે સિદ્ધાંતોને પોતાના આચરણમાં સ્થાપે, અર્થાત્ તદનુસાર આચરણ કરે તેને આચાર્ય કહેવાય.

ઉપરોક્ત વચનોથી એ સ્પષ્ટ થાય છે કે ગુરુની **કથની** (ઉપદેશ) અને **કરણી** (આચરણ)માં એકરૂપતા હોવી આવશ્યક છે. તેવા ગુરુને જ **‘આચાર્ય’** કહી શકાય. જો ગુરુના ઉપદેશ અને તદનુસાર તેમનું પોતાનું જીવન–ચાપન ન હોય, તેમાં અસંગતિ હોય, તો તેવા ગુરુનો ઉપદેશ અસરકાર હોઈ શકે નહીં. (એક દંતકથા મુજબ કોઈ પંડિતે એક બાળકને ગોળ ન ખાવાની સલાહ, પ્રથમ તેમણે પોતે ગોળ ખાવાનું બંધ કર્યા પછી જ આપી હતી, અને તેમણે એ જ ખુલાસો કર્યો હતો કે પોતે સ્વયં જો ગોળ ખાવાનું બંધ ન કરે તો બાળકને તેના ઉપદેશની અસર થાય નહીં.) જો ગુરુના **‘કથની’** અને **‘કરણી’**માં એકરૂપતા ન હોય તો તેમનું આચરણ દાંભીક ગણાય અને તેમના ઉપદેશને **‘વાણી–વિલાસ’**થી વધુ ગણી શકાય નહીં. માટે ગુરુની વરણી કરતાં આ મુદ્દો ધ્યાનમાં લેવો આવશ્યક છે.

પરંતુ શ્રી વલ્લભાચાર્યજી એક એવા ગુરુ છે જેમણે મુખ્યત્વે વેદ–ગીતા–ભાગવત આદિ ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ કરી પોતાની દાર્શનીક વિચારધારા અંતર્ગત **‘પુષ્ટિ ભક્તિ માર્ગ’** અથવા **‘પુષ્ટિમાર્ગ’**ને પ્રવર્તિત કર્યો છે. તદ્નુસાર તેમણે **‘કૃષ્ણ સેવા સદા કાર્યા’** ઈત્યાદિનો જે ઉપદેશ આપ્યો છે

તે મુજબ પોતાના જીવનમાં પણ તેમણે આચરણ કર્યું છે. પોતાના લગભગ ૨૧ વર્ષ પર્યંતના ત્રણ-ત્રણ વખતના ભારત ભ્રમણ દરમ્યાન પણ શ્રી મુકુંદરાય પ્રભુને ઝાંપીજીમાં પોતાના માથે પધરાવીને યાત્રા કરી છે અને જે તે મુકામે ઉપલબ્ધ પદાર્થોથી 'ભગવદ્-સેવા' કરી છે. તે યાત્રાના સમગ્ર સમય દરમ્યાન તેમણે ભાગવતાદિ શાસ્ત્રોનું અધ્યયન અને અધ્યાપન કર્યું-કરાવ્યું છે. શાસ્ત્રોમાંથી જે સિદ્ધાંતો તેમણે તારવ્યા છે, તદ્નુસાર તેનું પાલન પણ તેમણે સ્વયં કર્યું છે અને પોતાના શિષ્યો-સેવકો પાસે કરાવ્યું છે. તેથી નિઃશંકપણે તેમને એક '**આદર્શ ગુરુ**' કે '**આચાર્ય**' કહી શકાય.

પોતાના એક મુખ્ય ગ્રંથ 'તત્ત્વાર્થદીપ નિબંધ'ના 'સર્વનિર્ણય પ્રકરણ'માં શ્રી વલ્લભાચાર્યજીએ ગુરુ વિશે અતિ મહત્ત્વના ખુલાસા કર્યા છે, ગુરુની આવશ્યકતા અને ગુરુના લક્ષણોને બહુ સ્પષ્ટતાપૂર્વક તેમણે સમજાવ્યા છે. પ્રથમ ખુલાસો તો પોતે ભક્તિમાર્ગ-પુષ્ટિમાર્ગના અધિકારી વિશે જણાવતાં કહે છે -

સર્વથા ચેદ્ હરિકૃપા ન ભવિષ્યતિયસ્થ હિ
તસ્ય સર્વમ્ અશક્યં સ્યાન્ માર્ગોસ્મિન સુતરામપિ
કૃપા યુક્ત સ્યતુ યથા સિધ્યેત્ કારણમુચ્યતે ।।

અર્થાત્-તેઓ સમજાવે છે કે બધા જ પ્રકારના જીવોને **પુષ્ટિ-ભક્તિમાર્ગ**માં જ અધિકાર હોતો નથી. જેમના પર ભગવાનની કૃપા હોય (એટલે કે જેમનું ભગવાને કૃપામાર્ગ-પુષ્ટિમાર્ગમાં વરણ કર્યું હોય) તેને જ **ભક્તિ**ના મુખ્ય ફલની પ્રાપ્તિ થાય છે. જો કે જેમ ભાગવતમાં કહ્યું છે-

દેવાઽસુરો મનુષ્યો વા યક્ષો ગન્ધર્વ એવચ
ભજન્ મુકુન્દ ચરણં સ્વસ્તિમાન્ સ્યાદ્ યથાવયમ્.

(ભા.૭.૭.૫૦)

તેમ દેવ, અસુર કે કોઈ પણ પ્રકારના જીવનો, પાપોનો નાશ તેમ જ મુક્તિની પ્રાપ્તિની ભક્તિ દ્વારા જ થાય જ છે, પરંતુ '**ભક્તિ**' અને

'**ભગવાન**'ની પ્રાપ્તિ તો ભગવદ્-કૃપા યુક્ત જીવોને જ થાય છે. અહીં શંકા થઈ શકે કે કોઈના પર ભગવદ્-કૃપા છે કે નહીં, તે કેવી રીતે જાણીશકાય ? આ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે કોઈ જીવની ભક્તિમાર્ગમાં રૂચિ છે કે નહીં તેનાથી તેના પર ભગવદ્ કૃપા વિશે જાણી શકાય. ભક્તિમાર્ગમાં રૂચિનું માપદંડ તેની વેશભૂષા, ભાષા, આચરણ તેનો વ્યવહાર, તેના વચનોમાં આચાર્ય શ્રી પ્રત્યેની દૃઢતા ઈત્યાદિ બાબતો છે, જે સ્વયં જીવના ઉપર ભગવદ્ કૃપાના પરિચાયક છે.

અહીં એક બીજો પણ સંદેહ ઉત્પન્ન થઈ શકે કે જો પુષ્ટિ-ભક્તિમાર્ગમાં જીવનો ઉદ્ધાર ભગવદ્-કૃપા દ્વારા જ થતો હોય તો ભગવદ્-સેવા ઈત્યાદિ સાધનની આવશ્યકતા શા માટે ?

આ સંદેહનું નિવારણ કરતાં કહે છે કે એ સાચું છે કે ભગવદ્ અનુગ્રહથી જ ભક્તિ પ્રકટ થાય છે. '**ભક્તિનું તાત્પર્ય છે-ભગવાન પ્રત્યેનો પ્રેમ.**' પરંતુ એવી પ્રેમભક્તિ ને સાધનની અપેક્ષા છે, જેનાથી ભક્તિ ભાવ વધે, દૃઢ થાય. તેને માટેનું પ્રથમ સાધન 'ગુરુ' છે. અગાઉ કહ્યું છે તેમ કોઈ પુરુષને જો કોઈ આધાર ન હોય તો તે લોકમાં ભ્રષ્ટ થાય છે તેમ જ, ભગવત્કૃપાની સાથે જો જીવ '**ગુરુહીન**' હોય તો તે '**સ્થાન ભ્રષ્ટ**' જ કહેવાય, તેને ભટકી જવાની સ્થિતિ બની શકે છે. આમ પ્રથમ ગુરુની આવશ્યકતા સમજાવી છે. જો ગુરુની અનિવાર્યતા હોય તો તે કેવા હોવા જોઈએ, અથવા તેમનામાં કયા લક્ષણો હોવા અનિવાર્ય ગણાય, તેનો ખુલાસો કરતાં શ્રી વલ્લભાચાર્યજી કહે છે -

''કૃષ્ણ સેવા પરં વીક્ષ્યં, દંભાદિ રહિતં નરમ્
શ્રી ભાગવત તત્વજ્ઞં ભજેજ્જિજ્ઞાસુ આદરાત્''

(સ.નિ.નિબંધ-૨૨૭)

અર્થાત્-આદર્શ ગુરુમાં ચાર લક્ષણો હોવા આવશ્યક છે. (૧) **તે પોતે કૃષ્ણસેવા પરાયણ હોય.** એટલે સ્વયં શ્રીકૃષ્ણની સેવા કરતાં હોય. (૨) **જેમાં દંભ વગેરે** (મદ, મોહ, માત્સર્ય, ક્રોધ આદિ) **દોષો ન હોય.** (૩) **જે ભાગવતના તત્ત્વને સારી રીતે જાણતા હોય,** તેના મર્મજ્ઞ હોય તેવા '**પુરુષ**'ને

ગુરુ તરીકે સ્વીકારવા જોઈએ.

અહીં ગુરુમાં જે લક્ષણો શ્રી વલ્લભાચાર્યજી બતાવી રહ્યા છે તે સાર ગર્ભિત જણાય છે. તેઓ પોતે સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં '**કૃષ્ણસેવા સદા કાર્યા**'ને 'સ્વસિદ્ધાંત' તરીકે નિરુપિત કર્યો છે. જ્યારે 'કૃષ્ણસેવા' પ્રત્યેક પુષ્ટિજીવનું અનિવાર્ય કર્તવ્ય હોય તો ગુરુ પણ 'કૃષ્ણસેવા'માં નિષ્ણાંત અને નિષ્ઠાવાન હોવા જરૂરી ગણાય. જો ગુરુ સ્વયં જ કૃષ્ણ સેવા કરતાં ન હોય કે તેમાં તેમની આસ્થા ન હોય તો તે ન તો તેને માટે શિષ્ય પાસે આગ્રહ રાખે, ન તે સેવાની રીતભાત વિશે તેને માર્ગદર્શન આપી શકે. માટે '**કૃષ્ણસેવા પરં વિક્ષ્યં**' એ ગુરુ માટે મહત્વનું લક્ષણ ગણાય. તેવી જ રીતે ગુરુનું ભાગવતના મર્મજ્ઞ હોવું પણ અતિ આવશ્યક લક્ષણ છે. શ્રી વલ્લભાચાર્યજીએ પોતાની દાર્શનિક વિચારધારાના આધાર રૂપે વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો અને શ્રીમદ્ ભાગવત એ ચાર શાસ્ત્રોને '**પ્રમાણ ચતુષ્ટય**' રૂપે સ્વીકાર્યા છે. '**ભાગવત**'ને અંતિમ પ્રમાણ ગણવાનું કારણ, તે '**સર્વ સંદેહવારક**' શાસ્ત્ર છે. તેમણે પોતે ભાગવતના સાત પ્રકારે અર્થ કરી, ભાગવતાર્થ-નિબંધ તેમજ સુબોધિનીજીમાં સમજાવ્યા છે. તેથી જ તેમનું એક નામ '**શ્રી ભાગવત ગુઢાર્થ પ્રકાશન પરાયણ**' છે. તેમની '**શુદ્ધાદ્વૈત**' વિચારધારા વિષયક શિષ્યોના સંદેહોનું નિવારણ તે ગુરુ જ કરી શકે જે '**ભાગવત મર્મજ્ઞ**' હોય. તે માટે જ આ લક્ષણની આવશ્યકતા શ્રી વલ્લભાચાર્યજીએ સૂચવી છે.

ઉપરોક્ત બંને લક્ષણો ઉપરાંત ગુરુનું અણિશુદ્ધ ચારિત્ર્ય હોવું અત્યંતાવશ્યક ગણાય. ઘણા કહેવાતા ગુરુઓ પાખંડી હોય છે અને પોતાના શિષ્યોને છેતરતાં હોય છે. તેનું ઉદાહરણ તેમણે ગહેરવનના બેઠક ચરિત્રમાં તાદૃશ બતાવ્યું છે, જ્યાં એક મૃત અજગરને અનેક કીડીઓ ડંખ મારી રહી છે, જે પૂર્વજન્મમાં અનુક્રમે દંભી ગુરુ અને શિષ્યો હતાં. તેથી શ્રી વલ્લભાચાર્યજી '**દંભાદિ રહિતં**' એક ખાસ લક્ષણ તરીકે બતાવે છે. ગુરુમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર્ય ઈત્યાદિ અવગુણોનો લેશ માત્ર ન હોવો જોઈએ. તેઓ સંપૂર્ણપણે સાત્વિક પ્રકૃતિ ધરાવતાં હોય ત્યારે જ તેવા ગુણો વિકસાવવા

શિષ્યોને પ્રોત્સાહિત કરી શકે.

આમ આ પ્રકારના ગુણો અથવા લક્ષણો જેનામાં હોય તેવા પુરુષને ગુરુ તરીકે સ્વીકારવાની શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે. તેમના સ્વયંના જીવનમાં દૃષ્ટિપાત કરતાં એ સ્પષ્ટપણે સમજાય છે કે આ સર્વે લક્ષણો તેમનામાં હતાં અને તેથી જ તેમને '**આદર્શ ગુરુ**' કહી શકાય. તેમના અનવતાર કાલમાં તેમનો એવો આગ્રહ અહીં નિર્દિષ્ઠ થયેલ જણાય છે કે, પુષ્ટિજીવોએ પોતાના ગુરુ–માર્ગદર્શક તરીકે જેમના પર પસંદગી ઉતારે, તેમાં આ લક્ષણો હોવાની પ્રતિતી કરી લેવી જોઈએ.

શ્રી વલ્લભાચાર્યજી દ્વારા ઉપરોક્ત નિર્દિષ્ઠ લક્ષણોનો ઉલ્લેખ શ્રીમદ્ ભાગવતજીમાં પણ અગિયારમા સ્કંધમાં મળી આવે છે જ્યાં કહ્યું છે કે –

''તસ્માત્ ગુરું પ્રપદ્યતે, જિજ્ઞાસુઃ શ્રેય ઉત્તમમ્,
શાબ્દે પરે ચ નિષ્ણાંતં બ્રહ્મણ્યુપશમાશ્રયમ્.''

(ભા.૧૧.૩.૨૧)

અર્થાત્–જિજ્ઞાસુ મનુષ્યે પરમ શબ્દ પ્રમાણમાં નિષ્ણાંત, બ્રહ્મનો આશ્રય કરનાર અને ઉપશમ (ઈન્દ્રિય નિગ્રહ)આદિ ગુણવાળા ઉત્તમ ગુરુનું જ પોતાના શ્રેય માટે શરણ લેવું જોઈએ.

'**શાસ્ત્રજ્ઞ ગુરુ**'ની આવશ્યકતા સમજાવતાં શ્રી વલ્લભાચાર્યજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજી પોતાના '**સાધન દીપિકા**' ગ્રંથમાં લખે છે –

''માહાત્મ્ય જ્ઞાપનાચૈવ શ્રવણં ગુણકર્મણામ્
શાસ્ત્રાજ્ઞા મુપયોગાઽત્ર તત્રાકાંક્ષા ગુરોર્ભવેત્''

(સા.દિ.)

અર્થાત્–ભાગવતનું માહાત્મ્ય જાણવા માટે ભગવાનના ગુણો અને લીલાઓનું શ્રવણ જરૂરી છે. તે માટે શાસ્ત્રોનું જ્ઞાન ઉપયોગી બને. પરંતુ શાસ્ત્રોને સમજવા ગુરુની અપેક્ષા રહે છે. આથી એ સ્પષ્ટ થાય છે કે ગુરુ એવા હોવા જોઈએ, જેઓ '**શાસ્ત્રજ્ઞ**' હોય.

તદુપરાંત, પુષ્ટિમાર્ગના અનેક વિષયોનું સરળતાપૂર્વક વિવેચન કરનાર

મહાપ્રભુ શ્રી હરિરાયચરણ પોતાના સ્વમાર્ગીય શરણ-સમર્પણ-સેવા નિરુપણ ગ્રંથમાં જણાવે છે કે-

''ગુરોશ્વ ભક્તિમાર્ગીયઃ કૃષ્ણ સેવા પરાયણઃ
શ્રી ભાગવત તત્વજ્ઞો, દંભાદિ રહિતો નર''

અર્થાત્ 'ગુરુ' સ્વયં ભક્તિમાર્ગને અનુસરનારા, સતત્ કૃષ્ણસેવામાં પરાયણ, શ્રી ભાગવત શાસ્ત્રના તત્ત્વજ્ઞાતા (માત્ર કથા કરવાવાળા નહીં), તેમજ જેમનામાં દંભ આદિ અવગુણો ન હોય-તાત્પર્ય કે જેમની **કથની** અને **કરણી** એકરૂપ હોય, શિષ્ય પાસે જેવા આચરણની અપેક્ષા રાખતા હોય, તેવું આચરણ તેઓ પોતે કરતાં હોય, તથા કામ-ક્રોધ-લોભ ઈત્યાદિ અવગુણો જેમનામાં ન હોય તેવા પુરુષ હોવા જોઈએ.

આપણે અગાઉ જોયું કે શ્રી વલ્લભાચાર્યજીએ આજ પ્રકારના ગુરુના લક્ષણો પોતાના નિબંધ ગ્રંથમાં બતાવ્યા છે. પોતાની તે કારિકા (સર્વનિર્ણય-૨૨૭)નો ખુલાસો કરતાં તેઓ સ્વયં સ્પષ્ટતા કરતાં કહે છે - **'કૃષ્ણસેવા પરમ ઈતિ, યોહિ ગુરુ) સેવામ્ ઉપદેશ્યતિ, સ સ્વચેત તાં ઉત્તમાં જાનીયાત્ તદા કથં સ્વયં ન કુર્યાદિતિ સેવા પરં એવ ગુરુઃ'** અર્થાત્ જે કૃષ્ણસેવામાં સ્વયં પરાયણ હોય તેને જ ગુરુ કરવા. જે ગુરુ બીજાને સેવા કરવાનો ઉપદેશ કરે, તે સ્વયં ભગવત્સેવાને જો ઉત્તમ કહે તો તેઓ સ્વયં શા માટે ન કરે ? માટે જ **'સેવાપરાયણ'** હોય તેને જ ગુરુ કહી શકાય. તેઓ વધુ સ્પષ્ટતા કરતાં કહે છે કે **'અન્યથા મન્સ્યન્યદ્ વિધાય અન્યથા-કરણે ન ફલસિદ્ધઃ'** એટલે પ્રમાણ વિરુદ્ધ મન કલ્પિત પ્રકારથી સેવા કરવામાં આવે તો તેની સેવા ફલરૂપ થતી નથી. તે હેતુથી જ તેઓ કહે છે કે ગુરુ 'ભાગવતના ગૂઢ તત્ત્વો'નું ઊંડુ જ્ઞાન ધરાવતાં હોવા જરૂરી છે. શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીજીમાં સમજાવ્યું છે કે ભાગવતજીની કથાથી વિશેષ માહાત્મ્ય કથાના **'તત્ત્વબોધ'**માં છે. તેથી જ તો તે ગુઢાર્થ તેમણે **'ભાગવતાર્થ નિબંધ'**માં તથા **'સુબોધિનીજી'**માં સમજાવ્યો છે. તેમના પ્રાકટ્યનું એક પ્રયોજન પણ તે માટે જ હતું.

શ્રીમદાચાર્ય ચરણોના ઉપરોક્ત વચનોનો ખુલાસો કરતાં પ્રભુચરણ શ્રી ગુસાંઈજી પણ કહે છે કે **'ગુરુનું વિદ્વાન હોવું આવશ્યક હોવા છતાં પણ ઘણા બધા વિદ્વાન પોતાની વિદ્વતા છતાં વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન યથાર્થ રૂપે કરી શકતાં નથી. બીજા કેટલાક વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન કર્યું હોવા છતાં તદ્ અનુસાર તેમના આચરણમાં તે દૃશ્યમાન થતું નથી. આમાં પણ બીજા કેટલાક વૈષ્ણવ હોવા છતાં વ્રજાધિપ પ્રત્યે હૃદયમાં ભરેલી રતિના અનુભવના રૂપમાં ભગવત્ સેવા કરતાં હોતાં નથી. તેથી આ બધા ગુણોથી પરિપૂર્ણ શ્રી વલ્લભાચાર્યજી જેવી શોભા કે 'શ્રી' અન્યત્ર દુર્લભ છે.** (પેજ ૯૫ જિન શ્રી વલ્લભરૂપ ન જાન્યો, પ્રકાશન–શ્રી વલ્લભાચાર્ય ટ્રસ્ટ, કચ્છ–માંડવી) આમ જોઈ શકાય છે કે જો ભગવદ્ પ્રાપ્તિના લક્ષ્ય સાથે પુષ્ટિમાર્ગના આધ્યાત્મિક પંથે અગ્રેસર થવું હોય તો આપણે ગુરુના જે લક્ષણોનો નિર્દેશ શ્રી વલ્લભાચાર્યજીએ કર્યો છે તેવા ગુરુનું શિષ્યત્વ સ્વીકારવું જોઈએ. તદ્નુસાર તે સર્વે લક્ષણો તેમના સ્વયંમાં વિદ્યમાન હોઈ, તેમને જ ગુરુ તરીકે સ્વીકારી તેમના માર્ગદર્શન હેઠળ આપણી જીવન પ્રણાલી અપનાવવી જોઈએ.

અહીં એક પ્રશ્ન ઊઠે કે શ્રી મહાપ્રભુજીના અનવતારકાલમાં કોને 'ગુરુ' કરવા ? તેમના વંશજોને ગુરુ માનવા તેવો સ્પષ્ટ નિર્દેશ તેમણે પોતે કર્યો નથી. તેને બદલે 'સર્વનિર્ણય નિબંધ'માં તેમણે કેવા ગુરુ કરવા જોઈએ તેનો ખુલાસો કર્યો છે. શ્રી ગોકુલનાથજી એવમ્ શ્રી પુરુષોત્તમજીના વચન છે કે પુષ્ટિમાર્ગમાં **'એક માત્ર શ્રી વલ્લભાચાર્યજી જ ગુરુ છે.'**

સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન–ભાગવત મર્મજ્ઞ ગો.વા.શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી પોતાના ગ્રંથમાં (પુષ્ટિપુલિન પે.૬૮૪) લખે છે **'પુષ્ટિ ભક્તિમાર્ગમાં ગુરુ શ્રી મહાપ્રભુજી જ છે. આપના સેવા શાસ્ત્ર પરાયણ વંશજો ગુરુ–દ્વાર રૂપે દીક્ષા અને સ્વરૂપ પ્રદાન કરે છે.'** વધુ ખુલાસો કરતાં તેઓ લખે છે **'કલિયુગના પ્રબલ અસરોમાં એવા લક્ષણવાળા (શ્રી મહાપ્રભુજીના નિર્દેશ મુજબ) ગુરુ તો દુર્લભ છે, તેથી શ્રી મહાપ્રભુજીએ પોતાનામાં જ માર્ગીય ગુરુત્વ**

રાખ્યું છે. શ્રી હરિરાયજી પોતાને 'ગુરુદ્વાર' ગણાવે છે. પોતાના સેવા-પરાયણ, ભાગવત તત્વજ્ઞ વંશજો દ્વારા શ્રી મહાપ્રભુજી જ દીક્ષા પ્રદાન કરે છે, સેવાર્થે ભગવત્સ્વરૂપ પધરાવી આપે છે. તેથી જ તે ઉપદેશ અને સ્વરૂપ ફલિત થાય છે.'

આપણે જાણીએ છીએ તેમ દૈવી જીવોના ઉદ્ધારાર્થે ચિંતનમાં શ્રી વલ્લભાચાર્યજી સંવત ૧૫૪૯ના શ્રાવણ શુક્લ એકાદશીના રોજ શ્રી ગોકુળમાં ગોવિંદઘાટ પર બિરાજેલ હતા ત્યારે મધ્યરાત્રીએ સાક્ષાત્ પ્રભુએ પ્રકટ થઈ બ્રહ્મસંબંધનો મંત્ર આપી આજ્ઞા કરી હતી કે તેઓ જે જીવોને આ મંત્ર દ્વારા દીક્ષિત કરી તેમનો હાથ શ્રીપ્રભુને સોંપશે તેના (સેવામાં બાધક) દોષો દૂર થશે, અને તેઓ તેમનો કદી ત્યાગ કરશે નહીં. ત્યારે ત્યાંજ નજીકમાં સૂઈ રહેલા તેમના અનન્ય સેવક શ્રી દામોદરદાસ હરસાનીને તેમણે સવારમાં સર્વપ્રથમ બ્રહ્મસંબંધની દીક્ષા આપી પુષ્ટિમાર્ગના પ્રથમ સેવક બનાવ્યા હતા, તેમજ તેમણે 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથની રચના કરી, બ્રહ્મસંબંધ દીક્ષાનું ગૂઢ રહસ્ય સમજાવ્યું હતું.

અહીં નોંધનીય બાબત એ છે કે શ્રી પ્રભુએ બ્રહ્મસંબંધની દીક્ષા આપવાની આજ્ઞા વ્યક્તિગતરૂપે શ્રી મહાપ્રભુજીને આપી હતી. તેથી આ દીક્ષા દ્વારા પ્રાપ્ત થતી ફલદાયીતા તેમના દ્વારા જ હોઈ શકે. શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના જીવનકાળમાં દૈવી જીવોને શોધીને આ નિવેદન મંત્રની દીક્ષા આપી શરણે લઈ તેમનો ઉદ્ધાર કર્યો હતો.

તેમની ભૂતલ ઉપરથી વિદાય પછી તેમના દ્વિતીય પુત્ર શ્રી ગુસાંઈજી, જેઓ પણ ભગવદ્ અવતાર હતાં અને તદર્થ, શ્રી મહાપ્રભુજીએ નિર્દેશ કરેલા સર્વ લક્ષણોથી વિભુષિત હતાં અને પિતૃચરણના નિજધામ પધાર્યા પછી પુષ્ટિમાર્ગને વહન કરવાનું તેમનું દાયીત્વ હોવાથી તેમણે પણ પિતાની માફક જ દૈવી જીવોને બ્રહ્મસંબંધ દીક્ષા આપી શરણે લેવાનું ભગવદ્ આજ્ઞાનુસાર કાર્ય ચાલુ રાખ્યું હતું. સ્વયં શ્રી વલ્લભાચાર્યજીની પોતાના સેવક દામોદરદાસ હરસાનીજીને કરેલ આજ્ઞાનુસાર પોતાનું સ્વરૂપ તેમણે શ્રી ગુસાંઈજીમાં

પધરાવ્યું હોઈ, તેમણે પિતાના (શ્રી વલ્લભ)ના વિશેષાધિકાર પ્રાપ્ત હતાં. તેથી તેમણે પિતાના અધુરા કાર્યો (ગ્રંથો ઈત્યાદિ પણ) પૂરા કર્યા એટલું જ નહીં, પરંતુ 'પુષ્ટિ ભક્તિમાર્ગ'ની પ્રસ્થાપિત પ્રણાલીનો અનેકવિધ વિસ્તાર કર્યો. તદર્થ તેઓને પુષ્ટિમાર્ગ અથવા પુષ્ટિ સંપ્રદાયના **સહ-સ્થાપક** અને **સહ-પ્રવર્તક** પણ કહેવામાં આવે છે.

વર્તમાન સમયમાં ગુરુનું સ્થાન :

શ્રી ગુસાંઈજી પછી તેમના સાત પ્રતાપી પુત્રો, પ્રત્યેકમાં ભગવાનના દિવ્ય ષડ્ગુણોમાંનો એક એક ગુણ આવિર્ભુત હતો. તેમનો વિશાળ વંશ આજે ભૂતલ પર અસ્તિત્વ ધરાવે છે અને પરંપરાગત રીતે શ્રી વલ્લભાચાર્યજી એવમ્ શ્રી ગુસાંઈજી દ્વારા પ્રવર્તિત પુષ્ટિમાર્ગની પ્રસ્થાપિત પ્રણાલીનો દોરી સંચાર કરે છે, અને તદનુસાર પુષ્ટિમાર્ગમાં રૂચી ધરાવનાર આધુનિક જીવોને શ્રી વલ્લભાચાર્યજીની કાનિથી (વતી), '**ગુરુદ્વાર**' તરીકે બ્રહ્મસંબંધ દીક્ષા આપી શરણે લે છે. અગાઉ કહ્યું તેમ બ્રહ્મસંબંધની દીક્ષા આપવાનો એકાધિકાર શ્રી વલ્લભાચાર્યજીનો હોઈ વર્તમાનમાં વલ્લભવંશજો, સ્વતંત્રપણે નહીં, પરંતુ '**ગુરુદ્વાર**' તરીકે પુષ્ટિમાર્ગમાં અનુયાયી વર્ગને દીક્ષા આપે છે. **તેથી વાસ્તવમાં પ્રત્યેક વૈષ્ણવ શ્રી મહાપ્રભુજી દ્વારા જ બ્રહ્મસંબંધની દીક્ષા લે છે, તેથી તેમના ગુરુ શ્રી વલ્લભાચાર્યજી જ બને છે,** કારણ કે દીક્ષા લેનાર વલ્લભકુળ આચાર્ય, માધ્યમ બને છે, અને તેઓ વલ્લભવંશ જ છે તેથી દીક્ષા લેનારનો ભાવ પણ તેમાં નિમિત્ત બનનાર આચાર્યમાં શ્રી વલ્લભાચાર્યજીનો ભાવ હોવો આવશ્યક છે. બ્રહ્મસંબંધ કરાવવાનું તેમનું સ્વતંત્ર સામર્થ્ય નથી, પરંતુ તેઓ શ્રી વલ્લભરૂપે અને તેમની કાનિથી બ્રહ્મસંબંધ દીક્ષા આપતા હોઈ તેમના દર્શન ચરણ સ્પર્શ કે દંડવત્ કરતાં આપણે સાક્ષાત શ્રી મહાપ્રભુજી બિરાજે છે એવો ભાવ હંમેશાં રાખવો જોઈએ.

શ્રી ગુસાંઈજી રચિત શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી વલ્લભાચાર્યજીનું એક નામ '**સ્વવંશે સ્થાપિતા શેષઃ**' બતાવ્યું છે. આ નામના કારણે ઘણા લોકોની

એવી સમજ છે કે શ્રી મહાપ્રભુજીએ પોતાનું '**અશેષ માહાત્મ્ય**' પોતાના સમગ્ર વલ્લભકુળમાં સ્થાપિત કર્યું છે. તદનુસાર સમસ્ત વલ્લભકુળમાં વાસ્તવમાં તેઓ બિરાજે છે અને તેથી તેઓને સાક્ષાત્ વલ્લભ સ્વરૂપે સ્વીકારવા જોઈએ, અને તેથી તેઓનું બ્રહ્મસંબંધ દીક્ષા આપવાનું સ્વતંત્ર સામર્થ્ય છે. પરંતુ શ્રી ગોકુલનાથજીએ આ બાબતની સ્પષ્ટતા તેમની સર્વોત્તમ સ્તોત્રની વિવૃત્તિમાં કરી છે. તેમના મતે સંસ્કૃતમાં '**વંશ**' શબ્દનો અર્થ '**પુત્ર**' થાય છે. **તદર્થ 'સ્વવંશે સ્થાપિતાશેષ....' કહેવાનો ભાવાર્થ શ્રી મહાપ્રભુજીએ પોતાનું અશેષ માહાત્મ્ય પોતાના પુત્ર શ્રી ગુસાંઈજી શ્રી વિઠલનાથજીમાં પ્રસ્થાપિત કર્યું છે. આ વાતનું પ્રમાણ એ છે કે તેમણે પોતે દામોદરદાસ હરસાનિજીને આજ્ઞા કરેલ કે 'મેં મારું સ્વરૂપ શ્રી વિઠલનાથજીના હૃદયમાં સ્થાપિત કર્યું છે અને તેથી તું તેમને મારું જ રૂપ જાણજે.'** આમ શ્રી મહાપ્રભુજીના અશેષ માહાત્મ્યનું પ્રસ્થાપન શ્રી ગુસાંઈજી સુધી સીમિત હોવાનું સ્પષ્ટપણે જણાય છે.

આ બાબતનો વધુ એક ખુલાસો શ્રી હરિરાયજીના વચનમાં પણ પ્રાપ્ત થાય છે. તેમણે શ્રી મહાપ્રભુજીના '**અષ્ટોત્તર શત નામાવલી**' ગ્રંથમાં પણ વંશ શબ્દથી શ્રી ગુસાંઈજીનો નિર્દેશ કરેલો છે.

વળી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી મહાપ્રભુજીનું ઓગણત્રીસમું નામ '**ગુરુ**' બતાવેલું છે. આનું તાત્પર્ય સમજાવતાં કહ્યું છે કે **શ્રી વલ્લભચાર્યજી પુષ્ટિભક્તિમાર્ગમાં ગુરુ છે.** કોઈપણ માર્ગમાં જે ઉપદેશ આપવાવાળા હોય અને તે માર્ગનું ફલ દેવાવાળા હોય તેને તે માર્ગના 'ગુરુ' કહેવાય. ઉદાહરણ તરીકે ભગવાન કપિલદેવજી સાંખ્યમાર્ગના ગુરુ છે. તેવી જ રીતે શ્રી મહાપ્રભુજી પુષ્ટિમાર્ગના '**ઉપદેશ આપવાવાળા**' તેમજ '**ફલ દેવાવાળા**' છે. (જિન શ્રી વલ્લભરૂપ ન જાન્યો – પેજ નં.૧૭૧)

પુષ્ટિ સંપ્રદાયના ભાગવત મર્મજ્ઞ પરમ વિદુષી પૂજ્યનીયા ગો.શ્રી ઈન્દિરાબેટીજી મહોદયાએ પોતાની સર્વોત્તમજીના નામોની વિસ્તૃત વ્યાખ્યાના પુસ્તક (ધ્યેયં સદા વલ્લભ)માં '**સ્વ વંશે સ્થાપિતા શેષઃ**' નામનું

વિદ્વતાપૂર્ણ યથાર્થ વિવેચન કર્યું છે. તેમણે સમજાયું છે કે **‘અશેષ માહાત્મ્ય’** એટલે **‘ભગવદ્‌ભાવ’** અથવા **‘પૂર્ણ માહાત્મ્ય’** અને **‘શેષ માહાત્મ્ય’** એટલે **‘દાસભાવવાળું માહાત્મ્ય’.** શ્રી મહાપ્રભુજીએ શ્રી ગુસાંઈજીના માદમયથી પોતાના વંશમાં પુરુષોત્તમ ભાવપૂર્ણ માહાત્મ્ય સ્થાપિત કર્યું છે, અને વૈષ્ણવ સૃષ્ટિમાં શ્રી હરસનાનીજીના માધ્યમથી દાસભાવ પૂર્ણ શેષ માહાત્મ્ય સ્થાપિત કર્યું છે. **‘શિક્ષાશ્લોકી’** ગ્રંથનો ઉલ્લેખ કરી તેઓ કહે છે કે **અશેષ માહાત્મ્ય** ત્યારે જ પ્રકટ થાય કે જ્યારે આપણે ‘શિક્ષાશ્લોકી’ ગ્રંથ શીખીએ અને તેને જીવનમાં ઉતારીએ. ત્યાં પ્રથમ શ્લોકમાં કહે છે – **‘‘જો તમે બહિર્મુખ થઈ જશો તો સંસાર સાગરમાં વહી જશો... અગર તમારે કૃષ્ણને પામવા હોય તો કંચન અને કામિનીનો સંગ છોડવો પડશે..આ બધું શ્રી મહાપ્રભુજીએ મોઘમમાં કહી દીધું છે.. જો શ્રીનાથજી બાવા તમારું સર્વસ્વ હશે તો તમારું ‘અશેષ માહાત્મ્ય’ સદાયજાગતું રહેશે..’’** આજે શ્રી મહાપ્રભુજીનું અશેષ માહાત્મ્ય વલ્લભકુળમાં બિરાજે છે. જેના તેમણે બે ઉદાહરણો તે પુસ્તકમાં આપ્યા છે. વધુ સ્પષ્ટતાં કરતાં તેઓ કહે છે કે **‘શ્રી મહાપ્રભુજીએ વિચાર કર્યો કે મારા વંશજો માં અશેષ માહાત્મ્ય તો પધરાવી દીધું પરંતુ તેમનામાં જો અભિમાન આવે તો એમ થઈ જાય કે અમે પણ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છીએ. એવા ખ્યાલથી ક્યાંક અપરાધ થઈ જાય તો ? એટલા માટે એમને સંયમમાં રાખવાનું કામ વૈષ્ણવ સૃષ્ટિને આપ્યું.’** આ વાતની પણ ચોખવટ તેઓ એક સત્ય ઉદાહરણથી કરતાં જણાવે છે કે કોઈ એક વૈષ્ણવને તેણે કોઈ ગોસ્વામી બાલકને સલાહ આપી હોવાથી તેના મનમાં ખેદ થતો હતો. તેનું નિરાકરણ કરતાં તેઓ કહે છે કે **‘મેં કહ્યું કે વૈષ્ણવ, તમે કોઈ અપરાધ નથી કર્યો. તમે દાસભાવથી વિનંતી કરવાનો અધિકાર ધરાવો છો, જે શ્રી મહાપ્રભુજીએ તમને આપ્યો છે.. જ્યારે પૂરા વિનય અને વિવેકથી તમે વાત કરી છે ત્યારે તેમાં અપરાધનો પ્રશ્ન જ નથી.’** (ધ્યેયં સદા વલ્લભમ્–પે.૨૩૫થી ૨૪૩)

વર્તમાન વાસ્તવિક પરિસ્થિતિને લક્ષમાં રાખીને જ કદાચ સર્વાનિર્ણય

પ્રકરણની કારિકા ૨૨૭-૨૨૮)નો ખુલાસો કરતાં કહ્યું છે - ''**તહાં શ્રી વલ્લભાચાર્યજી કલિયુગ કું બલિષ્ટ દેખ કે આગે હોયવેવારે મનુષ્ય મેં ગુરુપણે કે લક્ષણ કો અભાવ વિચારિ કે અપને હિ સ્વરૂપ મેં પુષ્ટિમાર્ગ અર્થાત્ 'પોષણં તદ્ અનુગ્રહ' (ભાગ-૨.૧૦.૪) યા વાક્યાનુસાર અનુગ્રહ વિશિષ્ટ ભક્તિમાર્ગ કે ગુરુત્વ કો સ્થાપન કરતે ભયે સેવા કો પ્રકાર દિખાવે હૈ તદ્ભાવે ઈતિ.** (સર્વનિર્ણય પરકરણ વ્રજભાષા ટીકા-ગોકુલદાસજી - પે.૧૮૯) યોગ્ય લક્ષણવાળા ગુરુના અભાવમાં શ્રી મહાપ્રભુજીએ પોતાના સ્વ સિદ્ધાંત 'કૃષ્ણસેવા સદા કાર્યા'ના પાલન હેતુ, કારિકા (૨૨૮)માં કહ્યું છે કે **'પુષ્ટિજીવે જાતે કોઈ યોગ્ય ''ભગવદ્-વિગ્રહ'' પધરાવી તેમને 'આ મારા સ્વામી છે' તેવો ભાવ રાખી, પોતાના દાસધર્મ ને નભાવવો.'**

ઉપરોક્ત સર્વ ખુલાસાથી એ વાત સ્પષ્ટ થાય છે કે પુષ્ટિમાર્ગમાં ગુરુ માત્ર શ્રી વલ્લભાચાર્યજી જ, તેમજ શ્રી ગુસાંઈજી પણ તદ્રુપ હોવાના કારણે છે. સમસ્ત શ્રી વલ્લભકુલ આચાર્યો સ્વતંત્રપણે ગુરુ નહીં પણ શ્રી હરિરાયજીના વચન મુજબ **'ગુરુદ્વાર'** છે, અને શ્રી વલ્લભાચાર્યજીની કાનીથી તેમજ તેમના નામથી જીજ્ઞાસુ પુષ્ટિજીવોને બ્રહ્મસંબંધની દીક્ષા આપી પુષ્ટિમાર્ગમાં શરણે લે છે, તેમને સેવાર્થે ભગવદ્-સ્વરૂપ પધરાવી આપે છે.

તદનુસાર, કોઈપણ ગોસ્વામી વલ્લભકુળ આચાર્ય પાસેથી બ્રહ્મસંબંધ મંત્રથી દીક્ષિત થનાર વ્યક્તિએ દીક્ષા દેનાર, ગુરુમાં શ્રી વલ્લભાચાર્યજીનો ભાવ રાખી તેમની અભિવંદના કરવી જોઈએ, કેમ કે સર્વ વલ્લભકુળ આચાર્યો સ્વતંત્રપણે નહીં પરંતુ શ્રી વલ્લભાચાર્યજી વતી પુષ્ટિજીવોને દીક્ષિત કરે છે, તેથી સમગ્ર પુષ્ટિ સૃષ્ટિ સાચા અર્થમાં **'શ્રી વલ્લભાચાર્યજીની જ સૃષ્ટિ'** કહેવાય. તદર્થે સમગ્ર સૃષ્ટિ **'વલ્લભીય સૃષ્ટિ'** છે અને એ પ્રકારનો મનોભાવ સર્વે પુષ્ટિમાર્ગના અનુયાયી વર્ગે કેળવવો જોઈએ. જ્યારે પણ તેઓ કોઈપણ વલ્લભકુલ આચાર્ય સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરે ત્યારે તેઓ શ્રી વલ્લભાચાર્યજી સાથે તેમ કરી રહ્યા છે, તેવી ભાવના રાખવી જોઈએ. જ્યારે પણ તેમના અભિવાદનમાં

તેમની **‘જય’** બોલવા કે બોલાવવાનો પ્રસંગ પડે ત્યારે તે આચાર્યશ્રીના વ્યક્તિગત નામથી નહીં પરંતુ **‘શ્રી વલ્લભાધીશ કી જય’** એમ ઉચ્ચાર કરવો જોઈએ. તેના કારણે તે આચાર્યમાં આપણો ભાવ શ્રી વલ્લભવત્ કેળવાશે. જ્યારે સમસ્ત વલ્લભીય સૃષ્ટિ શ્રી વલ્લભાચાર્યજીની સેવક હોવાના કારણે એક રૂપ હોય તો આજે કહેવાતી અલગઅલગ ઘરની સૃષ્ટિ–પહેલા ઘરની સૃષ્ટિ, ચોથા ઘરની સૃષ્ટિ વગેરેનું વિધાન અપ્રસ્તુત બની જાય છે.

આના સંદર્ભમાં શ્રી ગોકુલનાથજીના નિમ્ન પ્રસંગોમાં આપશ્રીના વચનો પ્રમાણરૂપ છે–

પ્રસંગ–૧

એક સમયે શ્રી ગોકુલનાથજી સંધ્યાવંદન કરી રહ્યા હતાં. તે વખતે ત્યાં કેટલાક વૈષ્ણવો ચર્ચા કરી રહ્યાં હતાં. સંધ્યાવંદન કરી શ્રી ગોકુલનાથજીએ તે વૈષ્ણવોને ચર્ચા વિશે પૂછ્યું કે શું વાત છે ?

ત્યારે તેમાંના એક વૈષ્ણવે આપશ્રીને વિનંતી કરી કે ‘કૃપાનાથ, અમારા ગુરુ તો આપ છો, પરંતુ જેઓ અન્ય બાલકોથી નામ–નિવેદન કરે છે, તેમનો અંગીકાર કોણ કરે છે ?’

શ્રી ગોકુલનાથજીએ તે વૈષ્ણવોને ખુલાસો કરતાં કહ્યું : ‘બધા જ જીવોનો અંગીકાર તો શ્રી આચાર્ય ચરણ જ કરે છે, તેમાં લેશમાત્ર સંદેહ નથી.’

આમ આજ્ઞા કરી શ્રી ગોકુલનાથજીએ પોતાનો સેવકોને સમજાવ્યું કે સમસ્ત વલ્લભકુળમાં શ્રી મહાપ્રભુજીનું માહાત્મ્ય પ્રકટ હોવાથી બધા જ અંગીકૃત જીવોનો અંગીકાર શ્રી મહાપ્રભુજી દ્વારા જ થાય છે.

પ્રસંગ–૨

કોઈ એક વૈષ્ણવ જે અન્ય ઘરનો સેવક હતો, તેને શ્રી ગોકુલનાથજીમાં અત્યંત પ્રીતિ હોવાના કારણે તે નિત્ય તેમની સાંનિધ્યમાં આવીને બેસતો હતો.

એક દિવસ કોઈ અંતરંગ વૈષ્ણવે શ્રી ગોકુલનાથજીને વિનંતી કરી કે ‘કૃપાનાથ, આ વૈષ્ણવ તો આપનો સેવક નથી ! ત્યારે શ્રી ગોકુલનાથજીએ

પૂછ્યું કે એવું કોણે કહ્યું કે કેવલ અમારો સેવક જ અમારા સાંનિધ્યમાં બેસી શકે ?'

તે અંતરંગ વૈષ્ણવે દલીલ કરી કે તે તો બીજા ઘરનો સેવક છે !

ત્યારે શ્રી ગોકુલનાથજીએ આજ્ઞા કરી : 'લગ્ન કરતી વેળા મહત્વ લગ્ન કરાવનાર પુરોહિતનું નહીં, દુલ્હાનું હોય છે. તેમ જે જીવ જ્યાંનો હોય ત્યાં તેની આસક્તિ દૃઢ હોય છે. ત્યાંથી તે જીવને પોષણ મળે છે. તેમાં ઘર જોવામાં આવતું નથી. તેના બ્રહ્મસંબંધની મુખ્યતા છે.'

આમ આજ્ઞા કરી શ્રી ગોકુલનાથજીએ વિભિન્ન ઘરના ભેદભાવના વિચારને નિરસ્ત કરી બ્રહ્મસંબંધની મહત્તા સમજાવી.

આજે એ જમીની હકીકત છે, જેને દુર્દૈવ કહી શકાય, કે આટલી મોટી સંખ્યામાં દેશ-દેશ વિદેશમાં ફેલાયેલી **'વલ્લભીય વૈષ્ણવ સૃષ્ટિ'** વેર-વિખેર અવસ્થામાં છે. તે અસંગઠીત છે, વિઘટીત છે. સૌ કોઈ શ્રી વલ્લભની વિશિષ્ટ અંગની સૃષ્ટિ હોવાનું ગૌરવ લઈ રહ્યા છે, પરંતુ પોતે એક અદ્વિતીય ગુરુ શ્રી વલ્લભાચાર્યજીની સૃષ્ટિનું એક અભિન્ન અંગ છે, અને તેમના દ્વારા પ્રવર્તિત ભક્તિમાર્ગ-પુષ્ટિમાર્ગના અનુયાયી છે તેવું ગૌરવ અનુભવાતા હોય તેમ ભાગ્યે જ જોવા મળે છે. સૌ કોઈ ભિન્ન ભિન્ન સૃષ્ટિના વાડામાં કેદ હોય તેવી દયનીય સ્થિતિ વર્તાય છે. તેના કારણે ક્યાંક તો એક આચાર્યની સૃષ્ટિના વૈષ્ણવને અન્ય ગોસ્વામિ વલ્લભકુલ આચાર્ય પાસે જવા વિશે પણ પ્રતિબંધ હોય છે. આવી વિપરીત પરિસ્થિતિના કારણે જ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ એક જૂથ નથી, સંગઠીત નથી. તેના પરિણામ સ્વરૂપે સંપ્રદાયના વિદ્રોહીઓ તેમજ વિરોધીઓ, જેઓ શ્રી વલ્લભાચાર્યજીના ઉદાત્ત વિચારોથી યથાર્થ રૂપે અવગત ન હોવાને લીધે, તેમજ તેજોદ્વેષના કારણે પુષ્ટિમાર્ગ વિશે વારંવાર ટીકા ટીપ્પણી કરતા હોય છે, તેમજ તેના વિશે વિપરીત પ્રચાર કરતાં પણ અવારનવાર જોવામાં આવે છે.

સંપ્રદાયના એક મુર્ધન્ય વિદ્વાન આચાર્યશ્રીએ થોડા સમય પૂર્વે શ્રી વલ્લભાચાર્યજીના સાચા સેવક-અનુયાયીને ગૌરવાન્વિત કરે તેવા યથાર્થ

વચન કહ્યા હતા કે **‘દુનિયાના બધા જ ધર્મો–દર્શનોનો તલસ્પર્શી અભ્યાસ કર્યા પછી હું એ નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે શ્રી મહાપ્રભુજીએ પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતોની તોલે આવે તેવી અન્ય કોઈ પણ વિચારધારા પૂરા વિશ્વમાં નથી. આ મારો સ્પષ્ટ મત છે, જે હું નમ્રતાપૂર્વક પ્રકટ કરી રહ્યો છું.’**

જેઓ બુદ્ધિશાળી અને તટસ્થપણે સત્ય–અસત્યનો વિવેક જાળવી, કોઈપણ તથ્યનું મૂલ્યાંકન કરી શકે છે, અને શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોમાં શ્રદ્ધા ધરાવે છે, તેઓ ઉપરોક્ત આચાર્યવાણી સંમતિ ધરાવ્યા વિના ન રહી શકે. તેને પોતાને શ્રી વલ્લભાચાર્યજી સાથેના અનુયાયી હોવાનું ગૌરવ થશે.

આપણે જાણીએ છીએ તેમ અહીં ઉદ્ધરત કરેલા અને એવા અનેક પ્રમાણોથી સિદ્ધ થયેલ ‘ભગવદ્–અવતાર’ રૂપ આચાર્ય શિરોમણી શ્રી વલ્લભાચાર્યની આધ્યાત્મિક ધરોહરના આપણે સૌ વારસદાર છીએ, તેમ છતાં, શા માટે આપણે તે વાસ્તવિકતા પ્રત્યે દુર્લક્ષ કરી વિભિન્ન સંકુચિત વિચારોથી આવૃત્ત થઈ ગયા છીએ ? તે કોઈપણ વિચારશીલ વ્યક્તિ ન સમજી શકે તેવી હકીકત છે.

જ્યારે આપણે ગુરુની આવશ્યકતા અને તેમના ‘આપણા આધ્યાત્મિક જીવનમાં મહત્ત્વ’ વિશે ચિંતન કરી રહ્યા છીએ, ત્યારે સમગ્ર વલ્લભીય સૃષ્ટિના એક માત્ર ગુરુ શ્રી વલ્લભાચાર્યજીની નિશ્રામાં આપણે સૌ એક છત્ર થઈ, સંગઠિત થઈએ, અને માત્ર તેમની સૃષ્ટિ હોવાનો સ્વીકાર કરીએ, અને વર્તમાનમાં બિરાજતા સમસ્ત ગોસ્વામી વલ્લભકુલ આચાર્યો પ્રત્યે શ્રી વલ્લભનો જ ભાવ કેળવી તેમને તદરૂપ ગણી, તેમનું શ્રી વલ્લભ સ્વરૂપે જ અભિવાદન કરીએ. એ હકીકતને ન ભૂલીએ કે પુષ્ટિમાર્ગના પ્રસ્થાપક પ્રવર્તક શ્રી મહાપ્રભુજી છે, માટે તેમના વચન પુષ્ટિમાર્ગમાં જ ‘પ્રમાણ’ હોઈ શકે. આ વાત શ્રી ગોપીનાથજી એ પોતાના ‘સાધન દીપિકા’ ગ્રંથમાં પણ કહી છે

(૨)

‘વલ્લભીય સૃષ્ટિ’ એ આત્મચિંતન કરવું આવશ્યક છે !

૨

'વલ્લભીય સૃષ્ટિ' એ આત્મચિંતન કરવું આવશ્યક છે !

'પુષ્ટિ સૃષ્ટિ' એટલે જ **'વલ્લભીય સૃષ્ટિ'** કારણ કે 'પુષ્ટિ' શબ્દ શ્રી વલ્લભાચાર્યજી સાથે જોડાયેલ છે. તેમના પ્રાદુર્ભાવ પૂર્વે અગિયારમી શતાબ્દિમાં રામાનુજાચાર્યે ભક્તિનું, પ્રપત્તિમાર્ગનું પ્રવર્તન કર્યું હતું. 'ભક્તિમાર્ગ' જેને આપણે **'મર્યાદા ભક્તિમાર્ગ'** તરીકિ જાણીએ છીએ, તેના મૂળ તો વેદકાલિન છે. દેવોની ઉપાસનાના અનેક વિધાન વેદમાં મળે છે. પરંતુ શ્રુતિવાક્ય – **'યમે વૈષ વૃણુતે તેન લભ્ય'**, અર્થાત્ 'ભગવાન જેનું વરણ કરે, તેને તેઓ મળે છે. તેમજ ભાગવતનું વચન **'પોષણં તદ્ અનુગ્રહ'** ઈત્યાદિ કથનોના આધારે ભક્તિમાર્ગનો એક વિશિષ્ટ પહેલું, એક આગવો **'પ્રેમ લક્ષણા ભક્તિ'**નો ઉપક્રમ, જેને **'પુષ્ટિ ભક્તિમાર્ગ'** અથવા **'પુષ્ટિમાર્ગ'** કહેવાય છે, તે શ્રી વલ્લભાચાર્યજીની દેન છે. આમ **'પુષ્ટિ'** શબ્દ, ભક્તિની સાથે તેમણે યોજ્યો છે.

વાસ્તવમાં જોઈએ તો **'પુષ્ટિમાર્ગ'**નું અસ્તિત્વ કૃષ્ણાવતાર કાલથી જ હતું, જેનું અનુસરણ વ્રજભક્તો, ગોપીજનો એ ત્યારે કરેલું હતું. પોતાની પુષ્ટિ (કૃપા) શક્તિના કારણે જ ભગવાને તે નિઃસાધન વ્રજભક્તોને પોતાના સ્વરુપાનંદનું ફલદાન કર્યું હતું. ગોપીજનોની ભક્તિ **'પુષ્ટિભક્તિ'** હતી, તેથી જ શ્રી વલ્લભાચાર્યજી ગોપીજનોને પુષ્ટિમાર્ગના **'ગુરુ'** તરીકિ બિરદાવે છે. તેઓ કહે છે **'કૌંડિન્યો ગોપિકા પ્રોક્તા ગુરવઃ'** (સંન્યાસ નિર્ણય ગ્રંથ). તેથી કહી શકાય કે 'પુષ્ટિમાર્ગ'નું અસ્તિત્વ શ્રી મહાપ્રભુજીના પ્રાકટ્ય પહેલાથી જ હતું.

4.

પરંતુ તદનુસાર તેમણે **‘પુષ્ટિ-સંપ્રદાય’**ના નામથી **‘પ્રેમલક્ષણા ભક્તિ’**નો નવીન સંપ્રદાય સ્થાપિત કરી ભગવદ્ અનુગ્રહ પર આધારિત પ્રભુ પ્રાપ્તિની એક વિશિષ્ટ **‘સાધના પ્રણાલી’**નું પ્રવર્તન કર્યું. તદર્થે, ‘પુષ્ટિ સંપ્રદાય’ના ગુરુ શ્રી વલ્લભાચાર્યજી છે. તેથી આ સંપ્રદાયના ‘અનુયાયી’ તેમના સેવક ગણાય.

પુષ્ટિ સંપ્રદાયના સમસ્ત અનુયાયીઓને સામાન્યતઃ **‘પુષ્ટિ સૃષ્ટિ’** કહેવામાં આવે છે. તેઓ સૌ શ્રી વલ્લભચાર્યજીના સેવક હોવાથી, તેમને **‘વલ્લભીય સૃષ્ટિ’** પણ કહેવામાં આવે છે.

વલ્લભીય સૃષ્ટિનો સરલ અર્થ થાય – એક એવી સૃષ્ટિ અથવા પ્રજા જે શ્રી વલ્લભ સાથે જોડાયેલ હોય. તેમની સાથે જોડાવાના બે પ્રકાર હોઈ શકે. એક તેમના કુળમાં જન્મ લેવાના કારણે અર્થાત્ જેઓ તેમના વંશજ તરીકેનો સંબંધ ધરાવે, તેઓ ‘વલ્લભની સૃષ્ટિ’ અથવા ‘વલ્લભીય સૃષ્ટિ’ કહેવાય. તેઓ શ્રી વલ્લભની પ્રજા છે. માટે તેને તેમને **‘બિંદુ સૃષ્ટિ’** કહેવાય છે. બીજો પ્રકાર જેઓ તેમના સેવક અથવા અનુયાયી બને છે, તેમની સાથે **‘ગુરુ-શિષ્ય’** તરીકે સંબંધ ધરાવે છે. તેઓ પણ ગુરુની પ્રજા અથવા સૃષ્ટિ કહેવાય. તેથી શ્રી વલ્લભાચાર્યજીના સમસ્ત સેવકોને પણ ‘વલ્લભીય સૃષ્ટિ’ કહેવાય. તેમને **‘નાદ સૃષ્ટિ’**ની સંજ્ઞા આપવામાં આવી છે.

આ રીતે શ્રી વલ્લભાચાર્યજીની સૃષ્ટિના બે અંગો છે. ૧. તેમના વંશજ આચાર્યો અર્થાત્ ‘બિંદુ સૃષ્ટિ’ અને ૨. તેમના સેવકગણ અથવા અનુયાયી ગણ અર્થાત્ ‘નાદ સૃષ્ટિ’. આ બંને પ્રકારની સૃષ્ટિ પુષ્ટિ સંપ્રદાયમાં **‘વલ્લભીય સૃષ્ટિ’** તરીકે ઓળખાય છે. તેઓ તેના અભિન્ન અંગ છે. બંને અંગો અન્યોન્ય જોડાયેલ છે. એક બીજાના પૂરક છે. એક ‘ગુરુ’ના રૂપમાં શ્રી વલ્લભાચાર્યજીનું પ્રતિનિધિત્વ કરે છે. બીજા શ્રી વલ્લભાચાર્યજીના સેવકના રૂપમાં તેમને ‘શ્રી વલ્લભ’ તરીકે ગુરુવત્ માને છે.. એક તેમના ગ્રંથો-વચનોના ઉપદેશકની ભૂમિકા અદા કરે છે. બીજા પુષ્ટિ સંપ્રદાય મુજબ આચરણ કરવા, તે ઉપદેશોને ગ્રહણ કરનારા છે. વર્તમાનમાં શ્રી મહાપ્રભુજીના અનવતાર કાલમાં તેમના

વંશજ આચાર્યો **'ગુરુદ્વાર'** તરીકે શ્રી વલ્લભાચાર્યજી વતી અને તેમના નામથી આ સંપ્રદાયના અનુયાયીઓને બ્રહ્મસંબંધની દીક્ષા આપી શરણે લે છે અને તેમને સેવાર્થે ભગવદ્ સ્વરૂપ પધરાવી દે છે. આ રીતે વર્તમાન સમયમાં વલ્લભવંશજ આચાર્યો **'ગુરુદ્વાર'** તરીકે શ્રી વલ્લભાચાર્યજી વતી, ગુરુની ભૂમિકા અદા કરે છે. તેમના અને સંપ્રદાયની અનુયાયીની ભૂમિકા 'ગુરુ-શિષ્ય' સ્વરૂપે હોવા છતાં, બંને વચ્ચે જે Common Factor છે તે એ કે બંને અંગો માટે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના કાર્યો-વચનો પ્રમાણ છે અને તેનો સ્વીકાર કરવો તેઓ બંને માટે અનિવાર્ય છે. તેમણે પ્રતિપાદન કરેલી આચાર-સંહિતા તેઓ બંને માટે માન્ય હોવી આવશ્યક છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીની આજ્ઞાઓ વલ્લભીય સૃષ્ટિના બંને અંગો-'બિંદુ સૃષ્ટિ' અર્થાત્ તેમના વંશજો, તેમજ 'નાદ સૃષ્ટિ' એટલે તેમના અનુયાયી વલ્લભીય વૈષ્ણવોને માટે કરવામાં આવી છે. તેનું પ્રમાણ તેમના અંતિમ ગ્રંથ 'શિક્ષાશ્લોકો'માં પ્રાપ્ત થાય છે. તેમણે **'અસુરવ્યામોહલીલા'** કરી (સ્વધામ પધાર્યા) તે પૂર્વે પોતાના બંને પુત્રો તેમજ સેવકોને સંબોધીને અંતિમ ઉપદેશ (આદેશ) આપતાં કહ્યું હતું : **'યદા બહિર્મુખા યુયં ભવિષ્યથ કથંચન તદાકાલ પ્રવાહસ્થા, દેહ ચિત્તાદયોડપ્યુતઃ'** અર્થાત્

અહીં શ્રી મહાપ્રભુજીએ **'યૂયં'** શબ્દ પ્રયોગ કર્યો છે. તે સાર-ગર્ભિત છે. આ સંસ્કૃત શબ્દનો અર્થ છે – **'તમે બંને'**. અહીં દ્વિવચનનો પ્રયોગ કર્યો છે. તેનું તાત્પર્ય સમજી શકાય છે કે ત્યારે તેમની સન્મુખ તેમના વંશજ તેમજ સેવકો બેઉ હતાં. તેમણે આ અંતિમ ઉપદેશ પોતાની બંને સૃષ્ટિને અનુલક્ષીને આપ્યો હતો. આથી સ્પષ્ટ થાય છે કે શ્રી મહાપ્રભુજીના ગ્રંથોમાં આલેખાયેલ સિદ્ધાંતો તેમજ તેમના વચનોનું પાલન તેમની બેઉ સૃષ્ટિએ અર્થાત્ સમસ્ત **'વલ્લભીય સૃષ્ટિ'**એ કરવું આવશ્યક છે.

પરમ વિદુષી પૂ.પા.ગો.શ્રી ઈન્દિરા બેટીજી મહોદયા એ પોતાની સર્વોત્તમજીની ગુજરાતી ટીકા (ધ્યેયં સદા વલ્લભમ્)માં શ્રી મહાપ્રભુજીના

'સ્વવંશે સ્થાપિતાશેષ સ્વમાહાત્મ્ય' નામને સમજાવતાં કહ્યું છે કે ''શ્રી મહાપ્રભુજીએ શ્રી ગુસાંઈજીના માધ્યમથી પોતાના વંશમાં પુરુષોત્તમ ભાવપૂર્ણ માહાત્મ્ય સ્થાપિત કર્યું છે...'' **શિક્ષાશ્લોકી ગ્રંથનો** ઉલ્લેખ કરી તેઓએ સ્પષ્ટતા કરી છે કે ''**અશેષ માહાત્મ્ય ત્યારે જ પ્રકટ થાય છે કે જ્યારે આપણે ગ્રંથ શિખીએ અને તેને જીવનમાં ઉતારીએ.**'' આથી સમજી શકાય છે કે શ્રી મહાપ્રભુજીની આજ્ઞા મુજબનું આચરણ તેમના વંશજ આચાર્યો માટે પણ અનિવાર્ય છે.

ઉપરોક્ત પ્રમાણોથી સિદ્ધ થાય છે કે શ્રી વલ્લભાચાર્યજીના વચન-પાલનનું ઉત્તરદાયીત્વ વલ્લભીય સૃષ્ટિના બંને અંગો-તેમના વંશજો, વલ્લભકુળ તથા તેમના સેવકો, અનુયાયીઓ, બંનેનું છે. કારણ કે તે બેઉ વલ્લભીય સૃષ્ટિના અભિન્ન અંગ છે. તેમણે પ્રવર્તિત કરેલા પુષ્ટિ-સંપ્રદાયને વહન કરવાની, તેમની આજ્ઞાઓનું પાલન કરવાની ફરજ સમસ્ત વલ્લભીય સૃષ્ટિની છે, નહીં કે તેના કોઈ એક અંગ માત્રની. જે હેતુથી અને જે સ્વરૂપમાં શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિ સંપ્રદાય સ્થાપ્યો અને વંશ પરંપરાગત અદ્ય પર્યંત તેનું પ્રવર્તન થઈ રહ્યું છે તેની ફળદાયિતા અને સાર્થકતા ત્યારે જ બની રહે જ્યારે તેમની અપેક્ષા મુજબ આ સંપ્રદાયનું માળખું જળવાઈ રહે. તદર્થ આપણે સમજી શકીએ કે સમગ્ર વલ્લભીય સૃષ્ટિએ શ્રી વલ્લભનો જ આશ્રય કરી તેમની આજ્ઞાનું પાલન કરવું ઘટે. તેમની આજ્ઞાનું પાલન એટલે જ તેમની **'શરણાગતિ'** કહેવાય. તેમનો આશ્રય કરવાનું તાત્પર્ય જ એ કે તેમણે પ્રવર્તિત કરેલા પુષ્ટિ સંપ્રદાયના નીતિ-નિયમાનુસાર, તેમના ઉપદેશ પ્રમાણે વલ્લભીયજનોએ જીવન વ્યતિત કરવું જોઈએ. અપેક્ષિત ફલપ્રાપ્તિ ત્યારે જ સંભવી શકે. અર્થાત્ શ્રી વલ્લભાચાર્યજીનો સંપૂર્ણ આશ્રય તે વલ્લભીય સૃષ્ટિના અંગભૂત હોવાની પૂર્વશરત ગણાય.

તદ્‌વિષયક શ્રી હરિરાયજી મહાપ્રભુ એ શિક્ષાપત્રમાં કરેલી આજ્ઞા પ્રત્યેક વલ્લભીયજનને (તેના બંને અંગોએ) સદૈવ યાદ રાખવી આવશ્યક ગણાય. તેઓ કહે છે -

તદાશ્રયો ન વચનૈઃ કિન્તુ તન્માર્ગનિષ્ઠયા
માર્ગનિષ્ઠા ન સ્વબોધૈઃ કિન્તુ તાદૃગ્ગુરુદિતૌઃ
ગુરુદિતાનિ વાક્યાનિ, ન સ્વતો અનુવાદતઃ
અનુવાદો ન સ્વબુદ્ધ્યા, કિન્તુ મૂલક્રમાગતઃ
અથાપિ તત્ર ચાપેક્ષયો દૃઢઃ સ્વાચાર્ય સંશ્રયઃ

(શિક્ષાપત્ર : ૮-૨૬-૨૮)

અર્થાત્ 'શ્રી મહાપ્રભુજીનો આશ્રય માત્ર વાણી દ્વારા જ નહીં, પરંતુ તેમણે પ્રવર્તિત કરેલા માર્ગમાં નિષ્ઠા રાખીને કરવો જોઈએ. માર્ગનિષ્ઠા પણ પોતાની સમજણ મુજબ નહીં, પરંતુ માર્ગના ગુરુ (શ્રી વલ્લભાચાર્યજી) દ્વારા કહેલા વચનો અનુસાર રાખવી જોઈએ. ગુરુ (અર્થાત્ તેઓ સ્વયં)ના વચનોનો અર્થ સ્વતઃ કરવો જોઈએ નહીં, પરંતુ તેનો જે પ્રકારે અનુવાદ કરવામાં આવ્યો હોય, તદનુસાર તેને સમજવો જોઈએ. અનુવાદ પણ પોતાની બુદ્ધિ મુજબ નહીં, પરંતુ માર્ગના મૂળક્રમની પ્રસ્થાપિત થયેલી પરંપરા અનુસાર કરવો જોઈએ. આ સમગ્ર બાબતોમાં શ્રી મહાપ્રભુજીનો દૃઢાશ્રય તો અપેક્ષિત છે જ.'

શ્રી હરિરાયજીની આ વાણી શ્રી મહાપ્રભુજીના વચનોની સ્વીકૃતિ, તેના અર્થઘટન ઈત્યાદિ વિષયમાં ઘણો ખુલાસો કરે છે. જો તદનુસાર તેમણે પ્રસ્તુત કરેલી પૂર્વ શરતોને લક્ષમાં રાખી, શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતો સમજવામાં કે સમજાવવામાં આવે તો વર્તમાનમાં દેખાતા સિદ્ધાંત મૂલક વિવાદોને સ્થાન રહે નહીં. સ્વયં શ્રી મદાચાર્ય ચરણે **'માર્ગનિષ્ઠા'**ના મહત્વને સમજાવવા પોતાના નિબંધ ગ્રંથમાં સ્પષ્પપણે આજ્ઞા કરી છે કે :

'નિષ્ઠાભાવે ફલ તસ્માન્નાસ્ત્યેવેતિ વિનિશ્ચયઃ,
નિષ્ઠા મ સાધનૈરેવ ન મનોરથ વાર્તયાઃ' (શા.પ્ર.૧૮)

અર્થાત્ : 'નિષ્ઠા વિના કોઈ પણ જાતનું ફલ મળતું નથી અને નિષ્ઠા માત્ર વાતો કરવાથી કે તરંગો કરવાથી થતી નથી, પણ વેદમાં રહેલા સાધનોથી થાય છે.'

કોઈ શાસ્ત્ર કે ગ્રંથના અર્થઘટન વિશે શ્રી મહાપ્રભુજી એ અણુભાષ્યમાં સ્પષ્ટપણે નિર્દેશ આપ્યો છે. તેઓએ વેદના અર્થ કરવા માટે આજ્ઞા કરી છે કે : **'પોતાની બુદ્ધિથી વેદાર્થની પરિકલ્પના કરીને વૈદિક તત્ત્વનો વિચાર સંભવ નથી. વેદાન્તો દ્વારા જે પ્રકારે બ્રહ્મના સ્વરૂપને સમજાવવામાં આવ્યું છે તે જ પ્રકારે, તેને જાણવું જોઈએ, તેમાં અણુમાત્ર પણ જો તેની વિપરીત કલ્પના કરવામાં આવે તો તે દોષ રૂપ છે.'** (અ.ભા. ૧।૧।૧)

શ્રી મહાપ્રભુજીની ઉપરોક્ત આજ્ઞા તેમના ગ્રંથો-વચનોના અર્થઘટન માટે પણ એટલી જ મહત્વની છે, જે પ્રત્યેક વલ્લભીયજને સમજવું જોઈએ. મનઘડંત, મનસ્વીપણે મંતવ્ય પ્રસ્તુત કરવાથી અનેક વિવાદ-સર્જાઈ શકે છે. પુષ્ટિ-સંપ્રદાયમાં વર્તમાનમાં સિદ્ધાંત વિષયક પ્રવર્તિત વિવાદ મૂળમાં કાંઈક આવી જ બાબત હોવાનું સંભવે છે. માટે શ્રીમદાચાર્ય ચરણોના ઉક્ત વિધાન એવમ્ શ્રી હરિરાયચરણની શિક્ષાપત્રની ઉપરોક્ત આજ્ઞાને લક્ષમાં લેવી સમસ્ત વલ્લભીય સૃષ્ટિ માટે અત્યાવશ્યક છે.

એ નિર્વિવાદ હકિકત છે કે શ્રી વલ્લભાચાર્યજી પુષ્ટિ-સંપ્રદાયના પ્રતિપાદક-પ્રવર્તક હોવાના કારણે તેઓ આ સંપ્રદાયના **'આદ્યગુરુ'** જ નથી, પરંતુ **'એક માત્ર ગુરુ'** છે, તેમ શ્રી ગોકુલનાથજી, શ્રી પુરુષોત્તમજી ઈત્યાદિ આચાર્યોનો સ્પષ્ટપણે નિર્દેશ છે. અતઃ એ આવશ્યક ગણાય કે એક માત્ર તેમનો જ આશ્રય કરવો એ આ સંપ્રદાયની સમગ્ર સૃષ્ટિને માટે અનિવાર્યતઃ કર્તવ્ય ગણાય. તેના કારણે જ સમગ્ર વલ્લભીય સૃષ્ટિ એકરુપતાનો અનુભવ કરી શકે, સમસ્ત વલ્લભીય સૃષ્ટિ એકત્રિત રહે. સંગઠિત રહે. એકબીજાથી ઓતપ્રોત રહે, જે ઈચ્છનીય જ નહીં, આવશ્યક છે. વલ્લભીય સૃષ્ટિના બંને વિભાગ-વલ્લભવંશજ આચાર્યો તેમજ અનુયાયી વર્ગમાં પણ પોતપોતાની શ્રેણીમાં સામંજસ્ય હોય, સૌહાર્દ હોય, સંવાદિતા હોય તે જરૂરી છે, એટલું જ નહીં પરંતુ તે બંને વિભાગો વચ્ચે પણ પોતપોતાના સ્થાનની ગરિમા અનુસાર, પ્રેમ, આદર અને ગુરુ શિષ્યની સંપૂર્ણ મર્યાદા જળવાય તેવું આચરણ હોવું અપેક્ષિત ગણાય. સાથે એ જરૂરી છે કે કોઈપણ પ્રકારના ભય કે અપરાધની

લાગણી વિના પરસ્પર શ્રદ્ધાપૂર્વક સુસંવાદ પણ સ્થપાવો જોઈએ. સામાન્યતઃ કેટલાક અનુયાયી આચાર્યશ્રી સાથે સંવાદ કરતાં ડર અથવા અપરાધ થવાની કે મુખરતા દોષ લાગે તેમ વિચારતાં હોય છે, જે અનિચ્છનીય ગણાય. એ પ્રકારનું વાતાવરણ વલ્લભીય સૃષ્ટિના બંને અંગો વચ્ચે ખાઈ ઊભી કરે છે, જે સંપ્રદાયની સમગ્રતાના હિતમાં ન ગણાય.

જો આ સમગ્ર સ્થિતિનો બીજી રીતે વિચાર કરીએ તો ઉપરોક્ત બંને અંગો સહિતની સમગ્ર વલ્લભીય સૃષ્ટિ એક 'વટવૃક્ષ' છે. જેની અનેક વડવાઈઓ ફેલાયેલી છે. પરંતુ ધ્યાનમાં લેવાની વાત એ છે કે તે વડવાઈઓ સ્વતંત્ર વૃક્ષ નથી. તે બધી જ મૂળ વટવૃક્ષ પર આધારિત છે. આજે વલ્લભવંશજ પરિવારો અનેક છે. પરંતુ તેમનું ગૌરવશાલી અસ્તિત્વ શ્રી વલ્લભને કારણે છે, તે ભૂલવું ન જોઈએ. તે સર્વે વલ્લભીય સૃષ્ટિના જ અભિન્ન અંગભૂત છે. તેમનો કોઈ સ્વતંત્ર માર્ગ હોઈ શકે નહીં અને જો તેમાંના કોઈ શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતથી ભિન્ન મત ધરાવતાં હોય તો તે કોઈ અન્ય સંપ્રદાય હોઈ શકે, તેને **'પુષ્ટિ-સંપ્રદાય'** કહી શકાય નહીં.

સમગ્ર વલ્લભીય સૃષ્ટિને એક વિશાળ પરિવારના રૂપમાં પણ ગણી શકાય. ભારતીય સંસ્કૃતિમાં તો **'વસુધૈવ કુટુમ્બકમ્'** કહ્યું છે, તો પુષ્ટિ-સંપ્રદાય સાથે, શ્રી વલ્લભ સાથે જોડાયેલ સૌ કોઈ એક પરિવારના રૂપમાં અસ્તિત્વ ધરાવે છે. જો તે રીતે આપણે જોઈએ તો તેમાં એકબીજા પ્રત્યે પ્રેમ, સૌહાર્દ, કાળજી ઈત્યાદિ તત્ત્વો સ્વાભાવિક રૂપે તેના અંગભૂત બને, જે એક સુખદ કલ્પના કહી શકાય.

તેનું ત્રીજુ રૂપ એક સુસંગઠીત (!) સંસ્થાના રૂપમાં પણ જોઈ શકાય. તેમાં સૌનું લક્ષ્ય, ઉદ્દેશ્ય સમાન હોય. વાસ્તવમાં આ સંસ્થાનો મૂળભૂત આધાર, તેના સર્વોચ્ચ સ્થાને છે,–**'મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી'**. તેમની ગરિમાનો, તેમની સર્વોત્તમ પ્રતિભાનો અંદાજ તો માત્ર શ્રી ગુંસાઈજી રચિત ત્રણ ગ્રંથો–**શ્રી સર્વોત્તમ સ્તોત્ર, શ્રી વલ્લભાષ્ટક** અને **સપ્તશ્લોકી**નો ગંભીરતાપૂર્વક વિચાર-અધ્યયન કરવાથી જ આવી શકે. તેમની ઉંચાઈ

આંબવાની ક્ષમતા અન્ય કોઈ આચાર્ય કે મહાનુભાવની હોવી સંભવિત નથી. સમસ્ત વલ્લભીય સૃષ્ટિ માટે આ હકિકત ગૌરવ પ્રદાન કરે તેવી છે. આવું જ સત્ય કથન પુષ્ટિ સંપ્રદાયના એક મૂર્ધન્ય વિદ્વાને કરતાં કહેલું કે **'દુનિયાના બધા જ ધર્મો, સંપ્રદાયો અને દર્શનોનો તલ-સ્પર્શી અભ્યાસ કરતાં હું એવા નિષ્કર્ષ ઉપર આવ્યો છું કે, શ્રીમદાચાર્ય ચરણોની તોલે આવે તેવા સૈદ્ધાંતિક વિચારો અન્યત્ર ક્યાંય જોવા મળે તેમ નથી. આ હું દૈન્યભાવે કહી રહ્યો છું.'**

આવા મહાન આચાર્ય-મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી પુષ્ટિ સંપ્રદાયના **'કેન્દ્ર બિંદુ'** છે. તેમની ચોતરફ આ સંપ્રદાયની સર્વે ગતિવિધિઓ-પ્રવૃત્તિઓ-પ્રણાલીઓ ફેલાયેલી છે. આપણે વિચારવું જોઈએ કે જો તે બધા જ ઉપક્રમોમાંથી શ્રી વલ્લભના નામનો ઉચ્છેદ કરી નાંખવામાં આવે તો કોઈપણ દૃષ્ટિકોણથી તેને **'પુષ્ટિ-સંપ્રદાય'** કે **'પુષ્ટિમાર્ગ'**નું નામ આપી શકાય નહીં.

સ્વાભાવિક રીતે જ, તેથી શ્રી વલ્લભાચાર્યજીના વિચારો, તેમના દ્વારા તેમના ગ્રંથોમાં આલેખાયેલ સિદ્ધાંતો, તેમના વચનોનું જ પ્રાધાન્ય હોય. તે જ સર્વોપરિ ગણાય, સર્વગ્રાહ્ય હોય, સર્વમાન્ય હોવા જોઈએ. તે વિષયમાં કોઈ વિવાદ, વિખવાદ કે વિસંવાદિતાને સ્થાન જ ન હોઈ શકે. તે બાબતે સૌ કોઈએ એકમત જ હોવું ઘટે. પરંતુ આવી પરિસ્થિતિ ત્યારે જ સંભવી શકે જ્યારે સમસ્ત 'વલ્લભીય સૃષ્ટિ'નું એક બંધારણ હોય, તેના ચોક્કસ નીતિ-નિયમો હોય, જેનો સ્વીકાર અને પાલન સૌને માટે અનિવાર્ય હોય.

આપણે જાણીએ છીએ કે શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિ સંપ્રદાયના અનુસરણ માટે તેમના દાર્શનિક સિદ્ધાંતો તેમજ વ્યવહારિક આચરણો માટેના નિર્દેશ તેમના વિવિધ ગ્રંથોમાં કર્યો છે, જેથી આ સંપ્રદાયને અપનાવનાર ભગવત્-પ્રાપ્તિના લક્ષને સિદ્ધ કરી શકે. આ ગ્રંથોમાં તેમનું **'તત્ત્વદર્શન'** તેમજ **'ધર્મદર્શન'** અથવા પુષ્ટિ સંપ્રદાયનો **વિચાર-પક્ષ** અને **આચાર પક્ષ** બંનેને વસ્તારથી સમજાવ્યા છે. તેના આધારે જ ગુરુસ્થાને બિરાજતા આચાર્યો અનુયાયી વર્ગને માર્ગદર્શન આપી શકે. તેમના પછીના પૂર્વાચાર્યોએ પણ તદ્‌વિષયક ઘણાં ખુલાસા કરેલા છે. તે આચાર્ય વર્ગ તેમજ અનુયાયી વર્ગ બંને

માટે દીવાદાંડી સમાન છે. શ્રી મહાપ્રભુજીના ગ્રંથોના અર્થઘટન માટે તે ખુલાસાઓ પ્રમાણરૂપ ગણાય અને તેથી તેમની આજ્ઞાઓ વિશે કોઈ પ્રકારની શંકા કે વિવાદને સ્થાન ન હોઈ શકે.

એક વાત આપણે સમજવી જોઈએ કે ભગવદ્‌વતાર, શ્રી વલ્લભાચાર્યજીની વાણી સ્વાભાવિકપણે ગૂઢ જ હોય, દુર્બોધ હોય. સામાન્ય સમજણ ધરાવનાર અનુયાયીઓ માટે તેને સમજવી કઠીન જ ગણાય. તદર્થ તેમના વંશજ પૂર્વાચાર્યો-**શ્રી ગોપીનાથ પ્રભુચરણ, શ્રી ગુસાંઈજી,** તેમના સમર્થ બાલકો એવમ્ પુષ્ટિમાર્ગના સમૃદ્ધ ગ્રંથ-સાહિત્યનો વારસો આપનાર **શ્રી પુરુષોત્તમજી** તેમજ **શ્રી હરિરાય મહાપ્રભુ** ઈત્યાદિ આચાર્યોએ શ્રી મહાપ્રભુજીના વિભિન્ન ગ્રંથો પર ટીકા-વિવૃત્તિ ઈત્યાદિ લખી પ્રસિદ્ધ કરી છે. આજે તેના આધારે જ આપણે તે પ્રકીર્ણ ગ્રંથોને સમજી શકીએ છીએ. લેખવાળા શ્રી પુરુષોત્તમજીના વિવિધ વાદ ગ્રંથો, નિબંધ-અણુભાષ્ય ઉપરની તેમની ટીકાઓ, શ્રી વલ્લભાચાર્યજીની દાર્શનિક-વિચારધારાને ઉજાગર કરનારા છે, જ્યારે શ્રી હરિરાયજીના વાંગમુક્તાવલીના લઘુગ્રંથો તેમજ તેમનો વિશિષ્ટ ગ્રંથ શિક્ષાપત્ર, વિશેષતઃ અનુયાયી વર્ગને પુષ્ટિ-જીવન જીવવાનું વ્યવહારિક માર્ગદર્શન પૂરું પાડે છે. શ્રી ગોકુલનાથજી ઈત્યાદિ બાલકો દ્વારા પ્રકટ કરવામાં આવેલી ષોડશ ગ્રંથો પરની ટીકાઓમાં શ્રી મહાપ્રભુજી દ્વારા નિર્દિષ્ટ સિદ્ધાંતો ઉપરાંત પુષ્ટિમાર્ગ પર અગ્રેસર થવા ઈચ્છનારના માટે ઉપયોગી ઉપદેશ આપવામાં આવ્યો છે. વાસ્તવમાં આ ગ્રંથો પુષ્ટિ સંપ્રદાયના સિદ્ધાંતો સમજાવા તેમજ આ સંપ્રદાયનું અનુસરણ કરવા માટે **'આચાર સંહિતા'**નું કાર્ય કરે છે. જેમણે પુષ્ટિ સંપ્રદાય અપનાવ્યો હોય તેમણે આ ગ્રંથોનું અધ્યયન કરવું અને તદ્‌નુસાર પોતાનું જીવન-યાપન કરવું તે અનિવાર્ય કર્તવ્ય ગણાય.

ઉપરોક્ત પ્રમાણોથી એક વાત સ્પષ્ટ થાય છે કે પુષ્ટિ સંપ્રદાયની માર્ગદર્શિકા તો આચાર્યો એ સમજાવી દીધી છે, અર્થાત્ તેનું બંધારણ તો સ્વયં શ્રી મહાપ્રભુજીએ જ ઘડી દીધેલું છે. તેના નીતિ-નિયમો અનેક પૂર્વાચાર્યોએ

નિર્ધારિત કરી દીધા છે. તેથી ન તો તેમાં વિવાદનો પ્રશ્ન ઉભો થવો જોઈએ કે ન કાંઈ સંદેહ ઉત્પન્ન થવો જોઈએ. તદનુસાર આ ગ્રંથોનું અર્થઘટન કરી પુષ્ટિમાર્ગના યથાર્થ સિદ્ધાંતો સમજાવવાની, તદનુસાર વલ્લભીય અનુયાયીઓને ઉપદેશ આપવાની વસ્તુતઃ જવાબદારી, જેઓ શ્રી વલ્લભાચાર્યજીનું પ્રતિનિધિત્વ વર્તમાનમાં કરે છે તે **'વલ્લભકુળ આચાર્યો'**ની છે. અને તે મુજબ આચારણ કરવાનું કર્તવ્ય વલ્લભીય સૃષ્ટિના બંને અંગોનું છે, કારણ કે શ્રી મહાપ્રભુજી તેમજ તેમના અનુવર્તિત આચાર્યોના સૈદ્ધાંતિક ખુલાસા તેમણે પુષ્ટિ સંપ્રદાયને અનુલક્ષીને તેના હિતમાં પ્રકટ કર્યા છે, તે માત્ર અનુયાયી વર્ગ પૂરતા સીમિતનથી.

શ્રી મહાપ્રભુજી એ **'વક્ષ્યામિ સ્વસિદ્ધાંત વિનિશ્ચયમ્'** ઈત્યાદિ વચનો દ્વારા આમ પુષ્ટિ સંપ્રદાયનું કર્તવ્ય સમજાવી દીધું છે, જ્યારે તદ્વિષયક નીતિનિયમોના ખુલાસા તેમના અનુવર્તિ આચાર્યોએ પોતાના ટીકા ગ્રંથોમાં કરી દીધા છે. તેથી કોઈ વિરોધાભાસનો પ્રશ્ન જ રહી જતો નથી. જ્યારે તેઓ કહે છે કે **'કૃષ્ણ સેવા સદા કાર્યા'** એ મારો સિદ્ધાંત છે, તો તેમણે સ્વયં પણ તેનું અક્ષરસઃ પાલન પણ કર્યું છે. તેમના પૂર્વકાળમાં જ્યારે તેમણે ત્રણ ત્રણ વખતે સમગ્ર ભારતની પદયાત્રા કરી તે દરમ્યાન તેમણે શ્રી મુકુંદરાયજીના સ્વરૂપને પોતાની સાથે પધરાવી, તેમના ભગવદ્ સેવાના ઉપક્રમને નભાવ્યો છે. જે બાબતનો ઉપદેશ તેમણે પોતાના અનુયાયીઓને આપ્યો તેનું પાલન પોતે પણ કરી બતાવ્યું છે. આમ પોતે પુષ્ટિ-સંપ્રદાયના સંસ્થાપક તેમજ પ્રવર્તક હોવા છતાં તેઓ માત્ર ઉપદેશ આપી અળગા નથી રહ્યા. પરંતુ તે ઉપદેશોનો પોતાના જીવનમાં નિર્વાહ પણ કર્યો છે. તેમણે પોતાના નિબંધ ગ્રંથના સર્વ નિર્ણય પ્રકરણમાં **'કૃષ્ણ સેવા પરં વિક્ષ્યં'** (કારિકા-૨૨૭) ઉપર પોતાની સ્વયંની ટીકા 'પ્રકાશ'માં જણાવે છે કે **'જો ગુરુ કૃષ્ણસેવાને ઉત્તમ બતાવતાં હોય તો તેમણે સ્વયં, કૃષ્ણસેવા શા માટે કરવી ન જોઈએ ?'** આવા **'આપ સેવા કરી શીખવે શ્રી હરિ'**ને ચરિતાર્થ કરતાં અનેક દૃષ્ટાંતો, પૂર્વાચાર્યોના ચરિત્રો ઈતિહાસના પાને અંકિત થયેલા છે. જ્યારે આચાર્ય, પોતે ઘડેલા

સિદ્ધાંતોનું આચરણ સ્વંય પોતાના જીવનમાં કરે ત્યારે જ તેના મર્મને સારી રીતે જાણી શકે છે. હકિકતમાં આચાર્યની વ્યાખ્યા જ આ રીતે કરવામાં આવી છે. **'આચરતિ, આચરયતિ ચ ઈતિ આચાર્ય'**. જેઓ પોતાના જીવનમાં પોતાના, સિદ્ધાંતોનું આચરણ કરી સેવકો પાસે તેવું આચરણ કરાવે તેને જ આચાર્ય કહેવાય. એવા આચાર્ય જ પોતાના અનુયાયીઓ પાસે સિદ્ધાંતોનું પાલન આગ્રહપૂર્વક કરાવી શકે છે.

જો શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોનું આચાર્ય સ્વયં પાલન કરે તો તેની યથાર્થતાનો અનુભવ તેઓ કરી શકે અને ત્યારે તેના અર્થઘટન વિશે વિવાદ કે શંકાને સ્થાન સંભવી શકે નહીં. જાત અનુભવ વિના કોઈ સિદ્ધાંતની યથાર્થતા સમજવી મુશ્કેલ હોય છે. માટે જ શ્રી મહાપ્રભુજીની આજ્ઞાઓનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું એ સમગ્ર વલ્લભીય સૃષ્ટિનું અનિવાર્ય કર્તવ્ય છે અને ત્યારે જ પુષ્ટિ સંપ્રદાયને અનુસરવાનો જે મૂલભૂત હેતુ છે – **'ભગવદ્ પ્રાપ્તિ'** તે સંભવ બની શકે. પુષ્ટિ સંપ્રદાયની સંસ્થાપના અને પ્રવર્તનનો જે શ્રીમદાચાર્ય ચરણનો ઉદ્દેશ્ય હતો તે પણ ત્યારે જ સાર્થક નીવડી શકે. તે કાર્ય સમગ્રપણે 'વલ્લભીય સૃષ્ટિ'નું છે.

કોઈકે સાચું જ કહ્યું છે –

'ગુરુ કેવલ માર્ગદર્શક હૈ, આત્મા કે લીયે આપકો હી પુરુષાર્થ કરના હૈ,
ગુરુ ને રાસ્તા દિખાયા હૈ, ચલના તો આપ કો હી હૈ,
ગુરુને ઉપદેશ દિયા હૈ, પાલન તો આપકો હી કરના હૈ,
ગુરુ કી વાહ વાહ સે મોક્ષ નહીં મિલતા હૈ,
ગુરુ વચન કે અનુસાર ચલને સે હી મોક્ષ મિલતા હૈ.'

મોટા ભાગે આપણે કોઈના પ્રભાવમાં આવી અથવા કોઈક પૂર્વગ્રહથી પ્રેરાઈને વિચારતા હોઈએ છીએ અને તદનુસાર આપણે આચરણ કરતાં હોઈએ છીએ. તેના કારણે ક્યારેક આપણને સાચો રસ્તો અપનાવવામાં મુશ્કેલી પડતી હોય છે. પુષ્ટિ સંપ્રદાયના સઘળા અનુયાયી વલ્લભીય સૃષ્ટિના અભિન્ન જ નહીં પરંતુ આવશ્યક અંગ હોવાના કારણે આપણે સંપ્રદાયની

વિવિધ ગતિ-વિધીઓથી જોડાયેલ છીએ. એટલું જ નહીં, પરંતુ શ્રી વલ્લભાચાર્યજીના સેવક હોવાના કારણે, તેમણે નિર્દેશ કરેલી આજ્ઞાઓ અને તદ્વિષયક આપણા કર્તવ્યો વિશેની આપણી સભાનતા હોવી પણ આવશ્યક છે. તદર્થ તે બાબતનું ચિંતન કરવું સર્વે અનુયાયીઓ માટે આવશ્યક છે.

શ્રી મહાપ્રભુજીના પ્રાકટ્યનો ઉદ્દેશ્ય દૈવી જીવોના ઉદ્ધારાર્થે થયેલું હતું. એ હકીકતથી આપણે વાકેફ છીએ. આપણે જાણીએ છીએ કે તેમણે પોતાના પ્રિય સેવક શ્રીદામોદરદાસ હરમાનીજીને આજ્ઞા કરી હતી કે **'દમલા યે માર્ગ મૈંને તેરે લીયે પ્રકટ કીયા હૈ'**. આથી સ્પષ્ટતયા સમજી શકાય કે આ વાક્ય કહેતાં તેમનો ઈશારો પોતાની **'નાદ સૃષ્ટિ'**ને પરત્વે હતો. જો આપણે સમજતાં હોઈએ કે આપણે તેમની 'નાદ સૃષ્ટિ'નું એક અંગ છીએ તો શું આપણે તે વિષયમાં આપણી વિવેક બુદ્ધિથી વિચારવું આવશ્યક નથી ! શું આપણે વિચારવાની જરૂરત નથી કે આપણે કઈ દિશામાં જઈ રહ્યા છીએ ? શું આપણે કોઈક પ્રકારનું અંધાનુકરણ કરીને ભટકી તો નથી રહ્યા ? આપણે આપણી જાતને આ સવાલ પૂછવા જોઈએ, **આત્મચિંતન કરવું જોઈએ !**

પરમ પૂજનીય ગો.શ્રી ઈન્દિરાબેટીજી મહોદયાએ પુષ્ટિ સંપ્રદાયનું વાસ્તવિક ચિત્ર રજૂ કરતાં પોતાના એક લેખમાં લખ્યું હતું કે **'આજે પુષ્ટિમાર્ગે જે સ્વરૂપ ધારણ કર્યું છે એને માટે આપણને ફેરફાર જોઈએ છે. લોકો એક ઘેટાંની પાછળ બીજું જાય, બીજા પાછળ ત્રીજું જાય, એમ ઘેટાંની માફક બધા લોકો ચાલી રહ્યા છે. ક્યાં જવાના છે, શું કરવાના છે ? ખરેખર શ્રી મહાપ્રભુજીના માર્ગ પર ચાલી રહ્યા છે કે જુદે જ રસ્તે દોડી રહ્યા છે. એનું આત્મચિંતન કરવાની આજે ઘડી આવી ગઈ છે.'**

(જન્મૂમિ, તા.૬-૧૧-૨૦૧૨)

કેટલું સાચું પૂ.બેટીજીનું સાંપ્રત સ્થિતિમાં સંપ્રદાયનું અવલોકન છે ! હું પણ આજ પ્રકારના ચિંતનની વાત આપને કહી રહ્યો છું. જો ચિતન નહીં કરીએ તો તે ચિંતાનો વિષય બની જશે. ક્યાંક એમ ન થાય કે આપણે જ્યાં પહોચવા માટે જે આકાંક્ષા સેવીએ છીએ અને તદર્થ પરિશ્રમ કરી રહ્યા છીએ, આપણા

સાધનો–સમય–પૈસા તેમજ અગ્રિમતાનો ઉપયોગ કરી રહ્યા છીએ. પરંતુ અંતમાં આપણને જાણ થાય કે આપણે રસ્તો કોઈ ભળતો જ પકડી લીધો હતો, આપણે ગેરમાર્ગે દોરવાઈ ગયા હતા !

પછી તો **'અબ પછતાવત કયા હોત હૈ, જબ ચીડીયા ચુગ ગઈ ખેત.'** જેવો ઘાટ આપણો થાય. માટે સાવધાની જરૂરી છે.

આપણા ગુરુ શ્રી વલ્લભાચાર્યજી 'અગમ ચેતી' છે. તેથી જ તેમણે આપણે કેવા માર્ગદર્શક, કેવા ગુરુનો આશ્રય કરવો જોઈએ તે વિશેનું માર્ગદર્શન પોતાના નિબંધ ગ્રંથમાં (સર્વ નિર્ણય–કારિકા ૨૨૭)માં સ્પષ્ટપણે આપી દીધું છે. હવે તે બાબતે નિર્ણય આપણે કરવાનો છે. આપણો ઉદ્ધાર આપણે જાતે કરી શકવાના નથી. શ્રી મહાપ્રભુજીમાં નિશ્ચિતપણે એવું સામર્થ્ય છે, પંરતુ તેમના દ્વારા નિર્દિષ્ટ માર્ગે ચાલવાની જવાબદારી કે કર્તવ્યતો આપણે જ નભાવવું પડે. તેમણે સ્વયં કહ્યું છે કે **'સર્વ કાંઈ પ્રભુ જ કરે છે, પરંતુ તેઓ ભક્તિ વિના કરતાં નથી.'** આપણે વિચારવું પડશે.

કોઈપણ સંપ્રદાય માત્ર ગુરુ દ્વારા ચલાવી શકાતો નથી કે માત્ર તેના અનુયાયીઓ સ્વયં તેનું અનુસરણ કરી શકતા નથી. સિદ્ધાંતનું પ્રતિપાદન કરવાની જવાબદારી 'ગુરજન'ની છે, જ્યારે તેનું અનુકરણ કરવાનું કર્તવ્ય અનુયાયી વર્ગનું છે. તેનો એવો અર્થ પણ નથી કે ગુરુ માત્ર સિદ્ધાંત સમજાવીને બેસી જાય. કારણ કે **'આચાર્ય'** તરીકે પોતાના સિદ્ધાંતોનું **'સ્વ આચરણ'** કરવું, તે પોતાના **'આચાર્યત્વ'**ને પ્રકટ કરવા માટે આવશ્યક છે. આમ છતાં સંપ્રદાયના આ બંને અંગો 'ગુરુ' તથા 'અનુયાયી' એક જ રથના બે પૈડા સમાન છે. બંને પરસ્પર નિર્ભર છે. તેથી બંનેમાં સાંમજસ્ય અને સૌહાર્દ હોવું આવશ્યક છે. આજ વાત **'પુષ્ટિ સંપ્રદાય'** માટે પણ લાગુ પડે છે. **'વલ્લભીય સૃષ્ટિ'** એટલે જેઓ પુષ્ટિ સંપ્રદાયને વરેલા છે, જેમણે તેના પ્રતિપાદક–પ્રવર્તક આદ્યગુરુ શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોને સ્વીકાર્યા છે અને તદનુસાર પોતાનું જીવન જીવવા પ્રતિબદ્ધ છે. તેના જ બે અભિન્ન અંગો છે–તેની **'બિન્દુ સૃષ્ટિ'** અને **'નાદ સૃષ્ટિ'** પ્રથમ 'ગુરુ સ્થાને' છે બીજી 'અનુયાયી વર્ગ'. બંનેના

કર્તવ્યની દૃષ્ટિથી જોઈએ તો પ્રથમ ગુરુ હોવાના કારણે ઉચ્ચ સ્થાને છે, કારણ કે ભારતીય સંસ્કૃતિમાં ગુરુને 'પરબ્રહ્મ'નો દરજ્જો આપવામાં આવેલો છે. તેથી તેમને માન-સન્માન આદર આપવો, અનુયાયી વર્ગની સહજ ફરજ છે. પરંતુ પુષ્ટિ-સંપ્રદાયની સમગ્રતાનો વિચાર કરીએ તો બંનેની અનિવાર્યતા જોતાં તેમાં **'ગુરુતા'** કે **'લઘુતા'**નો ભાવ કે તેવી ગ્રંથીથી તેઓ પીડાતા હોવા ન જોઈએ. બંનેએ એકબાજીની આવશ્યકતા-અનિવાર્યતા સ્વીકારી પરસ્પર સન્માનપૂર્વક વ્યવહાર કરવો જોઈએ. પરંતુ ધરાતલ પર વાસ્તવિકતા કાંઈક જુદી જ જણાય છે. એવું વર્તાય છે કે આચાર્ય વર્ગમાં 'ગુરુતા ગ્રંથી' વર્તાય છે, જ્યારે અનુયાયી વર્ગ **'લઘુતા ગ્રંથી'**થી પીડાઈ રહ્યો છે. તેના કારણે આ બંને અંગો વચ્ચે એક ખાઈ નિર્માણ થયેલ દેખાય છે. બિંદુ સૃષ્ટિનો મનોભાવ આધિપત્યનો વર્તાય છે, જ્યારે નાદ સૃષ્ટિ હંમેશા અપરાધની લાગણી સાથે ભય સેવતો હોય છે. તેના કારણે બંને સૃષ્ટિ વચ્ચે જે સૌહાર્દ પ્રવર્તવું જોઈએ તે જણાતું નથી. આ એક સામાન્ય સ્થિતિ છે. આમાં અપવાદ જરૂર છે. તે પ્રશંસનીય છે. પરંતુ 'પુષ્ટિ સંપ્રદાય'ને અને 'વલ્લભીય સૃષ્ટિ'ને સમગ્રપણે સ્વસ્થ રહેવા માટે આમાં પરિવર્તન આવશ્યક છે. તેથી જ આત્મચિંતનનું મહત્વ છે. તેમાં જ પુષ્ટિ સંપ્રદાયનું સમગ્રપણે શ્રેય છે.

સને ૨૦૧૩માં આયોજિત એક ધર્મ શિબિરને સંબોધતાં સંપ્રદાયતા એક મૂર્ધન્ય વિદ્વાન આચાર્ય ગો.શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી એ કહેલું : **''મને સૌથી વધારે ખુશી આ વાતની થાય છે કે આજે અમે સૌ વલ્લભવંશજો અને વૈષ્ણવો એક મંચ ઉપર એક સાથે બેસીને આપણી પુષ્ટિ અસ્મિતાને કેવી રીતે શુદ્ધ રાખવી એનો વિચાર કરવા માટે ભેગા થયા છીએ. આ ખરેખર શ્રી મહાપ્રભુજીની કૃપા છે. તેમનો આ માર્ગ અથવા શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતો ફક્ત વૈષ્ણવો કે અમે વલ્લભવંશજોની મોનોપોલી નથી. જે કોઈપણ પુષ્ટિ જીવ હોય તેની મોનોપોલી છે અને ખરેખર તો પુષ્ટિ પ્રભુની મોનોપોલી છે. આપણે સહુ એના વારસદાર છીએ. કોઈ 'બિંદુ સૃષ્ટિ' (વંશ) રૂપ હોય, કોઈ 'નાદ સૃષ્ટિ' (શિષ્ય) રૂપે હોય. આપણે સૌ શ્રી મહાપ્રભુજીના વારસદાર છીએ,**

પરંતુ આપણે સાચા વારસદાર ક્યારે કહેવાઈએ કે જ્યારે વારસામાં મળેલી વસ્તુને આપણે જાળવીને રાખીએ. બગડી જાય તો સુધારીએ અને મૂળ સ્થાપકે જે શુદ્ધ ભાવથી સંપ્રદાય પ્રવર્તિત કર્યો હતો એને એ જ ભાવથી અનુસરીએ તો આપણો સાચા વારસદાર કહેવાઈએ.''

કેટલું સત્ય વિધાન કર્યું છે આચાર્યશ્રીએ ! સમગ્ર વલ્લભીય સૃષ્ટિ (તેના બંને અંગો સહિત) જો પોતાના અહંભાવનો ત્યાગ કરીને નિખાલસપણે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં પોતપોતાની મર્યાદામાં રહીને પણ સાથે બેસીને વિચાર વિમર્શ કરવા તત્પર થાય તો આજે પ્રવર્તિ રહેલ સંપ્રદાયની અનેક સમસ્યાઓનું નિરાકરણ શ્રી વલ્લભની કૃપાથી સહેલાઈથી થઈ આવે. બિન્દુ સૃષ્ટિ રૂપ વલ્લભકુળ આચાર્યશ્રીઓ પણ જો મદ ત્યાગ કરી સૌ વલ્લભના જ સંતાનો છે, તેથી સમાન છે, સૌને માટે તેમના વચન જ પ્રમાણ છે, તેનો સ્વીકાર કરી તેમની વાણી તેમજ પૂર્વાચાર્યોના મંતવ્યોના સંદર્ભમાં સિદ્ધાંતોનું અર્થઘટન કરી, નાદસૃષ્ટિ રૂપ અનુયાયીઓને માર્ગદર્શન આપે તો 'પુષ્ટિ સંપ્રદાય'ની અદ્વિતિયતાનો પરિચય વિશ્વને મળી શકે.

આજે હકિકતમાં 'પુષ્ટિ સંપ્રદાય'માં એક સંકટની પરિસ્થિતિ ઉદ્ભવી હોય તેમ જણાય છે. તેને ધર્મસંકટ કહીએ તો ખોટું નહીં કહેવાય. તેનો અર્થ એ નથી કે આપણને ધર્મ શું અને અધર્મ શું એની મુંઝવણ છે, કારણ કે આપણે જો ધાર્મિક વૃત્તિ ધરાવીએ છીએ તો સ્વાભાવિક છે કે આપણે ધર્મનું જ ચયન કરવાનું હોય. પરંતુ આપણું ધર્મ સંકટ એ છે કે આપણે છીએ પુષ્ટિ સંપ્રદાયના અનુયાયી અને તેના બીજા અંગ રૂપે શ્રી વલ્લભવંશજ આચાર્યશ્રીઓ ગુરુ સ્થાને છે. તેઓ શ્રી વલ્લભાચાર્યજીના સ્થાને બિરાજે છે. તેથી તેઓ આપણા સૌ માટે વંદનીય છે. પૂજનીય છે. તેઓ જ વર્તમાનમાં આપણાં માર્ગદર્શક છે. આ વાત સૌએ સ્પષ્ટપણે સમજવી જરૂરી છે.

વાસ્તવમાં પુષ્ટિમાર્ગમાં ગુરુ તો એક માત્ર શ્રી વલ્લભાચાર્યજી જ છે. તેથી તેમના વચનો આ સંપ્રદાયમાં પ્રમાણભૂત છે, તે સર્વવિદિત છે. તેમાં કોઈ સંશય હોઈ શકે જ નહીં. શ્રી વલ્લભકુળ આચાર્યોમાં આપણો ભાવ શ્રી

વલ્લભવવત્ હોવો જરૂરી છે. તદ્‌વત જ આપણે તેમની પાસેથી આ સંપ્રદાયને અનુસરવા માર્ગદર્શનની અપેક્ષા સેવીએ છીએ. વર્તમાનમાં વલ્લભકુળમાં અનેક આચાર્યશ્રીઓ બિરાજે છે, જેઓ સંપ્રદાયના અનુયાયીઓને નામમંત્ર તેમજ બ્રહ્મસંબંધની દીક્ષા આપી આ સંપ્રદાયમાં શરણે લે છે -લીધેલા છે. હકિકતમાં તે સૌ અનુયાયી શ્રી વલ્લભાચાર્યજીના જ સેવકો બન્યા છે. (તેમના વ્યક્તિગત નહીં), કારણ કે **તે આચાર્યશ્રીઓ એ શ્રી વલ્લભની કાનીથી અને તેમનાવતી ગુરુદ્વાર રૂપે તેમને દીક્ષા આપેલી હોય છે.** તેથી તે સર્વે અનુયાયીઓ (પછી ભલે કોઈ પણ આચાર્યશ્રી દ્વારા તેઓ દીક્ષિત થયા હોય) સમસ્ત વલ્લભીય સૃષ્ટિના જ અંગભૂત ગણાય. પરંતુ આજે ધરાતલ પર સ્થિતિ ભિન્ન છે. પ્રત્યેક આચાર્યની તેમના ગૃહની સૃષ્ટિ અલગ અલગ નામથી ઓળખાય છે. અમુક આચાર્યની સૃષ્ટિ અથવા ફલાણા ઘરની સૃષ્ટિ એમ અનેક સૃષ્ટિઓ અસ્તિત્વ ધરાવે છે. તે પ્રત્યેક સૃષ્ટિના અનુયાયી પોતાના દીક્ષાદાતા આચાર્યશ્રીને જ પોતાના ગુરુ વ્યક્તિગત રૂપે માનતા હોય છે. હકિકતમાં શ્રી વલ્લભાચાર્યજી પુષ્ટિ સંપ્રદાયના સમગ્ર અનુયાયીઓના ગુરુ છે. તેવી સમજણ બહુ ઓછા કેળવતા હોય છે. સાચી રીતે તો શ્રી વલ્લભ સ્વરૂપે જ તેમના ગુરુ છે. પરંતુ તે પ્રકારની સમજણ કે ભાવ સામાન્યતઃ જોવામાં આવતો નથી. જેના કારણે સમસ્ત વલ્લભીય સૃષ્ટિ અનેક વિભાગોમાં વહેંચાયેલી છે.

સમસ્યા હવે સર્જાય છે. શ્રી વલ્લભાચાર્યજીની આજ્ઞા અનુસાર પુષ્ટિ સંપ્રદાયનું અનુસરણ કરવા માટે સિદ્ધાંત વિષયક કે સેવા બાબત અનેક વ્યવહારિક મુશ્કેલીઓ જ્યારે કોઈ અનુયાયીના જીવનમાં ઉદ્‌ભવે ત્યારે તદ્ વિષયક માર્ગદર્શન મેળવવા સ્વાભાવિક રીતે તે પોતાના દીક્ષાદાતા ગુરુ પાસે તેની રજૂઆત કરતો હોય છે. ક્યારેક તે બાબતે અન્ય પરિચિત આચાર્યશ્રી પાસે પણ તે પોતાની મુંઝવણ રજૂ કરી આવશ્યક ખુલાસાની અપેક્ષા રાખતો હોય છે. અનુયાયીની મુંઝવણમાં ત્યારે વધારો થાય છે જ્યારે તેને યોગ્ય સંતોષકારક ખુલાસો મળતો નથી અથવા વિભિન્ન આચાર્યશ્રીઓના મંતવ્યો ભિન્ન ભિન્ન પ્રાપ્ત થાય છે. આવા સમયે તેની સમસ્યા સૂલઝવાને બદલે વધુ

ઉલઝાય છે. તે વિમાસણ અનુભવે છે. તેને માટે એક ધર્મસંકટ ઉત્પન્ન થાય છે, કારણ કે જ્યારે અનુયાયીની શ્રદ્ધા સમસ્ત વલ્લભકુળમાં શ્રી વલ્લભરૂપે જોવાની દૃષ્ટિ કેળવાયેલી હોય, સર્વ કોઈ આચાર્યશ્રીને તે શ્રી વલ્લભ સ્વરૂપે જ સ્વીકારી તેના દર્શન–ચરણસ્પર્શ કરતો હોય તો તેને માટે જટીલ પ્રશ્ન ઉદ્ભવે છે કે કયા **'વલ્લભ'**ની વાણી સ્વીકાર્ય ગણાય અને કોણ નહીં ? તેણે કયા આચાર્યશ્રીની આજ્ઞા અનુસરવી જોઈએ ? પોતાના દીક્ષા દાતાની કે અન્ય કોઈ વિદ્વાન વયોવૃદ્ધ આચાર્યશ્રીની આજ્ઞાને ?

આજે આપણે જોઈએ છીએ કે પુષ્ટિ–સંપ્રદાયની વિવિધ ગતિ–વિધિઓ, પ્રવૃત્તિઓ વિશે અનેક વિરોધાભાસી આજ્ઞાઓ જાહેરમાં પણ વિભિન્ન આચાર્યશ્રીઓ દ્વારા થતી હોય છે. કોઈક સાર્વજનિક દર્શનને ભક્તિરૂપે પ્રોત્સાહન આપતા હોય છે. જ્યારે બીજા ભક્તિવિધિની ગ્રંથનું પ્રમાણ આપી 'ગ્રહસેવા'ને જ સ્વધર્મ હોવાનું સમજાવે છે. કેટલાક આચાર્યશ્રીઓ માળા–પહેરામણી, ચુંદડી મનોરથ ઈત્યાદિ મનોરથોને–ઉપક્રમોને અનુમોદન આપી તેમાં સહભાગી પણ થતાં હોય છે, તો વળી અન્ય આવા ઉપક્રમોને બીન–સાંપ્રદાયીક કે સિદ્ધાંત વિરુદ્ધ પ્રવૃત્તિ ગણાવી તેને વખોડતા હોય છે. એ રીતે અનેકાનેક મનોરથો–સાંપ્રદાયિક બાબતો માટે જુદા જુદા વિધાનો જ્યારે વિભિન્ન આચાર્યશ્રીઓ દ્વારા કરવામાં આવતાં હોય ત્યારે સાચા સિદ્ધાંત શું છે ? અનુયાયી વૈષ્ણવનું સાચું કર્તવ્ય શું છે ? ઈત્યાદિનો યથાર્થ બોધ કઈ રીતે પ્રાપ્ત થાય ? કેમ કે **બધા જ આચાર્યશ્રીઓ તો 'વલ્લભ રૂપ' જ છે તેવી ભાવના જ્યારે રાખવામાં આવે ત્યારે કોને સાચા ગણવા અને કોની અવગણના કરવી ?** તે અનુયાયી વર્ગની મૂળ સમસ્યાથી પણ ગંભીર સમસ્યા બની જતી હોય છે. જ્યારે સૌ કોઈ પોતપોતાનો કક્કો જ ખરો કરવાની, પેરવી કરી રહ્યા હોય ત્યારે અનુયાયી વર્ગ માટે તે એક મોટુ ધર્મ સંકટ જ કહેવાય. આ કારણથી આજે વિશેષતઃ યુવાપેઢી અવઢવમાં હોય છે. તેની શ્રદ્ધા ક્યારેક ડગમગાવા માંડે છે અને વિવાદનું વાતાવરણ જોતાં તે અન્ય સંપ્રદાય તરફ પણ ઢળવાની સ્થિતિ બને છે. તે જ્યારે જુએ છે કે પોતાના

દીક્ષાદાતા ગુરુની કાંઈક આજ્ઞા છે, તેનાથી વિપરિત તેના પિતા અથવા માતાના ગુરુ (ક્યારેય ભિન્ન હોય છે ત્યારે) આજ્ઞા આપી રહ્યા છે. ત્યારેતેને કોનું અનુસરણ કરવું તે નક્કી કરવું તેને માટે મુશ્કેલી પેદા કરે છે. આજે વાસ્તવમાં પુષ્ટિ સંપ્રદાયમાં આ વિકટ સમસ્યા છે.. આનું સમાધાન શું ? વિચારીએ.

હકિકતમાં શ્રીમદાચાર્યચરણના સ્વયંના અનેક ઉપદેશાત્મક ગ્રંથો તેમજ પૂર્વાચાર્યોના પોતાના ગ્રંથો, વચનામૃતો તથા વાર્તાસાહિત્યના અનેક દષ્ટાંતો સિદ્ધાંતોના મૂલભૂત તથ્યોને સારી રીતે સ્પષ્ટ કરતાં હોય છે. તેમ છતાં જ્યારે પ્રત્યેક વલ્લભકુળ આચાર્યો પોતે **'વલ્લભરુપ'** છે તેવો અહં રાખી, પ્રમાણોને ધ્યાનમાં લીધા વિના સ્વતંત્ર રૂપે પોતાના મતંવ્યો રજૂ કરી, પોતાના અનુયાયીઓને તદનુસાર માર્ગદર્શન આપે, ત્યારે પુષ્ટિ સંપ્રદાયની એકરૂપતા, સમગ્રતા જોખમાયા વિના ન રહે. આ ગંભીર સમસ્યા વિશે સમસ્ત વલ્લભ સૃષ્ટિ માટે ચિંતન કરવું તે **'પુષ્ટિ સંપ્રદાય'**ના હિતમાં આવશ્યક છે.

અહીં માત્ર શ્રી વલ્લભકુળ આચાર્યોશ્રીઓના દોષ દર્શનને ઉજાગર કરવાનો હેતુ નથી. કારણ કે સમસ્યાના મૂળમાં સંપ્રદાયના કહેવાતા અનુયાયી પણ કેવો ભાગ ભજવતા હોય છે તેનો અણસાર વર્ષો પૂર્વે પરમ આદરણીય પૂ.પા.નિ.લી.ગો. શ્રી દેવશ્રીનંદનાચાર્યશ્રીના એક પત્રનો કેટલાક અંશમાં આપણને આવી શકે છે. પોતાના સેવકોને સંબોધીને એક પત્રમાં તેમણે લખેલું : **''અમારા પૂર્વપુરષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરુપ તથા શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સંપૂર્ણ રીતે સમજીને વૈષ્ણવને ધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતાં હતા અને જે વચલા કાળમાં સંપત્તિ વગેરેના કારણોથી અમે ઘણે દરજ્જે છોડી દીધો છે અને કોરી વિત્તની સેવા ભક્તિનું જ રુઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે.**

આપણા સંપ્રદાયને વગોવનારામાનો ઘણો ભાગ અમારા લોકોના દુરાચરણનો દોષ દેખાડે છે, પરંતુ ખરી રીતે જોઈએ તો દોષના સંપૂર્ણ ભાગીદાર અમે જ છીએ એવું નથી. તેમાં વૈષ્ણવોનો પણ પુષ્કળ દોષ છે. તેઓ અમારી બગડેલી મનોવૃત્તિને ઉત્તેજન ન આપે તો તથા તેને અટકાવવાનો પ્રયત્ન કરે તો નક્કી થોડા જ કાળમાં એ નિર્મૂળ બની જશે. દુરાચારની વૃદ્ધિ

એને ઉત્તેજન મળવાથી જ થાય છે. અમારા લોકો વિદ્યાભ્યાસ કે ભગત્સેવા કરે ત્યારે ભણેલા લોકો કહે છે કે 'આપ સર્વજ્ઞ છો, આપને ભણીને શું કરવું છે ? લાલ બાવાને શાસ્ત્રી દુઃખ આપે છે એ અમારાથી સહેવાતું નથી. આપના ચરણમાં લક્ષ્મી છે. આપને ક્યાં કથા વાંચવી છે ? આપણા માર્ગના વેદનો કે શાસ્ત્રનો કાંઈ વધારે ઉપયોગ નથી.' ઈત્યાદિ ઉપદેશો અમને કરે છે... હમણાં જરા ખેલો છો તો સંધ્યા આરતીની મુખ્યાજીને આજ્ઞા આપો. આપ સેન ટાણે પધારજો. આપ જ પ્રભુ છો. આપના વળી પ્રભુ કોણ ? પ્રભુ તો આપના કર્યા થયા છે. આપ કાંઈ તેમના કરેલા નથી. ઈત્યાદિ ઉપદેશો કરી વિદ્યા અને સેવા બંને વાતનો ઉચ્છેદ મૂળમાં અમારા ભણેલા હિતશત્રુઓ એ જ કર્યા છે.''
(આશ્રય માસિક એપ્રિલ ૧૯૮૭)

ઉપરોક્ત પત્રમાં વર્ણવેલા **'વેવલા'** કહી શકાય. તેવા અતિ ભાવાવેશવાળા હિતશત્રુ વૈષ્ણવો આજે પણ 'પુષ્ટિ સંપ્રદાય'માં અનેક સ્થાને જોવા મળે છે, જેમને ન તો આચાર્ય-સ્વરૂપનું જ્ઞાન હોય છે ન સ્વ-સ્વરૂપનું. તેઓ સંપ્રદાયનું હિત કરતાં અહિત જ વધુ કરતાં હોય છે. તેથી સુજ્ઞ અનુયાયી વર્ગે સાવધાન રહેવાની આવશ્યકતા છે અને તદર્થ જ આ આત્મચિંતનનું સૂચન છે.

કેટલાક કહેવાતા વૈષ્ણવોની આ પ્રકારની અવળ વાણી તેમજ આચાર્યશ્રીઓના વિરોધાભાસી વચનોના મૂળમાં જોઈએ તો જણાશે કે પુષ્ટિ સંપ્રદાય શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતો તેમણે પ્રસ્તુત કરેલા મૂળભૂત માળખાને બદલે વર્તમાનમાં સૌ સૌની વિચારસરણીને આધારે ચાલી રહ્યો છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં મંદિરો-હવેલીઓનો વ્યાપ વધવાથી કહેવાતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનો ઝોક, મંદિરોમાં પોતાના દૈવી દ્રવ્ય (!)નો મનોરથોનો વિત્તજા સેવા-દર્શનને જ 'પુષ્ટિ-ભક્તિ' માની લેવામાં આવી રહ્યો છે. **બ્રહ્મસંબંધ કરાવવા-કરવાની પ્રક્રિયાને પણ એટલી બધી સામાન્ય કરી દેવામાં આવી છે કે તદ્વિષયક આજ્ઞા, ઉપવાસ, અપરસ, વસ્ત્ર પરિધાન ઈત્યાદિ બાબતોમાં અપાતી છુટછાટના કારણે ભગવદ્-આજ્ઞા મુજબ કરવામાં આવતી 'આત્મ**

નિવેદન' (સમર્પણ) દીક્ષાનું ગાંભિર્ય જ અદૃશ્ય થઈ ગયેલું જણાય છે. તે જાણે કે માત્ર ઔપચારિક ક્રિયા હોય તેમ જણાય છે. કહેવાતા વૈષ્ણવો પુષ્ટિમાર્ગીય હોવાના પ્રમાણ રૂપે કે પુષ્ટિમાર્ગમાં પ્રવેશ માટે અથવા અનેક લૌકિક કારણોને લઈને બ્રહ્મસંબંધ દીક્ષા લેતાં હોય છે. આચાર્યશ્રીઓનો દૃષ્ટિકોણ જાણે પોતાની સૃષ્ટિ વધારવાનું માધ્યમ હોય તેમ જાહેર સૂચના આપી પોતાની હાજરીની અનુકૂળતા હોય ત્યારે સામૂહિક બ્રહ્મસંબંધ દીક્ષા આપતાં હોય છે. અનેક સ્થાને વ્યક્તિગત આજ્ઞાનું મહત્ત્વ જ રહ્યું નથી.

આવી પરિસ્થિતિમાં મોટા ભાગના અનુયાયી બ્રહ્મસંબંધની દીક્ષાને જ પોતાની **'ઈતિ કર્તવ્યતા'** સમજી બેસતા હોય છે. ન તો તેઓને આ દીક્ષા લેવા પાછળના આશયની સાચી સમજ હોય છે, ન તેમને તે દીક્ષા લીધા પછીના આવશ્યક કર્તવ્યની જાણ હોય છે, કે ન તેઓને તે બાબતનો કોઈ ઉપદેશ ત્યારે આપવામાં આવતો હોય છે. આમ કહેવાતા પુષ્ટિ-સંપ્રદાયના અનુયાયીઓનો વ્યાપ તો વધી રહ્યો છે, પરંતુ તેનો મૂળભૂત હેતુ તેના પ્રવર્તક શ્રી વલ્લભાચાર્યજીનો જે હતો, તે વર્તમાનમાં કેટલો સાર્થક થઈ રહ્યો છે, તેની આગળ પ્રશ્નાર્થ ચિન્હ લાગેલું છે. ભગવદ્ સેવાર્થે દોષ નિવારણના હેતુસર અને ભગવદ્ પ્રાપ્તિના ઉદ્દેશ્યની પૂર્તિ માટેની સમર્પણપૂર્વકની બ્રહ્મસંબંધની ગંભીર પ્રક્રિયાને સ્થાને આજે જાણે તે દીક્ષા લેવા અને આપવાની બદલાયેલી મનોદશા પુષ્ટિ-સંપ્રદાયની વર્તમાન સ્થિતિ માટે કારણસર છે, તે ન સમજાય તેમ નથી. આજની આવી વિપરીત પરિસ્થિતિમાં પણ ક્યાંક પ્રકાશના કિરણ અલપ ઝલપ દેખાતા હોય છે. જેના સ્વાનુભવના બે દૃષ્ટાંતોનો ઉલ્લેખ કરવો અહીં અસ્થાને નહીં ગણાય.

૧. મારા નજીકના સંબંધમાં થતાં ભત્રીજાઓને પોતાને ત્યાં શ્રીનાથજીના ધ્વજાજીની પધરામણી કરાવવાનો મનોરથ જાગ્યો. તે માટેની પૂર્વ આવશ્યકતા મનોરથી બ્રહ્મસંબંધી હોવો જરૂરી છે, તેની જાણ થતાં, તેઓએ મને મારા કોઈ પરિચિત આચાર્યશ્રી દ્વારા તે સૌને બ્રહ્મસંબંધ કરાવવાની ગોઠવણ કરવા વિનંતી કરી. હું તેમની માતાજી પરત્વે આસ્થા વિશે જાણતો

હોવાથી, મેં તેમના સમગ્ર કુટુંબને સાથે બેસાડી પુષ્ટિમાર્ગનો દૃષ્ટિકોણ અને બ્રહ્મસંબંધના તાત્પર્ય વિશેની વિસ્તારપૂર્વક સમજણ આપી. ત્યારપછી તેમના નિવાસની નજીકના એક યુવા ગોસ્વામિ આચાર્યશ્રી પાસે લઈ ગયો. તેમને મેં સમગ્ર બાબત જણાવી. આપશ્રી મને ઓળખતાં હોવાથી તેમણે તે કુટુંબને આજ્ઞા કરી કે **'તમે જયેન્દ્રભાઈના કુટુંબી છો અને તેઓની સાથે આવ્યા છો, એટલે મારે કાંઈ કહેવાની આવશ્યકતા ન હોય, છતાં કારણ કે તમે મને ગુરુ કરવાની ઈચ્છા રાખો છો તો મારે તમને શ્રી મહાપ્રભુજીના સેવક થયા પછીના તમારા કર્તવ્ય વિશે જાણ કરવી જરૂરી ગણાય.'** તેમ કહી આપશ્રીએ ત્રીસેક મિનિટમાં બ્રહ્મસંબંધ કરવાની આવશ્યકતા અને તત્પશ્ચાત જીવના કર્તવ્ય વિશેનો બોધ સંક્ષિપ્તમાં સમજાવી, નિર્ણય તેઓના પર છોડ્યો.

આચાર્યશ્રીના વચન સાંભળી હું તેમના ચરણમાં નતમસ્તક થઈ ગયો. કહેવાની જરૂરત નથી કે મારા ભત્રીજાઓએ બ્રહ્મસંબંધ લેવાને બદલે અન્ય રસ્તે પોતાનો મનોરથ પૂર્ણ કર્યો.

૨. મારો જ પૌત્ર આઠેક વર્ષની વયનો થતાં ક્યારેક ભગવદ્ સેવામાં આવવા તત્પર બનતાં મેં મારા પરંપરાગત ગૃહના આચાર્યશ્રીને મને પવિત્રા બારસે તેમને ત્યાં સન્મુખ થવાની અનુકૂળતાના કારણે તદ્વિષયક વિનંતી કરી. તેમણે મને તે માટે પવિત્રા બારસે ન આવતાં અન્ય કોઈ દિવસે આવવા આજ્ઞા કરી. તદનુસાર મેં અન્ય દિવસે આપશ્રી પાસે મારા પૌત્રને લઈ જઈ બ્રહ્મસંબંધ કરાવ્યું. કુતૂહલ વશ આપશ્રીને પવિત્રા બારસે બ્રહ્મસંબંધ ન કરાવવાનું કારણ પૂછતાં તેમણે ખુલાસો કર્યો કે **'અમારા ઘરની પરંપરામાં બ્રહ્મસંબંધ આ દિવસે ન આપવાનું કારણ એ છે કે તેનાથી બ્રહ્મસંબંધ લેનારના મનમાં પોતાને દામોદરદાસ હરસાનીજી વત્ હેવાનો અહં જાગી શકે છે. જે તેને માટે હાનિકારક ગણાય.'**

આ ખુલાસો વિસ્મયજનક હતો. કારણ કે અનેક સ્થાને જાહેરમાં વૈષ્ણવોને પવિત્રા બારસના મોટા દિવસે બ્રહ્મસંબંધ કરવા જાહેરમાં આમંત્રિત-પ્રોત્સાહિત કરવામાં આવે છે તે મારી જાણમાં હતું.

કાશ આવા ઉદાત્ત વિચારોની પુષ્ટિ–સંપ્રદાયમાં ગ્રાહ્યતા બને.

જો આપણે પૂર્વાચાર્યો તેમજ પ્રાચીન વૈષ્ણવોના ઈતિહાસનું અવગાહન તરફ દૃષ્ટિ કરીએ તો જણાશે કે ભગવદ્ સેવાની સાથે શ્રી મદાચાર્યચરણોના ગ્રંથો ઉપરાંત નિત્ય સત્સંગ–ભગવદ્ ચર્ચા ઈત્યાદિ તેમના દૈનિક જીવનનું એક અનિવાર્ય અંગ હતું. આ હકીકત આપણને પ્રાચીન આચાર્યોના વચનામૃતો વાંચતાં જણાઈ આવે છે. તે સમયે દીક્ષાદાતા ગુરુ અને સંપ્રદાયના અનુયાયીઓ વચ્ચે એક અતુટ સંબંધ બંધાયેલો રહેતો ત્યારે અરસ–પરસની ભાવની પ્રાધાન્યતા હતી. **તે સંબંધ 'અર્થમૂલક' ન હતો, 'ભાવમૂલક' હતો.** તેના કારણે અનુયાયી વર્ગને આચાર્યશ્રી દ્વારા સતત પોષણ મળતું રહેતું. તેઓને સેવા અને સિદ્ધાંત વિષયક માર્ગદર્શન પ્રાપ્ત થતું રહેતું જે વૈષ્ણવોને પુષ્ટિમાર્ગીય જીવન જીવવામાં સહાયક બનતું.

આજે પરિસ્થિતિ તદ્દન બદલાઈ ગયેલી છે. પુષ્ટિ–સંપ્રદાયના બહોળો અનુયાયી વર્ગ હવેલીમાં માત્ર દર્શન કરીને અને આચાર્યશ્રી બિરાજતાં હોય અને તેઓ પ્રત્યે જો ભાવ ધરાવતાં હોય તો તેમના ચરણ સ્પર્શ કરી પુષ્ટિમાર્ગીય તરીકિના કર્તવ્યની પરિપૂર્તિ સમજી લે છે. આચાર્યશ્રી પાસે જઈ સેવા વિશે કે કોઈ સિદ્ધાંત બાબત ચર્ચા જવલ્લે જ થતી જોવા મળે છે. અનુયાયી વર્ગમાં ન તો જાણવાની જીજ્ઞાસા જોવા મળે છે ન આચાર્યશ્રીઓમાં ગ્રંથ ભણાવવાની તત્પરતા. ઔપચારિક વચનામૃતોનો વિષય પણ કોઈ તાત્ત્વિક પહેલુંને બદલે સંપ્રદાયની સામાન્ય સમજણથી વિશેષ જોવા મળતી નથી. આમ પોષણના અભાવમાં અનુયાયી વર્ગ પણ આ બાબતે નિષ્ક્રિય જ રહે છે. જાણે પુષ્ટિમાર્ગમાં જ્ઞાનનું કશું જ મહત્ત્વ નથી. જ્યારે શ્રીમદાચાર્યચરણ સ્વયં **'શાસ્ત્રો સમજવાને કૃષ્ણ–સેવાની પૂર્વાશ્યકતા બતાવે છે.'**

એ સમજવું અત્યંત જરૂરી છે કે માત્ર સેવાની પદ્ધતિ જ જાણવી પર્યાપ્ત ન ગણાય, **'સેવાનો સિદ્ધાંત'** પણ સમજવો જોઈએ. જે શ્રી મહાપ્રભુજી એ **'સિદ્ધાંત મુક્તાવલી'** ગ્રંથમાં સમજાવ્યો છે. તેવી જ રીતે **'સમર્પણ'** અને **'શરણાગતિ'** જે ભક્તિના આવશ્યક અંગ છે અને જેનું નિરુપણ અનુક્રમ

'નવરત્ન' અને **'વિવેક ધૈર્યાશ્રય'** ગ્રંથમાં કરવામાં આવ્યું છે, તે વિશેનું ગંભીરતાપૂર્વક જ્ઞાન જ ભક્તિની દૃઢતા વધારી શકે અથવા તેમાં સંપૂર્ણ નિષ્ઠા જન્માવી શકે. તેના અભાવમાં ક્રિયા ભલે આપણે કરતાં રહીએ, ફલ તો દુર્લભ જ રહે. શ્રી મહાપ્રભુજી ફલરુપે 'માનસી'ની દશા સિદ્ધ થાય તદર્થ **'કૃષ્ણ સેવા સદા કાર્યા'**ને પોતાનો સિદ્ધાંત બતાવી જે આજ્ઞા કરી છે તેનો ન તો આપણો મર્મ જાણીએ છીએ, ન તે જાણવાની ચિંતા કરીએ છીએ. આ દૃષ્ટિકોણથી ન તો ગુરુજનનો નિર્દેશ મળતો હોય છે, ન અનુયાયી વર્ગમાં તેની સભાનતા હોય છે, તો આચરણ પછી ક્યાંથી સંભવે ? આજની આ દુર્દૈવ પરિસ્થિતિ છે, તદ્‌વિષયક સમગ્ર વલ્લભીય સૃષ્ટિનું ગહન આત્મચિંતન અનિવાર્ય છે.

વર્તમાન પરિસ્થિતિને સમજવા પરમ પૂજનીય ગો.શ્રી ઈન્દિરાબેટીજી મહોદયાશ્રીના શબ્દોને પુનઃ યાદ કરવા પડે : **'ખરેખર અર્થમાં શું આપણે પુષ્ટિમાર્ગના ફોલોઅર્સ છીએ ? આર વી ફોલોઈંગ પુષ્ટિમાર્ગ ઓર સમથિંગ એલ્સ ? જવું છે ઉત્તરમાં અને દોડી રહ્યાં છીએ દક્ષિણમાં. માર્ગ એ જ સાચો હોય કે જે મંઝિલ સુધી પહોંચાડી શકે ? મને આટલા બધા લોકોમાંથી જવાબ આપો કે આપણી મંઝિલ સુધી પહોંચી શકીએ એવી ક્ષમતા આપણી જડ ધાર્મિકતામાં દેખાય છે ? હું તો અમારા બધા (ગુરુજનો)ની વાત કરું છું. હું મારું પોતાનું આત્મચિંતન કરું છું. શ્રી વલ્લભાચાર્યજીએ જીવન જીવવાની પદ્ધતિ આપી જેનું નામ પુષ્ટિમાર્ગ છે. સમાજને પ્રભુ પરાયણ બનાવવા માટે ટોટલ ટ્રાન્સફોર્મેશન ઓફ માઈન્ડ એન્ડ બોડી કરવા માટે તેમણે આપણને જે પ્રોસેસ આપ્યો છે જે સાધના પદ્ધતિ આપી છે, જે રસ્તો આપ્યો છે એ રસ્તાનો વિચાર કર્યા વગર આપણે દોડી રહ્યા છીએ.'** (જન્મભૂમિ, મુંબઈ ૬-૧૧-૨૦૧૨)

પુષ્ટિ સંપ્રદાયના પ્રસિદ્ધ માસિક 'વૈષ્ણવ પરિવાર'ના આદ્યતંત્રી ગો.વા.શ્રી રમેશભાઈ પરીખે સંપાદકીય લેખમાં લખેલું **'આજે ખૂબ જ ગંભીર વાતો વેદનાપૂર્વક કરવી છે. શાહમૃગની જેમ રેતીમાં મોં સંતાડી દેવાથી આપત્તિઓ અને સમસ્યાઓ ઉકેલાઈ જતી નથી. આજે જે વાત હું કરી રહ્યો છું**

એ વાત તમારા સૌના હૃદયમાં વલોવાય છે. એની વ્યથાથી તમે પણ વ્યથિત છો જ. આજનો આ પ્રશ્ન કોઈ વ્યક્તિ કે સંસ્થાનો નથી, પરંતુ સંપ્રદાયના ગૌરવપૂર્ણ અસ્તિત્વનો છે. એનો વિચાર સ્વસ્થ અને તટસ્થ બુદ્ધિથી કરવો જરૂરી છે. એમાં આપણા પૂર્વગ્રહો અને લાગણીના આવેશો ન ઘસી જાય એની તકેદારી રાખવી જરૂરી છે.' (વૈ.પ. જુન ૧૯૮૭)

સંપ્રદાયના બાહ્ય તથા આંતરિક પરિસ્થિતિનું વિશ્લેષણ કરતાં પૂ.પા.ગો.શ્રી રસીકરાયજી મહારાજ શ્રી એ વ્યકત કરતાં સત્સંગ માસિક (૧૯૮૯)માં લખેલું છે : **''પુષ્ટિમાર્ગની અસ્મિતાનો હ્રાસ થવા માટે કારણો છે – (૧) પુષ્ટિમાર્ગીય શિક્ષા અને પુષ્ટિ સંસ્કારો પ્રત્યેની આપણી ઉદાસીનતા, (૨) શિસ્ત વિનાનો સ્વચ્છંદ આચાર અને વિચાર, (૩) કેટલાક વૈષ્ણવો/આચાર્યો પોતે સુધારાવાદી પ્રગતિશીલ છે, વિચારક છે એમ માનીને એવા ભ્રમમાં પુષ્ટિમાર્ગની સિદ્ધાંત પરંપરાનો ભંગ કરે છે અને (૪) આપણે આપણા મહાનુભાવો, વિદ્વાનોની ઉપેક્ષા કરવા લાગ્યા છીએ ?''**

પ્રથમ ગૃહાધિપતિ પૂ.પા.નિ.લી.ગો.શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના તેમના સ્મૃતિગ્રંથમાં અંકિત થયેલા વચનોમાં આજની પરિસ્થિતિનું યથાર્થ દર્શન આપણને થાય છે. કેટલું યથાર્થ વર્ણન તેમણે કરેલું છે : **'આજ વલ્લભ સંપ્રદાય કા નિયંત્રણ ઉઠતા જા રહા હૈ, સભી અપની મનમાની કર રહે હો. આચાર્યો કા નિયંત્ર કભી કા શિથિલ હો ચુકા હૈ, પરસ્પર રાગદ્વેષ કે કારણ વૈષ્ણવ સમાજ મેં ભી અનેક ફીર કે હો ગયે હૈં.'** (સ્મૃતિ અંક ૮/૬૪)

મારા એક મિત્ર પ્રા.ભૂપતરાય આચાર્યનું તેમના એક લેખમાં કરેલું અવલોકન પણ વર્તમાન પરિસ્થિતિનું સુ-દર્શન કરાવે છે. તેઓ લખે છે **આજે પુષ્ટિમાર્ગમાં અનેક અસંગતિઓ દૃષ્ટિગોચર થાય છે. જેના મૂળમાં બે બાબતો જણાય છે. (૧) અન્ય ધર્મો–સંપ્રદાયોની માફક પુષ્ટિમાર્ગમાં એના પ્રણેતા અને આદ્ય ગુરુ શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથો–સિદ્ધાંતોને વિધિથી ભણાવવાની–સમજાવવાની કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ નથી. એથી ન તો**

ધર્મગુરુઓ તદ્‌વિષયક પરંતુ જ્ઞાન અર્જન કરે છે, કે ન તેના અનુયાયીઓને મૂળભૂત સિદ્ધાંતોની સીધી જાણકારી પ્રાપ્ત થાય છે. તેથી તેઓ જે જુએ છે અથવા જે તેમને કહેવામાં આવે છે, એ જ અપનાવી પોતે પુષ્ટિમાર્ગનો અનુયાયી હોવાનો આત્મ સંતોષ અનુભવે છે.

(૨) જે આચાર્યવર્ગ છે તેમના પર શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રસ્થાપિત આ માર્ગને વહન કરવાની અને માર્ગદર્શનથી આપવાની મૂળભૂત જવાબદારી છે, તેઓ પોતાના અજ્ઞાનવશ કે સ્વાર્થવશ અનુયાયી વર્ગને, જેઓ તેમને **પોતાના ગુરુ હોવાની શ્રદ્ધા ધરાવે છે. તેમને ગેરમાર્ગે દોરે છે. (અપવાદ હોઈ શકે છે.)**

શ્રી વલ્લભાચાર્યજી એ ખુલ્લા ચરણે ત્રણ ત્રણ વખત સમગ્ર ભારતનું પરિભ્રમણ કરી પોતાની દાર્શનિક વિચારધારાને પ્રતિપાદિત કરી. તે પછી ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ પોતાના સિદ્ધાંતોને અનેક ગ્રંથોમાં લિપિબદ્ધ કર્યા છે. તદ્‌પશ્ચાત કેટલાક શ્રી ગુસાંઈજી, શ્રી હરિરાયજી, શ્રી પુરુષોત્તમજી તેમજ કેટલાક અન્ય પૂર્વાચાર્યો અને મહાનુભાવોને બાદ કરતાં તેમના સિદ્ધાંતોને ઉજાગર કરતું કોઈ વિશેષ સાહિત્ય ન તો લખાયું છે ન પુરતી માત્રામાં પ્રકાશિત થયું છે. વર્તમાન સમયમાં પૂ.પા.ગો.શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રીના આ દિશામાં પ્રયાસ સ્તુત્ય છે. ખૂબ જ સરાહનીય છે. ગ્રંથોના અધ્યયન-અધ્યાપનના અભાવમાં પુષ્ટિ સંપ્રદાયના વાંગ્મય જગતમાં એક શૂન્યાવકાશ રહેલો છે. માત્ર મંદિરોની સ્થાપના, દર્શન-મનોરથ-કથા ઈત્યાદિ પ્રવૃત્તિઓનો જ વ્યાપ વધ્યો છે. આજે કોઈ જિજ્ઞાસુ શ્રી મહાપ્રભુજીના પ્રકીર્ણ ગ્રંથો-નિબંધ અણુભાષ્ય ઈત્યાદિ જેમાં ગૂઢ તત્ત્વદર્શન સમાહિત છે, એને જેના કારણે પુષ્ટિમાર્ગની આચાર પરંપરા પ્રસ્થાપિત થયેલી છે, એ વિશે અધ્યયન કરવા ઈચ્છે છે, કે ન એવી કોઈ વ્યવસ્થા અસ્તિત્વ ધરાવે છે. વડોદરાની વલ્લભ વિદ્યાપીઠ અને મુંબઈ યુનિવર્સિટીનો વલ્લભવેદાંત અર્વાચીન કોર્સ અપવાદ તેમાં છે.

(જન્મભૂમિ, મુંબઈ ૩૦-૧૦-૨૦૧૨)

પૂ.પા.ગો.શ્રી ઈન્દિરાબેટીજી મહોદયા એ પણ કાંઈક આવી જ ટકોર કરેલી છે. **''આજે આપણે ભારતમાં પણ એટલા બધા મંદિરો ઊભા કર્યા, મંદિરની અંદર ભીડ વધી ગઈ, મનોરથો થવા લાગ્યા, મહાપ્રસાદ વેચાવા લાગ્યા, દોડાદોડી કરીને લોકો આવે અને દોડાદોડી કરીને જાય અને અમે ખાલી આરતીઓ જ ઉતારીએ. પરંતુ ત્યાં આવનાર સમાજને કાંઈક નોલેજ મળે એવું અમારા સ્થાનોમાં બન્યું છે ? એ વિદ્યાપીઠ બનવી જોઈએ. એ સાધનાની પીઠ બનવી જોઈએ. વી નીડ ચેન્જ ! આજે જે લોકો શિક્ષણ પણ આપે છે એ અધુરા નોલેજવાળા છે. કારણ કે સાધના નથી. શિક્ષકો (આચાર્યો) પણ એવા હોવા જોઈએ જે પુષ્ટિમાર્ગને જાણતા હોય. અમારા લોકોની એ કમી છે કે હજી કોઈ પુષ્ટિ વિદ્યાલય બનાવ્યું નથી. એવી કોઈ કોલેજ જ બનાવી નથી, એવી પ્રયોગશાળા બનાવી નથી.**

(જન્મભૂમિ, મુંબઈ ૬-૧૧-૨૦૧૫)

ઉપરોક્ત આચાર્યશ્રીઓ/મહાનુભાવોના ચિંતનને યથાર્થ રૂપે મૂલવવાની આવશ્યકતા છે, અને તેજ છે-અહીં પ્રસ્તુત **'વલ્લભીય સૃષ્ટિ દ્વારા આત્મચિંતન કરવાની અનિવાર્યતા.'** સૌ કોઈએ તે વિષયમાં ગંભીરતાપૂર્વક વિચાર કરવો આવશ્યક છે.

આમ સમગ્ર સમસ્યાના મૂળમાં જોઈએ તો તે છે-વર્તમાન આચાર્ય વર્ગ એવમ્ અનુયાયી વર્ગમાં ગ્રંથો-તેમાં પ્રતિપાદિત સિદ્ધાંતો જાણવા સમજવાની જિજ્ઞાસાનો અભાવ. વર્તમાન કાળની અપેક્ષાએ જો આપણે સંપ્રદાયના ઈતિહાસ તરફ નજર નાંખીએ તો જણાશે કે શ્રી મહાપ્રભુજીના સમયમાં પણ શાસ્ત્રો અને સિદ્ધાંતોનું તલસ્પર્શી જ્ઞાન ધરાવનારા તેમના સેવકો પણ હતાં, જેમાં **દામોદરદાસ હરસાનિજી, કન્હૈયાશાલ, પદ્મનાભદાસ, રાણા વ્યાસ, વિષ્ણુદાસ, જગન્નાથ જોષી, માધવ ભટ્ટ કાશ્મિરી** વગેરેના નામ ગણાવી શકાય.

શ્રી મહાપ્રભુજીના સ્વધામ પધારી જતાં તેમના બંને પુત્રો **શ્રી**

ગોપીનાથજી તથા **શ્રી ગુંસાઈજી**ને સંપ્રદાયના પ્રશિક્ષણમાં સહાયભૂત થનારા રાણાવ્યાસ, હરસાનિજી, કન્હૈયાલાલ જેવા શ્રી મહાપ્રભુજીના સેવકો હતા. શ્રી ગોપીનાથજી પ્રભુચરણે રચેલ **સાધન દીપિકા ગ્રંથ** રચ્યો છે, જે સંપ્રદાયના અનુસરણ માટે ખૂબ જ ઉપયોગી ગ્રંથ છે. શ્રી ગુંસાઈજીએ તો **વિદ્વાનમંડન, શ્રૃંગાર રસમંડન, ભક્તિહંસ** ઈત્યાદિ સ્વતંત્ર ગ્રંથો ઉપરાંત અનેક ટીકા ગ્રંથોની રચના કરી. સંપ્રદાયના વાંગમય સાહિત્યને વધુ ઉંચાઈએ પહોંચાડ્યું છે. તેમના પછી દશદિંગતવિજ્યી **શ્રી પુરુષોત્તમજી** તથા **શ્રી હરિરાયજી** તેમજ કેટલાક પૂર્વાચાર્યોએ પુષ્ટિમાર્ગના અનેક પહેલુઓને ઉજાગર કરતું સાંપ્રદાયિક સાહિત્ય રચી બહુ મોટું યોગદાન પ્રદાન કર્યું છે. ત્યાર પછીના આચાર્યશ્રીઓની બહુ ઓછી રચનાઓ પ્રાપ્ત થાય છે. પરંતુ થોડા વર્ષો પૂર્વેના ઈતિહાસ પર દૃષ્ટિ કરીએ તો સંપ્રદાયના ગ્રંથોના અનુવાદન, લેખન એવમ્ પ્રકાશન કાર્યમાં અનેક વૈષ્ણવ મહાનુભાવોનો ઉલ્લેખ કરી શકાય, જેમાં **પંડિત શ્રી ગોવર્ધન શર્મા, શ્રી ગોકુળદાસ સાંચોરા, શ્રી મગનલાલ શાસ્ત્રી, શ્રી મૂળચંદ્ર તેલીવાલા, શ્રી ગોવિંદલાલ ભટ્ટ, શ્રી નાનુભાઈ ગાંધી, શ્રી વસંતરાય શાસ્ત્રી, પ્રા. જેઠાલાલ શાહ, શ્રી હરિશંકરજી, શ્રી ધીરજલાલ સાંકળીયા, શ્રી દ્વારકાદાસ પરીખ** ઈત્યાદિના નામ ગણાવી શકાય. જો ગઈકાલના ઈતિહાસની વાત કરીએ તો ગો.વા.**શ્રી રમેશભાઈ પરીખ** દ્વારા સરલ ગુજરાતી ભાષામાં રચાયેલા સાંપ્રદાયીક સાહિત્યે વૈષ્ણવોને ઘેર ઘેર વાંચતા કરી દીધા છે. વર્તમાન સમયમાં સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન આચાર્ય **ગો.શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી** દ્વારા આલેખિત તથા પ્રકાશિત દાર્શનિક એવમ્ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજાવતાં શ્રી મહાપ્રભુજીના અનેકાનેક ગ્રંથો સંપ્રદાયના ઈતિહાસમાં સીમાચિન્હ રૂપ ગણાવી શકાય. આમ જોઈ શકાય કે ગ્રંથોના અલાખેન-પ્રકાશનમાં એ વિદ્વાનોનું બહુ મોટું યોગદાન રહ્યું છે. તેમ છતાં વલ્લભીય સૃષ્ટિનું દુર્દૈવ કહી શકાય કે ગ્રંથોના અધ્યયન-અધ્યાપન માટે એક પ્રકારે ઉદાસીનતા રહેલી છે, જેનું પરિણામ એ વર્તમાન પરિસ્થિતિ-

સમસ્યાઓ છે.

જેમના હૈયે પુષ્ટિ–સંપ્રદાયનું હિત વસે છે તેવા અનેક આચાર્યો–મહાનુભાવો દ્વારા આ પ્રકારનું ચિંતન અવારનવાર થતું રહ્યું છે, જે પ્રકાશિત પણ થયું છે. સંપ્રદાયની સાંપ્રત પરિસ્થિતિને અનુલક્ષીને **પુ.પા.ગો.શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી** એ પણ પોતાના પુસ્તક **'શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતો અને આધુનિક પુષ્ટિ સંપ્રદાય–એક વિશ્લેષણ'**માં અનેક પ્રકારના વિપરીત વ્યવહાર, આચરણ અને ગ્રંથોના તાત્વિક અર્થઘટનની વિસ્તારથી ચર્ચા કરી છે. તેમાં તેમણે પૂ.પા.ગો.શ્રી શ્યોમમનોહરજી મહારાજશ્રીનો ઉલેખ કરી આ દીશામાં તેમના યથાર્થ પ્રયત્નને બિરદાવ્યો છે. તેઓ લખે છે કે **''જો કે સંપ્રદાયમાં પેસી ગયેલા કેટલાક કુરિવાજો સામે પાર્લા–મુંબઈવાળા ગો.શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીએ પોતાના વિરોધી સ્વર વહેતો કરી અને આજે પણ એ સ્વરને ગુંજતો કર્યો છે. એ વાસ્તવમાં અનેક અભિનંદનને પાત્ર છે. ભલે એમના વિચારો સાથે કોઈ સહમત હોય કે ન હોય પરંતુ એટલું તો સત્ય છે કે જે કુમાન્યતાઓ અને કુરિવાજો તરફ તેમણે આંગળી ચીંધી છે, એ કુમાન્યતાઓ અને કુરિવાજો સંપ્રદાયના માળખાને નષ્ટ કરવામાં ઉધઈની માફક મહત્વપૂર્ણ ફાળો આપી રહ્યા છે. શ્રી મહાપ્રભુજી એ નિર્માણ કરેલી આ પુષ્ટિ સંપ્રદાયરુપી ઈમારતના સૌંદર્યને ઉધઈ નષ્ટ કરે એ ખરેખર અતિશય દુઃખદ બાબત છે. જે બાબતો તરફ એમણે ધ્યાન દોર્યું છે. તે બાબતોમાં મુખ્યત્વે ભગવત્સેવા અને ભગવત્કથાનું વ્યવસાયી કરણ, સંપ્રદાય પર શ્રીમંતોનું વર્ચસ્વ, ગુરુ સ્થાનોમાં અનિચ્છનીય પ્રકારે પુરુષોત્તમત્વનો આરોપ, સંપ્રદાયની દીક્ષાનું વગર વિચાર્યું અવમુલ્યન, શિષ્યવર્ગમાં સિદ્ધાંતની અનભિજ્ઞતા, વગર વિચારની શિષ્યવૃત્તિથી સંપ્રદાયની ભૌતિકતાને થઈ રહેલી હાની, સંપ્રદાયમાંથી સંપ્રદાયમાન્ય ભક્તિના પ્રકારનો લોપ, બીજા સંપ્રદાયની દેખાદેખી આ સંપ્રદાયમાં પેસી રહેલી કેટલીક પદ્ધતિઓ કે જે આ સંપ્રદાયની મૌલિકતા માટે વિકૃતિરૂપ છે, લગભગ આ**

બધી બાબતો તરફ જ ધ્યાન ખેંચવાનો અને તેમાં સુધાર કરવાનો તેમાં આશય રહેલો છે, તેમ હું માનું છું. પરંતુ દુર્ભાગ્યવશ ગો.શ્રી શ્યામમનોહરજીના એ અવાજમાં સંપ્રદાય ભરનો અવાજ ભેળવી અવાજ બુલંદ કરવામાં સંપ્રદાયના લોકોએ પાછી પાની કરી છે. કમસેકમ એ બાબત તરફ ગંભીરતાથી ધ્યાન આપી ઉપયોગી વિચારણા આ પણ થઈ હોત અને ફળદાયી પરિણામ લાવી શકાયું હોત તો અને જો ફળદાયી પરિણામ સંગઠનાત્મક સ્વરુપમાં આવી શક્યું હોત તો આજે જે દોષારોપણ થઈ રહ્યા છે તેનો નક્કર રીતે સામનો થઈ શકતે અને અંદરોઅંદર ઉઠતી વિસંવાદી ઘટનાઓને પણ ડાળવામાં પ્રેરક બળ મળી શક્યું હોત.''

કેટલું યથાર્થ ચિંતન પૂ.મહારાજશ્રીએ ગો.શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રીની પ્રવૃત્તિઓ અને તેમના વિચારોને અનુલક્ષીને કર્યું છે, જે વાસ્તવમાં સમગ્રપણે વલ્લભીય સૃષ્ટિનું ચિંતન હોવું ઘટે.

પૂ.ગો.શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રીએ સ્વયં પણ અનેક ગ્રંથોનું આલેખન/પ્રકાશન કર્યું છે. ઉપરાંત તેઓ વૈષ્ણવ યુવા માટે અનેક શીબીરોનું આયોજન કરી સાંપ્રદાયિક પ્રશિક્ષણનું આચાર્યોચિત કર્તવ્ય નિભાવી રહ્યા છે જે અનુકરણીય કહી શકાય.

પૂ.પા.ગો.શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી પણ અનેકાનેક ગ્રંથોના લેખન કાર્ય સાથે ઘણા વર્ષોથી પ્રકીર્ણ ગ્રંથોના અધ્યયનનું કાર્ય કરી રહ્યા છે. **વર્તમાનમાં મુંબઈ યુનિવર્સિટીમાં પણ વલ્લભવેદાંત કોર્સના પાઠ્ય ક્રમમાં અણુભાષ્ય/નિબંધ/સુબોધિની જેવા ગ્રંથો ભણાવવાની જવાબદારી તેમણે સ્વેચ્છયા સ્વીકારી સાંપ્રદાયીક અધ્યાપનની આવશ્યકતા માટે એક દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.**

કાશ ! અન્ય વિદ્વાન ગો.આચાર્યો પણ આ દીશામાં આગળ આવે તો સંપ્રદાયની શીકલ બદલાતા વાર ન લાગે. સૌ વિચારે.

આપણે એક વાત સ્પષ્ટપણે સમજવી જોઈએ કે **'પુષ્ટિ-સંપ્રદાય'**

(અથવા **પુષ્ટિમાર્ગ** જેના **'ગુરુ'** ગોપીજનો છે), તે એ સંપ્રદાયનું નામ છે, જેનું પ્રતિપાદન અને પ્રવર્તન શ્રી વલ્લભાચાર્યજી દ્વારા મૂળભૂત રીતે કરવામાં આવ્યું છે. તેઓ **'દૈવોદ્ધારક પ્રયત્નાત્મા'** હોઈ તેમના પ્રાકટ્યનો આશય પુષ્ટિ જીવોના ઉદ્ધારનો હતો. તદર્થે તેમણે વેદાદિ ભગવત્શાસ્ત્રોના ગહન ચિંતનના ફળ સ્વરૂપે **'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'** નામે પોતાની દાર્શનીક વિચારધારા પ્રસ્તુત કરી છે અને અજ્ઞાન વશ, સંસારાસક્ત બનેલા પુષ્ટિ જીવોના ઉદ્ધાર માટે જે ભગવદ્ આજ્ઞાઓ **વેદ-ગીતા-ભાગવત્** આદિમાં સ્વયં ભગવાને કરેલી છે. તદનુસાર અને જે માર્ગને ગ્રહણ કરી સ્વયં ગોપીજનો એ **'પુષ્ટિભક્તિ'** દ્વારા ભગવદ્ પ્રાપ્તિરૂપ ફળ મેળવ્યું હતું, તેનો આધાર લઈ, **'પુષ્ટિ-સંપ્રદાય'**નું પ્રવર્તન કર્યું છે. પોતાના અવતાર કાળમાં તેમણે પ્રત્યક્ષમાં દૈવીજીવોને શોધી શોધી શરણે લીધા હતાં અને તેમને ભગવદ્ સ્વરૂપો સેવાર્થે પધરાવી **'કૃષ્ણસેવા સદાકાર્યા'** તેમજ **'સેવા રીત પ્રીત વ્રજજન કી'**નો ઉપદેશ આપ્યો હતો. તેનું અક્ષરસઃ પાલન કરી તે ભગવદીયો એ ભગવદ્ પ્રાપ્તિ કરી હતી. તેમના સ્વધામ પધાર્યા પછી તેમના પુત્ર શ્રી ગુંસાઈજીના હૃદયમાં બિરાજીને પણ તેમણે નિજજનોના ઉદ્ધારની પ્રક્રિયા ચાલુ રાખી હતી.

પરંતુ પોતાની ભૂતલ પર પ્રત્યક્ષ ઉપસ્થિતિના અભાવમાં પુષ્ટિજીવોના ઉદ્ધારનો વિચાર કરી તેમણે પોતાના સિદ્ધાંતો તેમજ પુષ્ટિજીવોના ઉદ્ધાર માટેની **આજ્ઞાઓ**-આદેશ-**ઉપદેશ**ને પોતાના ગ્રંથોમાં આલેખિત કર્યા છે. જે મૂલરૂપે તેમજ તેને સમજાવતાં તેમના અનુગામી પૂર્વાચાર્યોની ટીકા-પ્રવૃત્તિ ઈત્યાદિ આજે ઉપલબ્ધ છે. આ ગ્રંથોમાં **'પુષ્ટિ-સંપ્રદાયની ચો-સીમા'** તેમજ આ સંપ્રદાયને અનુસરવા ઈચ્છતા અનુયાયીઓ માટેની **'આચારસંહિતા'** સ્પષ્ટતાપૂર્વક કહેવામાં આવી છે. તેમાં કોઈ પ્રકારની સંદિગ્ધતા નથી, કારણ કે શ્રી વલ્લભચાર્યજી આ સંપ્રદાયના એક માત્ર ગુરુ છે. તેમના દ્વારા ઘડવામાં આવેલા સંવિધાન મુજબ જ આ સંપ્રદાય ચાલી શકે. બીજી રીતે કહીએ તો તેમણે પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતો અને પુષ્ટિ જીવન જીવવાની જે મર્યાદાઓ

તેમણે બતાવી છે, તે મુજબ અનુસરણ કરવામાં આવનાર સંપ્રદાયને જ **'પુષ્ટિ–સંપ્રદાય'** કહી શકાય. તેમના દ્વારા પ્રતિપાદિત કરેલ સૈદ્ધાંતિક ધારાધોરણમાં મનઘંડન ફેરફાર કરવાનો અધિકાર તેમની સૃષ્ટિમાં અર્થાત્ વલ્લભીય સૃષ્ટિના બંને અંગો–**'બિન્દુ સૃષ્ટિ'** તેમજ **'નાદ સૃષ્ટિ'**, વલ્લભ વંશજ આચાર્યો તથા અનુયાયી સેવકગણને હોઈ શકે નહીં.

ભારતના સંવિધાન મુજબ પ્રત્યેક નાગરિકને કેટલાક વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારો આપવામાં આવ્યા છે. તદનુસાર પ્રત્યેક જણ પોતાની રીતે પોતાના વિચારાનુસાર કોઈ ધર્મ કે સંપ્રદાયને પ્રવર્તિત કરવા સ્વતંત્ર હોઈ શકે. તે માટે કોઈ વિવાદ ન હોઈ શકે. પરંતુ કોઈ પણ પ્રચલિત ધર્મ કે સંપ્રદાયોના મૂળભુત માળખામાં, તેમના પ્રસ્થાપક ગુરુના આદેશ વિરુદ્ધ ફેરફાર કરવાનો કોઈને અધિકાર ન હોઈ શકે. આ વાત **પુષ્ટિ સંપ્રદાય**ને પણ એટલી જ લાગુ પડે છે. તદર્થ જે પણ ઉપક્રમો આયોજિત થતાં હોય જે મૂળાચાર્ય શ્રી મહાપ્રભુજીની વિચારધારાને સુસંગત ન હોય તો, તેને અન્ય કોઈ પણ સંપ્રદાયનું નામ આપી શકાય, પરંતુ તેને **'પુષ્ટિ સંપ્રદાય'**નું કે **'પુષ્ટિ માર્ગ'**નું નામ ન આપી શકાય, કે ન તો, તે નામથી તેને ઓળખી શકાય. તેમ છતાં અનેક વિપરીતતાઓ વર્તમાનમાં દૃશ્યમાં થઈ રહી છે, જે સમગ્ર વલ્લભીય સૃષ્ટિ દ્વારા આત્મચિંતન માંગી લે છે.

આ સમગ્ર ચિંતનનો હેતુ કોઈની આલોચના કરવાનો કે ટીકા/ટીપ્પણી કરવાનો નથી. પરંતુ પુષ્ટિ સંપ્રદાયના સામાન્ય અનુયાયી હોવાના નાતે અને આચાર્યોની કૃપાથી શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનું યત્કિંચિત અવલોકન કરતાં સંપ્રદાયની વર્તમાન પરિસ્થિતિ અને કેટલીક વિપરીત ગતિવિધિઓ પ્રવર્તિ રહી છે, તેનું યથાર્થ વિહંગાવલોકન સુજ્ઞ વલ્લભીય સૃષ્ટિ સમક્ષ પ્રસ્તુત કરી, તેમની સંવેદના જગાડવાનો નમ્ર પ્રયાસ છે. આ વિચારો મારા એકલના નથી, પરંતુ જે મહાનુભાવો/આચાર્યશ્રીઓ પુષ્ટિ સંપ્રદાયની સમગ્રતાનો અને તેના પ્રવર્તક મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના દાર્શનિક વિચારોની મહત્તા અને તેમના આશયથી અવગત છે, તેઓ પણ આ દૃષ્ટિકોણથી અવગત છે, ચિંતિત છે અને

તેમાં સુધારની અપેક્ષા રાખે છે, તે હકિકત, અત્રે પ્રસ્તુત કરવામાં આવેલો કેટલાક આચાર્યશ્રીઓના મંતવ્યો, પ્રતિભાવો, વૈચારિક ચિંતનોથી સ્પષ્ટપણે સમજી શકાય છે.

બે-ત્રણ વર્ષ પૂર્વે મુંબઈથી પ્રકાશિત જન્મભૂમિ દૈનિક પત્રમાં પણ એકાદ વર્ષ પર્યંત પુષ્ટિમાર્ગના વિવિધ પાસાઓને ઉજાગર કરતાં લેખોની શ્રુંખલા પ્રસિદ્ધ થઈ હતી, જે પુસ્તકાકારે પણ **'પુષ્ટિમાર્ગ-એક ચિંતન'**ના નામે શ્રીમતિ ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે.

માનવજીવનની ઉત્ક્રાંતિમાં અન્ય પ્રાણીઓની તુલનામાં મનુષ્યની 'વૈચારિક ક્ષમતા'એ મહત્વનો ફાળો આપ્યો છે. તદર્થ **'વિચારવું'**, **'To Think'**, એ વ્યક્તિ તેમજ સમાજની ઉર્દ્વગતિ માટે આવશ્યક છે અને તેથી ઈચ્છનીય છે. જ્ઞાન-પ્રાપ્તિના સાધન માટે **'શ્રવણ-મનન-નિદિધ્યાસન'**ના ક્રમને ઉપનિષદે પણ આવશ્યક માન્યું છે. જો સાંભળ્યા-વાંચ્યા પછી કોઈ બાબત વિશે મનન-ચિંતન કરવામાં ન આવે, અને તેને વગર વિચારે સ્વીકારી લેવામાં આવે તો તેમાં ક્યારેક અજ્ઞાનવશ અથવા પાખંડના કારણે પ્રવેશેલા પરિબળો, તેનું અનુકરણ કરનારને ગેરમાર્ગે દોરી શકે છે. તેથી સંભવતઃ મૂળ વિચારોનું તેમજ સિદ્ધાંતોનું જ્ઞાન મેળવવું તદ્‌વિષયક ચિંતન કરવું આવશ્યક ગણાય.

આ વાત **'પુષ્ટિ-સંપ્રદાય'** વિશે પણ ખરી ઉતરે છે. સંપ્રદાયના મૂળાચાર્ય શ્રીમહાપ્રભુજીએ અતિ ગંભીરતા પૂર્વક તેના અનુયાયીઓના ગંતવ્યને લક્ષમાં રાખી પોતાના સિદ્ધાંતોની સમજ આપી છે, એટલું જ નહીં પરંતુ તેના અનુસરણ માટે વ્યવહારીક ખુલાસાઓ પણ પોતાના ગ્રંથોમાં સ્પષ્ટપણે કર્યા છે. ઉદાહરણાર્થ **ષોડશગ્રંથના 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથમાં સ્વસિદ્ધાંતના નિરુપણ પૂર્વે 'બાલબોધ' ગ્રંથમાં સર્વસિદ્ધાંતોના સંગ્રહ રૂપ મોક્ષશાસ્ત્રોનું નિરુપણ કર્યુ છે, જેથી પુષ્ટિ જીવ ગુમરાહ ન થાય. પુષ્ટિ જીવો મોક્ષની કામના કરતાં નથી, તેમને તો 'ભગવાનેવ ફલમ્' અપેક્ષિત હોય છે**

અને તે ફળની પ્રાપ્તિ કરાવવી એ 'પુષ્ટિ સંપ્રદાય' પ્રવર્તિત કરવાનો શ્રી મહાપ્રભુજીનો ઉદ્દેશ્ય છે. તદનુસાર જ તેમણે પોતાના ગ્રંથોમાં પ્રત્યેક પહેલુઓના સ્પષ્ટપણે ખુલાસા કરેલા જોઈ શકાય છે. તેમ છતાં કાળક્રમે, ગ્રંથોના અધ્યયનના અભાવમાં અને વર્તમાનમાં બાહ્ય વિપરીત વાતાવરણની અસરમાં, તેમના મૂળભૂત નિર્દેશોને અવગણીને અનેક પ્રકારના મનઘડત રીતિ-રિવાજો સંપ્રદાયમાં પ્રવેશી ચુક્યા છે. તેણે ઉત્તરોત્તર આજે જાણે પુષ્ટિમાર્ગની પરંપરા હોય તેવું સ્વરુપ ધારણ કરી લીધું છે. તેથી **આજની નવી પેઢી તો જે જોઈ સાંભળી રહી છે, તેને જ 'પુષ્ટિ સંપ્રદાય'ની નીતિ રીતિ સમજી અનુસરણ કરવા પ્રેરાય તે સ્વાભાવિક છે.**

પરંતુ આવી પરિસ્થિતિ ઉદ્ભવવાની સંભાવના શ્રીમદાચાર્ય ચરણે સર્વજ્ઞ હોવાના કારણે પોતાના સમયમાં જ વિચારી લીધી હોવાનું પ્રમાણ તેમના **'કૃષ્ણાશ્રય ગ્રંથ'**માં જોઈ શકાય છે. **'પાખંડ પ્રચુરે લોકે'** જેવી સ્થિતિ આજે હકિકત બની ચૂકી છે. તદર્થ જ તેમણે પોતાના વસીયતનામા રુપ અંતિમ ગ્રંથ **'શિક્ષાશ્લોકી'**માં પોતાના પરિકરને તદ્વિષયક ચેતવણી પણ આપી છે જે અર્થચૂસક છે. આ સર્વે બાબત, જેઓ પુષ્ટિ સંપ્રદાયને અનુસરી પોતાના ઉદ્ધારની ખેવના રાખતા હોય તેને ગંભીરતાપૂર્વક આત્મચિંતન કરવાની આવશ્યકતા છે.

આ સમગ્ર ચિંતન માત્ર પુષ્ટિજીવો, જેમણે ભગવદ્ અનુગ્રહથી (અનુગ્રહ:પુષ્ટિમાર્ગે નિયામક) નિશ્ચયપૂર્વક શ્રી મહાપ્રભુજીને જ 'ગુરું' તરીકે સ્વીકારી તેમના આશ્રય કર્યો છે, અને તદર્થ વર્તમાન 'ગુરુદ્વાર' સ્વરુપ વલ્લભવંશજમાં તદ્વત ભાવ રાખી, તેમણે ચીંધેલા માર્ગને અપનાવી ભગવદ્ પ્રાપ્તિને પોતાનું લક્ષ બનાવ્યું છે, તેઓને અનુલક્ષીને છે.

ભગવાને ગીતામાં દૈવી-આસૂરી સૃષ્ટિ ઉત્પન્ન કર્યા હોવાની આજ્ઞા કરી છે. તદનુસાર શ્રી વલ્લભાચાર્યજી એ પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા તેમજ મિશ્ર સૃષ્ટિને સમજાવી છે. તેથી જેઓ બ્રહ્મસંબંધ કરે છે, હવેલીમાં દર્શનાર્થ જાય છે,

અથવા અન્ય કહેવાતા પુષ્ટિમાર્ગીય ઉપક્રમોમાં ભાગ લે છે, તે બધા જ 'પુષ્ટિ-જીવો' હોવા જરૂરી નથી. તેમાં મર્યાદા કે પ્રવાહી જીવોનો પણ સમાવેશ હોય છે અને તે સર્વની રુચિ ચુસ્તપણે શ્રી મહાપ્રભુજીની આજ્ઞાઓને અનુસરવાની હોતી નથી. તેઓમાં કેટલાક દેખાદેખી, સકામ હેતુથી, પોતાની પ્રતિષ્ઠા વધારવા કે એવા અનેક લૌકિક કારણોથી પણ પોતાનો પુષ્ટિમાર્ગીય હોવાનું માનતા હોય અથવા પ્રદર્શિત કરતાં હોય છે. તેવા લોકો માટે પુષ્ટિ-સંપ્રદાયના નામે જે કાંઈ ચાલી રહ્યું છે તે તેઓને મુબારક, આપણે અહીં તેના વિશે વાત કરી રહ્યા નથી. આજે ઘણી નવી હવેલીઓ શરૂ કરવામાં આવી રહી છે, અથવા જે શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોને સુસંગત નથી એવા અનેક ઉપક્રમો આયોજિત થઈ રહ્યા છે. તેના અધિકારી પુષ્ટિજીવોથી ભિન્ન અનેક પ્રકારના જીવો હોઈ શકે છે. તેઓ પણ ભગવાનની લીલા સૃષ્ટિના જ અંગભૂત છે. તેથી ન તો તે આપણો વિષય છે, ન આપણે તેની નિંદા કે આલોચના કરવાની આવશ્યકતા છે. તેથી આ ચિંતન તેઓને અનુલક્ષીને નથી.

થોડા વર્ષ પૂર્વે મુંબઈના એક જિનાલયમાં કેટલાક વલ્લભકુળ આચાર્યશ્રીઓની ઉપસ્થિતિમાં એક રાધા-કૃષ્ણની મૂર્તિની **ભાવ-પ્રતિષ્ઠા** કરવામાં આવેલી. સ્વાભાવિક પણે તેનો ઉદ્દેશ્ય પુષ્ટિ-જીવોના ઉત્કર્ષનો ન જ હોઈ શકે. કેટલાક હવેલીમાં જવાના અનેક ફાયદાઓ સામાજિક મિલન, વડિલોનો વિસામો, લૌકિક કામનાઓની પૂર્તિ પ્રયોજન જેવા કે પોતાના (કહેવાતા) દૈવી દ્રવ્યના વિનિયોગથી થતું સત્કાર્ય ઈત્યાદિ ગણાવતાં હોય છે. જે સ્થાન આવા બધા હેતુઓના દૃષ્ટિકોણથી અસ્તિત્વ ધરાવતું હોય કે તદર્થ નિર્મિત થતું હોય તે ચોક્કસપણે પુષ્ટિજીવો, જેમને શ્રી મહાપ્રભુજી **'ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ'**ની આજ્ઞા કરે છે, તેમની માટે ભક્તિનું સ્થાન ન હોઈ શકે. શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિજીવો માટે પોતાની **'શુદ્ધાદ્વૈત વિચારધારા'** અંતર્ગત **'પુષ્ટિમાર્ગ'**ને એક વિશિષ્ટ જીવન પ્રણાલી રૂપે પ્રસ્થાપિત કરી છે, જે ગોપીજનોએ, ૮૪-૨૫૨ ભગવદીયોએ અપનાવેલી હતી અને તેના દ્વારા તેમણે અપેક્ષિત ફલની પ્રાપ્તિ કરી હતી. વર્તમાનમાં પણ અનેક પુષ્ટિ-

મહાનુભાવો શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોને જીવી રહ્યા છે, તેનો આનંદ માણી રહ્યા છે.

વર્તમાનકાળમાં પ્રવર્તિત પરિસ્થિતિમાં જ્યાં અનેક પ્રકારની વિપરીતતાઓ જોવા મળે છે અને ક્યારેક સાચા–ખોટાનો ભેદ કરવો મુશ્કેલ થઈ જાય, તેવા સંજોગોમાં યથાર્થ માર્ગદર્શન મેળવવા શું કરવું જોઈએ ? એવા મનોમંથનના ફળ સ્વરૂપે આ ચિંતન સમગ્રપણે વલ્લભીય સૃષ્ટિના હિતમાં અને તેને અનુલક્ષીને પ્રસ્તુત કરવામાં આવ્યું છે. તેના બંને અંગો **'બિન્દુ સૃષ્ટિ'** જેઓની ઉપદેશકની ભૂમિકા છે, અને બીજી **'નાદ સૃષ્ટિ'** જેમણે શ્રી વલ્લભાચાર્યજીના ઉપદેશોનું અનુસરણું કરવાનું છે, તે બેઉને આ વિશે વિચાર કરવો જરૂરી છે. તેમ છતાં બિન્દુ સૃષ્ટિ, ગુરુદ્વાર રૂપે માર્ગદર્શક છે, તેઓ શ્રી મહાપ્રભુજીમાં વંશજ હોઈ આપણે માટે આદરણીય છે. **તેમને કર્તવ્યબોધ કરાવવાનો અહીં આશય નથી.** તે વિશે તેમણે સ્વયં વિચારવાનું છે. પરંતુ પ્રવર્તિત વર્તમાન પરિસ્થિતિમાં વલ્લભીય સૃષ્ટિનું બીજું અંગ, **પુષ્ટિ સંપ્રદાયના અનુયાયીઓનું શું કર્તવ્ય હોવું જોઈએ,** તે વિશેનું મુખ્યત્વે આ ચિંતન છે. તે 'નાદ સૃષ્ટિ'ની સમગ્રતાના દૃષ્ટિકોણથી તેમજ વ્યક્તિગત રીતે પ્રત્યેકે પોતાના હિતમાં તેનો વિચાર કરવો. જરૂરી બને છે. ગીતામાં ભગવાને કહ્યું છે : **'ઉદ્ધરેવાત્મનાત્માનં નાત્માનમવસાદયેત, આત્મૈવહ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ'** અર્થાત્ મનુષ્યે પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો જોઈએ. આત્માને અધોગતિએ ન લઈ જવો, કેમ કે, પોતે જ પોતાનો બંધુ છે અને પોતે જ પોતાનો શત્રુ છે.

આ માટેનું માર્ગદર્શન આપણને સ્વયં શ્રી મહાપ્રભુજીએ જ નિબંધ ગ્રંથના સર્વનિર્ણય પ્રકરણમાં સ્પષ્ટપણે આપેલું છે. તેની કારિકા (૨૨૬)માં તેઓએ સમજાવ્યું છે કે પુષ્ટિમાર્ગમાં ભગવદ્ કૃપાની જ પ્રાધાન્યતા હોવા છતાં **'ગુરુ'**ની માર્ગદર્શકરૂપે આવશ્યકતા રહેલી છે. જો ગુરુ હોવા અનિવાર્ય હોય તો આપણે કોને ગુરુ કરવા જોઈએ, તે પ્રશ્ન ઉદ્‌ભવે. તદર્થ, તેમણે કારિકા

(૨૨૭)માં 'ગુરુ'ના લક્ષણોનું નિરુપણ કર્યું છે. પોતાના **'કૃષ્ણ સેવા સદા કાર્યા'**ના સિદ્ધાંતને તેવા ગુરુ જ માર્ગદર્શન આપી શકે, જેઓ સ્વંય **'કૃષ્ણ સેવા પરાયણ'**, તેમજ શ્રી મહાપ્રભુજીના દાર્શનિક વિચારોને પ્રમાણ સહિત સમજાવવામાં સક્ષમ હોય. તેથી સર્વપ્રમાણોના સારરૂપ **'ભાગવતના મર્મજ્ઞ'** હોવું પણ ગુરુ માટે આવશ્યક છે. તદુપરાંત ગુરુ, કામ–ક્રોધ–લોભ–મોહ–દંભ ઈત્યાદિ વૃત્તિઓનો અભાવવાળા, સદાચારી હોવા પણ જરૂરી છે. પુષ્ટિ-સંપ્રદાયને અનુસરવા માર્ગદર્શક તરીકે તેમણે આવા ગુણોથી અલંકૃત ગુરુને શરણે જવાની આજ્ઞા કરી છે. તેમણે માત્ર પોતાના વંશજને જ 'ગુરુ' રૂપે સ્વીકારવાની કોઈ સ્પષ્ટ આજ્ઞા ન કરતાં, ગુરુમાં ઉપરોક્ત લક્ષણો હોવાની આવશ્યકતાનો કરેલો નિર્દેશ અર્થસૂચક જણાય છે. પોતાના વંશજને પણ ગુરુના રુપમાં સ્વીકારવા માટે એવા લક્ષણોની અનિવાર્ય તો નિર્દેશ અહીં જણાય છે.

આમ નિજવંશજને જ 'ગુરુ' તરીકે સ્વીકારવાના સ્વંય શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સ્પષ્ટ નિર્દેશના અભાવમાં આજની 'વલ્લભકુળ' માત્રને સહજરૂપે 'ગુરુ' તરીકે સ્વીકારવા વિશેની પ્રચલિત માન્યતા કેટલેક અંશે સંદિગ્ધ જણાય છે. તેમના ઉપરોક્ત કારિક (૨૨૭)ના વચન પ્રમાણે વલ્લભકુળ આચાર્યશ્રીઓ માટે પણ, આપશ્રીએ જે લક્ષણોનો નિર્દેશ કર્યો છે, તેને ધારણ કરવા આવશ્યક ગણાય, કારણ કે **તેમના પણ ગુરુ એવમ્ માર્ગદર્શક શ્રી મહાપ્રભુજી જ છે.** જે સિદ્ધાંતો–મૂલ્યો તેમણે પ્રતિપાદન કર્યા છે, સ્થાપિત કર્યા છે, તેને વહન કરવાની તેમજ નિભાવવાની, અને તદ્વિષયક અનુયાયી ગણને આગ્રહપૂર્વક પાલન કરાવવાની જવાબદારી વલ્લભકુળ આચાર્યશ્રીઓની છે. જો તેઓમાં ઉપરોક્ત લક્ષણોનો અભાવ હોય અને તેઓ સ્વયં તદનુસાર શ્રી મહાપ્રભુજીના નિર્દેશ મુજબ જો આચરણ ન કરતાં હોય તો તેમનું આચાર્ય પદજ અસંભાવિત બની જાય છે, કારણ કે કહ્યું છે – **'આચરતિ, આચરયતિ ચ ઈતિ આચાર્ય'**. તેમ છતાં તેઓ વલ્લભવંશજ હોવાના કારણે આદરણીય તથા વંદનીય ચોક્કસ હોઈ શકે, કારણ કે તે આદર

આપણે, શ્રી મહાપ્રભુજીને આપીએ છીએ.

સર્વોત્તમજીમાં શ્રી ગુંસાઈજીએ શ્રી મહાપ્રભુજીનું એક નામ **'સ્વવંશે સ્થાપિતાશેષ સ્વમાહાત્મ્ય'** આપ્યું. તદ્દ્વિષયક ખુલાસો અત્રે અગાઉ પૂ.પા.ગો.શ્રી ઈન્દિરાબેટીજી મહોદયાના વિધાનમાં કરેલ છે. તેમણે આ નામની સાર્થકતા સ્પષ્ટ પણ સમજાવી છે. ત્યાં પણ તેમણે આ નામની સાર્થકતા માટે શ્રી મહાપ્રભુજીના વચનોના આજ્ઞાપાલનની પૂર્વશરત વિશે ચોખવટ કરી છે. તદ્નુસાર સમજી શકાય છે કે પુષ્ટિ સંપ્રદાયને અનુસરવા શ્રી મહાપ્રભુજીનો દૃઢાશ્રય કરવો અનિવાર્ય છે અને તેનો અર્થ સ્પષ્ટપણે આમ થાય કે તેમની આજ્ઞાનું પાલન કરવું પ્રત્યેક અનુાયીય માટે આવશ્યક છે. જો આપણે જેમને ગુરુદ્વાર રૂપ સ્વીકાર્યા છે ને આચાર્યશ્રીની આજ્ઞા/માર્ગદર્શન, શ્રીમદાચાર્ય-ચરણોની આજ્ઞા સાથે સુસંગત હોય, ત્યારે જ શ્રી મહાપ્રભુજીનું આજ્ઞા પાલન કર્યું એમ કહી શકાય.

આ બાબત સમગ્ર વલ્લભીય સૃષ્ટિએ ગંભીરતાપૂર્વક વિચારવી આવશ્યક છે. કારણ કે આપણા આચરણની ફળદાયિતા, શ્રીમદાચાર્ય ચરણે જે નિર્દેશ આપ્યા છે તદનુસાર આપણા અનુસરણ કરવા પર નિર્ભય કરે છે. માટે તેમની આજ્ઞાવિષયક સાચું માર્ગદર્શન પ્રાપ્ત થવું પણ જરૂરી છે. ઉપરોક્ત કારિકાઓનો ખુલાસો સ્વયં શ્રી મહાપ્રભુજીએ તેના પ્રકાશમાં સ્પષ્ટતાપૂર્વક કર્યો છે, તેને લક્ષમાં લઈ અનુયાયી વર્ગે પોતાનો રાહ નક્કી કરવો જોઈએ.

અહીં એ વાતનો ખુલાસો કરવો જરૂરી છે કે **આ સમગ્ર ચિંતનનો આશય વર્તમાન શ્રી વલ્લભકુળ આચાર્યશ્રીઓનું અવમૂલ્યન કરવા કે તેમનામાં અશ્રદ્ધા પ્રગટાવવાનો બિલકુલ નથી.** આજે અનેક જાગરુક શ્રી વલ્લભકુળ આચાર્યો પુષ્ટિ સંપ્રદાયના અનુયાયીઓને પરંપરાગત રીતે શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતો અનુસાર માર્ગદર્શન આપી રહ્યા છે. પરંતુ જ્યાં પણ તેનાથી વિપરીત વ્યવહારો દૃષ્ટિ ગોચર થાય છે, અનેક પ્રકારના મનઘડંત ઉપક્રમો આયોજીત કરવામાં આવે છે, જેમની હકિકતમાં કોઈ ફળદાયિતા હોતી નથી અને તેનો હેતુ માત્ર અર્થોપાર્જનનો જ હોય છે, તે વિશે, અને તેવી પરિસ્થિતિમાં અનુયાયી

વર્ગે પોતાના ઉદ્ધારાર્થે શું કરવું જોઈએ, તેમજ શ્રીમદાચાર્ય ચરણની તદર્થ શું આજ્ઞા છે, તેનો નિર્દેશ કરવાનો અત્રે હેતુ રહેલો છે. તેથી આ સમગ્ર ચિંતનનું અર્થઘટન અન્યથા ન કરવું જોઈએ.

શ્રી મહાપ્રભુજીએ પોતે સર્વજ્ઞ હોવાના કારણે કદાચ આજના સમયના એંધાણને પારખીને વિચાર હશે કે, તેઓ જે 'આદર્શ ગુરુ'ના લક્ષણોનો નિર્દેશ કરી રહ્યા છે, તેવા ગુરુ ભવિષ્યમાં ઉપલબ્ધ ન થાય તો તેના અભાવમાં પુષ્ટિ જીવોનો ઉદ્ધાર કઈ રીતે સંભવ બને ? તે માટે તેમણે **'સર્વનિર્ણય નિબંધ'**ની કારિકા (૨૨૮)માં આજ્ઞા કરી છે કે **'તેવા સંજોગોમાં પુષ્ટિજીવે સ્વયં ભગવાન (કૃષ્ણ)ના સ્વરૂપને પધરાવી, તેમનામાં ''આ મારા સ્વામી છે'', તેવો ભાવ રાખી જાતે જ સેવાનો પ્રારંભ કરી દેવો જોઈએ.'** અહીં આપણે જોઈ શકીએ છીએ કે **'કૃષ્ણ સેવા સદાકાર્યા'**ના પોતાના **'સ્વ સિદ્ધાંત'**નો ઉલ્લેખ તેમણે પોતાના સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં કર્યો છે, તદનુસાર તે પાલનની આજ્ઞા કરી છે. અર્થાત્ **'કૃષ્ણ-સેવા'** એ પુષ્ટિ જીવનું મુખ્ય કર્તવ્ય છે, કારણ કે ભગવાનનો પુષ્ટિજીવોને ઉત્પન્ન કરવાનો તેજ ઉદ્દેશ્ય રહેલો છે.

શ્રી મહાપ્રભુજીએ સ્થાપેલ પુષ્ટિમાર્ગ કે **પુષ્ટિ સંપ્રદાય** એ વિશિષ્ટ પ્રકારનો ભક્તિમાર્ગ છે, જે 'મર્યાદમાર્ગ'થી વિલક્ષણ છે. ભગવદ્-કૃપા અને તદર્થ ભગવત્પ્રસન્નતા એ તેનું મહત્વનું અંગ છે. અનેક ગ્રંથોમાં તેમણે **'પુષ્ટિ ભક્તિ'**નો નિર્દેશ કર્યો છે. **ભક્તિવિધિની** ગ્રંથમાં તો સમગ્રપણે 'ભક્તિ'ની મીમાંસા તેમણે નિરુપિત કરી છે. ભગવાનના માહાત્મ્ય જ્ઞાન સાથે તેમનામાં સહજ પ્રીતિ, નિષ્કામ પ્રેમને જ તેમણે 'ભક્તિ'ની વ્યાખ્યા બતાવી છે. એવા નિવ્યાજ પ્રેમની અભિવ્યક્તિ એજ **'પુષ્ટિ-સેવા'**નું સ્વરુપ છે, જેનું વિસ્તારપૂર્વક વર્ણન તેમણે પોતાના **'સિદ્ધાંત મુક્તાવલી'** ગ્રંથમાં કર્યુ છે. તેમણે સમજાવ્યું છે કે **'તનુ-વિત્તજા'** સાધન રૂપ સેવા, દ્વારા જીવના અહંતા-મમતાનું સમર્પણ થાય છે. તે સેવા ઉત્તરોત્તર તે **'માનસી-સેવા'** રૂપે પરિણમિત થાય છે. તે દશામાં જીવના ચિત્તનો પ્રભુમાં નિરોધ થઈ જાય છે. તે જ

પુષ્ટિ ભક્તિનું પરમોચ્ચ ફલ છે.

શ્રી મહાપ્રભુજીનું લક્ષ પુષ્ટિજીવોને પરમોચ્ચ ફળની પ્રાપ્તિ કરાવવાનું છે. તેજ તેમના પ્રાક્ટયનો હેતુ રહેલો છે, જેનો અનેક ગ્રંથોમાં નિર્દેશ મળે છે. તે પરમ ફળના સ્વરુપનો ખુલાસો પણ તેમણે પોતાના 'પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા-ભેદ' ગ્રંથમાં **'ભગવાનેવ ફલમ્'** કહીને કર્યો છે. ભગવાનના અવતાર કાલમાં ગોપીજનોએ જેમને શ્રી મહાપ્રભુજી **'પુષ્ટિમાર્ગના ગુરુ'** તરીકે બિરદાવે છે, તેમણે 'પુષ્ટિમાર્ગ'નું અનુસરણ કરી કૃષ્ણને પ્રાપ્ત કરેલા, તેથી તે જ માર્ગને અનુસરવા તેમણે **'પુષ્ટિ-સંપ્રદાય'** પ્રવર્તિત કરી પુષ્ટિ જીવોને તદર્થ માર્ગદર્શન આપવા અનેક ગ્રંથોની રચના કરી છે. પુષ્ટિ જીવોના ઉદ્ધારનું કાર્ય તેમના પછી શ્રી ગુંસાઈજી સહિત અનુગામી આચાર્યોએ કર્યું છે, જે પરંપરા અદ્યપર્યંત ચાલી રહી છે.

શ્રી મહાપ્રભુજીએ વર્તમાન કાલની પરિસ્થિતિનું અનુમાન કરી યોગ્ય ગુરુના માર્ગદર્શનથી આ સંપ્રદાયનું પ્રવર્તન થતું રહે તેવી અપેક્ષા સેવવા છતાં અગર દેશ-કાળની વિપરીત પરિસ્થિતિ અનુસાર જો વિષમ સંજોગો ઉત્પન્ન થાય અને કાલ-પ્રવાહમાં બહિર્મુખતાના કારણે **'ગુરુ'**ના જેવા લક્ષણોની પોતે અપેક્ષા રાખે છે, તેવા ગુરુના અભાવમાં પુષ્ટિજીવે પોતાના ઉદ્ધાર માટે કેમ આચરણ કરવું જોઈએ, તેનો નિર્દેશ તેમણે ઉપરોક્ત **કારિકા (૨૨૮)**માં કરેલો જણાય છે.

પુષ્ટિ-સંપ્રદાયનું અનુસરણ કરી પોતાના ઉદ્ધારની કામના કરનાર પુષ્ટિ જીવે ઉપરોક્ત લક્ષણોથી વિભૂષિત વલ્લભકુળ આચાર્યશ્રીને પોતાના 'ગુરુદ્ધાર' રૂપે સ્વીકારી, સંપ્રદાયની પરંપરાગત રીતે બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા લઈ પોતાની રુચિ અનુસાર ભગવદ્ વિગ્રહ પધરાવી પુષ્ટિ-સંપ્રદાયની પરંપરાગત પદ્ધતિ અનુસાર-**'સેવા રીત પ્રિત વ્રજજન કી'**ને અનુલક્ષીને **'કૃષ્ણ-સેવા'**ને પોતાના જીવનનું અનિવાર્ય કર્તવ્ય બનાવવું જોઈએ.

તેમ છતાં વર્તમાન સમયના સંજોગોમાં જો એવું સૌભાગ્ય ના સાંપડે તો ભગવાન ગીતામાં કહે છે તેમ મનુષ્યે પોતે જ પોતાનો ઉદ્ધાર કરવા પ્રયત્નશીલ

બનવું જરૂરી છે. શ્રી મહાપ્રભુજીએ કરેલ આજ્ઞા મુજબ જીવના ઉદ્ધાર માટેના અનિવાર્ય કર્તવ્યરૂપ **'કૃષ્ણ-સેવા'**ના ઉપક્રમને નિભાવવા, પુષ્ટિ જીવે શ્રીમદાચાર્યચરણ ઉપરોક્ત કારિકા (૨૨૮)માં નિર્દેશ આપે છે, તે મુજબ સ્વયં **'ભગવદ્ સ્વરુપ'** પધરાવી પ્રમાણ ગ્રંથો દ્વારા માર્ગદર્શન મેળવી ભગવદ્ સેવા કરવી જોઈએ.

અહીં **'કૃષ્ણ સેવા સદા કાર્યા'**ના ઉપદેશને યથાર્થ રૂપે સમજી લેવો જરૂરી ગણાય. તે માટે બે બાબતો મહત્ત્વની છે. (૧) **'કૃષ્ણ'**ની સેવા અને (૨) **'સદા'** હંમેશા સતત કરવી. 'કૃષ્ણ સેવા'નું તાત્પર્ય શ્રી ગુંસાઈજીએ સમજાવ્યું છે કે કૃષ્ણ-સેવા **'સ્વતઃ પુરુષાર્થ'** છે, અર્થાત્ સાધન રુપ શ્રીકૃષ્ણની સેવા કરવાથી ફલરૂપે પણ **'કૃષ્ણ સેવા'** જ પ્રાપ્ત થાય છે. અહીં **સાધન** અને **ફલ**ની એકરુપતા છે. આવું સામર્થ્ય ભગવાન શ્રીકૃષ્ણનું જ છે અને તેથી જ શ્રી મહાપ્રભુજીએ જીવના ઉદ્ધાર માટે **'કૃષ્ણ-સેવા'**નો ઉપદેશ કર્યો છે. 'સદા' શબ્દથી તેમનું તાત્પર્ય છે કે જો કૃષ્ણને મેળવવા એ જીવનનું 'લક્ષ' હોય તો તેમનું ચિંતન સતત કરતાં રહેવું જોઈએ. જીવનના પ્રત્યેક પહેલું માં **'કૃષ્ણ'** વણાઈ જવા જોઈએ. આપણી પ્રત્યેક પ્રવૃત્તિમાં 'કૃષ્ણ' કેન્દ્ર સ્થાને હોવા જોઈએ. પુષ્ટિમાર્ગની વિશેષતા જ એ છે કે ગૃહસ્થાશ્રમને નિભાવવા છતાં તેનો હેતુ, તે પ્રત્યેનો દૃષ્ટિકોણમાં માત્ર બદલવાની આવશ્યકતા હોય છે. જીવનની ક્રિયા તે જ રહે છે, જ્યારે ક્રિયાનો આશય 'કૃષ્ણની પ્રસન્નતા' હોવો જોઈએ. જો આ બંને તાત્પર્યને આપણે સમજી લઈએ તો શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનું યથાર્થ પાલન થઈ શકે અને તે જ આપણા ઉદ્ધારનું સાધન સિદ્ધ થાય.

શ્રી મહાપ્રભુજીએ ક્યાંય 'કૃષ્ણ સેવા'ને કોઈ પણ પ્રકારે કોઈ ચોક્કસ પરિમાણમાં મર્યાદિત કરી નથી. **'સ્વધર્માચરણ શક્યાત્'** કહી તેમણે આપણી મર્યાદાઓનો સ્વીકાર કર્યો છે. જ્યાં સુધી દેહાભિમાન ન છુટે ત્યાં સુધી વર્ણાશ્રમધર્મને સ્વધર્મ તરીકે સ્વીકારી તેના પાલનની પણ આજ્ઞા તેમણે કરી

છે. શ્રીકૃષ્ણ સાથેનો તાદાત્મ્ય સંબંધ, તેમનામાં આપણા ચિત્તની પ્રવણતાં જ આપણને ફળદશાની પ્રાપ્તિ કરાવે છે. કૃષ્ણ સાથેનો આત્મીય સંબંધ, વ્યક્તિગત રૂપે ઘનીષ્ટ સંબંધ સ્થપાય તે માટે જ તેઓ ભક્તિવર્ધિની ગ્રંથમાં **'ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ'**ની આજ્ઞા કરે છે. કૃષ્ણ સાથેનો 'વન ટુ વન' સંબંધ ત્યારે જ સ્થપાઈ શકે છે જ્યારે તે આપણા ઘરમાં બિરાજતા હોય, આપણે તેની સાથે રહેતા હોઈએ, તેની સાથેની પરસ્પર નિર્ભરતા સ્થપાઈ હોય. માટે જ શ્રી મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે- **ભગવાન સહિત ભગવાનની સેવા માટે અથવા ભગવદ્ કાર્ય માટે ગૃહમાં સ્થિતિ હોવી ઉચિત છે. કે સિવાય ગૃહમાં રહેવાનું અન્ય પ્રયોજન ન હોવું જોઈએ.** (સુ.૩.૧૨) શ્રી મહાપ્રભુજીના ગ્રંથોના ઉંડાણપૂર્વકના અધ્યયનથી આપણે સમજી શકીએ છીએ કે તેમણે પુષ્ટિજીવના ગૃહસ્થ જીવનની મર્યાદાઓનો સંપૂર્ણપણે સ્વીકાર કરીને તેના ઉદ્ધાર વિષયક ખુલાસા પોતાના ગ્રંથોમાં કર્યા છે. **'કૃષ્ણ સેવા સદા કાર્યા'**ની આજ્ઞા સાથે ગૃહસ્થ જીવન નિભાવવા વ્યાવૃત્તિની આવશ્યકતાને લક્ષમાં લઈ તેમણે સર્વનિર્ણય પ્રકરણમાં સ્પષ્ટપણે નિર્દેશ કર્યો છે કે આજીવિકાની અન્ય વ્યવસ્થાના અભાવમાં એક પ્રહર ભગવદ્ સેવા કરી બાકીના સમયમાં શાસ્ત્ર સંમત ઉપાયો દ્વારા દ્રવ્યોપાર્જન કરવું. સાથે ભગવદ્ અનુસંધાન ન છુટે તે માટે સતત ભગવદ્ સ્મરણ કરતાં રહેવું જોઈએ.' (સ.નિ. ૨૩૨)

પુષ્ટિ સંપ્રદાયનું અનુસરણ કરવા પુષ્ટિ જીવને માટે, શ્રી મહાપ્રભુજી એ પોતાના અનેક ગ્રંથોમાં માર્ગદર્શક ઉપદેશો આપેલા છે. ષોડશ ગ્રંથોને તો **'સાધનગ્રંથ'** જ કહેવાય છે, કારણ કે ફલરૂપ ભગવદ્-પ્રાપ્તિ માટે આવશ્યક સાધનોનો તેમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. આ માર્ગ પર ચાલવામાં, તેમના સેવકોને પડેલી મુશ્કેલીઓનું નિરાકરણ તેમણે આ ગ્રંથોમાં કર્યું છે. પુષ્ટિ જીવનો ધર્મ શું તે સમજાવવા કહે છે – **'સર્વદા સર્વ ભાવેન ભજનિયો વ્રજાધિપઃ'**. અંતિમ પુરુષાર્થ બતાવતાં તેઓ આજ્ઞા કરે છે **'સ્મરણં**

ભજનંચાપિ ન ત્યાજમ્'. ચિંતા નિવૃત્તિ માટેના ઉપાય માટે કહે છે કે **'ભગવાનપિ પુષ્ટિસ્થ ન કરીષ્યતિ લૌકિકી ચ ગતિમ્'** તદર્થ પુષ્ટિજીવનું કર્તવ્ય છે–**'તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમઃ'** ઘણીવાર લૌકિક બાધાઓના કારણે આપણે વિચલિત થઈ જતાં હોઈએ છીએ. તેથી તેઓ સનાતન સત્યનો નિર્દેશ કરતાં કહે છે – **'નિજેચ્છાતઃ કરિષ્યતિ'**. પ્રભુ પોતાની ઈચ્છા મુજબ જ સર્વ કાંઈ કરે છે માટે આવી પડેલા દુઃખો ધૈર્યપૂર્વક સહન કર્યા સિવાય અન્ય ઉપાય જ નથી. તેથી કહે છે – **'ત્રિદુઃખ સહનં ધૈર્યમ્'** તે ત્યારે જ બની શકે જો આપણો ભગવાનમાં દૃઢાશ્રય હોય. તેનું કારણ સમજાવતાં કહે છે – **''પ્રભુ સર્વ સમર્થો હિ તતો નિશ્ચંતતાં વ્રજેત્''**. માટે જ કહે છે – **''અવિશ્વાસો ન કર્તવ્યોઃ''**

પુષ્ટિ–જીવન જીવવા માટેના આવા અનેકાનેક માર્ગદર્શક ઉપાયો શ્રી મહાપ્રભુજીએ પોતાના ગ્રંથોમાં સુચવ્યા છે. આવશ્યકતા છે, તેને જાણવાની તેને સમજવાની, તેને જીવનમાં ઉતારવાની. તદર્થ શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનું અધ્યયન કરવું આવશ્યક જ નહીં, અનિવાર્ય ગણાય. આજની વિષમ પરિસ્થિતિમાં જો યોગ્ય માર્ગદર્શન ગુરુદ્વારેથી પ્રાપ્ત થતું ન હોય તો, તે મળી શકે છે–માત્ર આપણા આદ્ય ગુરુ શ્રી વલ્લભાચાર્યજી પાસેથી. તેમની શરણાગતિ સ્વીકારવાથી તેમનામાં આપણો આશ્રય ત્યારે જ સિદ્ધ થઈ શકે, જો આપણે તેમની આજ્ઞાઓનું અક્ષરશઃ પાલન કરીએ.

ઉપસંહાર :

આ સમગ્ર ચિંતનનો મૂલભૂત હેતુ પુષ્ટિ સંપ્રદાયનું મહત્વ તેની યથાર્થતા, તેના સ્થાપક પ્રવર્તક શ્રી વલ્લભાચાર્યજીનો તદ્વિષયક પુષ્ટિ જીવોના ઉદ્ધારનો હેતુ અને તેની પરિપૂર્તિ માટે આવશ્યક તેમણે પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતો તેમજ તંદતર્ગત તેમણે સૂચવેલી સાધના પ્રણાલી ઈત્યાદિનો વિચાર કરી તદર્થ તેમની–વલ્લભીય સૃષ્ટિના બંને અંગો 'બિન્દુ સૃષ્ટિ' રુપ તેમના વંશજ આચાર્યશ્રીઓ અને 'નાદ સૃષ્ટિ' રૂપ આ સંપ્રદાયના અનુયાયીઓના કર્તવ્યના

લેખાજોખામાં કરવાનું છે. જો તે વિશે આપણે જાગ્રત બનીએ તો શ્રી મહાપ્રભુજીના પ્રાકટ્યનો ઉદ્દેશ્ય પાર પાડી શકે, તેમજ ભગવાને ઉત્પન્ન કરેલી **'પુષ્ટિ સૃષ્ટિ'**ની સાર્થકતા સમજી શકાય.

જે વલ્લભીયજનોનું ભગવાને અનુગ્રહપૂર્વક પુષ્ટિજીવ તરીકે વરણ કરી પુષ્ટિમાર્ગમાં પ્રવેશ આપ્યો છે અને જેમનો ઉદ્ધાર, શ્રી મહાપ્રભુજીએ સમજાવ્યું છે તેમ, ભગવાને પોતાના સ્વરૂપથી કરવા ઈચ્છ્યું છે, તેમને માટે ભગવદ્ **સેવા-સ્મરણ-શરણાગતિ** ઈત્યાદિ ઉપક્રમ અનિવાર્ય છે. તેઓ વર્તમાનમાં વિપરીત દેશ-કાળની પરિસ્થિતિમાં પણ પોતાના લક્ષની પ્રાપ્તિ કરી શકે તે માટે શ્રીમદાચાર્યચરણે પોતે **'ગુરુ'** હોવાના કારણે પોતાના ગ્રંથો દ્વારા વિસ્તારપૂર્વક માર્ગદર્શન આપ્યું છે. જો પુષ્ટિજીવ તદનુસાર તે સિદ્ધાંતોનું પાલન ન કરે, તે મુજબ પોતાનો જીવન વ્યવહાર ન કરી તેમની અવજ્ઞા કરે અને પોતાનું લક્ષ સિદ્ધ કરવામાં ઉદાસીન રહે તો તે અવશ્ય **'ગુરુદ્રોહ'**નો અપરાધી કહેવાય. ભગવદ્ કૃપાથી પ્રાપ્ત થયેલ, આ માનવદેહ અને માનવ જીવન તેનું વેડફાઈ જાય.

સાચે જ જેઓ આ જગતમાં પોતાના ઉદ્ધાર માટે સજાગ હોય, પોતાને શ્રમદ્ વલ્લભાચાર્યજી રુપ ગુરુ પ્રાપ્ત થવા બદલ પોતાને સૌભાગ્યશાળી માનતા હોય, જેઓ પોતાને વલ્લભીય સૃષ્ટિના અભિન્નપણે અંગભૂત હોવાનું ગૌરવ અનુભવતા હોય, તેઓને માટે આ આત્મચિંતન અનિવાર્ય ગણાય.

આ ચિંતનની ફલશ્રુતિ રુપે વિચારીએ તો ત્રણ વિકલ્પો આપણે જોઈ શકીએ છીએ.

(૧) જો વર્તમાન પરિસ્થિતિની જમીની હકિકત અને તદર્થ ઉદ્ભવેલી સમસ્યાનો વિચાર કરીએ તો વલ્લભીય સૃષ્ટિએ સમગ્રપણે, તેના બંને અંગોએ ગંભીરતાપૂર્વક આત્મચિંતન કરી આજે જે વિપરિતતાઓ, અસંગતિઓ, અર્થીદિન ગતિવિધીઓ સંપ્રદાયમાં સમાવિષ્ટ થઈ ગઈ છે અને પરંપરાનું રુપ ધારણ કરી રહી છે તે વિશે સૌએ સાથે મળી સંશોધન કરી તેને દૂર કરવાનો, સુધારવાનો, સહિયારો પ્રયાસ કરવો જોઈએ. આ વિશે શ્રી વલ્લભકુળ

આચાર્યશ્રીઓએ અગાઉ કહ્યું તમે જે બાબતો વિશે પૂ.પા.ગો.શ્રી ઈન્દિરાબેટીજી મહોદયાએ આત્મચિંતન વિશે જે નિર્દેશ કર્યો છે. નિ.લી.ગો.શ્રી પ્રથમેશજી મહારાજ શ્રીના સ્મૃતિ ગ્રંથમાં સંપ્રદાયની ગતિવિધીઓને અનુલક્ષીને જે મનોમંથન અભિવ્યક્ત થયું છે અને અન્ય આચાર્યશ્રીઓના મહાનુભાવોના જે મંતવ્યો રજૂ થયેલા છે, તે સમગ્ર બાબતોનો વિચાર કરી આપસમાં સંગઠીત થઈ તેનું નિરાકરણ કરવું જોઈએ, જેથી અનુયાયી વર્ગને સાચું સચોટ અને સમાન માર્ગદર્શન મળી રહે, જે માર્ગને અનુસરવામાં સહાયભૂત બને અને આજે જે પ્રવર્તિત છે તેવી ભ્રમિત દશા ન રહે. આમ જો થઈ શકશે તો શ્રી મહાપ્રભુજી દ્વારા સ્થાપિત પુષ્ટિ–સંપ્રદાયનું માળખુ યથાવત્ જળવાઈ રહેશે, જે સર્વના હિતમાં છે.

પરંતુ સંપ્રદાયમાં સર્વે આચાર્યશ્રીઓ સ્વયં જ શ્રી વલ્લભ છે તેવી માન્યતા પ્રવર્તી રહી છે, તેમનું પણ કોઈ સંગઠીત સ્વરુપ અસ્તિત્વ ધરાવતું નથી અને તેથી તેમાં વિચારોની એકરુપતા નથી, પરંતુ અનેક મતમતાંતરો પ્રવર્તે છે એ હકિકત છે. તેના કારણે પ્રત્યેક પોતપોતાના વિચાર અનુસાર, જેને તેઓ પોતાની સૃષ્ટિ ગણે છે, તેમને માર્ગદર્શન આપે છે અને તે મુજબ પ્રત્યેક અનુયાયી પોતાના ગુરુને અનુસરી રહ્યો હોવાનો અહં પોષે છે.

આ પ્રકારની પ્રવર્તિત સ્થિતિમાં–

(૨) **બીજો વિકલ્પ** અનુયાયી વર્ગના સંગઠીત પ્રયાસનો હોઈ શકે છે. વાસ્તવમાં પુષ્ટિમાર્ગના એક માત્ર ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી છે જે શ્રી પુરુષોત્તમજી આદિના વચનોથી સિદ્ધ છે અને તેથી તેમના વચન જ આ માર્ગને અનુસરવા માટે પ્રમાણ છે. સર્વે વલ્લભકુળ આચાર્યશ્રીઓ 'ગુરુદ્વાર' રૂપે, તેમના પ્રતિનિધિના રુપે જ વર્તમાનમાં સંપ્રદાયને વહન કરે છે, જેને માટે અનુયાયી વર્ગનું પણ એટલું જ ઉત્તરદાયિત્વ છે. શ્રીમદાચાર્ય ચરણે પોતાના સેવક દામોદરદાસ હરસાનીજીને કરેલી આજ્ઞા **''દમલા, યહ માર્ગ મૈંને તેરે લીયે, પ્રકટ કીયો હૈ,''** સારગર્ભિત અને સૂચક જણાય છે. સંપ્રદાયની 'બિન્દુ સૃષ્ટિ' વલ્લવંશજ આચાર્યશ્રીઓનો ઉદ્ધાર તો તેમના વિશેષ અનુગ્રહ તેમજ

તેઓ વંશજ હોવાના કારણે સંભવ બની શકે છે, પરંતુ પુષ્ટિજીવો જે ભગવાનના અંશ હોવા છતાં સ્વરુપ વિસ્મૃતિના કારણે ભૂતલ ઉપર આવ્યા પછી સંસારાસક્ત બનેલા છે, તેઓના ઉદ્ધારને અનુલક્ષીને શ્રી મહાપ્રભુજીએ આ પુષ્ટિ–સંપ્રદાય પ્રકટ કર્યો–પ્રવર્તિત કર્યો છે એટલું જ નહીં, પરંતુ તેમના માર્ગદર્શન માટે અનેક ગ્રંથોનું આલેખન પણ કરી આ માર્ગની રીતિ–નીતિ સમજાવી છે. તે પછી તેમના અનુયાયી આચાર્યોએ પણ શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતો, તેમના વચનોની ગહનતાને ઉજાગર કરવા અનેક શિક્ષાપ્રદ ગ્રંથોની રચના કરી છે, જે કોઈ પુષ્ટિ જીવ આ સંપ્રદાયને અનુસરવા ઈચ્છે, તેને આ ગ્રંથો માર્ગદર્શકની ભૂમિકા ભજવી શકે છે.

તદર્થ સમસ્ત અનુયાયી વર્ગે પણ સંગઠીત થઈ સંપ્રદાયને વહન કરવાના પોતાના ઉત્તરદાયીત્વને સમજી નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવા જોઈએ, એવી વ્યવસ્થાઓ ઊભી કરી જોઈએ કે જેથી જે કોઈ પુષ્ટિજીવ કોઈ પણ નિમિત્તથી આ સંપ્રદાય સાથે જોડાયેલ હોય, ચાહે તે કોઈ ભગવદીયને ત્યાં જન્મ લેવાથી, કોઈ ભગવદીય કે સદ્ગુરુ આચાર્યના સંગ/સાંનિધ્યના કારણે કે કોઈપણ અન્ય રીતે હોય અને જે પુષ્ટિ સંપ્રદાયને વિશેષ રૂપે જાણવા માંગતો હોય, શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનું અધ્યયન કરી, તેનું અનુસરણ કરી પોતાનો ઉદ્ધાર કરવા પ્રયાસ કરવા ઈચ્છતો હોય તેને આવશ્યક માર્ગદર્શન મળી શકે તેવું સંગઠીકત વાતાવરણ ઉભું કરવું સમગ્ર **'વલ્લભીય સૃષ્ટિ'**નું ઉત્તરદાયિત્વ ગણાય.

વાસ્તવમાં એક સૈકા પૂર્વે પણ આવી વિચારસરણી પ્રવર્તિતી હતી. ત્યારે સમગ્ર વલ્લભીય સૃષ્ટિના બંને અંગોએ મળી આ આપસમાં સહિયારો પ્રયાસ કર્યો હતો, અને પુષ્ટિ સંપ્રદાયની એક વિશિષ્ટ સંસ્થા સ્થાપી હતી. ઘણા વર્ષો પર્યંત એક વલ્લભકુળ આચાર્યશ્રીનું સબળ નેતૃત્વ પણ તેને પ્રાપ્ત થયેલું. તેમણે આ સંસ્થાની એક ચોક્કસ દિશા આપવાનો પ્રયાસ પણ કરેલો જે ઐતિહાસિક તથ્યોથી વર્તાય છે. તેમ છતાં ભૂતકાળમાં થઈ ગયેલ મૂર્ધન્ય વિદ્વાન **ગો.વા.શ્રી મગનલાલ શાસ્ત્રી** તેમજ **પ.ભ.શ્રી વાડીલાલ નગીનદાસ**

(3)

વલ્લભીયજનો,
જરા વિચારો !

માર્ગમાં પ્રવૃત્ત થઈ આગળ વધવું જોઈએ. 'પુષ્ટિમાર્ગ' માત્ર તેમાં સ્થિતિ બનાવી રાખવાનું સ્થાન ન હોઈશકે, પરંતુ પોતાના લક્ષ તરફ પ્રસ્થાન કરવાનું તે માધ્યમ છે. આ માર્ગે ચાલી પુષ્ટિજીવે ભગવદ્ પ્રાપ્તિનું લક્ષ સિદ્ધ કરવાનું છે. તદર્થ સ્વયં શ્રીમહાપ્રભુજીએ કેવા ગુરુનું માર્ગદર્શન મેળવવું જોઈએ તેનો નિર્દેશ આપેલો જ છે. તેવા માર્ગદર્શકના અભાવમાં **'કૃષ્ણ સેવા સદા કાર્યા'**ના તેમના સિદ્ધાંતને અનુસરવા અનુયાયીએ સ્વયં જ પ્રયત્નપૂર્વક તેમના ગ્રંથોનું અધ્યયન કરી તેમની આજ્ઞાઓનું પાલન કરવા તત્પર બનવું જોઈએ. ભગવદ્ કૃપાથી અને અનેક આચાર્યો/મહાનુભાવોના ભગીરથ પ્રયાસથી આજે શ્રી મહાપ્રભુજીના તેમજ પૂર્વાચાર્યોના ગ્રંથોના અનુવાદ ઉપલબ્ધ છે અને આજના ઈન્ટરનેટના જમાનામાં તે સર્વ માહિતી આંગળીના સ્પર્શ માત્રથી ઉપલબ્ધ છે. **આવશ્યકતા છે–શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર તેમણે પ્રસ્થાપિત કરેલ સંપ્રદાયને અનુસરવાના દઢ સંકલ્પની, અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરવા માટેના મક્કમ મનોબળની, તેમનો દઢાશ્રય રાખી સૌ કોઈ પોતાના કલ્યાણનું ચિંતન જો કરે તો ભગવાન ગીતામાં કહે છે 'નહિ કલ્યાણકૃતકશ્ચિદ્ દુર્ગતિ તાત ગચ્છતિ'** (૬/૪૦) કોઈકે સાચું કહ્યું છે : **'બદલાવ લાને કે લીયે સ્વયં કો બદલ !'** પ્રત્યેક વલ્લભીયજન પોતાનામાં પરિવર્તન લાવવા પ્રયત્નશીલ બનેતો સમગ્ર **'વલ્લભીય સૃષ્ટિ'**માં પરિવર્તન અપને આપ જ આવી જશે. અંતમાં તો–

'બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદ પદ્મમ્ પ્રસીદતુ !'

◆

શાહ જેવા નિષ્ઠાવાન સંપ્રદાયના અનુયાયીઓના અભાવમાં વર્તમાનમાં આંતરરાષ્ટ્રિય નામાભિધાન પામેલી આવી સંસ્થા સ્વયં જ એક વિઘટીત અવસ્થામાં હોવાનું વર્તાઈ રહ્યું છે. ન તો તેના દ્વારા કોઈ પ્રશિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે, ન તેનું સુચારુ રુપ ચાલતુ વ્યવસ્થાપકીય તંત્ર અસ્તિત્વ ધરાવે છે. આને સંપ્રદાયનું દુર્દૈવ જ લેખી શકાય.

આવા સંગઠનના અભાવનું બીજં પણ એક કારણ એ છે કે **આજે વલ્લભીય સૃષ્ટિ અનેક આચાર્યોની સૃષ્ટિઓના રૂપે વહેંચાયેલી છે.** સર્વે વલ્લભીયજનોના ગુરુ માત્ર શ્રીવલ્લભાચાર્જી હોવા છતાં અને તે સૌ તેમની જ સૃષ્ટિના અંગભૂત હોવા છતાં, જે તે ગુરુદ્વાર રુપ વલ્લભકુળ આચાર્યો દ્વારા બ્રહ્મસંબંધની દીક્ષા પ્રાપ્ત થતાં, પ્રત્યેક અનુયાયી પોતાના દીક્ષાદાતા આચાર્યશ્રીને જ ગુરુ રૂપે સ્વીકારવાની માનસીકતા દૃઢ થયેલી છે. આના પરિણામ સ્વરૂપે પુષ્ટિ સંપ્રદાયમાં અનેક સૃષ્ટિઓ અસ્તિત્વ ધરાવે છે. જેઓ પોતાના દીક્ષાદાતા આચાર્યને ગુરુ રુપે માનતા હોઈ તેમની આજ્ઞાનુસાર અનુસરણ કરતાં હોય છે. તેના કારણે કોઈ પણ મુદ્દા ઉપર વિભિન્ન આચાર્યો ભિન્ન ભિન્ન આજ્ઞાઓ પ્રવર્તે છે, જે ક્યારેક શ્રી મહાપ્રભુજીના વચનોથી સુસંગત હોતી નથી. આમ વલ્લભીજનો વિભાજીત હોવાના કારણે તે સૌની નિષ્ઠા આદ્યગુરુ શ્રીમદાચાર્યચરણથી વિશેષ પોતાના દીક્ષાદાતામાં ગુરુમાં હોવાથી સમસ્ત વલ્લભીયજનોનું એક છત્ર સંગઠન પણ કદાચ **'આકાશકુસુમવત્ત્'** અસંભવિત જ જણાય છે.

(૩) **આવી વિષમ પરિસ્થિતિમાં પ્રત્યેક પુષ્ટિ જીવે પોતાનો વિચાર કરવો જરૂરી છે. ભગવાન ગીતાજીમાં કહે છે 'ઉદ્ધરેવાત્મનાત્માનં, નાત્મનમવસાદયેત આત્મૈવહ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ'** અર્થાત્ **'પ્રત્યેક મનુષ્ય પોતે જ પોતાનો મિત્ર અને શત્રુ હોઈ પોતાનો ઉદ્ધાર કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ, અધોગતિ થવા દેવી ન જોઈએ.'** ભગવદ્ કૃપાથી યોગ્ય ગુરુદ્વાર રુપ માર્ગદર્શકની નિશ્રા પ્રાપ્ત થાય તેને સૌભાગ્ય માની આ

3

વલ્લભીયજનો, જરા વિચારો !

આપણે જાણીએ છીએ કે ધર્મમાં **'શ્રદ્ધા'**નું અતિ મહત્વ છે. વાસ્તવમાં શ્રદ્ધા અને વિશ્વાસ જ ફલિત થતાં હોય છે. તેના કારણે જ શંકા–કુશંકા ન કરવી જોઈએ તેમ કહેવામાં આવે છે. પરંતુ કોઈ પણ વાત હોય તેને પૂરેપૂરી જાણવાની જિજ્ઞાસા હોવી તો આવશ્યક ગણાય. વિના સમજે જો કોઈ વાત ગ્રહણ કરી લેવામાં આવે તો, શું તેને **'અંધશ્રદ્ધા'** ન કહેવાય ? આપણે પ્રત્યેક બાબતમાં તર્ક ભલે ન કરીએ, પરંતુ તે વિશે બુદ્ધિપૂર્વક સમજવાની જરૂરિયાતને નકારી ન શકાય. ખાસ કરીને આજના યુગમાં જ્યાં શ્રી મહાપ્રભુજી સ્વયં કહે છે **'પાખંડ પ્રચુરે લોકે:'**. તેથી જ તો તેમણે કૃષ્ણ સેવાની પૂર્વ શરત રૂપે **'શાસ્ત્રમ અવગત્ય'** કહ્યું છે, જેથી આપણે ક્યાંક ભટકી ન જઈએ. સેવાના નામે કાંઈ અગડં બગડં ન કરીએ. શાસ્ત્ર અર્થાત્ ગ્રંથોને સમજ્યા વિના આપણે સાચા ખોટાનો વિવેક કેવી રીતે કરી શકીએ ?

શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતો મનઘડંત નથી, તે શાસ્ત્ર સમંત છે. જો આપણે કોઈ ક્રિયા તેના તાત્પર્યને સમજીને કરીએ તો તેમાં આપણી નિષ્ઠા બને, વધે અને તોજ તે ક્રિયા ફલીભૂત થઈ શકે, કારણ કે સ્વયં શ્રી મહાપ્રભુજી કહે છે : **'નિષ્ઠાના અભાવમાં કોઈ ફલ પ્રાપ્તિ થઈ શકતી નથી.'**

કોઈપણ વાતમાં તર્ક ન કરવો, તેમ વિચારવું પણ બરાબર નથી. શંકરાચાર્યજી એ બ્રહ્મસૂત્રોને **'ન્યાય પ્રસ્થાન'** બતાવ્યું છે. ન્યાય શાસ્ત્ર તર્ક આધારિત છે. તેના દ્વારા સત્ય સુધી પહોંચી શકાય છે. તદર્થ શ્રી મહાપ્રભુજીએ અને અન્ય પૂર્વાચાર્યોએ બ્રહ્મસૂત્રો પર **'ભાષ્ય'**ની રચનાઓ કરી છે, તેમાં તર્ક

મુખ્ય અંગ છે. પ્રત્યેક આચાર્યો–પૂર્વાચાર્યોના તેમજ વિવિધ દર્શનોના વિદ્યાનોને **‘પૂર્વપક્ષ’** રુપે ટાંકી, તેનું ખંડન–મંડન તર્ક દ્વારા જ કર્યું છે અને શાસ્ત્રોની **‘સંગતિ’**ના પ્રમાણ રજૂ કરી પોતાનો મત **‘ઉત્તરપક્ષ’** રૂપે પોતાનો સિદ્ધાંત બતાવ્યો છે. જો કે કુતર્ક ટાળવો જોઈએ, એ વાત સાચી છે. જ્યારે આપણે કોઈપણ બાબત વિશે તર્ક કરીએ ત્યારે તેની વિપરિતતાના પરિણામની પણ સ્પષ્ટ શબ્દોમાં રજૂઆત કરવી આવશ્યક ગણાય.

આજે અનેક પ્રકારની ગતિવિધીઓ, ઉપક્રમો, પુષ્ટિ સંપ્રદાયમાં વર્તમાનમાં પ્રચલિત થયેલા છે, જે કદાચ શ્રી મહાપ્રભુજીના મૂલ સિદ્ધાંતો સાથે સુસંગત હોતા નથી. માત્ર અંધશ્રદ્ધાથી તેને સ્વીકારી લેવામાં આવતાં હોય છે, જે સમયાંતરે સંપ્રદાયની પરંપરાગત રુઢી બની જતી હોય છે. જો આપણને પુષ્ટિ સંપ્રદાયનું થોડું ઘણું પણ પાયાગત જ્ઞાન હશે તો એવી અનેક બાબતોનો તર્કપૂર્ણ વિચાર કરતાં, સત્ય સમજતા વાર નહીં લાગે.

આપણે તર્ક ત્યારે જ કરી શકીએ જ્યારે આપણે સાચી હકિકત જાણતા હોઈએ, શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોનું આપણને જ્ઞાન હોય, તેમજ સંપ્રદાયની પ્રાચીન પરંપરાથી આપણે અવગત હોઈએ. અન્યથા આપણી દલીલ **‘કુર્તક’** હોઈ શકે છે. કોઈપણ ઉપક્રમ કે મનોરથ ઈત્યાદિ વિશે મનમાં જ્યારે સંશય જાગે તો તે બાબત આપણે ગોસ્વામી આચાર્યશ્રી પાસે વિનમ્રતાપૂર્વક જાણવાની જિજ્ઞાસા વ્યકત કરવી જોઈએ. યથાસંભવ તેના પ્રમાણ માટે પણ આગ્રહ રાખવો જોઈએ, જેથી સંપ્રદાયની પરંપરાનું અને સિદ્ધાંતનું જ્ઞાન પણ પ્રાપ્ત થઈ શકે. જેમ કાનૂન વ્યવસ્થામાં ભારતનું સંવિધાન જ સર્વોચ્ચ છે અને તેનાથી વિરુદ્ધ કોઈપણ કાયદો હોય તો તે અમાન્ય ઠેરવાય છે, તેવી જ પુષ્ટિમાર્ગમાં શ્રીમદાચાર્યચરણના વચન જ પ્રમાણ છે. જો કોઈ ‘ગુરુ વચન,’ તેનાથી વિપરીત હોય તો શ્રી મહાપ્રભુજીની વાણી મુજબ જ આચરણ કરવાનો આગ્રહ સેવવો જોઈએ. કોઈ આચાર્યશ્રીની આજ્ઞા મૂળ વચનની વિરુદ્ધ હોય તો તેનું પાલન ન કરવાની સ્થિતિ ‘ગુરુ દ્રોહ’ ન ગણાય, કારણ કે પુષ્ટિમાર્ગમાં ગુરુ જ એક માત્ર શ્રી વલ્લભાચાર્યજી છે. તેથી તેમના વચનનું પાલન પ્રત્યેક

પુષ્ટિમાર્ગના અનુયાયીએ કરવું અનિવાર્ય ગણાય. ક્યારેક વૈષ્ણવો ગુરુને પ્રશ્ન કરવાનું જ અનુચિત માનતા હોય છે અથવા એક પ્રકારનો ભય સેવતા હોય છે, જે યોગ્ય નથી. ગુરુ–શિષ્યનો સંબંધ પિતા–પુત્રની માફક હોય છે. ગુરુ 'માર્ગદર્શક' છે અને શિષ્યના સંદેહનું નિવારણ કરવું તેમની નૈતિક ફરજ ગણાય. બંને વચ્ચે આપસમાં નિખાલસ સંબંધ કેળવાવો જોઈએ અને ત્યારે જ તે શ્રેયસ્કર હોઈ શકે. **આમ પ્રત્યેક વાતને માત્ર અહોભાવથી સ્વીકારવાને બદલે જો તેના વિશે આદરસહ જિજ્ઞાસાપૂર્વક ખુલાસો મેળવી જાણવાની ચેષ્ટા કરવામાં આવશે તો ગુરુ પ્રત્યે સાચી શ્રદ્ધા પ્રકટ થશે.**

કેટલાક એવું માનતા હોય છે કે પ્રશ્ન પૂછવા બાબત આચાર્યશ્રીએ ખરાબ તો નહીં લાગે ? વાસ્તવમાં આપણી એ જ સમસ્યા છે. **આજે આપણી માનસીકતા આ પ્રકારની બની ગઈ છે કે 'આચાર્ય બાલક' જે પણ કરે કે કહે, તે જ 'પ્રમાણ' છે.** એક દૃષ્ટાંતથી આ વાત સારી રીતે સમજી શકાશે.

એક શહેરમાં એક નિધી સ્વરૂપને પધરાવી 'મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. તે સંકુલને 'શ્રી વલ્લભાચાર્યજી નગર' નામ આપવામાં આવેલું. એક જાણીતા શાસ્ત્રીના મુખે ભાગવતના દશમ સ્કંધની કથાનું આયોજન પણ કરાયેલું. તે દરમ્યાન મોરારી બાપુથી પ્રભાવિત એક આચાર્ય બાલકે તેમને કથા મંડપમાં આમંત્રિત કર્યા. જ્યારે તેઓ આવ્યા ત્યારે શાસ્ત્રીજીના સહયોગીઓએ હનુમાન ચાલીસાના પાઠ શરૂ કરી દીધા. હનુમાન ચાલીસાનું ગાન સાંભળી ઘણા વૈષ્ણવો સ્તબ્ધ બની ગયા. મોરારી બાપુએ તો પ્રસંગોચિત પોતાનું વ્યકતવ્ય આપી શ્રી વલ્લભાચાર્યજીની કૃષ્ણ ભક્તિની અનન્યતાને બિરદાવી. તેમના ગયા પછી તે આચાર્યશ્રીને મેં સવિનય પૂછ્યું કે 'આ સમગ્ર પરિસરને આપે શ્રી વલ્લભાચાર્યનગર નામ આપ્યું છે, **નિકુંજનાયક નિધી સ્વરૂપ અત્રે બિરાજમાન છે, ભાગવતની નિરોધ લીલાના ગુણાનુવાદ થઈ રહ્યા છે, તેમાં મોરારીબાપુને રીઝવવા, હનુમાન ચાલીસાના પાઠનું કેટલું ઔચિત્ય ?'** મેં કહ્યું : હનુમાનજી સામે મારો કોઈ વિરોધ નથી. તેઓ જ્ઞાની તેમજ **'દાસ્ય ભક્તિ'**ના આદર્શ છે. પરંતુ આ ઉપક્રમ દ્વારા

આપશ્રી કયા પ્રકારની **'અનન્યતા'** અથવા **'નિરોધ'**નો સંદેશ આપવા ઈચ્છી રહ્યા છો ?' સ્વાભાવિક છે કે પ્રશ્નનો ખુલાસો પ્રાપ્ત થયો નહીં.

આજે સંપ્રદાયમાં અનેક ઉદાહરણો જોવા મળે છે, જેમાં અન્યાશ્રયની ગતિવિધીઓ જોવા મળશે. પ્રસિદ્ધ દરગાહ પર ચાદર ચઢાવતા આચાર્યશ્રીના દર્શન થાય છે કે કોઈ લૌકિક કામનાઓ માટેના હોમ હવન પણ દશ્યમાન થતાં હોય છે. જો ગોસ્વામી આચાર્યો આવા ઉપક્રમોમાં પ્રવૃત્ત હોય તો અનુયાયી વર્ગે તેનું અનુકરણ કે અનુસરણ કરવામાં શું વાંધો હોઈ શકે ! આ વાત હું કોઈ ટીકાના રુપે કે દોષ દર્શન માટે નથી કહી રહ્યો, પરંતુ વૈષ્ણવોએ પોતાનો વિવેક જાળવવાની આવશ્યકતા છે, તે વિશે ધ્યાન દોરવા જણાવી રહ્યો છું. આપણો વિવેક ત્યારે જ જાગી શકે જો આપણે શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનું અધ્યયન મનન કરતાં હોઈએ. આજે વૈષ્ણવોએ જાગ્રત થવું પડશે, જો આપણો પુષ્ટિમાર્ગને અનુસરવા પાછળ કોઈ ચોક્કસ ઉદ્દેશ્ય હોય તો !

વાસ્તવમાં સાંપ્રદાયિક ગ્રંથોનું **જ્ઞાન** આપણને આચાર્યશ્રીઓ દ્વારા પ્રાપ્ત થવું જોઈએ. પરંતુ એવી અધ્યયન-અધ્યાપનની કોઈ વિધિવત્ સુવિધા સંપ્રદાયમાં ઉપલબ્ધ નથી. કેટલાક અપવાદો સિવાય આચાર્યશ્રીઓ દ્વારા નિત્ય સત્સંગ વચનામૃતનો કોઈ ઉપક્રમ અસ્તિત્વ ધરાવતો નથી, જેના દ્વારા વૈષ્ણવોને સિદ્ધાંત સમજવા મળે. તેમના સંદેહો દૂર થઈ શકે. શ્રીમદાચાર્ય ચરણે પુષ્ટિ સંપ્રદાય સ્થાપિત કરી તદ્‌વિષયક પોતાની **તત્વદર્શીય** તેમજ **ધર્મદર્શીય** વિચારધારા પોતાના ગ્રંથો દ્વારા સમજાવી છે. તેના વિસ્તૃત ખુલાસા તેમના અનુગામી આચાર્યો શ્રી ગોપીનાથજી, શ્રી ગુસાંઈજી તેમજ અન્ય પૂર્વાચાર્યોએ અનેક ગ્રંથો રચીને કર્યા છે, જેથી શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતો સારી રીતે સમજી શકાય, હૃદયારુઢ કરી શકાય. તેના દ્વારા પુષ્ટિ સંપ્રદાયનું હાર્દ આપણે જાણી શકીએ અને તેનું અનુસરણ થઈ શકે.

વર્તમાનમાં કેટલાક યુવા આચાર્યોએ પુષ્ટિ-પ્રચાર રૂપે કથાના માધ્યમને અપનાવ્યું છે. તેમાં મૂળગ્રંથોના પ્રશિક્ષણને બદલે ભાગવત, શ્રીનાથ ચરિત્રામૃત, મધુરાષ્ટક ઈત્યાદિ વિષયો પર સંગીતમય આયોજન કરવામાં

આવે છે. આવા કાર્યક્રમોમાં સિદ્ધાંતોની ચર્ચા ભાગ્યે જ કરવામાં આવતી હોય છે અને તેમાં કથા તત્ત્વ તેમજ મનોરંજનનું પલડુ ભારી હોય છે. આવા સપ્તાહાદિ આયોજનોને લીધે આચાર્યશ્રીઓને પોતાના સેવ્ય સ્વરુપની સેવાનો સમય ભાગ્યે જ મળતો હોય છે. જાણે ભગવદ્ સેવા તેમને માટે ગૌણ વિષય છે.

આવી પરિસ્થિતિમાં જેમને જે પ્રકારનું માર્ગદર્શન મળતું હોય છે, જે તેઓ જુએ છે, સાંભળે છે, તે દર્શન–મનોરથ–ભાગવત સપ્તાહ અથવા યાત્રાના ઉપક્રમોમાં જ પુષ્ટિ સંપ્રદાયની ઈતિશ્રી માનતા હોય છે અને તેમાં યોગદાન આપી પોતાને પુષ્ટિમાર્ગીય હોવાનું ગૌરવ અનુભવતાં હોય છે. આપણે ક્યારેય એમ વિચાર નથી કરતાં કે શું શ્રી મહાપ્રભુજીનો તેમજ આપણા પૂર્વાચાર્યોનો પરિશ્રમ માત્ર આવા ઉપક્રમો માટે જ સીમિત હતો ? શું આ બધી પ્રક્રિયાઓ દ્વારા આપણો ઉદ્ધાર થઈ શકે ? શું આપણે ભગવદ્ પ્રાપ્તિનું લક્ષ સિદ્ધ કરી શકીએ ?

વર્તમાનમાં આચાર્યશ્રીઓને કથા પ્રવૃત્તિ બાબત નિ.લી.ગો.૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજ શ્રી (રાજનગરવાળા)ના વચનામૃત (૭૧)થી સારગર્ભિત છે. તેઓ કહે છે – **‘પ્રાચીન કે અત્યારના આચાર્યો એમ માને છે કે અમે ખૂબ કહીશું અને સમજાવીશું એટલે લોકોના ગળે વાત ઉતરી જશે. જ્યારે પહેલાના આચાર્યો એમ સમજતા હતા કે અમારે અમારા કર્તવ્ય–પરાયણ રહેવાનું છે. સેવા છોડી બીજાને કહેવા જઈએ કે ‘‘તમે સેવા કરો’’ તો તેઓ એમ સમજે કે જો સેવા કિંમતી છે તો તે છોડી બીજાને કહેવા શા માટે આવ્યા છે ? માટે સેવા એવી કિંમતી નથી લાગતી અને આમ વિચારી તેઓ કંઈ ન કરે. વળી એમ સમજે કે જેવા આ લોકો કંચન–પરાયણ છે તેવા અમારે પણ રહેવાનું, બીજું કાંઈ કરવાનુ નહીં. આમ ભાષણોનો પ્રકાર હમણાં ચાલ્યો છે. પહેલાં તો અમે સેવા પરાયણ રહેતાં હતાં અને સેવામાંથી પરવાર્યા બાદ કોઈ દૈવી જીવ આવે તો વચનામૃત કરતા, પરંતુ સેવા છોડીને બીજું કાંઈ પણ ન કરતાં હતાં.’**

શ્રી મહાપ્રભુજીએ નિબંધ ગ્રંથના સર્વ નિર્ણય પ્રકરણ (કારિકા ૨૨૭

પ્રકાશ)માં પણ આમ જ કહ્યું છે – **'યો હી ગુરુઃ સેવામ્ ઉપદેશયતિ સ સ્વયં ચેત્ તામ્ ઉત્તમાં જાનીયાત્ તદા કથં ન સ્વયં કુર્યાદ્ ?'** અર્થાત્ જો ગુરુ અન્યને સેવા કરવાનો ઉપદેશ આપે છે અને સેવાને ઉત્તમ બનાવે છે તો તેઓ પોતે જ શા માટે ન કરે ?

પૂર્વાચાર્યો તેમજ સ્વયં શ્રીમદાચાર્ય ચરણોની આ વાણી છે. વાસ્તવમાં આ વિષય ગોસ્વામી આચાર્યશ્રીઓનો છે. તેમનું કર્તવ્ય તેઓ વિચારે. તેમને કોઈ સૂચન કરવાનો અહીં આશય નથી. **આપણો મુદ્દો તો એ છે કે–વર્તમાન પરિસ્થિતિમાં આપણે પુષ્ટિમાર્ગનું સ્વરૂપ શું છે ? આચાર્યોના ગ્રંથોનું જ્ઞાન આપણને કેવી રીતે પ્રાપ્ત થાય ?, તેને માટે શું વ્યવસ્થા હોવી જોઈએ ? ખાસ કરીને આજની યુવાપેઢી કે જેઓ બુદ્ધિ અને તર્ક દ્વારા વિચારવા ટેવાયેલી છે, તેઓ સાચું જ્ઞાન/માર્ગદર્શન કેવી રીતે મેળવી શકે, ઈત્યાદિ બાબતે આપણે સૌએ શું કરવું જોઈએ, તેનો ગંભીરતાથી વિચાર કરવો જરૂરી છે.**

આપણે જાણીએ છીએ કે એક આચાર્યશ્રી કોઈ એક આજ્ઞા કરે ત્યારે અન્ય આચાર્યશ્રી તેનાથી વિપરિત આજ્ઞા કરતાં હોય છે. એક જેને સિદ્ધાંત બતાવે છે તે અન્ય આચાર્યશ્રીની દૃષ્ટિમાં અપસિદ્ધાંત હોય છે. અનુયાયીનો પોતાનો ગ્રંથોનો કોઈ અભ્યાસ હોતો ન હોવાથી તે ગડમથલ અનુભવતો હોય છે. કારણ કે સર્વે આચાર્યો શ્રી વલ્લભના જ સ્વરુપ છે, તેવી સંપ્રદાયની અવધારણા છે. તો કોની આજ્ઞાનું પાલન કરવું યોગ્ય ગણાય એ એક મોટી વિમાસણ ઊભી થાય છે. આ એક અસંજમસની સ્થિતિ છે. **કોઈપણ બાબત શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતથી સુસંગત છે કે નહીં, તેનો વિવેક અનુયાયી ત્યારે જ રાખી શકે જ્યારે તેણે પોતે ગ્રંથોનું અધ્યયન કરેલું હોય, તે મૂળભુત સિદ્ધાંતોથી વાકેફ હોય.**

શ્રી મહાપ્રભુજી નિબંધમાં આવી જ સ્થિતિનું વર્ણન કરતાં પોતે શા માટે એ ગ્રંથ રચ્યો તેનો ખુલાસો કરતાં કહે છે કે **'વેદ, ગીતા, ભાગવત આદિ ભગવદ્ શાસ્ત્રો ઉપલબ્ધ હોવા છતાં વિવિધ મત–મતાંતરોના કારણે સાત્વિક**

પુરુષો પણ ગુંચવાઈ જતાં હતાં, તેથી જ તેમણે તત્ત્વાર્થ દીપ નિબંધ ગ્રંથ રચી, સિદ્ધાંતની સ્પષ્ટતા કરવી પડી હતી.'

આજે પણ આચાર્યોના ગ્રંથોના સુવ્યવસ્થિત પ્રશિક્ષણના અભાવમાં અનુયાયી વર્ગ જે આચાર્યશ્રીઓ સાથે જોડાયેલ હોય છે, તેમના દ્વારા આયોજિત ઉપક્રમો દ્વારા તેઓ સંપ્રદાયની ગતિવિધીઓ કે સિદ્ધાંતોની સમજ મેળવતાં હોય છે, અને તેને જ યથાર્થ માની પુષ્ટિમાર્ગને અનુસરવાનું ગૌરવ અનુભવતા હોય છે. કેટલાંક સાંપ્રદાયિક ઉપક્રમો તેમજ ગતિવિધીઓને અનુલક્ષીને આજે અનેક મત-મતાંતર પ્રવર્તે છે. તેના કારણે શ્રી મહાપ્રભુજીના સમયમાં અનેક મોહક શાસ્ત્રોમાં સાત્વિક ભક્તો પણ અટવાઈ જવાથી જેવી સ્થિતિ હતી, તેવી જ દુવિધાજનક પરિસ્થિતિ આજે પણ સંપ્રદાયમાં પ્રવર્તિ રહી છે.

જો આપણે શ્રીમદાચાર્યચરણના ચાર મુખ્ય ગ્રંથો-**અણુભાષ્ય, તત્ત્વાર્થ દીપ નિબંધ, ષોડશ ગ્રંથ** તથા **સુબોધિની** જેમાં તેમના ચિંતનના પ્રમુખ પહેલું **પ્રમાણ, પ્રમેય, સાધન** અને **ફળ** અનુક્રમે પ્રતિપાદિત કરવામાં આવ્યા છે, તેનું ધ્યાનપૂર્વક અવલોકન/અધ્યયન કરીએ તો તેમના દાર્શનિક વિચારોની ગહેરાઈને જાણી શકીએ. આપણે સમજી શકીએ કે બીજા આચાર્યોની તાત્વિક વિચારધારાઓની તુલનામાં તેમનું વૈચારિક ચિંતન કેટલું ઉંચાઈ પર છે. ઋગ્વેદનું વચન **'એકમ્ સત્ વિપાઃ બહુધા વદંતિ'** તેમજ ઉપનિષદમાં બ્રહ્મતત્ત્વને જે રીતે **'એકમેવા દ્વિતિયમ્'** કહીને અભિવ્યક્ત કરવામાં આવ્યું છે, તેને મહાપ્રભુજી એ પોતાના નિબંધ ગ્રંથમાં પરિભાષિત કરતાં કહ્યું છે. **'સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિત'** (શા.પ્ર.૭૦), અર્થાત્ બ્રહ્મ એક એવું તત્ત્વ છે જે કોઈપણ વ્યાખ્યાની સીમામાં બંધાઈ શકે નહીં, અને તેના વિશેની જેટલી પર પરિભાષાઓ કરવામાં આવી છે તે તેમાં સમાહિત થઈ જાય છે. શ્રી મહાપ્રભુજીના આ કથનને 'philosopy of philosoplies' કહી શકાય.

ભાગવત કહે છે **'કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં'** તે પરબ્રહ્મ ભગવાન

શ્રીકૃષ્ણનું તેમના સેવકને દાન કરવાવાળા એવા આપણા આદ્ય ગુરૂ શ્રી મહાપ્રભુજી છે, સમસ્ત પુષ્ટિમાર્ગીય અનુયાયીઓ માટે એ ગૌરવની વાત છે. આપણા ગુરૂનું સ્વરૂપ અને સામર્થ્ય આટલું ઉદ્દાત છે, તેમનું ચરિત્ર આવું ઉદાર છે. પરંતુ આપણું દુર્ભાગ્ય છે કે તેમના આવા ઉત્કૃષ્ટ વિચારોને લક્ષમાં ન લેતાં આપણે તેમના સિદ્ધાંતોની અવહેલના કરીએ છીએ. આજે સૌ પોતપોતાના રાગ આલાપે છે.

મહર્ષિ અરવિંદ, જેની દાર્શનિક વિચારધારા પણ ઓછેવત્તે અંશે શ્રી વલ્લભાચાર્યજીના તત્વદર્શનને અનુરૂપ જ છે, તેમને જાણવા/માણવાવાળા સમગ્ર વિશ્વમાં ફેલાયેલા છે. આખું પોંડીચરી શહેર તેમની વિચારધારાનો સ્રોત છે. પરંતુ આપણું એ દુર્ભાગ્ય છે કે આપણા આવા ભગવદવતાર રુપ આચાર્યની વાણી સરખી રીતે સંકલિત કરી તેના અધ્યયન અધ્યાપનની કોઈ કેન્દ્રિય સંસ્થા બનાવી શક્યા નથી, જ્યારે આજે શ્રી મહાપ્રભુજીના સામર્થ્યયુક્ત વિદ્વાન વંશજો મોટી સંખ્યામાં બિરાજે છે અને તેમનો અનુયાયી વર્ગ પણ આશરે બે કરોડની સંખ્યા ધરાવે છે. તેનું કારણ છે કે આપણે વિઘટિત છીએ, આપણામાં અનેક મત મતાંતર છે. શા માટે આપણે એક વલ્લભીય સૃષ્ટિના રુપમાં સંગઠિત નથી ? આ એક ગંભીર વિચારણીય પ્રશ્ન છે. તેનું કારણ શોધવું જોઈએ.

કોઈપણ પંથ અથવા સંપ્રદાયના સંસ્થાપકને 'ગુરૂ' અથવા 'આચાર્ય'ની સંજ્ઞા આપવામાં આવે છે, કારણ કે અધ્યાત્મની કેડી પર ચાલી પોતાના ગંતવ્ય સુધી પહોંચવા માટે તેઓ અનેક શાસ્ત્રોનું દોહન કરી કોઈ વિશિષ્ટ વિચારધારા જગત સમક્ષ પ્રસ્તુત કરે છે એટલું જ નહીં પરંતુ તદનુસાર જીવનમાં આચરણ કરી કેવી રીતે ઈચ્છિત ફલ પ્રાપ્તિ કરી શકાય તેનું માર્ગદર્શન પણ આપે છે. એવા અનેક સંપ્રદાયો ભારતમાં અસ્તિત્વ ધરાવે છે. જેના દ્વારા વિભિન્ન ફળ પ્રાપ્તિ કરી શકાય છે. તદર્થ તેને અનુસરણ કરવાની પ્રક્રિયાઓ/ સાધના પ્રણાલી જુદા જુદા પ્રકારની હોય છે.

આપણા સૌના આદ્ય ગુરુ **'શ્રી કૃષ્ણાસ્ય'** મહાપ્રભુ શ્રી

વલ્લભાચાર્યજીએ પણ અગાઉ કહ્યું તેમ **વેદ ગીતા, બ્રહ્મસૂત્રો, ભાગવત** ઈત્યાદિ વિવિધ શાસ્ત્રોનું મંથન કરી એક વિશિષ્ટ ભક્તિમાર્ગ, પૃથક્શરણ માર્ગ, પ્રેમલક્ષણ ભક્તિનો અનોખો માર્ગ, પ્રતિપાદિત જ નથી કર્યો, તેને પ્રવર્તિત કર્યો છે. તેના દ્વારા કોઈ ક્ષુલ્લક ફળની પ્રાપ્તિ નહીં પરંતુ **'ભગવાનેવ ફલમ્'** તેઓ કહે છે, તેવા પરમોચ્ચ ફળની પ્રાપ્તિ માટેનો માર્ગ 'પુષ્ટિમાર્ગ' તેમણે પ્રસ્થાપિત કર્યો છે. આ માર્ગનું અનુસરણ કરાવી તેમણે પોતાના જીવનકાળમાં અનેક દૈવી/પુષ્ટિજીવોને પ્રત્યક્ષ રુપે ભગવદ્ પ્રાપ્તિ કરાવી જ છે, એટલું જ નહીં પરંતુ અદ્યપર્યંત પણ નિજ વંશમાં બિરાજી તેનો દોરી સંચાર કરી રહ્યા છે. **વર્તમાનમાં થઈ રહેલું પુષ્ટિ-સંપ્રદાયનું પ્રવર્તન વાસ્તવમાં સ્વયં શ્રી મહાપ્રભુજી જ વલ્લભકુળના માધ્યમથી કરી રહ્યા છે.** તેથી આપણે સમજી શકીયે કે ગોસ્વામી આચાર્યો દ્વારા 'ગુરુદ્વાર' રૂપે કરવામાં આવતી પ્રત્યેક ક્રિયા, તેમની વ્યક્તિગત સોચ કે સિદ્ધાંત અનુસાર નથી, કારણ કે તે સર્વે આચાર્યો 'પુષ્ટિ સંપ્રદાય'ની દીક્ષા તેના અનુયાયી વર્ગને આપી રહ્યા છે, તે શ્રી મહાપ્રભુજી એ પ્રસ્થાપિત કરેલી પ્રણાલી મુજબ જ હોય, નહીં કે પોતાની કોઈ આગવી વિચારધારા મુજબ. તેથી તેમના દ્વારા થતી પ્રક્રિયાઓ ગતિવિધીઓ કે આયોજિત ઉપક્રમો મૂલાચાર્ય શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોથી સુસંગત જ હોવા જરૂરી છે, અન્યથા હોઈ શકે નહીં.

તેમ છતાં વર્તમાનમાં અનેક પ્રકારની વિપરીતતા વર્તાઈ રહી છે તે હકિકત છે. જાણે એક જ સંપ્રદાયમાં ભિન્ન ભિન્ન મત પ્રવર્તિત હોય તેવી સ્થિતિ આજે જણાઈ રહી છે. એક જ મૂળ હોવા છતાં આવી વિઘટિત પરિસ્થિતિનું વિશ્લેષણ કરવું અને તદ્‌વિષયક ચિંતન કરવું અત્યંત આવશ્યક ગણાય.

પુષ્ટિ સંપ્રદાયની વર્તમાન પરિસ્થિતિનો ઉંડાણપૂર્વક વિચાર કરીએ તો તે માટે કેટલીક ગેરસમજ અને કેટલાંક સ્થાપિત હિતોના કારણે ઉદ્‌ભવેલ હક્કિત જોવા મળે છે. ઉપરોક્ત બાબતોથી નિર્વિવાદરૂપે સ્પષ્ટ થાય છે કે આ સંપ્રદાયનું પ્રતિપાદન અને પ્રવર્તન મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીએ કર્યું છે. (પ્રભુચરણ શ્રી ગુસાંઈજી પણ સંપ્રદાયના સહ-સંસ્થાપક છે.) તદર્થ આ

સંપ્રદાયના **'ગુરુ'** અને **'આચાર્ય'** માત્ર તેઓ જ છે. આ વિશેના પ્રમાણ શ્રી ગોકુળનાથજી, શ્રી પુરુષોત્તમજી આદિના વચનોથી પ્રાપ્ત થાય છે. આમ સમસ્ત પુષ્ટિમાર્ગીય અનુયાયીઓના શ્રીમદાચાર્યચરણ નિ:શંકપણે એક માત્ર ગુરુ છે. **અનેક વલ્લભકુળ આચાર્ય પણ અનેકવાર પોતાના વચનામૃતોમાં આ વાત કહેતા હોય છે.**

શ્રી મહાપ્રભુજી 'ભગવદાવતાર' હોઈ સ્વાભાવિક રૂપે દેશકાળ અપરિચ્છિન્ન છે. તેમના એક સેવક ભગવાનદાસની વાર્તાથી આ વાતની પુષ્ટિ પ્રતિતિ થાય છે. જ્યારે તેમને કોઈકે શ્રી મહાપ્રભુજીના 'આસૂર વ્યામોહ લીલા' કર્યાના સમાચાર આપી જણાવ્યું હતું કે આપ ભગવદ્ ધામમાં પધારી ગયા છે, ત્યારે તેમણે પોતાના ઘરમાં જે ચોતરા ઉપર આપશ્રી બિરાજતાં હતા ત્યાં જઈ જોયું તો ત્યાં શ્રી મહાપ્રભુજી ત્યાં જ બિરાજતા હોવાની ખાત્રી થઈ. આજે પણ સમગ્ર વલ્લભીય સૃષ્ટિની માન્યતા તેમની અનેક બેઠકજીઓમાં આપશ્રી પ્રત્યક્ષ બિરાજતાં હોવાના કારણે જ 'ઝારી-ચરણસ્પર્શ' કરતાં હોય છે. કેટલાક મહાનુભાવોને આજે પણ બેઠકજીઓમાં અથવા ક્યારે કોઈ આચાર્યશ્રીમાં પણ શ્રી મહાપ્રભુજીનો સાક્ષાત્ અનુભવ થતો હોય છે. તે તેમના ભૂતલ પરના સનાતન અસ્તિત્વનું પ્રમાણ છે. **તેમનું એ સામર્થ્ય નિ:શંકપણે રહેલું છે કે તેઓ આજે પણ પુષ્ટિજીવોનો ઉદ્ધાર નિજવંશ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરી શકે છે.**

તેથી આપણે એમ માની શકીએ કે વર્તમાનમાં સંપ્રદાયની દીક્ષા આદિની સર્વ પ્રક્રિયા શ્રી મહાપ્રભુજી સ્વયં કરે છે. તેથી ગુરુદ્વાર રૂપ ગો.આચાર્યશ્રીને આપણે તેમના વ્યક્તિગત રૂપમાં નહીં, પરંતુ શ્રીવલ્લભચાર્યજીના ભાવથી 'ગુરુ' તરીકે સ્વીકારવા જોઈએ અને એવી સમજ કેળવવી જોઈએ કે આપણે પુષ્ટિ સંપ્રદાયની દીક્ષા લઈ શ્રી મહાપ્રભુજીના દ્વારા જ દીક્ષિત બન્યા છીએ. તદર્થ તેઓ જ આપણા ગુરુ છે. આપણો ગુરુ ભાવ વલ્લભકુળમાં પણ શ્રીવલ્લભાચાર્યજીના ભાવથી રાખવો જોઈએ કારણ કે દીક્ષાદાતા આચાર્યશ્રી ગુરુદ્વાર રૂપે તેમની કાનીથી જ આપણને આ સંપ્રદાયમાં

અંગીકૃત કરે છે.

પરંતુ આજે વિષમતા એવી છે કે વૈષ્ણવોમાં આવી સમજણ કેળવાયેલી નથી. **અજ્ઞાનવશ તેઓ માત્ર દીક્ષાદાતા આચાર્યશ્રીને જ વ્યક્તિગત રૂપે પોતાના ગુરુ માની બેસે છે, અને તેથી તેઓ તેમના સેવક હોવાની માનસિકતા ધરાવે છે. તેના કારણે સમગ્રપણે શ્રી વલ્લભાચાર્યજીની સૃષ્ટિ હોવાને બદલે વિભિન્ન આચાર્યોની અલગ અલગ સૃષ્ટિઓ અસ્તિત્વ ધરાવે છે.**

પુષ્ટિ સંપ્રદાયમાં પ્રથમ-દ્વિતીય ઈત્યાદિ પ્રત્યેક ઘરની સૃષ્ટિથી જુદો જુદો વૈષ્ણવ સમાજ ઓળખાય છે. તે પ્રત્યેકની આસ્થા પોતપોતાના દીક્ષાદાતા સાથે જોડાયેલ હોય છે. તેઓમાં શ્રી મહાપ્રભુજીના વચનો પ્રત્યેની નિષ્ઠા જવલ્લેજ જોવા મળે છે. તેમને માટે દીક્ષાદાતા જ તેમના 'ગુરુ' છે અને તેમના વચન 'બ્રહ્મવાક્ય' સમાન તેઓ ગણે છે, ભલે તે શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંત વિરુદ્ધ જ કેમ ન હોય ! મૂલગ્રંથોના અધ્યયનના અભાવમાં તે વિશેનો વિવેક જાળવવો તેમને માટે મુશ્કેલ હોય છે. ક્યાંક એવું પણ વર્તાય છે કે પોતાનું એક જૂથ ઊભું કરવા આ પ્રકારના સૃષ્ટિવાદને પ્રોત્સાહન પણ આપવામાં આવે છે, જે પુષ્ટિ સંપ્રદાયની સમગ્રતા અને એકનિષ્ઠાને માટે હાનિકારક છે. તેના જ કારણે આજે સંપ્રદાય અનેક જુથોમાં વિઘટિત છે. શ્રીમદાચાર્યચરણની સિદ્ધાંતોના વિભિન્ન અર્થઘટનોનું કારણ આચાર્યવર્ગ તેમજ અનુયાયી વર્ગની એકાત્મકતા, સંવાદિતા અને સંગઠનનો અભાવ છે તેથી સંપ્રદાયમાં શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોના પ્રવર્તનને બદલે વિભિન્ન આચાર્યશ્રીઓના મતનું પ્રવર્તન અને પ્રતિપાદન થઈ રહ્યું છે, જેના કારણે સાંપ્રદાયિક ઉપક્રમો અને આયોજનોમાં પણ મત-મતાંતર જોવા મળે છે.

એક વિદ્વાન આચાર્યશ્રીના વચનામૃત અહીં ઉલ્લેખનીય છે. તેમના વચન છે કે - **'વલ્લભ સંપ્રદાય યદી કોઈ વિશેષતા રહી હૈ તો યહી કી વલ્લભ સંપ્રદાયને કભી શિષ્ય નહીં બનાયે, સેવક બનાયે, ઔર સેવક શ્રી ઠાકુરજી કે બનાયે, અપને નહીં. લોગો મેં ગલત ધારણા ઘર કર ગયી હૈ કિ વે અમુક મહારાજશ્રી કે સેવક બને હૈ !'**

શ્રી મહાપ્રભુજીએ શ્રી કૃષ્ણના જ સેવક બનાવ્યા હતાં, પોતાના નહીં. આપણે **'૮૪ વૈષ્ણવો કી વાર્તા'** કહીએ છીએ. '૮૪ સેવકોની' નહીં. આપણે બ્રહ્મસંબંધ કરતી વખતે પ્રભુને **''દાસોહં''** કહીએ છીએ, આચાર્યશ્રીને નહીં. આવી સ્પષ્ટ પરિપાટી હોવા છતાં આજે સંપ્રદાયમાં ગલત અવધારણા બનેલી છે, જે આજની વિપરીત પરિસ્થિતિ માટે મહદઅંશે જવાબદાર છે.

અન્ય સંપ્રદાયોમાં શિષ્ય પરંપરા હોય છે જ્યારે 'વલ્લભ સંપ્રદાય' અર્થાત્ પુષ્ટિ સંપ્રદાય **'વંશ પરંપરા'** દ્વારા પ્રવર્તિત થયેલ છે. શ્રીમદાચાર્યચરણોના દિવ્ય અંશોથી વિભૂષિત વલ્લભકુળમાં તેઓ સ્વયં બિરાજી આ સંપ્રદાયની પરંપરાને નિભાવી રહ્યા છે. તેથી જ સર્વ ગો. આચાર્યશ્રીઓનું સ્વતંત્ર રુપથી નહીં પરંતુ શ્રી વલ્લભના સ્વરુપે જ આ સંપ્રદાયની ગતિવિધીઓને વહન કરવાનું ઉત્તરદાયીત્વ છે. તદર્થ તેઓની ગરિમા તેમજ તેઓ પ્રત્યેનો આદરભાવ પણ શ્રી મહાપ્રભુજીવત જ હોવો ઘટે. જો આચાર્ય વર્ગ શ્રી મહાપ્રભુજીના પ્રભુત્વને વિશેષ મહત્વ આપે તેમજ વ્યવહારમાં તે અભિવ્યક્તિ થાય, અને તદનુસાર અનુયાયી વર્ગ પણ ગો.આચાર્યના વ્યક્તિગત રુપે નહીં, પરંતુ શ્રી વલ્લભનો જ જય જયકાર બોલાવે અને સમાન રુપથી સમસ્ત વલ્લભ કુળ આચાર્યો પ્રત્યે, માત્ર નિજગુરુના રૂપમાં નહીં, પરંતુ શ્રી વલ્લભના સ્વરૂપે સમાનભાવ સ્થાપિત કરે તો આજે વર્તાતી વિષમતા મહદ્અંશે દૂર થઈ શકે છે.

વાસ્તવમાં શંકરાચાર્યજીની માફક વલ્લભ સંપ્રદાયમાં વિવિધ પીઠોની સ્થાપના થયેલ નથી, પરંતુ શ્રી ગુસાંઈજીના સાતેય બાલકોના ગૃહની પરંપરા ચાલી આવી છે. પ્રત્યેક ગૃહની પરંપરામાં તે તે ઘરના મુખ્ય આચાર્ય તે પરંપરાના **'ગૃહાધિપતિ'** અદ્યપર્યંત ગણાતા આવ્યાં છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં કેટલાક આચાર્યશ્રીઓ આપમેળે વિવિધ પીઠાધિશ્વરોની ઉપાધિ ધારણ કરેલી છે અને તે તે પીઠાધિશ્વરોના અનુયાયી વર્ગમાં પણ મહત્-લઘુની ભાવના જાગ્રત થયેલ હોવાનું દૃશ્યમાન થાય છે.સર્વે શ્રીમહાપ્રભુજીના વંશજ બાલકો છે. કમસેકમ અનુયાયી વર્ગનો અભિગમ તો તેઓ સૌ પ્રત્યે શ્રી

વલ્લભવત્ સમાન દૃષ્ટિકોણ હોવો અપેક્ષિત ગણાય. પરંતુ કેટલાક વૈષ્ણવો જ આવી વિષમ દૃષ્ટિકોણને પોષણ આપી અમુક આચાર્યોનું મહત્વ ઉજાગર કરવાની પ્રવૃત્તિ કરતાં હોય છે, જેના પ્રત્યે આચાર્યશ્રી સ્વયં ઉદાસીન રહી આડકતરી રીતે આ પ્રકારની પ્રક્રિયાને અનુમોદન આપતાં હોય છે. હકિકતમાં આ પ્રકારનો દૃષ્ટિકોણ અખંડ પુષ્ટિ-સંપ્રદાયને વિભાજીત કરનારું પરિબળ બની રહે છે.

સંપ્રદાયને વિઘટિત કરવામાં જો કોઈ સૌથી વિશેષ પરિબળ હોય તો તે અધ્યયન-અધ્યાપનનો અભાવ અને તેની આવશ્યકતા પરની ઉદાસીનતા છે. એવી સામાન્ય વૃત્તિ પ્રવર્તે છે કે પુષ્ટિમાર્ગ ભગવદ્ કૃપાનો માર્ગ છે, તેથી જે કાંઈ કરવાનું છે તે ભગવાને કરવાનું છે, જીવનો પ્રયત્ન તે માટે જરૂરી નથી. તો શા માટે ગ્રંથો કે શાસ્ત્રો ભણવાની/જાણવાની આવશ્યકતા હોય ? તેથી વૈષ્ણવો તેમને જે પણ જ્ઞાન, જ્યાંથી અને જેવી રીતે મળે છે, તદનુસાર તેઓ કર્મકાંડની માફક કર્તવ્ય નિભાવતાં હોય છે. પરંતુ આ માન્યતા સદંતર ભૂલ ભરેલી છે. સ્વયં શ્રી મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે **'સર્વં ભગવાનેવ કરોતિ, કિન્તુ ભજનં વિના ન કિંચિત કરોતી'** (સુ.૩-૩૨-૨૨) આથી સ્પષ્ટ છે કે 'ભજન' અર્થાત્ 'સેવા' એ વૈષ્ણવનું અનિવાર્ય કર્તવ્ય છે. તેથી આપણે કશું જ કરવાનું નથી એવો અભિગમ અથવા માન્યતા આધાર વિહિન છે. 'ભજન' શબ્દ સેવાના અર્થમાં પ્રયોજાયેલ છે. તદર્થ આપણે 'કૃષ્ણ સેવા' કરવી, બસ એટલું કદાચ સ્વીકારી લીધું છે, અને તેના જે પણ સ્વરૂપને ગ્રહણ કર્યું છે, તદનુસાર આપણી સમજણ પ્રમાણે સેવા કરતાં હોઈશું, પણ શું આપણે તેનો સાચો સિદ્ધાંત જાણીએ છીએ ? કેટલાક લોકો પોતાના દેહ ને કોઈપણ રીતે ઉપયોગી બનાવવો તેને **'તનુજા સેવા'** ગણતા હોય છે, જ્યારે કેટલાક પોતાના દેવી (!) દ્રવ્યનો વિનિયોગ મનોરથ ઈત્યાદિ ઉપક્રમોમાં કરીને **'વિત્તજા સેવા'** કરવાનો અહં પોષતા હોય છે. કેટલાક તો માત્ર માનસિક ચિંતનને જ **'માનસી સેવા'** માની અહોભાગ્ય માનતા હોય છે. આ બધામાં શ્રી મહાપ્રભુજીને અપેક્ષિત સેવાનું સ્વરૂપ શું છે, તેની ત્યારે જ સમજ પડે કે જ્યારે

તેમણે સિદ્ધાંત મુક્તાવલી ઈત્યાદિ ગ્રંથોમાં કરેલી આજ્ઞાઓનો અભ્યાસ કરીએ.

સ્વંય શ્રી મહાપ્રભુજી પોતાના 'નિબંધ' ગ્રંથમાં આજ્ઞા કરે છે **''શાસ્ત્રમ્ અવગત્ય, મનોવાગ્દેહૈઃ કૃષ્ણ સેવ્યઃ''** અર્થાત્ શાસ્ત્રને સારી રીતે જાણીને મન-વાણી-દેહથી કૃષ્ણ સેવા કરવી. આપશ્રીનું આ કથન ગ્રંથોના અધ્યયનની આવશ્યકતાને ઉજાગર કરે છે. અધ્યયન-પ્રશિક્ષણની અગત્યતા તો તેનાથી જ સમજી શકાય છે કે ભગવદાવતાર શ્રી મહાપ્રભુજી તેમજ શ્રી ગુંસાઈજીએ પણ ગુરુ પાસે વિધિવત્ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. પ્રાચીન આચાર્યશ્રીઓએ પણ પોતાના પિતા, વડિલ કે વિદ્વાનો પાસે વિદ્યાભ્યાસ કર્યાના પ્રમાણ ઈતિહાસમાં નોંધાયેલ છે. **શ્રી મહાપ્રભુજીના સ્વધામ પધારી ગયા પછી તેમના દ્વારા દીક્ષિત સંપ્રદાયના વિદ્વાનો શ્રી દામોદરદાસ હરસનાનીજી, કન્હૈયાશાલ, રાણાવ્યાસ જેવા વિદ્વાનોએ શ્રી ગોપીનાથજી એવમ્ શ્રી ગુસાંઈજીને ગ્રંથો વિશે માર્ગદર્શન આપ્યું હતું.** વર્તમાન કાળમાં પણ મારી જાણ મુજબ એક આચાર્યશ્રીએ પોતાના વહુજી સહિત એક વિદ્વાન વૈષ્ણવને ત્યાં તેમના ગામ જઈ ગ્રંથોનો અભ્યાસ કરેલ છે. આથી ગ્રંથોના અભ્યાસની આવશ્યકતા સમજી શકાય છે.

શ્રીમદાચાર્યચરણે ભક્તિની વ્યાખ્યા કરતાં કહ્યું છે **''ભગવાનના મહાત્મ્ય જ્ઞાન સાથે તેમનામાં સુદઢ સર્વતોધિક સ્નેહ હોવાનું નામ ભક્તિ''** તેથી ભક્તિની પૂર્ણતા માટે ભગવાનનું **'માહાત્મ્યજ્ઞાન'** હોવું આવશ્યક છે અને તદર્થ શાસ્ત્ર/ગ્રંથોનું અધ્યયન જરૂરીછે. તેમણે નિબંધમાં એમ પણ આજ્ઞા કરી છે કે જો ભક્તિના બંને અંગ 'માહાત્મ્ય જ્ઞાન' અને 'સ્નેહ'ના અભાવમાં જો આપણે કરાતી ક્રિયા તે ઉત્તમ ભક્તિ કહેવાય નહીં. (શા.પ્ર. ૧૦૨)

શ્રી મહાપ્રભુજીના ઉપરોક્ત વચનોથી જ સ્પષ્ટ થાય છે કે વર્તમાનમાં વૈષ્ણવોના મનમાં પ્રવર્તિત માન્યતાઓ, આપણી પોતાની સમજણ મુજબની સેવા અથવા મંદિરોમાં દર્શન માત્રને જ પુષ્ટિમાર્ગીય કર્તવ્યની ઈતિશ્રી સમજવું ભૂલ ભરેલું છે. એ જ વાત ગ્રંથોના અભ્યાસની અનિવાર્યતા સિદ્ધ કરે છે.

પુષ્ટિ સંપ્રદાયની વર્તમાન પરિસ્થિતના મૂળમાં અધ્યયન-અધ્યાપનનો

અભાવ એક મહત્વનું પરિબળ છે. તેને માટે **'વલ્લભીય સૃષ્ટિ'**ના બંને અંગોનું દાયીત્વ રહેલું છે. સંપ્રદાયના એક વિદ્વાન આચાર્યશ્રીએ પુષ્ટિમાર્ગના વર્તમાન મંદિરોને અનુલક્ષીને કહેલું **'ત્યાં આવનાર સમાજને કંઈક નોલેજ મળે એવું અમારા સ્થાનોમાં બન્યું છે શું ? એ વિદ્યાપીઠ બનવી જોઈએ. એ સાધનાની પીઠ બનવી જોઈએ. અમે હજી કોઈ પુષ્ટિ વિદ્યાલય બનાવ્યું નથી, એવી કોઈ કોલેજ બનાવી નથી. એવી કોઈ પ્રયોગશાળા બનાવી નથી.''** (પુષ્ટિમાર્ગ એક ચિંતન, પેજ ૮૭)

આ વિષયમાં બે ચાર સંસ્થાઓનો તેમજ અમુક આચાર્યશ્રીઓના પ્રયાસ સ્તુત્ય છે. તેમ છતાં તેનો લાભ લેનાર વૈષ્ણવોની સંખ્યા નહીંવત્ છે. ન તો મોટાભાગના આચાર્યશ્રીઓ અનુયાયી વર્ગને તદ્વિષયક પ્રોત્સાહિત કરે છે, ન અનુયાયીઓ તેનું કાંઈ વિશેષ મહત્વ સમજે છે. મોટાભાગના આચાર્યશ્રીઓની તે બાબતે પ્રવૃત્તિ ક્યારેક પ્રાસંગિક વચનામૃતો સુધી જ સીમિત હોય છે અથવા વર્તમાનમાં કેટલાક આચાર્યશ્રીઓ એ કથા–પ્રવૃત્તિને વિશેષતઃ અપનાવેલી છે. વૈષ્ણવ સૃષ્ટિ તો અજ્ઞાનવશ સાંપ્રદાયિક અધ્યયન કે પ્રશિક્ષણની આવશ્યકતા જ નથી સમજતા હોતાં. તેથી તે બાબતમાં તેમનું લક્ષ તો હોતું જ નથી. કદાચ તેના કારણે જ **લાખોના ખર્ચે મોટા મનોરથો કરાવનાર તેમજ ભાગવત સપ્તાહ આદિના ભવ્ય આયોજન કરનાર કોઈ વૈષ્ણવ માલેતુજારની ઈચ્છા એવી કોઈ પ્રશૈક્ષણિક સંસ્થા– સ્કુલ/કોલેજ/ગ્રંથાલય ઈત્યાદિ માટે અથવા સાંપ્રદાયિક ગ્રંથો છપાવવા માટે યોગદાન કરવાની થઈ હોય તેમ જણાતું નથી.** (મુંબઈ યુનિવર્સિટીમાં માતબર રકમ આપી વલ્લભ વેદાંતનો અભ્યાસક્રમ યોજિત કરનાર મહાનુભાવ કદાચ મારી જાણમાં એક માત્ર અપવાદ છે.)

વાસ્તવમાં જોઈએ તો શ્રીમદાચાર્યચરણે પોતાના જીવનકાળમાં ભારત ભ્રમણ કરતાં જે જે સ્થળોએ ભાગવત પારાયણનો ઉપક્રમ કરેલો તે આજે આપશ્રીના બેઠકજી સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે. આ એ સ્થાનો છે, જ્યાંથી તેમણે પોતાની **'શુદ્ધાદ્વૈત વિચારધારા'**ને પ્રસ્તુત કરી હતી, પ્રસારિત કરી હતી

અને તદર્થ, આ પ્રત્યેક સ્થળોનો ઉપયોગ/વિકાસ હક્કિતમાં તેમના ગ્રંથોના અભ્યાસ માટે, તદ્વિષયક ગોષ્ટીઓના આયોજન માટેના કેન્દ્રોના રુપમાં થવો જોઈએ. પરંતુ આજે અનેક બેઠકો ખંડહર હાલતમાં છે, જે માત્ર શ્રદ્ધાળુ વૈષ્ણવોના ઔપચારિક ઝારી ચરણસ્પર્શના ઉપક્રમથી વિશેષ તેનું કાંઈ જ હાર્દ જણાતું નથી. સંપ્રદાયની સમગ્રતાની દ્દષ્ટિથી જો વિચારવામાં આવે તો આ એક દયનીય સ્થિતિ કહેવાય, જે વિષયમાં જાગ્રત મહાનુભાવોએ વિચારવાની આવશ્યકતા છે.

એક એવો પણ દ્દષ્ટિકોણ સંપ્રદાયમાં પ્રવર્તે છે કે આવા પ્રકારનું ચિંતન કરવું માત્ર **'ગોસ્વામી આચાર્યશ્રી'**ઓનું જ કાર્ય છે. વૈષ્ણવો એ તદ્વિષયક કોઈ વિચાર કરવાની આવશ્યકતા નથી. તદર્થ આચાર્યશ્રીઓ જે પણ કરી રહ્યા છે અથવા કહી રહ્યા છે તે જ ઉચિત છે, તે જ પ્રમાણ છે. અનુયાયીઓ એ તો માત્ર તેનું અનુસરણ જ કરવું જોઈએ. તે વિશે કોઈ પ્રશ્ન ઉપસ્થિત કરવો ન જોઈએ અને કદાચ મારા જેવા કોઈ તેવી ધૃષ્ટતા કરે તો તેને 'બહિર્મુખ' હોવાનું પણ માનવામાં આવે છે. કેટલાક તેનો બહિષ્કાર કરવાની પણ વૃત્તિ ધરાવતાં હોય છે, જેના કારણે આજના શિક્ષિત વર્ગ પણ તેમની અનેક બાબતો મુંઝવતી હોય અથવા અનુચિત જણાતી હોય તેમ છતાં પણ તે વ્યક્ત કરવાની હિંમત કરતાં હોતા નથી. વર્તમાનમાં પરિસ્થિતિમાં વિપરીતતા આવવાનું આ પણ એક કારણ છે.

સર્વે વલ્લભવંશજ આચાર્યશ્રીઓ ચોક્કસપણે શ્રી મહાપ્રભુજીના વંશજ હોવાના કારણે **'પરમ આદરણીય'** છે, **'વંદનીય'** છે. તેમના દોષ જોવાનો અનુયાયી વર્ગને અધિકાર ન હોઈ શકે. તેમને કોઈ રીતે ઉતારી પાડવાનો આપણો પ્રયાસ પણ ન હોવો જોઈએ. પરંતુ પુરા આદર તેમજ વિનમ્રતાપૂર્વક આપણા સંદેહને અભિવ્યક્ત કરવામાં કોઈ અપરાધ થતો હોય તેમ માની શકાય નહીં, કારણ કે અનુયાયી અજ્ઞાની હોઈ શકે અને આચાર્યશ્રી માર્ગદર્શકની ભૂમિકામાં હોય છે. આપણે તેમને **'ગુરુવત્'** માનતા હોઈએ છીએ. તદર્થ આપણા મનનું સમાનધાન કરવાનું તેમનું દાયિત્વ છે. જો કોઈ

અનુયાયી દ્વારા '**દૈન્યભાવે**' આચાર્યશ્રીને પ્રશ્ન કરવામાં આવે તો ન તો તેના મનમાં કોઈ પ્રકારે ભય અથવા હિનતાનો ભાવ આવવો જોઈએ, ન આચાર્યશ્રી દ્વારા તેને અપમાનિત કરવામાં આવવો જોઈએ, અથવા તેને બહિર્મુખ ઘોષિત કરવો જોઈએ. આજે મહદ્અંશે આ પ્રકારની સહજતા દેખાતી નથી. અનુયાયી વર્ગ હંમેશાં લઘુતા ગ્રંથોથી પીડાતો હોય છે અને એક પ્રકારના ભયની લાગણી તે અનુભવતો હોય છે કે ક્યાંક દોષ ન લાગી જાય, ક્યાંક અપરાધ ન થઈ જાય. તેથી તે સાવધાન રહી પોતાની શંકાનું નિરાકરણ કરવાનું ટાળતો હોય છે.

આ એક અસ્વસ્થ પરિપાટી છે, જે નિર્મૂળ થવી આવશ્યક ગણાય. કારણ કે '**આચાર્યવર્ગ**' અને '**અનુયાયી વર્ગ**' બંને '**વલ્લભીય સૃષ્ટિ**'ના જ બે અભિન્ન અંગ છે અથવા રથના બે પૈડા સમાન છે. જો બંને એક બીજાને સાનુકૂળ રહે તો જ સંપ્રદાય સુચારુરૂપે ગતિશીલ રહે, સાચી દિશામાં પ્રગતિ કરી શકે અને પોતાના ગંતવ્યને પ્રાપ્ત કરી શકે.

ગઈ કાલની પેઢી માત્ર શ્રદ્ધાથી અનુસરણ કરવા ટેવાયેલી હતી. મોટા ભાગે સંપ્રદાયની ગતિવિધિઓ પરંપરાગત હતી. પ્રાચીન આચાર્યો પણ સેવા પરાયણ રહેતાં અને અનુયાયી વર્ગને પણ સેવા-સત્સંગમાં આગ્રહ પૂર્વક જોડતાં. અનુયાયીઓ પણ શ્રદ્ધાપૂર્વક અનુસરણ કરતાં, કારણ કે પાખંડનો મહદ્અંશે એ અભાવ હતો અને સરળતાનો ભાવ હતો. જે પણ સાંપ્રદાયિક આયોજનો થતાં તેમાં બાહ્યાંડબર તેમજ પ્રદર્શનને સ્થાને, સ્વમાર્ગીય સિદ્ધાંતો અને ભગવદ્ સુખના વિચારની પ્રમુખતા રહેતી. પરંતુ લગભગ છેલ્લા પચાસ વર્ષથી સ્થિતિ બદલાઈ ગયેલ જણાય છે. ટીવી કોમ્પ્યુટરનો યુગ આવી ગયો છે, જેના દ્વારા પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ અનેકગણો વધી ગયો છે. તેનાથી વૈષ્ણવ સમાજ તેમજ આચાર્યવર્ગ પણ અછુતો રહેલ નથી. સૌનું આર્થિક સ્તર સુધરવાથી દ્રવ્યનું આદાન પ્રદાન વધ્યું છે, જેનું સ્વાભાવિક દૂષણ સૌને લાગુ થયું છે. યાતાયાતના સાધનો સુલભ થવાથી આવાગમન પણ વધ્યું છે. તેના કારણે આચાર્યશ્રીઓની પણ '**ભગવદ્-સેવા**'ના ભોગે પણ બાહ્યપ્રવૃત્તિઓ, પ્રવાસો વધ્યા છે. આજે અનેક આચાર્યશ્રીઓએ સંપ્રદાયના

પ્રચારના નામે **કથા, સત્સંગ, વિવિધ મનોરથો** ઈત્યાદિના કાર્યક્રમો દેશવિદેશમાં આયોજિત કરવા માંડ્યા છે. તેમાં સમૃદ્ધ વૈષ્ણવોને પોતાની પ્રતિષ્ઠા વધારવાનો આડલાભ પ્રાપ્ત થાય છે અને સંપ્રદાયની સેવા કરવાનો અહં પોસાતો હોય છે. તેથી આચાર્યવર્ગને આર્થિક ઉપાર્જનનો અને અનુયાયી વર્ગને સાંપ્રદાયિક પ્રતિષ્ઠાનો લાભ મળતો હોય છે. તેના કારણે જ સંપ્રદાયના મૂળ તત્ત્વનું–સિદ્ધાંતોનું ધોવાણ થતું ગયું છે. આજે જે સ્થિતિ પ્રવર્તિ રહી છે, તેમાં પુષ્ટિમાર્ગીય પ્રવૃત્તિઓના નામે અનેક સ્થાને સ્પષ્ટરૂપે પાખંડની પ્રવૃત્તિ વર્તાય છે.

શ્રી મહાપ્રભુજીએ અનેક પ્રકારની જીવસૃષ્ટિ બતાવી છે, જેથી સમજી શકાય કે પુષ્ટિમાર્ગીય ઉપક્રમોના નામે થઈ રહેલી પ્રવૃત્તિઓમાં પુષ્ટિ–પ્રવાહ–મર્યાદા તેમજ મિશ્ર પ્રકારના જીવો જોડાતા હોય છે. તેમની રુચિ–અધિકાર–ફૂલ વગેરે પોતપોતાના વર્ગ મુજબ હોઈ શકે છે. **આપણું આ ચિંતન તે સૌ કોઈ માટે નથી. તે સર્વ ભગવાનની લીલાના અંગ છે. તેથી તે વિશે આપણે વિચારવું અપ્રસ્તુત છે. આપણે તે બધાને ભગવાનની લીલાના ભાગ રૂપે સ્વીકારવું જોઈએ. પરંતુ આ ચિંતન માત્ર 'પુષ્ટિ જીવો' પરત્વે છે, જેઓ 'પુષ્ટિમાર્ગ' વિશે ગંભીર છે, જેમને શ્રીમદાચાર્યચરણમાં 'ગુરુ' તરીકે અતુટ શ્રદ્ધા છે અને તેમની આજ્ઞાનુસાર અનુશરણ કરી જેઓ ભગવદ્ પ્રાપ્તિનું ધ્યેય ધરાવે છે.** તેમ છતાં, વર્તમાન વ્યવસ્થામાં તેઓ અજ્ઞાનવશ વિવેક જાળવી નથી શકતા અને પરંપરાગત શ્રદ્ધા કે અંધશ્રદ્ધાના કારણે ભ્રમિત થવાના આજે અનેક સંજોગો ઉપસ્થિત છે, ત્યારે વાસ્તવિક પરિસ્થિતિનું ચિંતન કરવું, તેનું મૂલ્યાંકન કરવું અને યોગ્ય ઉપાય વિચારવો આવશ્યક છે.

એવી મૂલ્યાંકન કરવાની સ્થિતિ ત્યારે જ ઉદ્ભવી શકશે જો આપણે આપણા આદ્ય ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીની મૂળભૂત આજ્ઞા જે તેમણે પોતાના નિબંધ ગ્રથના પ્રારંભમાં જ કરી છે, **''શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણ સેવ્યઃ''**નું પાલન કરીશું. તે માટે આપણે પ્રકિર્ણ શાસ્ત્રો વેદાદિ ભલે ન ભણીયે, પરંતુ તે શાસ્ત્રોનું દોહન કરી સાર તત્ત્વને તેમણે પોતના ગ્રંથોમાં પ્રકટ

કર્યું છે, તેનો ગંભીરતા પૂર્વક અભ્યાસ કરવો નિતાંત આવશ્યક ગણાય.

શ્રી મહાપ્રભુજીએ દામોદરદાસ હરસાનીજીને કરેલી આજ્ઞા **'દમલા યહ માર્ગ તેરે લીયે પ્રકટ કીયો હૈ'** સારગર્ભિત છે. આનો ખુલાસો દામોદરદાસ હરસાનીજીની વાર્તામાંથી સ્પષ્ટતયા પ્રાપ્ત થાય છે. ત્યાં કહ્યું છે **''અને માર્ગ દામોદરદાસ હૃદયમાં સ્થાપન કર્યો તે ગુસાંઈજીને માટે. તેનું તાત્પર્ય એ છે કે યદ્યપિ શ્રી ગુસાંઈજી ઈશ્વર છે, બાળક છે, તો શું થયું ? પરંતુ શ્રી આચાર્યજી મહાપ્રભુજી પોતાનો ભક્તિમાર્ગ તો દામોદરદાસના હૃદયમાં સ્થાપન કરેલો હતો. આપ શ્રીમુખથી કહેતા 'આ માર્ગ દમલા તારા માટે પ્રકટ કર્યો છે' તેથી વૈષ્ણવના હૃદયમાં સ્થાપન કરે તો આગળ વૈષ્ણવોમાં ફલે. જો શ્રી ગુસાંઈજીના હૃદયમાં સ્થાપન કરે તો ગોકુળમાં જ ધર્મ રહેત. ગોકુળમાં તો પહેલેથી જ શેષ-અશેષ માહાત્મ્યને ધારણ કરાવ્યું છે (સ્થાપ્યું છે) કેમ કે બિન્દુ સૃષ્ટિ છે અને વૈષ્ણવ એ તો નાદ સૃષ્ટિ છે. તેથી એને તો ભક્તિ આપવાથી હેતુ સરે, માટે જ ગોપાળદાસજી એ ગાયુ છે 'ભક્તિમાર્ગીય જીવ સ્વતંત્ર કેવળ ભક્ત ન થાય.' ભક્તિમાર્ગીય જીવ સ્વતંત્ર છે, દૈવી છે.**

શ્રીઆચાર્યજી નવરત્નમાં કહે છે-**''નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ' આ પ્રકારે ભક્તોના હૃદયમાં સંપ્રદાય રાખ્યો તેથી ભક્તિમાર્ગ પ્રગટ થયો નહીં તો ઈશ્વર માર્ગ કહેવાતો. ભક્તિમાર્ગને 'ઈશ્વર માર્ગ' પણ કહેવાય, કેમ કે જ્યાં ભક્તિ ત્યાં ભગવાન. જ્યાં ભક્તિ નહીં ત્યાં ભક્તિમાર્ગની રીતથી ભગવાન ન રહે, અંતર્યામી થઈને રહે. તેથી ભક્તોનો ઉત્કર્ષ જેમાં હોય તે 'ભક્તિમાર્ગ' કહેવાય.''** (૮૪ વૈષ્ણવોની વાર્તા-સત્સંગ વિશેષાંક-સપ્ટે.૧૯૬૯, પેજ ૧૦)

તદુપરાંત જ્યારે શ્રી ઠાકોરજીએ શ્રી મહાપ્રભુજીને બ્રહ્મસંબંધ મંત્રની આજ્ઞા કરેલી ત્યારે દામોદરદાસ હરસાનીજી પણ નજીકમાં જ સૂતેલા હોઈ તેમણે ભગવદ્ વાણી સાંભળેલી. જ્યારે આચાર્યજીએ દામોદરદાસને પૂછ્યું : **'દમલા તે કંઈ સાંભળ્યું ?'** ત્યારે દામોદરદાસે કહ્યું : **'જે મહારાજ, મેં શ્રી**

ઠાકોરજીના વચન સાંભળ્યા તો ખરા, પણ સમજ્યો નહીં.'

આ વાર્તાલાપના ભાવપ્રકાશમાં સમજાવ્યું છે કે 'દામોદરદાસના વચન–**'શૂન્યો પર સમજ્યો નહીં.'**નું તાત્પર્ય છે કે જે ભગવદ્ ગીતાના અગિયારમા અધ્યાયમાં કહ્યું છે કે **''શ્રી ઠાકોરજીના વચન છે તે આપમેળે સમજવા ઈચ્છે તે (યથાર્થ) ન સમજાય, જ્યારે ગુરુ કૃપા કરે ત્યારે સમજી શકાય. દામોદરદાસ શ્રી આચાર્યજીના સેવક છે, તેથી જ્યારે શ્રી ઠાકોરજીના વચનનું તાત્પર્ય આચાર્યજી સમજાવે ત્યારે જ તેઓ સમજે, એ કહીને એમ સૂચવ્યું છે, જે હૃદયમાં દૃઢ જ્ઞાન ગુરુની કૃપાથી જ થાય.''** (૮૪ વૈષ્ણવની વાર્તા–સત્સંગ વિશેષાંક સપ્ટે.૧૯૬૯ પેજ ૮)

ઉપરોક્ત વચનોથી એ સ્પષ્ટ થાય છે કે **'પુષ્ટિ ભક્તિમાર્ગ'**નું હાર્દ ભગવદીય વૈષ્ણવો દ્વારા જળવાઈ રહેશે, એવા તાત્પર્યથી શ્રી મહાપ્રભુજીના ઉક્ત વચન **'દમલા યહ માર્ગ તેરે લીયે, પ્રકટ કીયા હૈ'** કહેલા છે. તેવી જ રીતે દામોદરદાસ હરસાનીજીના વચન **'સુન્યો પર સમજ્યો નહીં'**નું પણ તાત્પર્ય છે કે **પુષ્ટિમાર્ગનું રહસ્ય, શ્રીમદાચાર્યચરણ સમજાવે તો જ સમજી શકાય.** તદર્થ, આપણે જો તેમની વાણીનું તેમના ગ્રંથોનું અધ્યયન કરીએ તો જ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો હૃદયારુઢ થાય અને ત્યારે જ ઈચ્છિત ફલ પ્રાપ્તિ થઈ શકે.

જ્યારે કોઈ એમ કહે કે **'અમુક કાર્યમેં તારે માટે કર્યું છે'** ત્યારે તેને સાર્થક કરવાનું દાયીત્વ, જેના પરત્વે કહ્યું હોય તેના પર રહે છે. જો શ્રીમદાચાર્ય ચરણે ભક્તિમાર્ગની સ્થિતિ વૈષ્ણવોમાં રહે તેવા આશયથી શ્રી હરસાનીજીના માધ્યમથી તેમ કર્યું હોય તો તેને સાર્થક કરવું એ પુષ્ટિમાર્ગીય જીવોનું અનિવાર્ય કર્તવ્ય છે. તદર્થ, તેમના ગ્રંથોના અધ્યયન/અધ્યાપનની તદ્વિષયક પદ્ધતિસરની પ્રશિક્ષણની જવાબદારી પણ અનુયાયી વર્ગની જ ગણાય. આ પ્રકારનો અભિગમ હોય તે **'નામ સેવા'**નું જ એક રુપ છે. શ્રીમહાપ્રભુજીના એવમ્ અન્ય પૂર્વાચાર્યોના ગ્રંથો છાપવા, છપાવવા તેના અધ્યાપનની વ્યવસ્થા કરવી, તે માટે ગ્રંથાલય વિદ્યાલય સ્થાપવા વગેરે કાર્ય સંપ્રદાયની

સેવાનું જ સ્વરુપ ગણાય અને તેમ કરવામાં આવતો દ્રવ્યનો વિનિયોગ સાચા અર્થમાં **‘વિત્તજા સેવા’** જ ગણાય, અને તેવા દ્રવ્યને જ સાચા અર્થમાં **‘દૈવી દ્રવ્ય’** કહેવાય.

જે પુષ્ટિજીવો, મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીમાં અક્ષુણ્ણ પ્રેમ ધરાવે છે, જેમને તેમના દ્વારા પ્રવર્તિત પુષ્ટિ સંપ્રદાયમાં પ્રતિમ શ્રદ્ધા અને વિશ્વાસ છે, જેઓ તેમનામાં સંપૂર્ણ નિષ્ઠા ધરાવે છે તેઓએ ઉપરોક્ત બાબતોને ગંભીરતાપૂર્વક લક્ષમાં લઈ, જે અજ્ઞાન અને અંધશ્રદ્ધાના કારણે ‘પુષ્ટિ સંપ્રદાય’ની આજે વિષમ પરિસ્થિતિ ઉદ્ભવેલી છે, તેને દૂર કરવા માટે પોતાનાથી બનતા સર્વ પ્રકારે પ્રયાસ કરી પોતાની નિષ્ઠાનું પ્રમાણ આપવું ઘટે. ત્યારે જ આપણે સાચા અર્થમાં શ્રી મહાપ્રભુજીના સેવક કહેવડાવી શકીએ, પુષ્ટિ સંપ્રદાયના સાચા અનુયાયી બની શકીએ.

જો આપણે ‘પુષ્ટિજીવો’ છીએ અને શ્રી મહાપ્રભુજીએ ચીંધેલ માર્ગે ચાલી **‘પુષ્ટિ પ્રભુ’**ને મેળવવાનું આપણું લક્ષ છે, તો કેટલીક પાયાની વાતો જે અહીં નીચે આપેલી છે, તેને દઢતાપૂર્વક સમજવી જોઈએ, સ્વીકારવી જોઈએ અને તદનુસાર તેનું અનુસરણ કરવું જોઈએ. ત્યારે જ આપણે સાચા અર્થમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીની શરણાગતિ સ્વીકારી તેમ કહી શકાય.

૧. આપણા ગુરુ એક માત્ર મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી છે.

૨. આપણા દીક્ષા-દાતા ‘ગુરુદ્વાર’ રૂપે બ્રહ્મસંબંધની દીક્ષા આપે છે. સ્વતંત્રતય કે સ્વ સામર્થ્યથી નહીં.

૩. તદર્થ દીક્ષા-દાતા આચાર્યશ્રીમાં શ્રીવલ્લભાચાર્યજીનો દષ્ટિકોણ રાખવો, અને તે રીતે તેમના દર્શન ચરણ-સ્પર્શ ઈત્યાદિ કરવા. તેનો જયકાર ‘શ્રી વલ્લભ’ના નામથી જ કરવો.

૪. બ્રહ્મસંબંધની દીક્ષા લઈ આપણે ‘શ્રીકૃષ્ણ’ના સેવક બનીએ છીએ. ‘દીક્ષા દાતા’ ગુરુના નહીં, એ સ્પષ્ટપણે સમજવું જોઈએ.

૫. શ્રીમદ્વલ્લભાચાર્યજી એવમ્ શ્રી ગુસાંઈજી વગેરે પૂર્વાચાર્યોના વચન જે

પ્રમાણે ગણાય, તેથી તેમનાથી સુસંગત ન હોય તેવા વચન અસ્વીકાર ગણાય. તેમ કરતાં તેને ગુરુદ્રોહ ન માનવો, કારણ કે ગુરુ તો શ્રી મહાપ્રભુજી જ છે.

૬. સર્વે વલ્લભકુળ આચાર્યશ્રીઓમાં 'વલ્લભવત્' સમાન ભાવ રાખી તેમનો આદર કરવો, તેના પ્રત્યે 'પૂજ્યભાવ' રાખવો.

૭. સેવા–સત્સંગ ઈત્યાદિ ઉપક્રમો સાંપ્રદાયિક ગ્રંથોના પ્રમાણભૂત પરંપરા મુજબ જ કરવા, સ્વેચ્છંયા અથવા ગેરમાર્ગે દોરવાઈને મનઘડંત રીતે ન કરવા.

૮. કોઈ વિષયમાં સંદેહ હોય તો આદર એવમ્ વિનમ્રતાપૂર્વક દૈન્યભાવથી ગો.આચાર્યશ્રીને તદ્‌વિષયક પ્રશ્ન પૂછી માર્ગદર્શન મેળવવામાં સંકોચ ન અનુભવવો કે ડર નહીં રાખવો. જે તે આજ્ઞા વિશે પ્રમાણ જાણવા પ્રયત્ન કરવો જેથી સંપ્રદાયના સિદ્ધાંત સમજાય અને તેમના વચનમાં સંપૂર્ણ નિષ્ઠા જાગે.

૯. સાંપ્રદાયીક ઉપક્રમો/આયોજનો જે શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોથી સુસંગત હોય તેમાં જ ઉત્સાહપૂર્વક સહભાગી થવું.

૧૦. જ્યાંથી પણ ઉપલબ્ધ હોય, તે રીતે શ્રી મહાપ્રભુજીના મૂળ ગ્રંથોનો અભ્યાસ કરવા પ્રયાસ કરવો. પુષ્ટિ સંપ્રદાયને અનુસરવા માટે ગ્રંથોને સમજવા તેને અનિવાર્ય આવશ્યકતા જાણવી.

૧૧. 'કૃષ્ણ સેવા સદાકાર્યા'ને શ્રી મહાપ્રભુજી 'સ્વસિદ્ધાંત' કહ્યો છે, તેમજ તેનો સ્વધર્મ રૂપે સ્વીકાર કરી 'ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ' મુજબ તેનું પોતાના ઘરમાં રહી પાલન કરવું અનિવાર્ય ગણવું.

૧૨. 'નિવેદન તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશીર્જનૈઃ' તેમજ 'તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રી કૃષ્ણં શરણં મમ' તે બંને આજ્ઞાઓને 'જીવન મંત્ર' બનાવવા.

આપણે આપણું શ્રેય ઈચ્છતા હોઈએ તો ઉપનિષદની નિમ્ન આજ્ઞાને માથે ચઢાવીએ– ''ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત ।'' (કઠોપનિષદ)

(૪)

પુષ્ટિ સંપ્રદાયનું હાર્દ

૪

પુષ્ટિ સંપ્રદાયનું હાર્દ

'પુષ્ટિમાર્ગ' વિશે જ્યારે આપણે વિચારીએ ત્યારે સ્વાભાવિક રીતે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીનું નામ તેની સાથે જોડાઈ જાય. તેમના વિના 'પુષ્ટિમાર્ગ' અથવા પુષ્ટિ–સંપ્રદાય અપ્રસ્તુત બની જાય. ભગવાન શ્રીકૃષ્ણના અવતાર કાલમાં વ્રજભક્તોએ જે માર્ગને અપનાવી ભગવાનને મેળવ્યા હતાં, તે માર્ગને જ **'પુષ્ટિમાર્ગ'** કહે છે. નિઃસાધન એવા ગોપીજનોએ શ્રીકૃષ્ણને નિષ્કામ ભાવે શુદ્ધ સ્નેહપૂર્વક ભજ્યા હતા. તેમના નિશ્ચલ પ્રેમને વશ થઈ ભગવાને તેમને ભજનાનંદનો અનુભવ કરાવ્યો હતો. તેના મૂળમાં સ્વયં ભગવાનનો અનુગ્રહ હતો, કારણ કે ન તો ગોપીજનોને જ્ઞાન હતું, ન તેઓ વેદમાં વર્ણવેલાં સાધન જાણતાં હતાં, અર્થાત્ તેઓ નિઃસાધન હતા. તેમ છતાં ભગવાને અહેતુકિ કૃપા વરસાવી તેમને પોતાના સ્વરૂપાનંદનું દાન કર્યું હતું. ભગવાન સર્વતંત્ર–સ્વતંત્ર થાય છે. તેથી જ શ્રુતિ કહે છે – **"નાયમાત્મા પ્રવચનેન લભ્ય, ન મેધયા ન બહુના શ્રુતેન, યમે વૈષ વૃણુતે તેન લભ્ય"** અર્થાત્ ભગવાન ન તો પ્રવચનોથી મળતાં, ન બુદ્ધિથી, કે ન કથાશ્રવણથી, તેઓ જેનું વરણ કરે, એટલે કે જેના પર કૃપા કરે તેને જ મળી શકે છે.

શ્રી મહાપ્રભુજીએ આ શ્રુતિવાક્યનો આધાર લઈ તેમજ ભાગવતજીમાં વર્ણિત ગોપીજનોના અપ્રતિમ પ્રેમને પ્રમાણ ગણી **'પુષ્ટિ–સંપ્રદાય'** પ્રતિપાદિત કર્યો છે, પ્રવર્તિત કર્યો છે. તેને જ આજે આપણે **'પુષ્ટિ ભક્તિમાર્ગ'** અથવા **'પુષ્ટિમાર્ગ'** કહીએ છીએ. વાસ્તવમાં 'પુષ્ટિમાર્ગ'ના પ્રસ્થાપક તો ઉપર કહ્યું

તેમ ગોપીજનો જ છે. તેથી જ શ્રીમદાચાર્યચરણ ગોપીજનો ને પુષ્ટિમાર્ગના 'ગુરૂ' બતાવે છે. તેઓ કહે છે – **"કૌંડિન્યો ગોપિકાઃ પ્રોક્તાઃ ગુરવઃ સાધનં ચ તદ્, ભાવો ભાવનયા સિદ્ધઃ સાધન નાન્યદ ઈષ્યતે"** અર્થાત્ 'જેવી રીતે કૌંડિન્ય ઋષિ મર્યાદામાર્ગના ગુરુ છે, તેમ ગોપીજનો પુષ્ટિ ભક્તિમાર્ગના ગુરુ છે. ગોપીજનોના ભાવની ભાવના સિદ્ધ કરવા રુપી જ તેમાં સાધન છે અન્ય સાધન આવશ્યક નથી.'

'ઈશ્વર સાક્ષાત્કાર' માટે શ્રી શંકરાચાર્યે પ્રતિપાદિત કરેલ જ્ઞાનમાર્ગથી વિશિષ્ટ ભક્તિમાર્ગનું પ્રવર્તન રામાનુજાચાર્યે કરેલું, જેમણે શરણાગતિનો દૃષ્ટિકોણ પણ પ્રસ્તુત કરેલો. આમ જોવા જઈએ તો **'ભક્તિમાર્ગ'**નું મૂળ તો ઉપસાના દ્વારા ભગવાનને પ્રસન્ન કરવાની પદ્ધતિ વેદકાળથી અસ્તિત્વમાં છે. તેને સામાન્યતઃ આપણે **'મર્યાદાભક્તિમાર્ગ'** તરીકે ઓળખીએ છીએ. એ **'સાધન ભક્તિ'**નો પ્રકાર છે, જે ભક્તના સાધન પર અવલંબિત છે. ભાગવતમાં વર્ણિત **નવધાભક્તિ-શ્રવણ-કિર્તન-વંદન-પાદસેવન-અર્ચન-દાસ્ય-સખ્ય-આત્મ નિવેદન** વિશેષતઃ મર્યાદા ભક્તિના જ પ્રકાર છે, કારણ કે તે તદ્ તદ્ સાધન પર આધારિત છે. જેના ફળ રૂપે **સાયુજ્ય-સામિપ્ય** ઈત્યાદિ મુક્તિ બતાવવામાં આવી છે.

પરંતુ શ્રીવલ્લભાચાર્યજીએ ભક્તિનો એક વિશિષ્ટ પ્રકાર **'પુષ્ટિભક્તિ'**ને સમજાવ્યો છે, જે નવધા ભક્તિના છેલ્લા સોપાન **'આત્મ નિવેદન'**થી આગળ વધી **'પ્રેમલક્ષણાભક્તિ'**નું સ્વરૂપ છે. તે ભગવાન પ્રત્યેના સુદૃઢ સર્વતોધિક **'સ્નેહ'** તેમજ સ્વયં ભગવાનની કૃપા પર અવલંબિત છે. તેનું ફળ માત્ર 'મોક્ષ' પર્યંત સીમિત ન રહેતાં 'ભગવદ્ પ્રાપ્તિ', ભગવાનની અલૌકિક લીલાનું સાંનિધ્ય, ભગવાનની પ્રત્યક્ષ સેવાના સુખ સુધી વિસ્તરે છે. એ જ પુષ્ટિ ભક્તિની વિશેષતા છે અને તેના પુરસ્કર્તા શ્રીમદ્ વલ્લભાચાર્યજીની પુષ્ટિજીવોને વિશિષ્ટ દેન છે.

વૈષ્ણવ પરંપરામાં ચાર પ્રમુખ ભક્તિ સંપ્રદાયો થયા છે. **શ્રી સંપ્રદાય,**

સનક સંપ્રદાય, બ્રહ્મ સંપ્રદાય અને શ્રી વિષ્ણુસ્વામી દ્વારા સ્થપાયેલ **રુદ્ર સંપ્રદાય,** જેમની પરંપરામાં શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિ સંપ્રદાયનું પ્રવર્તન કરેલ છે. તેનો આધાર, ઉપર કહ્યું તેમ, ગોપીજનોએ ધારણ કરેલો **'પુષ્ટિમાર્ગ'** છે.

કોઈપણ સંપ્રદાયના પ્રવર્તન માટે ચાર બાબતોનો સમાવેશ થયેલ હોવો આવશ્યક છે. (૧) **તત્વોપદેશ**, (૨) **સિદ્ધાંતોપદેશ** (૩) **વ્યવહારોપદેશ** અને (૪) **ફલોપદેશ**. સંપ્રદાયના પ્રવર્તકે આ ચારેય પ્રકારના ઉપદેશો આપવા આવશ્યક ગણાય જેથી તે સંપ્રદાયનો અનુયાયી તેના સિદ્ધાંતોને સારી રીતે સમજી તેને અમલમાં મૂકી પોતાના ઈચ્છિત ફળની પ્રાપ્તિ કરી શકે. શ્રી વલ્લભાચાર્યજી પુષ્ટિ સંપ્રદાયના **ગુરુ, પ્રતિપાદક** અને **પ્રવર્તક** છે. તેમના પ્રાકટ્યનો હેતુ દૈવી જીવાત્માઓનો ઉદ્ધાર હતો. તેને માટે તેમણે આ સંપ્રદાય સ્થાપિત કર્યો તદંતર્ગત તેમણે ઉપરોક્ત ચારેય બાબતોનો વિચાર કર્યો છે અને પોતાના ગ્રંથો દ્વારા તેને સમજાવી છે.

પુષ્ટિ માર્ગ ભગવદ્ કૃપા દ્વારા ભગવાનને મેળવવાનો માર્ગ છે, અર્થાત્ તે ભગવાનની કૃપા પર આધારિત છે. તેમ છતાં આ માર્ગને અનુસરવા માર્ગદર્શક રૂપે **'ગુરુ'** આવશ્યક છે. તેથી કેવા લક્ષણવાળા પુરુષને ગુરુ કરવા જોઈએ તે સમજાવતાં શ્રી મહાપ્રભુજી નિબંધ ગ્રંથના સર્વ નિર્ણય પ્રકરણમાં ખુલાસો કરતાં કહે છે – **''કૃષ્ણ સેવા પરં વીક્ષ્યં દંભાદિ રહિતં નરમ્ શ્રી ભાગવત તત્ત્વજ્ઞ ભજેજિજજ્ઞાસુ આદરાત્''** (સ.નિ.નિબંધ ૨૨૭) અર્થાત્ 'ગુરુ પોતે કૃષ્ણ સેવા પરાયણ, એટલે પોતે શ્રી કૃષ્ણની સેવા કરતાં હોય, જેમાં દંભ ઈત્યાદિ દોષો ન હોય, અને જેઓ ભાગવતના તત્ત્વના સારી રીતે જાણકાર હોય, તેના મર્મજ્ઞ હોય, તેવા પુરુષને ગુરુ રુપે સ્વીકારવા જોઈએ.'

શ્રી મહાપ્રભુજીની આ કારિકાનો ગંભીરતાપૂર્વક વિચાર કરીએ તે તેમાં **'કૃષ્ણ સેવા પરં વીક્ષ્યં'** પદથી તેમના **'ધર્મદર્શન'**નો સંકેત મળે છે જ્યારે શ્રી ભાગવત તત્ત્વજ્ઞ પદ તેમના **'તત્ત્વદર્શન'**નો સૂચક છે.

શ્રી મહાપ્રભુજીએ પોતાના નિબંધ ગ્રંથના શાસ્ત્રાર્થ પ્રકરણમાં કરેલા

ખુલાસો મુજબ **વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો** અને **ભાગવત** ઈત્યાદિ ભગવદ્ શાસ્ત્રોના આધારે પોતાની **'તાત્વિક વિચારધારા'** રજૂ કરી છે. તે તેમના ગ્રંથો **તત્વાર્થદીપ નિબંધ, અણુભાષ્ય** વગેરેમાં વિસ્તારથી આલેખાયેલી છે. આ ગ્રંથોમાં તેમણે **'પરમ તત્ત્વ બ્રહ્મ'**નું તેમજ જડ-ચેતનયુક્ત આ દૃશ્યમાન **'જગત'**નું નિરુપણ કર્યું છે. તેમણે **માયા** અને **સંસાર**ના સ્વરુપને યથાર્થ રીતે સમજાવ્યા છે. તદુપરાંત **વિદ્યા, અવિદ્યા** ઈત્યાદિ વિષયોનો પણ સ્પષ્ટપણે ખુલાસો કરી તે જીવને કઈ રીતે લાગુપડે છે અને જીવાત્મા કેવી રીતે બંધનમાં આવે છે તથા તેની મુક્તિ કયા પ્રકારે સંભવે છે, તેની અસંદિગ્ધપણે છણાવટ કરી છે. તેમણે ભક્તિને **'પંચમ પુરુષાર્થ'**રૂપે પ્રતિપાદિત કરી છે, જેનું વિસ્તારપૂર્વક નિરુપણ ભાગવતમાં મળે છે. આમ તેમના વિવિધ ગ્રંથોમાં મૂળભૂત બાબતોના ખુલાસા આપણને પ્રાપ્ત થયા છે. આમ તેમણે પોતાના ગ્રંથો દ્વારા **'તત્ત્વોપદેશ'** આપ્યો છે, જેને પુષ્ટિ-સંપ્રદાયનો મૂળ આધાર કહી શકાય.

અગાઉ કહ્યું તેમ તેમનું તત્વદર્શન વેદાદિ **'પ્રમાણ ચતુષ્ટય'**ના આધારે પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. તેને માટે તેમણે **'શબ્દ પ્રમાણ'**નો આધાર લીધો છે. તેમણે મુખ્ય ચાર પ્રમાણો **વેદ-ગીતા-બ્રહ્મસૂત્રો** અને **ભાગવત**ને અંતિમ પ્રમાણરૂપે સ્વીકાર કર્યા છે, કારણ કે તે સમગ્ર શાસ્ત્રોના સારરુપ છે. તેથી કહી શકાય કે શ્રી મહાપ્રભુજીના 'તત્ત્વદર્શન'ને યથાર્થ રુપે સમજવા માટે ભાગવતનું તલસ્પર્શી જ્ઞાન આવશ્યક છે. તેથી જ પુષ્ટિ સંપ્રદાયને અનુસરવા આપણે જે ગુરુને માર્ગદર્શન પ્રાપ્ત કરવા માટે મનોનિત કરીએ તે સ્વાભાવિક રીતે **'ભાગવતના મર્મજ્ઞ'** હોવા આવશ્યક ગણાય, જે ભાગવતનો તાત્વિક અર્થ-શ્રી મહાપ્રભુજીના **'ભાગવતાર્થ નિબંધ'** તેમજ **'સુબોધિની'**ના આધારે કરી શકે, તેવા 'તત્વજ્ઞ' ગુરુનો આગ્રહ શ્રીમદાચાર્ય ચરણે તેથી જ સેવ્યો હોવાનું પ્રતિત થાય છે. તેવા ગુરુ જ પુષ્ટિ સંપ્રદાયનો **'તત્વોપદેશ'** આપી શકે, તે સ્પષ્ટપણે સમજી શકાય છે.

નિબંધ ગ્રંથની ઉપરોક્ત કારિકામાં શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિ સંપ્રદાયના અનુયાયીઓ માટે **'આદર્શ ગુરુ'**ની વરણી માટે આવશ્યક લક્ષણોમાં **'ભાગવત તત્વજ્ઞ'** હોવાનું બતાવ્યું છે, તેનું મહત્વ આપણે ઉપર કરવામાં આવેલી ચર્ચાથી સમજી શકીએ છીએ.

શ્રીવલ્લભાચાર્યજીએ શાસ્ત્ર વચનોના આધારે પોતાની દાર્શનિક વિચારધારા **'અખંડ બ્રહ્મવાદ'**ના સિદ્ધાંતને પ્રતિપાદિત કરી **જીવ-જગત-જગદીશ**ના સ્વરુપને સમજાવ્યા છે. શ્રુતિવચન **'સર્વં ખલુ ઈદમ બ્રહ્મ'** અનુસાર આ વિદ્યામાન જગતમાં રહેલ સર્વે જડ-ચેતન પેદાર્યો પરાત્પર પરબ્રહ્મના જ વિવિધ નામ ધારણ કરેલાં અનંત રુપો છે. તેથી કહી શકાય કે આ જગત બ્રહ્મનું જ **'આધિભૌતિક સ્વરુપ'** છે. તેને બ્રહ્મનું અવિકૃત પરિણામ કહેવાય છે, કારણ કે બ્રહ્મ જગતરુપે પરિણમિત થવા છતાં તેમાં કોઈ પ્રકારનો વિકાર આવતો નથી. તેમાં **'બ્રહ્મતત્વ'** જેમનું તેમ રહેલું છે.

શ્રી મહાપ્રભુજીએ પોતાના ગ્રંથોમાં સમજાવ્યું છે કે જીવ **'સચ્ચિદાનંદ'** રુપ ભગવાનનો અંશ છે, તે તેમનામાંથી વ્યુચ્ચરિત થયો છે, એટલે કે છુટો પડ્યો છે. ભગવાનથી અલગ થતાં તેમાંથી 'આનંદ' તત્વ નિરોહિત થઈ ગયું છે. તે ભગવાનની અવિદ્યા શક્તિના સંસર્ગમાં આવવાથી **'બંધન યુક્ત'** બને છે. તેને પોતાના મૂળ સ્વરુપની વિસ્મૃતિ થઈ જાય છે. તે જન્મ-મરણના ચકરાવવામાં રૂસાઈ જાય છે. આનંદ તત્વના અભાવમાં તે દીન-હીન બની જાય છે અને આ ભવસાગરમાં ભટકવા માંડિ છે. આ જગત **'નિરાનંદ'** છે છતાં મનુષ્ય તેમાં આનંદ શોધે છે.

શ્રી મહાપ્રભુજીએ ભાગવતજી સહિત સર્વે શાસ્ત્રોનું તત્વ દોહન કરી અનેક સનાતન સત્યોનો પ્રકાશ કરી પોતાના વિભિન્ન સિદ્ધાંત તેમના ગ્રંથોમાં આલેખ્યા છે, તેને સમજાવ્યા છે. સાધારણ મનુષ્ય સમજી શકે તે હેતુથી તેમણે પોતાના સેવકોની સમસ્યાઓના ખુલાસા રૂપે **'ષોડશગ્રંથો'**માં સિદ્ધાંતોનું નિરુપણ કર્યું છે, જેને આધ્યાત્મિક જીવનની દીવાદાંડી કહી શકાય.

આમ શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિ સંપ્રદાયના **'સિદ્ધાંત પક્ષ'**ને પણ પોતાના ગ્રંથોમાં આલેખી આ સંપ્રદાયના અનુયાયીઓને **'સિદ્ધાંતોપદેશ'** પણ આપ્યો છે, જે સંપ્રદાયનું મહત્વનું અંગ છે.

જીવના સ્વરુપને સમજાવતાં, શ્રી મહાપ્રભુજી કહે છે કે તે જ્યારે અંશ રુપે સચ્ચિદાનંદ સ્વરુપમાંથી છુટો પડે છે ત્યારે **'શુદ્ધ અવસ્થા'**માં હોય છે. તેમાં ભગવાનના **સત્‌-ચિત્‌-આનંદ** એ ત્રણેય તત્વો વિદ્યમાન હોય છે. પરંતુ ભગવાનથી અલગ થતાં તે ભગવાનની **'અવિદ્યા'** નામની શક્તિના કારણે તેમાંથી 'આનંદ' તત્ત્વનું નિરોધાન થઈ જાય છે. તેના કારણે તેમાં ભગવાનના છ દિવ્ય ગુણો **ઐશ્વર્ય,વીર્ય, યશ, શ્રી જ્ઞાન** અને **વૈરાગ્ય** લુપ્ત થઈ જાય છે. તેથી તે અનેક પ્રકારના દુઃખોનો અનુભવ કરે છે. તેને અનેક પ્રકારની વિપત્તિઓ-આપત્તિઓનો સામનો કરવો પડે છે. તે પરાધિન થઈ જાય છે. જ્ઞાનના અભાવના કારણે તેનામાં અહંકાર ઉત્પન્ન થાય છે, તેમજ વૈરાગ્યનો અભાવ થતાં તે વિષયાસક્ત બને છે. આવી પરિસ્થિતિમાં તે બંધનમાં આવી જાય છે. આ દશાને જીવની **'બદ્ધ અવસ્થા'** કહે છે.

અજ્ઞાનવશ જીવ પોતાના દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણને પોતાનું સ્વરુપ સમજવા માંડે છે અને મૂળભૂત સ્વરુપ કે તે ભગવાનનો અંશ છે, તેને વિસ્મૃત થઈ જાય છે. આવી માન્યતાને **'અધ્યાસ'** કહેવાય છે. જે તેના બંધનનું કારણ છે. તેનામાં **'હું પણા'**નો અને **'મારા પણા'**ના ભાવ જાગે છે. જે અવાસ્તવિક છે, જીવની તે ભ્રમણા છે. આને જ શ્રી મહાપ્રભુજી **'સંસાર'**ની સંજ્ઞા આપે છે.

જીવની આવી 'બદ્ધ અવસ્થા'માંથી તે મુક્ત કેવી રીતે થઈ શકે, એ વિચારણીય પ્રશ્ન છે. આપણે જાણીએ છીએ કે શ્રી મહાપ્રભુજીના પાદુર્ભાવનું એક મુખ્ય કારણ દૈવી જીવોનો ઉદ્ધાર કરવાનું હતું. તેમણે જ્યારે જોયું કે ભૂતલ પરના જીવો અનેક પ્રકારના દોષોથી ગ્રસ્ત થયેલા છે, ત્યારે તેમનો પુનઃ સંબંધ ભગવાન સાથે કઈ રીતે સંભવ બને ? તેમના આવા સતત

ચિંતનના કારણે જ સાક્ષાત્ ભગવાનને તેમણે ગોકુળમાં ગોવિંદઘાટ ઉપર જીવને બ્રહ્મસંબંધ કરાવવાની આજ્ઞા કરી હતી. ભગવાને સ્પષ્ટતા કરતાં કહ્યું ‘હતું કે બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા દ્વારા જીવના સર્વે દોષો નિવૃત્ત થઈ શકે અને તે પુનઃ ભગવાન સાથે જોડાઈ શકશે.’ તેઓ (શ્રી મહાપ્રભુજી) જે જીવનો હાથ પ્રભુને સોંપશે, તેનો તેઓ કદી ત્યાગ કરશે નહીં, તેમ ભગવાને બાંહેધરી આપેલી. તેથી પુષ્ટિ-સંપ્રદાયના અનુસરણ કરવા ઈચ્છતાં અનુયાયીઓને બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા અદ્યપર્યંત આપવામાં આવે છે.

શ્રીવલ્લભાચાર્યજીએ બ્રહ્મસંબંધની **ભગવદ્ આજ્ઞા**ને સિદ્ધાંત રુપમાં પોતાના ગ્રંથ ‘સિદ્ધાંત રહસ્ય’માં વિસ્તારથી સમજાવી છે. તેઓ કહે છે : **“સાક્ષાત્ ભગવતા પ્રોક્તં તદક્ષરસઃ ઉચ્યતે ।”** અર્થાત્ ભગવાને સાક્ષાત્ પ્રકટ થઈ કરેલી આજ્ઞાનું અક્ષરસઃ નિરુપણ કરું છું. અહીં માત્ર તે આજ્ઞા વિશેનું જ વર્ણન નથી કર્યું, પરંતુ તેનો વ્યવહારિક પક્ષ પણ સમજાવતાં તેઓ કહે છે : **“બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષા દેહ જીવયોઃ, સર્વ દોષ નિવૃત્તિઃ”** આ ભગવાને જ કહેલી વાત છે કે બ્રહ્મસંબંધ કરવાથી બધા દોષોની નિવૃત્તિ થઈ જશે. સેવામાં દોષો બાધારૂપ નહીં રહે. તે દોષોની પુનરાવૃત્તિ ન થાય તેનો ઉપાય સૂચવતાં તેઓ કહે છે કે **“અસમર્પિત વસ્તુનાં તસ્માત્ વર્જનાંમાચરેત”** બધી અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરી દેવો જોઈએ. એટલે કે પ્રભુને સમર્પિત પદાર્થોથી જ જીવન નિર્વાહ કરવો જોઈએ. વધુમાં સમજાવે છે કે લોકમાં જેમ સ્વામી-સેવકનો સંબંધ હોય છે તેમ સર્વ સમર્પિત વસ્તુઓનો પ્રભુને વિનિયોગ કર્યા પછી તેને પોતાના ઉપયોગમાં લેવી જોઈએ. આ રીતે બ્રહ્મસંબંધ કર્યા પછી **‘જીવન વ્યવહાર’** કેવો હોવો જોઈએ તેનો ઉપદેશ તેમણે કર્યો છે.

પોતાનો ‘સિદ્ધાંત મુક્તાવલી’ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી કહે છે કે **“કૃષ્ણ સેવા સદા કાર્યા”** એ ‘મારો સિદ્ધાંત’ છે. અર્થાત્ પ્રત્યેક પુષ્ટિ જીવે કૃષ્ણ સેવા હંમેશાં કરવી જોઈએ. **‘કૃષ્ણ સેવા’**ને તેમણે અનિવાર્ય કર્તવ્યના રુપમાં

બતાવી છે. પોતાના આ સિદ્ધાંતને પ્રસ્તુત કર્યા પહેલા **'બાલબોધ'** ગ્રંથમાં તેમણે મોક્ષ શાસ્ત્રોનો ઉપદેશ કર્યો છે. પરંતુ મોક્ષ પ્રાપ્તિ એ પુષ્ટિ જીવનનું લક્ષ નથી. તેનું ગંતવ્ય તો હોય છે **'ભગવદ્ પ્રાપ્તિ'**. આમ પુષ્ટિ જીવ ભ્રમિત ન થાય તે માટે પોતાના 'કૃષ્ણ સેવા'ના ઉપદેશ પૂર્વે 'મોક્ષ પ્રાપ્તિ'ની વાત તેમણે સમજાવી છે.

કૃષ્ણ સેવાને **'સ્વધર્મ'** રૂપે સ્વીકારી તેને પોતાના ઘરમાં પોતાના પરિવાર સાથે કરવાનો ઉપદેશ તેમણે **'ભક્તિવર્ધિની'** ગ્રંથમાં આપતાં કહ્યું છે **''ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ''**. આમ માત્ર તેમણે સિદ્ધાંતોનો ઉપદેશ માત્ર નથી કર્યો પરંતુ તેનો **'વ્યવહાર પક્ષ'** પણ સમજાવ્યો છે. કારણ કે **'વ્યવહારોપદેશ'** એ સંપ્રદાયનું મહત્વપૂર્ણ અંગ છે. એ રીતે તેમના ગ્રંથોમાં તેમણે 'વ્યવહારોપદેશ' આપ્યો છે જેથી અનુયાયી વર્ગ પુષ્ટિ સંપ્રદાયનું અનુસરણ સુચારુ રુપે કરી શકે.

જ્યારે શ્રી મહાપ્રભુજી કૃષ્ણ સેવાને પોતાનો સિદ્ધાંત બતાવી આટલો ભાર મૂકી રહ્યા છે ત્યારે સ્વાભાવિક રીતે સમજી શકાય કે આ સંપ્રદાયના માર્ગદર્શક ગુરુ પણ **'કૃષ્ણસેવામાં પ્રવિણ અને પરાયણ'** હોવા જરૂરી છે. તેથી જ શ્રી મહાપ્રભુજીએ ગુરુના આવશ્યક લક્ષણ માટે **'કૃષ્ણ સેવા પરં વીક્ષ્યં'** કહ્યું છે. જો ગુરુ પોતે કૃષ્ણ સેવા પરાયણ ન હોય તો, ન તો તેના અનુયાયીને તેનું આગ્રહપૂર્વક પાલન કરાવી શકે, ન તે વિષયક સુયોગ્ય સમજણ આપી શકે. તેથી ઉપરોક્ત કારિકામાં તેમણે સૂચવેલ આ કથન **'કૃષ્ણ સેવા પરં વીક્ષ્યં'** અતિ મહત્વનું કહી શકાય, કારણ કે તે ગુરુ માટેનું આવશ્યક લક્ષણનું જ સૂચક નથી, પરંતુ કૃષ્ણ સેવા એ પુષ્ટિ સંપ્રદાયનું મહત્વનું અંગ છે, તેમ સમજાવ્યું છે. તેના દ્વારા તેમણે પોતાનો **'ધર્મદર્શન'**નું પ્રતિપાદન કર્યું છે.

શ્રી વલ્લભાચાર્યજી દ્વારા સર્વ નિર્ણય નિબંધમાં નિર્દિષ્ટ કારિકા (૨૨૭)માં **''કૃષ્ણ સેવા પરં વીક્ષ્યં.... આદરાત્''**માં આદર્શ ગુરુના આવશ્યક લક્ષણો બતાવ્યા છે. તેમાં બતાવેલી બે બાબતો **''કૃષ્ણ સેવા પરં**

વિક્ષ્ચં'' એટલે કે ગુરુ 'કૃષ્ણ સેવા પરાયણ', તેમજ 'શ્રીમદ્ ભાગવતના તત્વજ્ઞ' હોવા જરૂરી છે, તે અર્થસૂચક છે. પુષ્ટિ સંપ્રદાયને અનુસરવા ઈચ્છુક અનુયાયીઓને ગુરુએ **'સિદ્ધાંતોપદેશ'** અને **'વ્યવહારોપદેશ'** તેમજ 'તત્વોપદેશ' કરવો પણ જરૂરી હોય છે. તદર્થ, તે સ્વયં કૃષ્ણ સેવા પરાયણ હોય તો જ તેને માટે અનુયાયીને આગ્રહ કરી શકે અને તેની રીતિ-નીતિ સમજાવી શકે, કારણ કે શ્રી મહાપ્રભુજીએ સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં **'કૃષ્ણ સેવા સદા કાર્યા'**ને સ્વસિદ્ધાંત કહ્યો છે, એક અનિવાર્ય કર્તવ્ય બતાવ્યું છે. તેથી તદ્વિષયક ઉપદેશ આપવો તે આ સંપ્રદાયના માર્ગદર્શક-ગુરુ માટેનું પણ અનિવાર્ય કર્તવ્ય ગણાય. આ સિદ્ધાંતને શ્રી મહાપ્રભુજીનો 'વ્યવહાર પક્ષ' અર્થાત્ **'ધર્મદર્શન'** કહી શકાય. તેવી જ રીતે તેમણે પ્રતિપાદન કરેલું 'તાત્વિક ચિંતન' તેમનું **'તત્વદર્શન'** છે. જે તેમના આ 'ધર્મદર્શન'ના મૂળમાં રહેલું છે. તેથી ગુરુને પોતાના અનુયાયીને **'તત્વોપદેશ'** કરવા માટે 'તત્વદર્શન'નું તલસ્પર્શી જ્ઞાન હોવું પણ આવશ્યક છે. શ્રી મહાપ્રભુજીએ 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'ના પોતાના દાર્શનિક વિચારો વેદાદિ 'શબ્દ પ્રમાણ' રૂપ ચાર શાસ્ત્રોના આધારે પ્રતિપાદિત કર્યા છે. તે શાસ્ત્રોનો નિચોડ શ્રીમદ્ ભાગવતમાં નિરુપિત છે, અર્થાત્ તે સર્વશાસ્ત્રોના સાર રૂપ છે. તેના કારણે ગુરુ માટે **'ભાગવતના તત્વજ્ઞ'** હોવું પણ અતિ આવશ્યક ગણાય. આમ ઉપરોક્ત કારિકામાં શ્રી મહાપ્રભુજીએ નિર્દેશ કરેલી બંને આવશ્યકતાઓ **'કૃષ્ણસેવામાં પરાયણ'** અને **'ભાગવતના તત્વજ્ઞ'** હોવું, તે શ્રી મહાપ્રભુજીના **'ધર્મદર્શન'** અને **'તત્વદર્શન'**નું જ્ઞાન હોવાની આવશ્યકતાનો નિર્દેશ કરે છે. તેના દ્વારા ગુરુ સંપ્રદાયના અનુયાયીઓને તેમના **'કર્તવ્યનો બોધ'** આપી શકે અને તે કર્તવ્ય પાછળ રહેલો **'તત્વબોધ'** પણ સમજાવી શકે.

વિભિન્ન સાસ્ત્રોમાં સમાહિત તત્વદર્શન અર્થાત્ તેમાં રહેલાં તાત્વિક વિચારો તેમજ ધર્મદર્શન એટલે કે તદનુસાર મનુષ્ય કેવા પ્રકારનું આચરણ કરવું જોઈએ, તદ્વિષયક જ્ઞાન અતિ ગુઢ હોઈ, અનુયાયી માટે તેને

સ્વતંત્રપણે સમજવું અતિ દુષ્કર છે. તેથી જ શ્રીમદાચાર્યચરણોએ સર્વ શાસ્ત્રોનું મંથન કરી તેમાં રહેલ સિદ્ધાંતોને પોતાના ગ્રંથોમાં આલેખ્યા છે. તેના અધ્યયન દ્વારા **'પુષ્ટિ સંપ્રદાય'**ને અનુસરવા માટે ઈચ્છુક અનુયાયી તેને સારી રીતે સમજી તદનુસાર તેનું આચરણ કરી શકે. તે ગ્રંથોનો યથાર્થ ઉપદેશ આપવો તે માર્ગદર્શક ગુરુ માટે આવશ્યક હોઈ ઉપરોક્ત કારિકામાં તેવા ગુરુના લક્ષણ તરીકે શ્રી મહાપ્રભુજીએ તેમને 'કૃષ્ણ સેવા પરાયણ' તેમજ 'ભાગવત તત્વજ્ઞ' હોવાનો નિર્દેશ કરેલો છે.

પોતાના અતિ મહત્વના ગ્રંથ **'તત્વાર્થ દીપ નિબંધ'**ના શાસ્ત્રાર્થ પ્રકરણની શરૂઆતમાં જ શ્રી મહાપ્રભુજીએ તદ્‌વિષયક આજ્ઞા કરતાં સ્પષ્ટતા કરી છે કે **'શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણ સેવ્યઃ'** અર્થાત્ શાસ્ત્રોને (તદર્થ પોતાના ગ્રંથોને) સારી રીતે સમજીને મન, વાણી અને દેહ દ્વારા કૃષ્ણ સેવા કરવી. આથી આપણે સમજી શકીએ કે કૃષ્ણ સેવાના કર્તવ્યને નિભાવતાં પૂર્વે તદ્ વિષયક સિદ્ધાંતોને જાણવા, તેમના ગ્રંથોનો સારી રીતે અભ્યાસ કરવો, પુષ્ટિ સંપ્રદાયના અનુયાયીઓ માટે આવશ્યક છે. તેવી જ રીતે તે બાબતનો યથાર્થ બોધ-ઉપદેશ આપવો તે તેના ગુરુ માટેની અનિવાર્યતઃ આવશ્યકતા છે. ઉપરોક્ત **'સર્વ નિર્ણય પ્રકરણ ગ્રંથ'**નો સૂચિતાર્થ આ રીતે આપણે સ્પષ્ટપણે જાણી શકીએ છીએ.

આપણે જો પુષ્ટિ જીવ હોવાનું ગૌરવ અનુભવતા હોઈએ અને શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રવર્તિત પુષ્ટિ સંપ્રદાયને અનુસરી ભગવદ્ પ્રાપ્તિ કરવાનું આપણું લક્ષ હોય તો તે આવશ્યક છે કે તેમણે કરેલ નિર્દેશ મુજબના માર્ગદર્શક અર્થાત્ ગુરુને શરણે જોઈ તેમના ઉપદેશને ગ્રહણ કરવા જોઈએ. પરંતુ તેમણે બતાવેલ લક્ષણોયુક્ત ગુરુ પ્રાપ્ત થવા વર્તમાન કલિકાલમાં મુશ્કેલ જરૂર છે. તેમણે પ્રવર્તિત કરેલ સંપ્રદાય વંશાનુગત છે અને તેથી વર્તમાનમાં તેનું પ્રવર્તન પોતે પોતાના વંશજો દ્વારા કરી રહ્યા છે, જેને આપણે **'વલ્લભકુળ'** તરીકે ઓળખીએ છીએ. તેમના દ્વારા જ આજે તેઓ આ સંપ્રદાયમાં અનુયાયીઓને બ્રહ્મસંબંધની દીક્ષા આપે છે, ભગવદ્ સેવાર્થે

ભગવદ્-વિગ્રહ પધરાવી આપે છે. આ સંપ્રદાય વિશે **તત્વોપદેશ, સિદ્ધાંતોપદેશ, વ્યવહારોપદેશ** અને **ફલોપદેશ** આપવાની જવાબદારી વર્તમાનમાં બિરાજતાં તેમના વંશજ આચાર્યોની છે. તદર્થ તેઓ શ્રી મહાપ્રભુજી દ્વારા ઉપરોક્ત કારિકા મુજબના લક્ષણોથી અલંકૃત હોવા અપેક્ષિત છે.

શ્રી હરિરાય મહાપ્રભુ પોતાના **'માર્ગ સ્વરુપ નિરુપણ'** ગ્રંથમાં સમજાવે છે કે બીજા બધા માર્ગો કરતાં અતિ જુદા જ પ્રકારનું જેનું લક્ષણ છે, તેવા આપણા **'શુદ્ધાદ્વૈત ભક્તિમાર્ગ'**નું દરેક રીતે જ્ઞાન મેળવવું જોઈએ. આ માર્ગના સ્વરુપનું જ્ઞાન પોતાના સામર્થ્યથી દરેક રીતે મેળવવું મુશ્કેલ છે.

આથી સમજી શકાય કે શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનું તલસ્પર્શી જ્ઞાનયુક્ત આચાર્યશ્રી માર્ગદર્શકના રુપમાં હોવા આવશ્યક છે. તદર્થ જ તેમણે ગુરુ માટેના ઉપરોક્ત લક્ષણોનો નિર્દેશ કરેલો છે, કારણ કે તેમના સ્થાને તેમના વતી આ સંપ્રદાયનું માર્ગદર્શન કરવું તે પ્રત્યેક વલ્લભવંશજ આચાર્યશ્રીઓ માટે અનિવાર્ય છે. શ્રી મહાપ્રભુજીના વચનો જ પુષ્ટિ-સંપ્રદાયના અનુસરણ માટે પ્રમાણ છે. તદનુસારનું માર્ગદર્શનથી જ પુષ્ટિમાર્ગના ફલની પ્રાપ્તિ તેઓ કરાવી શકે, અન્યથા નહીં.

અનુયાયી વર્ગે પણ પોતાના દીક્ષાદાતા આચાર્ય પાસેથી અથવા તે શક્ય ન હોય તો સ્વયં યોગ્ય ગુરુ પાસેથી શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનો અભ્યાસ કરી તેમના સિદ્ધાંતોથી સારી રીતે અવગત થવું જોઈએ. જ્યાં સુધી આપણે સિદ્ધાંતને બરાબર ન સમજીએ ત્યાં સુધી આપણે જે પણ ક્રિયા/આચરણ કરીએ તેમાં નિષ્ઠા બની શકતી નથી અને સ્વયં શ્રી મહાપ્રભુજી કહે છે કે 'નિષ્ઠાના અભાવમાં ફળ-પ્રાપ્તિ સંભવ બની શકતી નથી.'

વર્તમાનમાં આપણે જોઈએ છીએ કે વલ્લભકુળ આચાર્યો દ્વારા પુષ્ટિ-સંપ્રદાયનું પ્રવર્તન કરવામાં આવી રહ્યું છે. તે તેમના સ્વતંત્ર સામર્થ્ય વડે નહીં, પરંતુ શ્રી મહાપ્રભુજીના પ્રતાપબલથી જ સંપ્રદાયની પ્રત્યેક ગતિવિધિઓ સંચાલિત થઈ શકે, અને તો જ તેની ફળદાયીતા હોઈ શકે. ગુરુના જે લક્ષણોનો શ્રી મહાપ્રભુજીએ નિર્દેશ કર્યો છે તે માત્ર બાહ્ય દષ્ટિકોણથી જ નહીં પરંતુ

વાસ્તવિક સ્વરુપે નિહિત હોવા જરૂરી છે. તે વાતની સ્પષ્ટતા કરવા તેમણે ત્રીજું લક્ષણ **'દંભાદિ રહિત'** કહ્યું છે, જે ખૂબ જ સાર ગર્ભિત છે.

એ ત્રણેય લક્ષણો સ્વયં આચાર્યચરણમાં હોવાના પ્રમાણ તેમના વિવિધ જીવન ચરિત્રોમાં સ્પષ્ટપણે જોવા મળે છે. તેઓ સ્વયં **'ભગવદાવતાર'** હોઈ તે સ્વાભાવિક પણ છે. શ્રી ગુસાંઈજી સર્વોત્તમજીમાં આ વાતનો નિર્દેશ કરતાં કહે છે. **''દયયાનિજ માહાત્મ્યં કરિષ્યં પ્રકટં હરિ, વાણ્યા યદા તદા સ્વાસ્ય પ્રાદુર્ભૂતં ચ કાર હિ''**, અર્થાત્ જ્યારે ભગવાને જીવો પર દયા કરી પોતાનું માહાત્મ્ય, પોતાની વાણી–વચન દ્વારા પ્રકટ કરવાની ઈચ્છા કરી ત્યારે તેમણે પોતાના મુખાર્વિંદ સ્વરુપને પોતાના સામર્થ્ય સાથે આચાર્ય રુપે પ્રકટ કર્યું છે. આજ વાતનું પ્રમાણ આપતાં શ્રી ગુસાંઈજી પોતાના 'વલ્લભાષ્ટક' ગ્રંથમાં કહે છે **'વસ્તુતઃ કૃષ્ણ એવ'**

શ્રી હરિરાય મહાપ્રભુએ પણ ઉપરોક્ત હકિકતને સ્પષ્ટપણે સમજાવતાં પોતાના ગ્રંથમાં કહ્યું છે કે **'જીવ પોતાના સામર્થ્યથી આ માર્ગનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે તેમ ન હોવાથી ભગવાને સ્વયં જ પૃથ્વી પર પોતાનું સંપૂર્ણ સામર્થ્ય ધરાવતાં પોતાના મુખાર્વિંદ સ્વરુપને પ્રગટ કર્યું છે.'**

ઉપરોક્ત પ્રમાણોથી એ સ્પષ્ટ થાય છે કે શ્રીમદાચાર્ય ચરણો એ જે દાર્શિનક વિચારધારા પ્રતિપાદિત કરી છે તેમજ પોતાના ગ્રંથોમાં જે સિદ્ધાંતો પ્રસ્તુત કર્યા છે, તે સ્વયં ભગવાનની જ વાણી છે અને તેથી તેને જ માત્ર પ્રમાણ માની શકાય. તેમના જ વચનો, તેમણે પ્રવર્ત્તિત કરેલ પુષ્ટિ સંપ્રદાયના અનુસરણ માટે માર્ગદર્શક હોઈ શકે, અન્યથા નહીં. તેથી આપણે કહી શકીએ કે **શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો જ 'પુષ્ટિ સંપ્રદાયનું હાર્દ' છે અને તદનુસાર તેનું આચરણ કરવું તે આ સંપ્રદાયના પ્રત્યેક અનુયાયીઓ માટે આનિવાર્ય જ હોય.**

જ્યારે આપણે શ્રીમદ્ વલ્લભાચાર્યજીને આપણા **'ગુરુ'** તરીકે સ્વીકાર્યા હોય ત્યારે માત્ર તેમનું જ શરણ સ્વીકારવું તે આપણો **'સ્વધર્મ'** બને છે. આપણે મન–વચન–કર્મ દ્વારા તેમનો જ આશ્રય કરતાં દૃઢતાપૂર્વક,

સમજણપૂર્વક કબુલાત કરવી જોઈએ કે **'આશરો એક શ્રી વલ્લભાધીશનો'** આપણે આપણી જીવન નૌકાના સુકાની શ્રી વલ્લભને બનાવી દેવા જોઈએ અને તો જ આપણા ઉદ્ધારની જવાબદારી તેમની ગણાય.

અહીં સ્વાભાવિક પ્રશ્ન ઉદ્‌ભવે કે શ્રી વલ્લભાધિશના આશ્રયનું તાત્પર્ય શું ? તેમની શરણાગતિ સ્વીકારવી એટલે શું ? આપણે કોઈના શરણમાં જઈએ ત્યારે આપણું શું કર્તવ્ય બને ? એક ઉદાહરણથી આ વાત સમજી શકાય.

ધારો કે કોઈ વ્યક્તિ પર ખૂનનો આરોપ લાગ્યો છે અને કોર્ટમાં કેસ દાખલ થયો છે. તે વ્યક્તિ કોઈ એક નિષ્ણાંત વકીલ પાસે જઈ પોતાની વિગત તેને સમજાવીને કહે છે કે 'વકીલ સાહેબ, હું તમારે શરણે આવ્યો છું. મને બચાવી લો ?' વકીલે બધી હકીકત જાણી જવાબ આપ્યો : 'તું મારે શરણે આવ્યો છે તો હવે ચિંતા કરીશ નહીં. તને બચાવવાની જવાબદારી મારી છે. તારે માત્ર હું કહું તેમ કરવાનું.' વકીલ તે વ્યક્તિએ શું બોલવું જોઈએ તે સમજાવીને કહે છે કે તેનાથી વિપરિત તેણે કાંઈ કહેવું નહીં.

અહીં સમજવાની વાત એ છે કે તે વકીલ બાહોશ છે. કાયદાની આંટીઘૂંટી સારી રીતે જાણે છે. તેને પોતાના અસીલને બચાવવાની જવાબદારી સ્વીકારી છે અને તે માટે તેને બાંહેધરી પણ આપી છે. પરંતુ તે વ્યક્તિએ વકીલની 'શરણાગતિ' સ્વીકારી ત્યારે જ ગણાય, જ્યારે તે તેની સલાહ મુજબ તેનું અનુસરણ કરે. જો તેનું આચરણ તદનુસાર ન હોય તો તેને વકીલની શરણાગતિ સ્વીકારી તેમ કહી શકાય નહીં, ન તે વકીલ તેને બચાવી શકે.

તેવી જ રીતે જ્યારે આપણે શ્રી મહાપ્રભુજીની શરણાગતિ સ્વીકારી છે તેમ કહીએ ત્યારે તેમણે કરેલી આજ્ઞાઓનું પાલન કરવું આપણે માટે અનિવાર્ય ગણાય. આપણા માત્ર શાબ્દિક વચન ''દૃઢ ઈન ચરણન કેરો''થી આશ્રય સિદ્ધ ન થાય. તે માટે તેમણે પોતાના ગ્રંથોમાં બતાવેલ સિદ્ધાંતો મુજબનું આચરણ કરવું આવશ્યક ગણાય. ત્યારે જ આપણે તેમના 'શરણાગત' છીએ તેમ કરી શકીએ.

શ્રી મહાપ્રભુજી સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં કહે છે : ''**વક્ષ્યામિ સ્વ-**

સિદ્ધાંત વિનિશ્ચમ કૃષ્ણ સેવા સદાકાર્યા'', અર્થાત્ શ્રીકૃષ્ણની સેવા હંમેશાં કરવી જોઈએ તે મારો સિદ્ધાંત છે. ભક્તિવર્ધિની ગ્રંથમાં તેઓ સમજાવે છે કે ''**ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ**'' (પોતાના ઘરમાં રહી ભગવદ્ ભક્તિ સ્વધર્મ સમજીને કરવી જોઈએ.) વળી ચતુશ્લોકી ગ્રંથમાં કહે છે : '**સ્મરણ ભજનં ચાપિ ન ત્યાજ્યમ્**' (ભગવદ્ સ્મરણ અને ભગવદ્ સેવાનો ત્યાગ કદી ન કરવો, તે સતત કરવાં) શું આવી બધી આજ્ઞાઓનું આપણે પાલન ન કરીએ તો આપણે શ્રી મહાપ્રભુજીની શરણાગતિ સ્વીકારી છે તેમ કહી શકાય ?

શ્રીવલ્લભાચાર્યજીએ આ પ્રકારની અનેક આજ્ઞાઓ પોતાના વિભિન્ન ગ્રંથોમાં કરી છે. પોતાના સિદ્ધાંતોને સ્પષ્ટતાપૂર્વક સમજાવ્યા છે. કૃષ્ણાશ્રય ગ્રંથમાં જેમ કહ્યું છે : ''**કૃષ્ણશ્રયમિદં સ્તોત્રમ્, ય પઠેત કૃષ્ણ સન્નિધૌ, તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ ઈતિ શ્રી વલ્લભો બ્રવિત**'' અર્થાત્ એ આ કૃષ્ણાશ્રય સ્તોત્રનો પાઠ શ્રીકૃષ્ણની સન્મુખ જે કરશે, તેને કૃષ્ણનો આશ્રય સિદ્ધ થશે. તેઓએ વાસ્તવમાં બાંહેધરી આપી છે, તેઓ સત્ય સંકલ્પ હોઈ પોતાના વચનથી બંધાયેલ છે. પરંતુ આપણા પક્ષે 'કૃષ્ણાશ્રય'નો પાઠ કરવાની જવાબદારી આપણી છે. તેમની આજ્ઞાનું પાલન કરવાની ફરજ આપણી છે. તદનુસાર આચરણ કરવું આપણે માટે આવશ્યક છે. ત્યારે જ સાચા અર્થમાં આપણે તેમની શરણાગતિ સ્વીકારી છે, તેમ સમજી શકાય.

આપણે '**પુષ્ટિ સંપ્રદાય**'ને સ્વીકારી ભગવદ્ પ્રાપ્તિના ધ્યેયને જો સિદ્ધ કરવા માંગતા હોઈએ તો એ જરૂરી છે કે શ્રીમદાચાર્યચરણના વિવિધ ગ્રંથોનું અધ્યયન યોગ્ય ગુરુ પાસે કરીએ. તેમના તાત્વિક વિચારોથી અવગત થઈ તેમણે પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતોને સારી રીતે સમજીએ અને તેમની આજ્ઞાઓનું પાલન કરવા કટીબદ્ધ થઈ ગીતાના અંતમાં જેમ અર્જુને ભગવાન કૃષ્ણના અંતિમ ઉપદેશ '**સર્વધર્માન પરિત્યજ્ય મામેક શરણં વ્રજ, અહં ત્વાં સર્વ પાપેભ્યો મોક્ષ ઈશ્યામિ મા શુચ**'ના પ્રત્યુત્તરમાં કહેલું : '**કરિષ્યે વચનં તવ ?**' તેમ આપણે પણ મહાપ્રભુ શ્રી વલ્લભને વચન આપીએ !

(૫)

પુષ્ટિમાર્ગ-એક ચિંતન

(સમીક્ષા અને નિરાકરણ)

૫

પુષ્ટિમાર્ગ-એક ચિંતન

(સમીક્ષા અને નિરાકરણ)

ભૂમિકા :

મુંબઈથી પ્રકાશિત થતાં ગુજરાતી દૈનિક 'જન્મભૂમિ' સમાચારપત્રના દર મંગળવારના ધર્મભૂમિ વિભાગમાં સતત લગભગ દસ માસ પર્યંત (તા.૧૮-૯-૨૦૧૨ થી ૩૦-૭-૨૦૧૩, ૪૪ અઠવાડિયા) મુંબઈ વિશ્વ વિદ્યાલયમાં 'વલ્લભવેદાંત ઍકેડેમી એન્ડ રિસર્ચ સેન્ટર'ની સ્થાપના કરી 'વલ્લભવેદાંત અને વૈષ્ણવિઝમ'ના ત્રિ-વર્ષીય અભ્યાસક્રમની સુવ્યવસ્થા કરવા માટે નિમિત્તે બનનાર પરમ વૈષ્ણવ શ્રી અવિનાશ પારેખે લખેલ આધારપત્ર (પ્રથમ લેખ) **'વૈષ્ણવ સંપ્રદાય-વહેમ, વિશ્વાસ અને વિજ્ઞાનના ત્રિભેટે'**ના પ્રતિભાવરૂપ અનેક ગોસ્વામી આચાર્યશ્રીઓ તેમ જ અન્ય વિદ્વાન મહાનુભાવોના પુષ્ટિમાર્ગના અનેક પાસાંઓ પર પ્રકાશ પાડતાં વિવિધ પ્રકારના લેખો પ્રસિદ્ધ થયા હતાં. આ લેખોમાં પુષ્ટિમાર્ગની વર્તમાન પરિસ્થિતિ, એનાં કારણો તેમ જ ઉદ્ભવેલી સમસ્યાઓ, આજના યુગના સંદર્ભમાં એની યથાર્થતા-અયથાર્થતા એનું નિરાકરણ, એના મૂળભૂત સિદ્ધાંતો ઈત્યાદિ બાબતોનું સારું મનોમંથન થયું હતું.

શ્રી અવિનાશભાઈએ પોતાના આધારપત્રમાં વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને આજની યુવાપેઢીને મુંઝવતા કેટલાક પ્રશ્નો પ્રસ્તુત કર્યા હતાં, જેના ખુલાસા અને તેમણે રજૂ કરેલી વસ્તુ સ્થિતિનો ઉકેલ એ લેખમાળાનો વિષય હતો. તે લેખમાળામાં છપાયેલ વિભિન્ન લેખોની સમીક્ષા કરવામાં આવી હતી. આ **'સમીક્ષા'** દ્વારા સમગ્ર લેખોમાં રજૂ થયેલી મુખ્યત્વે ત્રણ

બાબતોનું વિશ્લેષણ અત્રે કરવામાં આવ્યું હતું – (૧) **પુષ્ટિમાર્ગની વર્તમાન પરિસ્થિતિ અને એનાથી ઉદ્ભવેલી સમસ્યાઓ** (૨) **પુષ્ટિમાર્ગની યથાર્થતા** અને (૩) **સમસ્યાનું સમાધાન**. વિવિધ લેખોમાં રજૂ થયેલી આ ત્રણેય બાબતોને સંકલિત કરવાનો નમ્ર પ્રયાસ તેમાં કરવામાં આવ્યો હતો, જેથી વિવિધ લેખોમાં પ્રસ્તુત થયેલા વિચારોના હાર્દને યથાર્થ રીતે સમજી શકાય અને તદર્થ યોગ્ય માર્ગદર્શન મળી શકે. તે સમગ્ર લેખમાળા શ્રીમતિ ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા 'પુષ્ટિમાર્ગ–એક ચિંતન'ના નામથી પ્રકાશિત થયેલ છે. તે સમીક્ષા આલેખક દ્વારા લખવામાં આવી હતી. જેને **'સાભાર'** અત્રે પ્રસ્તુત કરવામાં આવી છે.

'પુષ્ટિમાર્ગ' વિશેના ચિંતનમાં મહત્ત્વની વાત એ છે કે જે 'શબ્દપ્રમાણો'ના આધારે શ્રી વલ્લભાચાર્યજીએ પોતાનું આગવું **'તત્ત્વદર્શન'**–શુદ્ધાદ્વૈત વિચારધારા પ્રતિપાદિત કરી છે એ અને તદંતર્ગત તેમણે 'પુષ્ટિમાર્ગ' નામે જે **'ધર્મદર્શન'** પ્રસ્તુત કર્યું છે, એના માળખામાં રહીને જ એ વિશે તદ્વિષયક વિચારો પ્રદર્શિત કરી શકાય. અન્યથા નહીં, કારણ કે તેમણે પ્રવર્તન કરેલ વિશિષ્ટ ભક્તિમાર્ગ–'પ્રેમલક્ષણા ભક્તિમાર્ગ' જે એક પૃથકશરણ માર્ગ છે, એને જે પુષ્ટિમાર્ગ કહેવાય છે.

વાસ્તવિક પરિસ્થિતિ અને સમસ્યા :

વિદ્વદ્ વરેણ્ય આચાર્ય ગો.૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીએ પ્રતિભાવ આપતાં પોતાના લેખમાં (જ.ભૂ.૨૨–૯–૨૦૧૨) સંપ્રદાયની વર્તમાન પરિસ્થિતિના મૂળમાં રહેલાં કારણો અને એને સુધારવાના આદર્શ ઉપાયોની ખૂબ સરસ રીતે સ્પષ્ટતા કરી છે. સવાસો વર્ષ પૂર્વે નિ.લી.ગો. ૧૦૮ શ્રી દેવકીનંદનાચાર્યજીના પત્રનો ઉલ્લેખ કરી, તેમાં કહેવાતા વૈષ્ણવો દ્વારા આચાર્ય બાળકોને વિપરીત દિશામાં દોરવાના પ્રયત્નો વિશે દિશાનિર્દેશ કર્યો છે. આ પ્રકારનો ભાવાતિરેક આજે પણ કેટલેક ઠેકાણે દૃષ્ટિગોચર થાય છે. તેમણે પૂર્વાચાર્યોની ભગવદ્ પરાયણતા અને તેમના આદર્શ જીવન વ્યવહારને

પ્રસ્તુત કરી કાળક્રમે કેવી રીતે પૂર્વમાં રાજ્યાશ્રય અને તત્પશ્ચાત શ્રેષ્ઠીજનોનું સંપ્રદાયની ગતિવિધિઓ પર આધિપત્ય થયું અને વિદ્યા-વ્યાસંગના અભાવમાં તેમણે આર્થિક મુશ્કેલીઓના ઉપાય તરીકે મનોરથો-ભાગવત સપ્તાહો-વ્રજયાત્રા ઈત્યાદિનાં આયોજનોના સહારો અનિવાર્યતઃ લીધો હોવાના કારણે સંપ્રદાયની વર્તમાન પરિસ્થિતિ સર્જાઈ હોવાનું જણાવ્યું છે. શ્રીમદાચાર્ય ચરણોના ગ્રંથોના અભ્યાસના અભાવને કારણે કેટલાક ગેર-પુષ્ટિમાર્ગીઓ દ્વારા ગ્રંથોના અનુવાદ કરવામાં આવી રહ્યા હોવાની હકીકત તેમણે જણાવી થોડાં વર્ષો પૂર્વે મુંબઈ યુનિવર્સિટીમાં શરૂ થયેલી વલ્લભવેદાંતના અભ્યાસક્રમની તેમણે પ્રશંસા કરી છે. ઉપસંહાર કરતાં તેઓ લખે છે કે **'જો પુષ્ટિભક્તિ પ્રેમાત્મિકા સાધના હોય તો પુષ્ટિપ્રભુની ધંધાત્મિકા સેવા-કથા ન તો ભક્તિની કે ન નીતિની કસોટી ઉપર પણ ખરી ઠરાવી શકાય. તેથી પુષ્ટિમાર્ગીયઓ જો આવતા દાયકામાં કે વીસીમા પુષ્ટિમાર્ગનું જ્ઞાન અપુષ્ટિમાર્ગીઓ પાસેથી મેળવવા લાચાર ન થવા માંગતા હોય તો યુનિવર્સિટીમાં ચાલતા વલ્લભવેદાંતના કોર્સમાં જોડાઈ જાતે વલ્લભ ધર્મદર્શનનું તટસ્થ જ્ઞાન મેળવવા તેઓએ તત્પર થવું જોઈએ.'**

ગો.શ્રી શરદકુમારજી ગોસ્વામીએ પુષ્ટિમાર્ગ આજે જે સમસ્યાથી પીડાઈ રહ્યો છે એના મૂળમાં પુષ્ટિમાર્ગીઓમાં રહેલાં અજ્ઞાન, અશ્રદ્ધા અને સંશયને બતાવ્યાં હતાં. (જ.ભૂ.૧૬-૧૦-૨૦૧૨) તેમણે કેટલાક પુષ્ટિમાર્ગીઓ અભિમન્યુ જેવા અધૂરા જ્ઞાનવાળા, કેટલાક કર્ણની માફક શાપિત જ્ઞાનવાળા અને કેટલાકને શિશુપાલની જેમ અવળા જ્ઞાનવાળા તો કેટલાક જ્ઞાનસંપન્ન હોવા છતાં દુર્યોધન, ભીષ્મ, દ્રોણાચાર્ય કે ધૃતરાષ્ટ્રની જેમ અશ્રદ્ધાશીલ તો વળી કેટલાકને ભસ્માસુર જેવા સંશયાત્મા બતાવ્યા છે. **'શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનો અભ્યાસ અને પુષ્ટિમાર્ગના યથાર્થ જ્ઞાનનો અભાવ આ પરિસ્થિતિના મૂળમાં છે'**, તેમ તેઓ કહે છે.

પરમ વિદુષી ભાગવત કથાકાર પૂ.પા.ગો.શ્રી ઈન્દિરાબેટીજીએ તેમણે

અમેરિકામાં કરેલા પ્રવચન (જ.ભૂ.૬-૧૧-૨૦૧૨)માં પુષ્ટિમાર્ગની વર્તમાન પરિસ્થિતિનું તાદૃશ વર્ણન કરતાં કહ્યું છે કે **'આજે પુષ્ટિમાર્ગે જે સ્વરૂપ ધારણ કર્યું છે એમાં લોકો એક ઘેટા પાછળ બીજું જાય, બીજાની પાછળ ત્રીજું જાય એમ ઘેટાની માફક બધા લોકો જઈ રહ્યા છે. ક્યાં જવાના છે, શું કરવાના છે, ખરેખર શ્રી મહાપ્રભુજીના માર્ગ પર ચાલી રહ્યા છે કે જુદે જ રસ્તે દોડી રહ્યા છે એનું આત્મચિંતન કરવાની આજે ઘડી આવી ગઈ છે.' વધુમાં તેઓ કહે છે 'આપણા સમાજમાં એટલી બધી દાંભિકતા ઘૂસી ગઈ છે, દોડાદોડી વધી ગઈ છે. બહુ લોકો આવ્યા એટલે માનીએ છીએ કે બહુ સરસ થઈ રહ્યું છે.' આજે આપણે ભારતમાં (અને વિદેશમાં પણ) એટલાં બધા મંદિરો ઊભા કર્યું, મંદિરોની અંદર ભીડ વધી ગઈ, મનોરથો થવાલાગ્યા, મહાપ્રસાદ વેચાવા લાગ્યા, દોડાદોડી કરીને લોકો આવે અને દોડાદોડ કરીને લોકો જાય અને અમે ખાલી આરતીઓ જ ઉતારીએ. પરંતુ ત્યાં આવનાર સમાજને કંઈક નોલેજ મળે એવું અમારા સ્થાનોમાં બન્યું છે ? આજે જે લોકો શિક્ષણ આપે છે તે અધૂરા નોલેજવાળા છે કારણ કે તેઓ સાધક નથી. આપણા શિક્ષકો પણ એવા હોવા જોઈએ કે જે લોકો પુષ્ટિમાર્ગને જાણતા હોય. અમારા લોકોની કમી એ છે કે અમે હજી કોઈ પુષ્ટિ વિદ્યાલય બનાવ્યું નથી. એવી કોઈ કોલેજ બનાવી નથી. એવી પ્રયોગશાળા બનાવી નથી. આપણાં ધર્મસ્થાનોમાં પણ ઈન્સ્પિરેશન નથી, ત્યાં પણ જાગૃતિ નથી. હું આપણા કાર્યકર્તાઓને કહીશ કે આપણે ખાલી દોડાદોડી, દર્શન અને મહાપ્રસાદ જ નથી આપવાનો અને ટોળાશાહી જ ઊભી કરવાની નથી..** આ છે આજની સમસ્યા અને પરિસ્થિતિનું યથાર્થ વર્ણન.

એક મહાનુભાવે આજના ગુરુની 'કહેણી' અને 'કરણી'ના મુદ્દાને રજૂ કરતાં (જ.ભૂ. ૨૫-૧૨-૨૦૧૨) ગોળ ન ખાવાની સલાહ આપતાં પહેલાં સંતે પોતે ગોળ ખાવાનું બંધ કર્યાનું દૃષ્ટાંત આપી સ્પષ્ટતા કરી છે કે પોતાના જીવનમાં – આચરણમાં મૂકી ઉપદેશ આપે તો જ એ અસરકારક બની શકે

છે. પૂ.પા.ગો.શ્રી ઈન્દિરાબેટીજીના કથન ઘણી કથાઓ, ઘણાં પ્રવચનો કરીને આત્મચિંતન કરતાં લાગ્યું કે ધિસ ઈઝ રોન્ગ વે (જ.ભૂ. ૬-૧૧-૨૦૧૨)ને ટાંકીને તેઓ લખે છે કે **'આજે કથાઓ, પ્રવચનો, વિવિધ ધાર્મિક કાર્યક્રમોનો વ્યાપ પહેલાં કરતાં ઘણો વધ્યો છે. રોજ નવા કથાકારો દેખાય છે. ભાગવત સપ્તાહના હાઈ-ફાઈ કાર્યક્રમો યોજાય છે. હવે તો ગોસ્વામી આચાર્યો પણ અડધા/આખા દિવસની કથા કહેવા માંડ્યા છે. પરંતુ એની ફળશ્રુતિ-આધ્યાત્મિક પરિવર્તન નહીંવત્ છે.'** તેનું કારણ એ છે કે જે ઉપદેશ એ મહાનુભાવો આપી રહ્યા છે, જે આદર્શની-સિદ્ધાંતોની તેઓ વાત કરે છે, શું તેમનું પોતાનું આચરણ એ મુજબનું છે ? બહિર્મુખતાનાં લક્ષણો સમજાવનાર ઉપદેશક પોતાના જીવનમાં અસદાલાપ અને અમસર્પિતનો ત્યાગ અનન્યાશ્રય અને સત્સંગ વિશેની શ્રી હરિરાય મહાપ્રભુની આજ્ઞાને અપનાવતા નથી.પરોપદેશ પાંડિત્યમની સ્થિતિ છે. તેથી જ કદાચ શ્રી વલ્લભાચાર્યજીએ ગુરુનાં લક્ષણો બતાવતાં દંભાદિરહિતમ્‌ને અગત્યની આવશ્યકતા કહી છે. આજે ઉપદેશ અને આચરણમાં આસમાન-જમીનનો ફરક છે અને તેથી જ એની અસરકારકરતા દેખાતી નથી.

વધુમાં તેમણે યથાર્થ સ્થિતિનું નિરૂપણ કરતાં લખ્યું છે, **'પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું એ દુર્ભાગ્ય છે કે આપણી હવેલીઓમાંથી કેવળ દર્શન-મનોરથ-ભેટ ધરી પ્રસાદ મેળવવાથી કૃતાર્થ થવાની શિક્ષા વડીલો સાથે આવતાં બાળકો-યુવાનોને મળે છે.'** તેઓ જે પરિપાટી જુએ એ જ પુષ્ટિમાર્ગ છે તેમ માની એને અપનાવે એ સ્વાભાવિક છે. શાં આમાં કોઈ પરિવર્તનનો અવકાશ નથી?

આજે પુષ્ટિમાર્ગ અથવા પુષ્ટિધર્મનું પાલન એટલે નિત્ય અથવા અનુકૂળતાએ કે ઉત્સવને દિવસે હવેલીએ જઈ બે હાથ જોડવા, યત્કિંચિત ભેટ લખાવી પ્રસાદ પ્રાપ્ત કરવો, સંપન્નતા હોય તો કોઈ મનોરથ કરાવવો. બસ એમાં જ પુષ્ટિમાર્ગ સમાહિત છે. કેટલાક શ્રી ઠાકોરજીનાં દર્શન કરતાં વધુ

આરતીને નિહાળવામાં ધન્યતા માનતા હોય છે. કેટલાક મુખિયાજી વગેરેને ભેટ–દક્ષિણા આપી કૃતાર્થ થવાનું અનુભવતા હોય છે.

કથની અને કરણીના ભેદને ઉજાગર કરતાં એક અન્ય લેખ – **'જાગો પુષ્ટિમાર્ગીઓ ! શ્રી વલ્લભનું વસિયતનામું વાંચવાનો સમય પાકી ગયો છે.'** આપણી દૃષ્ટિ ખોલનારો કહી શકાય. (જ.ભૂ.૧૮–૧૨–૨૦૧૨) તેઓ યથાર્થ લખે છે કે **'શ્રી વલ્લભાચાર્યજી સમસ્ત પુષ્ટિમાર્ગીય અનુયાયીઓના એકમાત્ર ગુરુસ્થાને આજેય છે. તેમના વંશજો આજે તેમના સ્થાને–તેમના જ સ્વરૂપે 'ગુરુદ્ધાર' તરીકે બિરાજે છે. તેથી શ્રી મહાપ્રભુજીએ પોતાના નિબંધ ગ્રંથમાં કરેલી 'ગુરુ'ની વ્યાખ્યામાં તેઓ બંધ બેસે એ અપેક્ષિત હોય.'** તેમણે શ્રી વલ્લભાચાર્યજીનું જીવનદર્શન અનુસરી તદનુસાર અનુયાયીઓને સાચું માર્ગદર્શન આપવું અનિવાર્ય ગણાય. જો તેઓને વૈષ્ણવાચાર્યની ભૂમિકા નભાવવી હોય તો તેમણે આચાર્યજીની જીવનપ્રણાલી અપનાવવી જરૂરી ગણાય અને આચાર્યચરણના સિદ્ધાંતોનું સ્વયં આચરણ કરી અનુયાયી પાસે એનું આચરણ કરાવવું જોઈએ. (આચરતિ આચરયતિ ચર્ઈતિ આચાર્ય). પરંતુ જે દૃષ્ટિગોચર થાય છે એમાં કથની અને કરણીમાં આસમાન–જમીનનું અંતર આવી ગયું છે. જો આપણે કોઈ પણ ગોસ્વામી આચાર્યના વચનામૃત સાંભળીએ તો એમ લાગે કે આપણે સાક્ષાત શ્રી મહાપ્રભુજીને સાંભળી રહ્યા છીએ. પરંતુ જો તેમનાં દર્શન કરીએ, તેમની જીવનશૈલી નિહાળીએ તો જાણે તેમને શ્રી મહાપ્રભુજી સાથે દૂર–દૂરનો પણ સંબંધ ન હોય. કેવળ રહનસહન, ખાનપાન, પહેરવેશ ઈત્યાદિ સુધી આ વાત સીમિત નથી, પણ વિચારસરણી અને વ્યવહારમાં પણ અંતર સ્પષ્ટ દેખાઈ આવે છે. પોતાના માથે બિરાજતા ભગવદ્ સ્વરૂપની સેવાનો તો તેમની પાસે ભાગ્યે જ સમય હોય છે. કારણ કે અનેક લૌકિક પ્રવૃત્તિઓથી તેઓ ઘેરાયેલા હોય છે. ક્યાંક ઉદ્‌ઘાટન, ક્યાંક લોકાર્પણ, પધરામણી, પ્રવચન, કથા, પ્રવાસ વગેરેમાં ભાગ્યે જ તેમની પાસે સેવાનો સમય બાકી રહે છે (એક આચાર્યશ્રીને જાણું છું જેમના માથે નિધિ

સ્વરૂપ બિરાજતું હોવા છતાં મહિનામાં માંડ પાંચ દિવસ તેઓ મંદિરમાં નિવાસ કરતા હશે (!). જેથી લૌકિકમાં જેમ નોકરોને ભરોસે બાળકો વ્યસ્ત માબાપ છોડી દેતાં હોય છે તેમ કર્મચારીવર્ગ દ્વારા જ મંદિરોમાં દર્શન-પ્રદર્શનની વ્યવસ્થા કરવી પડતી હોય છે. પાછું એકાદ મંદિર હોય તો ઠીક,પણ નિત-નવાં મંદિરો તેઓ ખોલતા હોય છે. ક્યારેક મંદિરમાં બિરાજતા હોવા છતાં પણ જ્યારે કર્મચારી શ્રીના શૃંગારની, ભોગ ધરાવવાની કે આરતીની ખબર કરે ત્યારે પણ પોતાની અન્ય વ્યસ્તતા કે પ્રમાદવશ 'પહોંચો'ની આજ્ઞા આપી દેતા હોય છે.'

વધુમાં તેઓ લખે છે કે 'પુષ્ટિમાર્ગને યોગ્ય દિશા નિર્દેશ આપવો તે 'આચાર્ય વર્ગ'ની મહત્ જવાબદારી હોવા છતાં 'અનુયાયી વર્ગ'ની પણ ઓછાવત્તે અંશે તે જવાબદાર ગણાય, કારણ કે તે પણ **'વલ્લભીય સૃષ્ટિ'**નું જ એક અંગ છે.' શ્રી વલ્લભાચાર્યજીએ શિક્ષાશ્લોકાઃ ગ્રંથના **'યુયમ્'** શબ્દપ્રયોગ કરી પોતાની બિંદુસૃષ્ટિ (વંશજો) અને **નાદસૃષ્ટિ** (સેવકો) બંનેનો નિર્દેશ કર્યો છે જે સૂચક છે.

આંતરરાષ્ટ્રીય વૈષ્ણવ પરિષદનો ઉલ્લેખ કરતાં લેખક લખે છે કે 'આજે આ સંસ્થા જે રૂપમાં છે અને જે રીતે નિષ્ક્રિય છે એનાથી સંપ્રદાયના ઉત્કર્ષની કોઈ અપેક્ષા રાખી શકાય તેમ નથી, એ આપણું દુર્ભાગ્ય છે. **આજે વૈષ્ણવ સમાજ જે રીતે અનેક વાડાઓમાં-ફીરકાઓમાં વહેંચાયેલો છે, ગોસ્વામી આચાર્યો તેમ જ (તેમની સૃષ્ટિ) વૈષ્ણવો જે રીતે વિઘટિત છે- બે ભાઈઓ વચ્ચે, બે સંસ્થાઓ વચ્ચે, અનેક જગ્યાએ મનમુટાવ છે. સૌ પોતપોતાનાં મંડળો, સંગઠનો, પંથો રચી એકબીજા સામે ગળાકાપ હરિફાઈ કરી રહ્યા છે.'** એ બધું જ શ્રી મહાપ્રભુજીએ સંકેત કરેલ કાળપ્રવાહમાં ગ્રસ્ત થવાની જ સ્થિતિ છે અને એના કારણમાં છે તેમણે દર્શાવેલી 'બહિર્મુખતા'.

આ હકિકતની પુષ્ટિ કરનારું પૂ.પા.ગો.શ્રી પ્રથમેશજીનું એક કથન તેમણે લેખમાં ટાંક્યું છે એ ખૂબ ઉપયુક્ત છે -

‘દેખતે ચલતે રહે, ધર્મ આચરણ કહીં દૃષ્ટિગત નહીં હોતા ;
સુદુર પર ક્ષિતિજ કો દેખ સકતા હૂં,
કિન્તુ સચ્ચાઈ તો સશક્ત દૂરબીન સે ભી દિખાઈ દેતી નહીં ;
કૈસે કરું કલ્પના આદર્શ કી, સભી સે સમન્વય કી,
સભી તો બંટ ચૂકે હૈ વિચાર મેં ; શેષ જો ગયે અનાચાર મેં,
ભલે હી કહતે રહો ; યહ બધિર સેના હૈ,
નક્કારખાના તો ક્યા બમ વિસ્ફોટ મેં ભી સોતે હૈ ;
કુંભકર્ણ તો જગાને સે જગ ગયા,
કિન્તુ ઈનકો ઉઠાને કો સાધન નહીં મિલા,
ક્યોંકિ વે જાગર્તે સો રહે હૈ !’

આવા જ સંદર્ભમાં એક બીજો પ્રશ્ન અન્ય મહાનુભાવે ઉઠાવતાં લખ્યું છે – શું આચાર્યશ્રીઓ પુષ્ટિ સંપ્રદાય વિશે ખરેખર ચિંતિત છે ? (જ.ભૂ. તા.૭-૫-૨૦૧૩) તેમણે કેટલાક ગોસ્વામી આચાર્યશ્રીઓ દ્વારા વિવિધ ક્ષેત્રમાં જઈ મનોરથો ઉત્સવો ઈત્યાદિના આયોજન ઉપર પ્રશ્ન ઉઠાવ્યો છે. શ્રી મહાપ્રભુજીના સમયમાં તેમણે પોતાની વિચારધારાના પ્રવર્તન માટે સમગ્ર ભારતમાં ત્રણ-ત્રણ વખત પરિક્રમા કરી અનેક સ્થળોએથી જીવોને શરણે લીધા એ તત્સમયની અનિવાર્યતા હતી. એ પછી શ્રી ગોપીનાથજી શ્રી ગુસાંઈજી પણ પરદેશ પરિભ્રમણ કરી શુદ્ધાદ્વૈત વિચારધારા-પુષ્ટિમાર્ગનું પ્રવર્તન કર્યું. શ્રીનાથજીના વ્રજમાંથી સ્થળાંતર કરતાંની સાથે સાથે અન્યનિધિ સ્વરૂપોને પધરાવીને તત્કાલીન જે-તે આચાર્યશ્રીઓએ ભગવદ્ ઈચ્છા મુજબ અનેક સ્થાને શ્રીને પધરાવી સેવા કરી. અત્યારના સમયમાં કહેવાય છે કે ૩૦૦થી વધુ ગોસ્વામી આચાર્ય બાલકો જુદાં-જુદાં ક્ષેત્રમાં બિરાજી પોતાના સ્વરૂપોની સેવા કરી રહ્યાં છે અથવા હવેલીનું સંચાલન કરી રહ્યાં છે. વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા ઈત્યાદિ આપી રહ્યાં છે અને એ રીતે અલગ અલગ વિસ્તારમાં, શહેર-નગરોમાં વસ્યાં છે.

લેખક મહાનુભાવે મુદ્દો પ્રસ્તુત કર્યો છે કે **‘સમસ્ત શ્રી વલ્લભકુળ આચાર્યો પોતપોતાના વતનમાં અથવા એની આસપાસના વિસ્તારમાં વસતા અનુયાયી વર્ગને પોતાનાં જ સ્થાનોમાં સ્વયં અથવા શાસ્ત્રી વગેરે રાખી શ્રી મહાપ્રભુજીના ગ્રંથો ભણાવી, પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો સમજાવી પોતાની ગુરુ તરીકેની ફરજ સરળતાથી નભાવી શકે એટલું જ નહીં, પોતાના સેવકો દ્વારા તેમની આજીવિકાની વ્યવસ્થા પણ આસાનીથી ચાલી શકે.’** જો આ પ્રકારનું વલણ અપનાવવામાં આવે તો આજના યુવા વર્ગના સાંપ્રદાયિક પ્રશિક્ષણનો પ્રશ્ન રહે નહીં અને આચાર્યશ્રીઓને પણ પ્રવાસનો પરિશ્રમ ન કરવો પડે તેમ જ પોતાના સેવ્યની સેવા પણ અખંડ રીતે કરી શકે. આથી વિપરીત મુંબઈ જેવા મહાનગરમાં શ્રી મહાપ્રભુજીના ઉત્સવની ઉજવણી નિમિત્તે કેટલાક આચાર્યશ્રીઓ પોતાના વતનથી આવી વિવિધ પ્રકારના આયોજન કરતા હોય છે. જેનાથી તેવા ઉત્સવોને દિવસે ન તો તેઓ પોતાના ગામમાં પોતાના સેવ્ય સ્વરૂપની સેવા કરી શકતા હોય, ન તેમના સેવકોને તેમના ગુરુની સન્મુખ થવાનો લાભ મળી શકતો હોય. આવા આયોજનોનું ગણિત સામાન્ય રીતે સમજી શકાય તેમ છે.

લેખકનું મંતવ્ય છે કે ‘આજે આપણે યુવા પેઢીને વિમુખ થતી હોવાની ફરિયાદ કરીએ છીએ તો એની સૌથી વિશેષ ચિંતા આપણાં સૌ વલ્લભ સ્વરૂપોને થવી જોઈએ, જેવી શ્રી મહાપ્રભુજીને થઈ હતી. તેના ફલસ્વરૂપે જ શ્રી ઠાકોરજીએ સ્વયં પ્રકટ થઈ આપશ્રીને બ્રહ્મસંબંધ મંત્રનું દાન કર્યું હતું.

એક અન્ય ચિંતકે (જ.ભૂ. તા.૮-૧-૨૦૧૩) ટકોર કરી છે કે સુકાની વલ્લભાચાર્ય હોય એવી ગાડીમાં વૈષ્ણવો બેસે. તેઓ લખે છે કે **‘જો શ્રી વલ્લભાચાર્યજીને આપણે ગુરુ તરીકે સ્વીકાર્યા છે તેમના વંશજ દ્વારા બ્રહ્મસંબંધની દીક્ષા લઈ પોતાને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ તરીકે ઓળખવા ઈચ્છા હોઈએ, તેમને આપણે પથદર્શક માની તેમણે બતાવેલા માર્ગે ચાલવા માટે તત્પર હોઈએ તો એ આવશ્યક છે કે આ માર્ગે ચાલવા તેમણે જે પૂર્વે શરતો**

સમજાવી છે એનું પાલન કરવું અનિવાર્ય જ ગણાય. એનો કોઈ વિકલ્પ ન હોઈ શકે.’ પુષ્ટિમાર્ગને સાચા સંદર્ભમાં જાણ્યા-સમજ્યા વગર જો આપણે દેખાદેખી દોડવા માંડીશું તો એ માર્ગ આપણને ચર્ચગેટને બદલે ચેમ્બુર પહોંચાડશે. લેખક કહે છે : હજી ગાડી બદલવાનો અવકાશ છે. જેમ બાંદરા સ્ટેશન પહોંચતાં ખબર પડે કે આપણે ભૂલથી હાર્બર લાઈનની ગાડીમાં ચડી ગયા છીએ. જાગ્યા ત્યારથી સવાર એમ હવે તો ગાડી બદલી નાંખવી જોઈએ. સાચી ગાડીમાં બેસવું જોઈએ. જો ખરેખર આપણે સાચા ગંતવ્ય સ્થાને પહોંચવું હોય. લેખકનો ઈશારો સારગર્ભિત છે. કારણ કે કદાચ આપણે એ જાણ્યા વગર કે ક્યાં જવું છે, દેખાદેખી આંધળી દોટ લગાવી રહ્યા છીએ.

એક લેખિકા બહેને પોતાના પ્રતિભાવમાં (જ.ભૂ. તા.૧૧-૧૨-૨૦૧૨) જણાવ્યું કે સંપ્રદાયમાં અનેક બાબતોમાં વિરોધાભાસ-એકબીજાથી વિરુદ્ધ આજ્ઞાઓ પ્રવર્તે છે જેવા કે જયંતી-અગિયારસ ઈત્યાદિ વ્રત, લોટી ઉત્સવ, માળા-પહેરામણી, શ્રીનાથજી, જમનાજી, શ્રી ગિરિરાજજીની માનતા, ભોજપત્ર, શ્રીનાથજી-પુષ્ટિમાર્ગીય કે મર્યાદામાર્ગીય પ્રસાદ લેવાય કે ન લેવાય, ઈત્યાદિ અનેક બાબતોમાં વૈષ્ણવો અવઢવમાં હોય છે. તેમણે એવો ઘટસ્ફોટ કર્યો છે કે પરદેશમાં આચાર્યશ્રીઓ જૈનના ઘરે પણ ભોજન લે છે, વૈષ્ણવોની ઈચ્છા ન હોવા છતાં તેમના ઘરે પધારે છે અને વૈષ્ણવોની શ્રદ્ધાનો દુરુપયોગ કરે છે, સ્વિમિંગ બાથમાં ગંગા-જમનાના જળનાં ટીપાં પધરાવી પ્રયાગ સ્નાન, યમુના સ્નાનનો સંતોષ આપે છે ઈત્યાદિ. આમાં વર્તમાન પરિસ્થિતિ અને પુષ્ટિમાર્ગની સમસ્યા સમજવી મુશ્કેલ નથી. બીજા લેખિકા બહેનનો મત છે કે **‘ધર્મ જ્યારથી ધનિકોના ચરણમાં આળોટતો થયો ત્યારથી ધર્મમાં ધતિંગો વધવા લાગ્યા. પુષ્ટિમાર્ગ પણ તેમાંથી બાકાત નથી. વલ્લભકુળ બાળકો વધુ પડતાં કર્મકાંડી બની ગયા છે !’** (જ.ભૂ. તા.૧૨-૨-૨૦૧૩)

અનેક મહાનુભાવોએ શ્રી મહાપ્રભુજીના મૂળ ગ્રંથોના અભ્યાસના અભાવમાં અને સંપ્રદાયના સાચા સ્વરૂપની ઓળખ વિના અનેક પ્રકારના

અનાપ-સનાપ વિધાનો કર્યા છે અને વર્તમાનમાં પ્રવર્તિત પુષ્ટિમાર્ગની ગતિવિધિઓ વિશે અનેક પ્રકારની ટીકા ટિપ્પણી, આલોચના કેટલાક કહેવાતા વિદ્વાનો કરતા હોય છે. એના અનુસંધાનમાં એક વિદ્વાને પુષ્ટિમાર્ગની વિડંબના પ્રસ્તુત કરી છે. (જ.ભૂ. તા.૨૦-૧૦-૨૦૧૨) લોકો વર્તમાનમાં જે પ્રકારનું આચરણ પુષ્ટિમાર્ગના નામે અને શ્રી મહાપ્રભુજીના નામે કરી રહ્યા છે, જે મૂળમાં તેમના સિદ્ધાંતોથી વિપરીત છે પરંતુ લોકો તેને જ પુષ્ટિમાર્ગનું સાચું સ્વરૂપ સમજી એની અનેકાનેક વિસંગતિઓનો નિર્દેશ કરી તેને વગોવી રહ્યા છે. વાસ્તવમાં તેનો બૌદ્ધિક સ્તરે પ્રતિકાર કરી શકાય તેમ નથી, કારણ કે ઉપરછલ્લે એ વાતો સાચી લાગે જ. પરંતુ એના કારણે શ્રી મહાપ્રભુજીએ પ્રતિપાદિત કરેલા સિદ્ધાંત અને વાસ્તવિક પુષ્ટિમાર્ગની આલોચના થઈ રહી છે. તેને પુષ્ટિમાર્ગની મોટી વિડંબના કહી શકાય. હકીકતમાં લેખક લખે છે તેમ **'શ્રી વલ્લભાચાર્યજી એવમ્ શ્રી ગુસાંઈજી દ્વારા પ્રસ્થાપિત પુષ્ટિમાર્ગની આધારશીલા મનઘડંત કે અંધશ્રદ્ધા પ્રેરિત નથી પરંતુ ભારતીય અધ્યાત્મ શાસ્ત્રો-વેદોપનિષદ, ગીતા, ભાગવતાદિ ગ્રંથોના ઠોસ પાયા પર એ પ્રસ્તુત થયેલ છે. શ્રી મહાપ્રભુજી સ્વયં પોતાના નિબંધ ગ્રંથમાં સ્પષ્ટપણે કહે છે કે સંપૂર્ણ ભગવત્શાસ્ત્રોને જાણી લીધા બાદ અને વારંવાર એનું મનન કરીને બધા સંદેહોની નિવૃત્તિ માટે હું કહી રહ્યો છું. (શા.પ્ર.૩)'** તેમનું તત્ત્વચિંતન અને તદંતર્ગત ધર્મદર્શન-પુષ્ટિમાર્ગનું ગાંભીર્ય આથી સમજી શકાય છે.

ભગવન્મુખારવિંદ સ્વરુપ શ્રીવલ્લભાચાર્યજી દ્વારા પ્રવર્તિત પુષ્ટિમાર્ગના ઉદાત્ત સિદ્ધાંતોથી વિપરીત આચરવામાં આવી રહેલા વર્તમાન પુષ્ટિમાર્ગની ગતિવિધિઓના કારણે શ્રી મહાપ્રભુજીનાં વાસ્તવિક મૂલ્યોની વગોવણી-આલોચના થાય એનાથી વધુ વિડંબના શું હોઈ શકે ? પોતાની વ્યથા વ્યક્ત કરતાં લેખક વધુમાં વાસ્તવિક પરિસ્થિતિનું ચિત્રણ રજૂ કરતાં લખે છે - **'પ્રાચીન મંદિરો જે શ્રી ગુસાંઈજીનાં બાલકો-વલ્લભવંશજોના નિજ સેવાગૃહ હતા એ કાળક્રમે વર્તમાન સરકારી કાયદાઓને અનુલક્ષીને સાર્વજનિક**

ટ્રસ્ટોમાં રૂપાંતરિત થતાં દ્રવ્યોપાર્જનનાં કેન્દ્ર બની ગયાં છે. એટલું જ નહીં પરંતુ તેમના અધિષ્ઠાતા ગુરુઓ દ્વારા બીજાં અનેક મંદિરોના નિર્માણ કરી જે-તે સ્થળોની વૈષ્ણવ સૃષ્ટિને ભક્તિનું માધ્યમ પૂરું પાડવાના બહાના હેઠળ કમાણીના સાધન બનાવવામાં આવી રહ્યાં છે. ભોળી અથવા વ્યાપારી મનોવૃત્તિ ધરાવતી વૈષ્ણવ સૃષ્ટિ જેઓ અજાણ છે તેઓ આવાં મંદિરોમાં દર્શન-ભેટ-મનોરથો ઈત્યાદિ કરાવી પ્રસાદ તેમ જ આચાર્યશ્રી અથવા મુખિયાજી પાસેથી ઉપરણો-બીડાં પ્રાપ્ત કરી જીવનની સાર્થકતા-ધન્યતા અનુભવે છે.' આમ સાચું માર્ગદર્શન મળવાના અભાવમાં સ્વાર્થ અથવા અંધશ્રદ્ધાવશ બધું લોલેલોલ ચાલી રહ્યું છે. આની ફલદાયિતા કેટલી ? શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંત કે નિર્દેશ સાથે સુસંગતતા કેટલી એ જોવાની ને તો કોઈને દરકાર છે ન ફુરસદ. વિત્તજા સેવા કરી સૌ પોતાનો અહં પોષી રહ્યા છે અને પોરસાઈ રહ્યા છે કે શ્રી ઠાકોરજીની કેટલી કૃપા છે – આચાર્યશ્રીનો કેટલો અનુગ્રહ છે કે મને લાભ અપાવ્યો. મારું દૈવી દ્રવ્યશ્રીને અંગીકાર કરાવ્યું-કર્યું. (ભલે પછી એ કાળાં કામ કરી ભેગું કર્યું હોય !) આ આજની વર્તમાન વાસ્તવિક પરિસ્થિતિ છે જેને શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રસ્થાપિત પુષ્ટિમાર્ગ સાથે દૂર-દૂરનો પણ નાહવા નિચોવવાનો સંબંધ નથી.'

એક વધુ ઘટસ્ફોટ કરતાં તેઓ લખે છે કે 'જાણવા મળેલી માહિતી મુજબ અનેક સ્થળે (વિશેષતઃ બેઠકજીઓમાં પણ) શ્રી ઠાકોરજીને ભોગ ધર્યા વગર પ્રસાદના નામે મઠડી-મોહનથાળના વિતરણની પરભારી વ્યાપારિક વ્યવસ્થા કરવામાં આવે છે (ભગવદ્ વિગ્રહ સન્મુખ તો સામગ્રી આવી જ ન હોય !) મહાપ્રસાદ લેવડાવવાના નામે માળા પહેરામણી કે અન્ય ઉત્સવોના પ્રસંગે કેટલેક ઠેકાણે મંદિરમાં વ્યવસાયિક કેટરરને બોલાવી બુફેની કે જમણવારની વ્યવસ્થા કરવામાં આવે છે. **(મંદિરમાં થતાં ભોજનને પ્રસાદ નામ આપવામાં આવે છે !)** ક્યાંક વ્રજલીલાના પ્રસંગો કે ભાવના વિપરીત અનેક મનઘડંત મનોરથોના આયોજન કરી મોટી રકમ એંઠવામાં

આવે છે જે માટે મનોરથી આચાર્યશ્રી પાસેથી ઉપરણાં ઓઢી ધન્યતા અનુભવે છે. ભાગવત સપ્તાહના આયોજનોની પણ દૈવી દ્રવ્યના વિનિયોગના નામે આવી જ મજાક બનાવી દીધેલી પરિસ્થિતિ છે. બ્રહ્મસંબંધની દીક્ષા તો જાણે કેવળ બાહ્યાચાર બનીને રહી ગઈ છે. પ્રત્યેક આચાર્ય બાળકની પોતાની સૃષ્ટિનો વિસ્તાર કરવાનું એ માત્ર માધ્યમ હોય તેમ જણાય છે. અગાઉથી બોર્ડ મંદિરના ઉપર સૂચિત કરી દીક્ષાર્થીને આહ્વાન આપવામાં આવે છે. (વિશેષતઃ પવિત્રા અગિયાર–બારના દિવસે) વાસ્તવમાં સમગ્ર વલ્લભીય સૃષ્ટિના એકમાત્ર ગુરુ શ્રીવલ્લભાચાર્યજી છે પરંતુ બ્રહ્મસંબંધથી દીક્ષિત થઈ દીક્ષા લેનાર દીક્ષાદાતાને જ પોતાના એકમાત્ર ગુરુ માને છે. શ્રી વલ્લભાચાર્યજી સાથે તેનો નાતો શાયદ જ જોડાય છે. આ કારણે જ કદાચ આજે પુષ્ટિમાર્ગ અનેક વાડાઓમાં/સૃષ્ટિઓમાં વહેંચાયેલો છે. સમગ્ર સંપ્રદાય સંગઠિત નથી. **(કેટલેક ઠેકાણે તો એક બાળકની સૃષ્ટિવાળાએ બીજા આચાર્ય પાસે જવાનો પણ નિષેધ હોય છે !)**

આજની યુવાપેઢી જે આવી બધી પરિસ્થિતિથી વાકેફ હોય અને બૌદ્ધિક રીતે વિચાર કરવા ટેવાયેલી હોય, આવી વિપરીતતાઓને નજરે નિહાળતી હોય, એ આ બધી બાબતોનો કઈ રીતે સ્વીકાર કરે ? એમાં વિશ્વાસ રાખે ? આ લેખમાં આલેખાયેલી અને અન્ય લેખોની ઉપરોક્ત સર્વે બાબતોમાં જે આજની હકીકત છે એ આજની પુષ્ટિમાર્ગની સમસ્યાના મૂળમાં છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી. જો આ લેખમાળાનો કોઈ હેતુ હોય, લાગતા–વળગતા સૌ કોઈને જો પુષ્ટિમાર્ગ વિશે સાચોસાચ ચિંતા હોય તો ઉપરોક્ત પરિસ્થિતિનો ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઈએ, તેને નજરઅંદાજ કરી શકાય નહીં અને સમસ્યાના સ્વીકાર પછી જ એના સમાધાનનો વિચાર થઈ શકે, અન્યથા નહીં. સંપ્રદાયના વિદ્વાન લેખક ગો.વા.શ્રી રમેશભાઈ પરીખે તેમના વૈષ્ણવ પરિવાર માસિક–જૂન ૮૭ના અંકમાં સંપાદકીય લેખમાં લખેલું – **'આજે ખૂબ જ ગંભીર વાતો વેદનાપૂર્વક કરવી છે. શાહમૃગની જેમ રેતીમાં મોં સંતાડી દેવાથી આપત્તિઓ અને**

સમસ્યાઓ ઊકલી જતી નથી. આજે જે વાત હું કરી રહ્યો છું એ વાત તમારા સૌના હૃદયમાં વલોવાય છે. એની વ્યથાથી તમે પણ વ્યથિત છો જ. આજનો આ પ્રશ્ન કોઈ વ્યક્તિ કે સંસ્થાનો નથી. પરંતુ સંપ્રદાયના ગૌરવપૂર્ણ અસ્તિત્વનો છે. એનો વિચાર સ્વસ્થ અને તટસ્થ બુદ્ધિથી કરવો જરૂરી છે. તેમાં આપણા પૂર્વગ્રહો અને લાગણીના આવેશો ન ઘૂસી જાય એની તકેદારી રાખવી જરૂરી છે.'

પુષ્ટિમાર્ગની આજની ગતિવિધિઓનાં લેખાં-જોખાં કરવા બેસીએ ત્યારે સંપ્રદાયને સંગઠિત કરવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા હતા એવા પરમ શ્રદ્ધેય પૂ.પા.ગો.૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજ (શ્રી પ્રથમેશજી)ને યાદ કર્યા વગર રહી ન શકાય. સ્થાનાભાવે વિશ્લેષણ ન કરતાં તેમના જ શબ્દોમાં આ ઉદ્ધરણો જે પ્રથમેશસ્મૃતિ અંકમાં પ્રસિદ્ધ થયેલ છે એ આપણી આંખ ખોલનાર છે. **'મેરે જીવનમેં કડવે અનુભવે હુએ હૈં. ઈસ ધર્મ કો ઈસકે અનુયાયી લોગોં કે દ્વારા હી સમાપ્ત કિયા જા રહા હૈ.'** (૬/૨૭) **'ખેદ કા વિષય હૈ કિ ધર્માચાર્ય અપના નિજી મત ચલાને કે લિયે સંપ્રદાય કે વ્યવસ્થિત સ્વરૂપ કો બિગાડ રહે હૈં.'**(૬/૨૮) **'આજ સભી સ્થાનોં પર ધનિકોં કી મનસ્વિતા પર હી ધર્મ કા સંચાલન હો રહા હૈ.'** (૮/૩૫) **'સેવા માર્ગ એક મહાન ત્યાગ કા માર્ગ હૈ. જિસ મેં સભી ધર્મ ઔર જીવન કા અસ્તિત્વ સમાહિત હો જાતા હૈ, ફિર ભી ઈસકે મહાન મૂલ્ય કો શ્રી વલ્લભાચાર્યજી કે અનુયાયી નહીં સમજ રહે હૈ યહ વિચિત્ર બાત હૈ.'** (૮/૪૩) **'આજ વલ્લભસંપ્રદાય સે નિયંત્રણ ઉઠતા જા રહા હૈ, સભી અપની મનમાની કર રહે હૈં, આચાર્યોં કા નિયંત્રણ કભી કા શિથિલ હો ચૂકા હૈ, પરસ્પર રાગદ્વેષ કે કારણ વૈષ્ણવ સમાજ મેં ભી અનેક ફીરકે હો ગયે હૈં.'** (૮/૬૪) **'આચાર્ય શ્રી વલ્લભને જીન જીવન દર્શન ઔર નિસ્સાધન ભક્તિમાર્ગ કા પ્રચાર સમગ્ર દેશ મેં તીન બાર ભ્રમણ કરકે કિયા થા આજ ઉસકા મૂલરૂપ ધનિકોં કે સ્વેચ્છાચાર પર બિક ચૂકા હૈ.'** (૧૦/૧૭)

આપશ્રીના નિમ્ન વચનામૃત (પ્રથમેશ સ્મૃતિ અંક) પણ આજની પરિસ્થિતિનો જ ઘટસ્ફોટ કરે છે –

કયા આપને સોચા હૈ ?

''આજ વલ્લભ સંપ્રદાય સે નિયંત્રણ ઉઠતા જા રહા હૈ. સભી અપની મનમાની કર રહે હૈ. સમજ મેં નહીં આતા કી ઈસકા પરિણામ ક્યા હોગા. આચાર્યો કા નિયંત્રણ કભી કા ક્ષીણ હો ચુકા હૈ. પરસ્પર રાગદ્વેષ કે કારણ વૈષ્ણવ સમાજ મેં ભી અનેક ફિરકે હો ગયે હૈ. આપસી ઝઘડોં મેં ઐસા લગતા હૈ કિ યાદવોં કી આપસી લડાઈ હો રહી હૈ. ધર્માચાર્યો કે અનબન ઔર અપને આપકો ઊંચા માનને કે જિસસે સમાજ મેં અવ્યવસ્થા ફૈલ રહી હૈ.

સત્સંગ મંડલ ભગવાન કે નામ લેને કી બાત તો કરતે હૈ કિંતુ ઉનમેં ધાર્મિક બુદ્ધિ કે સ્થાન પર લૌકિક વિચાર હી અલગ દિખાઈ દેતે હૈ. ઈનકે મુખિયાને સભી સમાજ કો છિન્ન–ભિન્ન કર દિયા હૈ. કિસી કા ગુણ તો યાદ નહીં રહતા, ન શરણ ભાવના હી હૈ કિન્તુ એક બુરી બાત કો બરસોં સ્મરણ મેં રખતે હૈ. ક્યા યહ પ્રભુ કે નામ કા પ્રભાવ હૈ ? જિતના કપટ, અવિશ્વાસ ઔર કલહ મૈંને વૈષ્ણવ સમાજમેં પાયા હૈ ઉસસે યહ સ્પષ્ટ હો જાતા હૈ કી બાત હોગી તો તુરંત સ્વીકાર કર લેંગે. કિંતુ ત્યાગ યા સંગઠન કી બાત હોગી તો, યહ ઉનકે બસ કી બાત નહીં હૈ, જો સભી અપને મેં ચલના ચાહતે હૈ ફિર ભલે હી એક આદર્શ કી હોલી જલતી રહે. હમારે દેશ એવં સંપ્રદાય મેં હોલી જલાને મેં ભી એક આદર્શ ભાવના હૈ જિસમેં મન કે સભી મેલ જલા દિયે જાતે હૈં. કિંતુ પુષ્ટિમાર્ગ ? ક્યા કહેં–ભગવાન દયા કરેં ઈન રાહ ભટકોં કો માર્ગ દિખાયે, યહી કહા જા સકતા હૈ.'' (પ્રથમેશ સ્મૃતિ – પે.૮/૬૪)

પ.ભ.શ્રી અવિનાશભાઈએ પણ કાંઈક એવી વ્યથાને અનુભવવાના કારણે જન્મભૂમિ સમાચાર પત્રમાં આ ચર્ચાસત્ર લખી લાગતા વળગતા સૌ કોઈ આચાર્યશ્રીઓ તેમજ સંપ્રદાયના વિદ્વદ્જનોના મનને ઝંકૃત કરવાનો

પ્રયત્ન કર્યો છે – એ અપેક્ષા સાથે કે પુષ્ટિમાર્ગની વર્તમાન પરિસ્થિતિની ગંભીરતા સમજી શકાય, યોગ્ય નિરાકરણ લાવી શકાય તો જેને આપણે જગદ્‌ગુરુ કહીએ છીએ તેવા આપણા સૌના સમર્થ ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી ચરણ પ્રત્યે આપણી ખરી નિષ્ઠા છે તેમ માની શકાય. તો જ તેમના કૃપાપાત્ર બની શકાય.

પુષ્ટિમાર્ગની યથાર્થતા :

સામાન્ય જનમાનસમાં એક એવી ભ્રમણા પ્રવર્તે છે કે વેદાંત એટલે 'શાંકરવેદાંત', શ્રી શંકરાચાર્યજીએ કરેલું વેદોપનિષદનું અર્થઘટન. એનું કારણ એ છે કે પાશ્ચાત્ય વિદ્વાનોએ મહદંશે 'શાંકરભાષ્ય'નો અભ્યાસ કરી આપણા વેદોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે અને તેના આધારે તેમણે લખેલા ગ્રંથોના આધારે 'શાંકરવેદાંત'ને પ્રસિદ્ધિ મળી છે. પશ્ચિમમાંથી પ્રવર્તિત થતા જ્ઞાનને વધુ મહત્વ આપવાની આપણી માનસિકતાનું એ પરિણામ છે. કૃષ્ણભક્તિનું મૂળ સંપૂર્ણપણે ભારતીય હોવા છતાં **'હરે કૃષ્ણ આંદોલન'** પશ્ચિમમાં થઈ આપણે ત્યાં વિકાસ પામ્યું છે, તે તેનું તાદૃશ્ય ઉદાહરણ છે. તેથી જ વેદાંત શબ્દનો અર્થ 'શાંકરવેદાંત'ને જ સામાન્યતઃ સમજવામાં આવે છે. પરંતુ વેદાંત પર ભાષ્ય શંકરાચાર્યજી સિવાય રામાનુજાચાર્ય ઈત્યાદિ અન્ય આચાર્યોએ પણ રચ્યા છે અને તદનુસાર શ્રીવલ્લભાચાર્યજી દ્વારા કરવામાં આવેલું વેદાંતનું વિશિષ્ટ અને આગવું અર્થઘટન એ **'વલ્લભવેદાંત'** છે, જેના આધારે તેમણે પોતાનું **'તત્વદર્શન'** અને **'ધર્મદર્શન'**ને અનેક ગ્રંથોમાં આલેખિત કર્યું છે.

શંકરાચાર્યજી 'પરમતત્વ' તરીકે એકમાત્ર બ્રહ્મના અસ્તિત્વનો સ્વીકાર કરતાં હોવા છતાં આ દૃશ્યમાન જગતને માયા દ્વારા નિર્મિત માની તેને 'મિથ્યા' કહે છે અને જીવ માત્ર બ્રહ્મરૂપ જ છે તેમ પ્રતિપાદિત કરે છે. તેથી પ્રસ્થાનત્રયી (વેદ, બ્રહ્મસૂત્રો, ગીતા) શાસ્ત્રો દ્વારા બ્રહ્મના સ્વરૂપના જ્ઞાનથી જીવ બ્રહ્મત્વ–બ્રહ્મરૂપતા પ્રાપ્ત કરે છે, તેને જ તેઓ મોક્ષ પ્રાપ્તિ કહે છે. તેમના મતે મોક્ષપ્રાપ્તિ માટે 'સાધન ચતુષ્ટય' (૧) નિત્ય–અનિત્ય વસ્તુનો વિવેક,

(૨) આલોક/પરલોકના પદાર્થરૂપી ફળ ભોગવવા પ્રત્યે વૈરાગ્ય, (૩) મુમુક્ષત્વ-મોક્ષની ઈચ્છા અને (૪) શમ-દમાદિ ષટ સંપત્તિ આવશ્યક છે તેમ શ્રી શંકરાચાર્યજીનો મત છે. તેઓ માને છે કે શ્રવણ, મનન અને નિધિદ્યાસન એ ત્રણ અંતરંગ સાધન દ્વારા અપરોક્ષ અનુભવ થાય છે અને છેવટે જ્ઞાનાવસ્થામાં સતત નિષ્ઠા બંધાય છે, જે અંતિમ લક્ષ છે.

શંકરાચાર્યજીનું તત્ત્વજ્ઞાન તર્કપ્રધાન છે, જ્યારે શ્રી વલ્લભાચાર્યજી માને છે કે શ્રુતિ-ઉપનિષદોમાં તેમ જ તેને અનુકૂળ રહેનારા બીજા પ્રસ્થાનોમાં-જે પ્રકારનું બ્રહ્મનું વર્ણન હોય એ જ પ્રકારનું બ્રહ્મ સ્વીકારવું જોઈએ; તેમાં પોતાની સ્વતંત્ર તર્કશક્તિથી અન્ય કલ્પના કરી બ્રહ્મના સ્વરૂપનો નિર્ણય ન થઈ શકે. જીવ અને જગતના સ્વરૂપ વિશે તેમની વિચારધારા શંકરાચાર્યજીના વિચારોથી ભિન્ન છે. તેઓ જગતને બ્રહ્મ પોતે જ, પોતાનામાંથી ઉત્પન્ન કર્યું હોઈ બ્રહ્મ જેટલું જ સત્ય છે, એ માયા દ્વારા ઉદ્ભવેલું કે મિથ્યા નથી તેમ માને છે. તે જ રીતે તેમના મતે જીવ અને બ્રહ્મમાં અભેદ નથી, પરંતુ જીવ બ્રહ્મનો અંશ છે. બ્રહ્મ સાથે એનો સંબંધ અંશ-અંશીનો છે.

મુંબઈ યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગના પ્રા.ડૉ.નિગળ પોતાના લેખ સગુણ શ્રી કૃષ્ણની નિર્ગુણ ભક્તિ જ ખરી પુષ્ટિભક્તિ છે (જ.ભૂ.તા.૨૭-૧૧-૨૦૧૨)માં લખે છે – **''બ્રહ્મનું સગુણરૂપ નિર્ગુણ કરતાં શ્રેષ્ઠ છે. જગત સત્ય છે. સૃષ્ટિની નિર્મિતિ આ બ્રહ્મની લીલા છે. રમણાર્થ જગત એ શ્રી વલ્લભાચાર્યજીનો સિદ્ધાંત છે. તેથી જ આધુનિક તત્ત્વજ્ઞ સંત ડૉ.રા.દ. રાનડે કહે છે, 'The concept of lila is the alpha and omega of Vallabh's philosophy' બ્રહ્મ સ્વેચ્છથી જગતરૂપે અભિવ્યક્ત થયો છે. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ (બ્રહ્મ) આ જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ છે. જગત એમનું કાર્ય (પરિણામ) છે. જગત એ બ્રહ્મની બહાર નથી. તેથી દુનિયા પણ માયીક નથી.''** વધુમાં તેઓ જણાવે છે કે કેવળ શ્રી કૃષ્ણાશ્રય પર જીવવાની પદ્ધતિ પુષ્ટિમાર્ગ હોય. આ માર્ગ પ્રસિદ્ધ તત્ત્વચિંતક હેન્રી બર્ગશાની

ભાષામાં કહેવાનું હોય તો 'Open Religion' છે. બધી જાતિ–વંશ નિરપેક્ષી જીવો માટે આ માર્ગ ખુલ્લો છે. આ વૈષ્ણવ પંથ છે. સમગ્ર સૌંદર્ય, ઐશ્વર્યશક્તિ, વૈભવ, જ્ઞાન, વૈરાગ્ય આ ષડગુણથી સગુણ બ્રહ્મ પરિપૂર્ણ છે. આવા સગુણ ભગવાનની અર્થાત્ પુરુષોત્તમ શ્રી કૃષ્ણની નિર્ગુણ ભક્તિએ ખરી પુષ્ટિભક્તિ છે. મરાઠી સંત જ્ઞાનેશ્વરની ભાષામાં કહેવાનું હોય તો એ 'અકૃત્રિમ ભક્તિ' છે.

પુષ્ટિમાર્ગ એ 'ભક્તિમાર્ગ' છે. પરંતુ એ ભક્તિના પાયામાં રહેલું જ્ઞાન આવશ્યક છે જેને માટે 'વલ્લભવેદાંત્' જાણવું જરૂરી ગણાય. વલ્લભવેદાંત એટલે શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન, વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો તથા ભાગવતના આધારે તેમણે પ્રતિપાદીત કરેલી વિશિષ્ટ 'દાર્શનિક વિચારધારા' જેના અંતર્ગત તેમણે પોતાનું 'ધર્મદર્શન' – 'પુષ્ટિમાર્ગ', ભગવાનની 'પ્રેમલક્ષણા ભક્તિ'ના અનોખા માર્ગનું પ્રવર્તન કરી એ માર્ગે ચાલનાર મનુષ્યને ભગવદ્ પ્રાપ્તિનો સરલતમ માર્ગ ચીંધ્યો છે. જો આપણે આપણા ગંતવ્યસ્થાને આ માર્ગે પ્રશસ્ત થઈ પહોંચવા માંગતા હોઈએ તે સ્વાભાવિક રીતે આપણે એ માર્ગ વિશે, એનાં મહત્ત્વ વિશે, એમાં આવતા પડાવો વિશે, એનાં ભયસ્થાનો વિશે, એની વિશેષતાઓ બાબત જાણવું જરૂરી જ નહીં, અત્યાવશ્યક ગણાય.

'પુષ્ટિમાર્ગ' શ્રી વલ્લભાચાર્યજીનું ધર્મદર્શન છે, જ્યારે વલ્લભવેદાંત તેમનું તત્ત્વદર્શન છે. પુષ્ટિમાર્ગ 'આચાર પક્ષ' છે. વલ્લભવેદાંત તેમનો 'વિચાર પક્ષ' છે. બંને પરસ્પર આધારિત છે. તેથી બંને જાણવા આવશ્યક ગણાય. કોઈપણ ધર્મનો વૈચારિક આધાર એનું 'તત્ત્વદર્શન' હોય તો તત્ત્વદર્શનનો વ્યવહારિક ઉપયોગ એનું 'ધર્મદર્શન' કહેવાય. આમ બંને અન્યોન્ય છે, બંનેની આવશ્યકતા અને ઉપયોગિતા છે. સાંખ્યદર્શનમાં જગતમાં કારણરૂપ પ્રકૃતિ અને પુરુષના સંબંધની માફક તત્ત્વજ્ઞાન અને ધર્મ બંને ભેગા થવા જોઈએ, કારણ કે એ બંનેનો સંબંધ 'અંધપંગુ ન્યાય' જેવો છે. કેવળ તત્ત્વજ્ઞાન એ

અપંગ છે અને કેવળ ધર્મ એ અંધશ્રદ્ધા હોઈ શકે. બંને એકબીજા સાથે જોડાય તો એ ગતિ કરીને ધ્યેયને પહોંચવાને શક્તિશાળી બને. માત્ર તત્ત્વજ્ઞાનમાં દૃષ્ટિ જઈ શકે, એનો વિચાર કેવળ મનોરથ રૂપે જ રહે, તેવી જ રીતે ધર્મ અથવા વ્યવહારિક આચરણ ગમે એટલું સબળ હોય, પરંતુ એની પાછળ કોઈ સૈદ્ધાંતિક ચિંતન ન હોય, એનું ધ્યેય શું છે ? ક્યાં જવાનું છે ? શું અને શા માટે પ્રાપ્ત કરવાનું છે ? ઈત્યાદિનો જો તેમાં વિચાર ન હોય તો એ ગમે તે દિશામાં અથડાય, પરંતુ મનુષ્ય તેના લક્ષ પર પહોંચી ન શકે.

આપણા મંત્રદૃષ્ટા ઋષિઓએ તત્ત્વજ્ઞાન અને ધર્મ એ બંનેનો સંબંધ સ્થાપિત કર્યો છે. મોક્ષ અથવા ભગવદ્ પ્રાપ્તિના અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે આ બંને આવશ્યક છે. તત્ત્વજ્ઞાન બુદ્ધિથી વિચારે છે, જ્યારે ધર્મ શ્રદ્ધાનો વિષય છે. બુદ્ધિ અને શ્રદ્ધા એ બે ભેગા થતાં એકબીજાનું માર્ગદર્શન કરી શકે છે. બુદ્ધિ શ્રદ્ધાને અને શ્રદ્ધા બુદ્ધિને ઉભય પરસ્પર ઉપકારક બનીને એકબીજાના હિતમાં સખ્યભાવ સ્થાપિત કરીને પોતાનું શ્રેય વિચારી શકે છે. આથી જ આપણી સઘળી વિચારધારાઓમાં તત્ત્વદર્શનનો ધર્મ સાથે સંબંધ યોજ્યો છે. એ રીતે તત્ત્વજ્ઞાન એ સૈદ્ધાંતિક પાસું છે જ્યારે ધર્મ એનું વ્યવહારિક સ્વરૂપ છે. ભારતના મૂર્દ્ય ચિંતક ડૉ.રાધાકૃષ્ણન કહે છે – 'Philosophy when most itself will be philosophical' ભારતીય દર્શનની એ જ તો વિશેષતા છે જેમાં આધ્યાત્મિક ચિંતનની સાથે એના વ્યવહારિક ઉપયોગનો વિચાર કરી ધર્મદર્શન પણ પ્રસ્તુત કરવામાં આવ્યું છે. એના કારણે જ ભારતીય તત્ત્વચિંતન પાશ્ચાત્ય તત્ત્વચિંતનથી અલગ પડે છે.

પુષ્ટિમાર્ગના મર્મજ્ઞ વિદ્વાન આચાર્ય શિરોમણિ ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી તેમના પુસ્તક સાકાર બ્રહ્મવાદમાં લખે છે – **'સાકાર બ્રહ્મવાદ કે બિના હમારી પુષ્ટિભક્તિ કે અંધશ્રદ્ધા મેં બદલ જાને કી સંભાવના હૈ, તથા પુષ્ટિભક્તિ કે બિના સાકાર બ્રહ્મવાદી દૃષ્ટિ હમારે પંગુ વિશ્વાસ કી દ્યોતક હોગી. આવશ્યકતા હૈ અતઃ પુષ્ટિભક્તિ કે માર્ગ પર સાકાર બ્રહ્મવાદી દૃષ્ટિ સે સંપન્ન હો કર ચલને કી.'**

નારદ પંચરાત્રમાં નારદજીએ ભક્તિની વ્યાખ્યા કરતાં કહ્યું છે – **'માહાત્મ્ય જ્ઞાનપૂર્વક (ભગવાનમાં) સુદૃઢ સર્વતોધિક સ્નેહ–એનું નામ ભક્તિ.'** આમ ભક્તિનાં બે અંગ બતાવ્યા છે (૧) ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન અને (૨) ભગવાનમાં સંપૂર્ણ દૃઢતાપૂર્વકનો સૌથી વિશેષ પ્રેમ. ભગવાનમાં અક્ષુણ્ણ પ્રેમ એ પુષ્ટિભક્તિનું અતિ મહત્ત્વનું લક્ષણ છે, પરંતુ એની સાથે ભગવાનના વિલક્ષણ માહાત્મ્યનું જ્ઞાન હોવું પણ એટલું જ આવશ્યક છે. શ્રી મહાપ્રભુજી આના વિશે ખુલાસો કરતાં તેમના નિબંધ ગ્રંથના શાસ્ત્રાર્થ પ્રકરણના અંતમાં સ્પષ્ટપણે લખે છે – **'ભગવાન થકી સર્વ છે અને ભગવાન આ સર્વરૂપ છે, એ પ્રકારના જ્ઞાનયોગ થકી, પ્રેમ સહિત, શ્રવણાદિથી શ્રી હરિને ભજે તે ઉત્તમ ભક્ત કહેવાય. પ્રેમના અભાવે જ્ઞાનસહિત ભજન કરે તે મધ્યમ કહેવાય અને જ્ઞાન રહિત કેવળ પ્રેમથી ભજન કરે તે મધ્યમ અથવા હિન ભક્ત કહેવાય. જ્ઞાન અને પ્રેમ બંને ન હોય તો તે શ્રવણાદિક ક્રિયા થકી પાપનો નાશ થાય.** (તે ભક્તિ ન કહેવાય).'

એ જ ગ્રંથની શરૂઆતમાં જ શ્રી મહાપ્રભુજી કહે છે – **'શાસ્ત્રમ્ અવગત્ય, મનોવાગ્દેહૈઃ કૃષ્ણસેવ્યઃ'** અર્થાત્ શાસ્ત્રને સારી રીતે જાણીને (અધ્યયન કરીને) મન–વચન–દેહથી કૃષ્ણની સેવા કરવી. **'કૃષ્ણ સેવા સદા કાર્યા'** તે તેમનો સ્વસિદ્ધાંત છે, તેમ તેઓ સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં સ્પષ્ટતા કરે છે. તેના મૂળમાં ઉપરોક્ત ગ્રંથમાં તેમણે જગન્નાથજીના પ્રસંગમાં પ્રાપ્ત થયેલ આજ્ઞા **'એકમ્ શાસ્ત્રમ્ દેવકીપુત્ર ગીતમ્, એકોદેવા દેવકી પુત્ર એવ, મંત્રોપ્યેકમ્ તસ્યનામાનિ યાનિ,કર્માપ્યેકમ્ તસ્ય દેવસ્ય સેવા.'** ને ટાંકી ભગવદ્ ગીતાને મુખ્ય શાસ્ત્ર તરીકિ બતાવ્યું છે.તેથી ગીતા શાસ્ત્રને જાણવું જરૂરી ગણાય જેથી કૃષ્ણના સ્વરૂપને–તેમના માહાત્મ્યને સારી રીતે જાણી શકાય, અને એના કારણે કૃષ્ણની સેવામાં નિષ્ઠા જાગે, તેમના પ્રત્યે નિષ્કામ પ્રેમ ઉદ્ભવે. અહીં **'શાસ્ત્રમ અવગત્ય'** એ શ્રી મહાપ્રભુજીનો વિચાર પક્ષ કહેવાય અને **'કૃષ્ણસેવ્ય'** તે આચાર પક્ષ – પુષ્ટિમાર્ગ.

ભગવાન શ્રી જગન્નાથજીએ આપેલા ઉપરોક્ત શ્લોકને આધાર બનાવી શ્રી મહાપ્રભુજીએ પોતાના ‘તત્વાર્થદીપ નિબંધ’ ગ્રંથના શાસ્ત્રાર્થ, અર્થાત્ ગીતાર્થ પ્રકરણની રચના કરી છે. તેમણે ગીતા જે ભગવાન કૃષ્ણની ‘પ્રત્યક્ષવાણી’ છે, એને ‘મુખ્યશાસ્ત્ર’ રૂપ સ્વીકારી એના આધારે બ્રહ્મ, જીવ, જગત, સંસાર, વિદ્યા, અવિદ્યા, ભક્તિ ઈત્યાદિ મહત્ત્વના વિષયોની સમજણ આપી છે. બ્રહ્મ–પરમાત્મા–ભગવાન શબ્દોના તારતમ્યને સમજાવી, ભાગવત્‌ના કથન–કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્‌ને પ્રમાણરૂપ ગણી તેમણે સ્વસિદ્ધાંત–‘કૃષ્ણ સેવા સદા કાર્યા’નો ઉપદેશ આપ્યો છે. પુષ્ટિમાર્ગ કૃષ્ણને શોધવાનો અને મેળવવાનો, એને અનુભવવાનો એને માણવાનો માર્ગ છે. કૃષ્ણની સેવા એ જ પુષ્ટિમાર્ગમાં સાધન છે. ‘કૃષ્ણસેવા’ એ જ પુષ્ટિમાર્ગમાં ફલ છે. તેથી ‘કૃષ્ણસેવા’ એ સ્વતઃ પુરુષાર્થ છે. જો આ તથ્ય સમજવું હોય તો શ્રીવલ્લભાચાર્યજીનાં સિદ્ધાંત સૂત્રોને જાણવાં પડે, આત્મસાત્ કરવાં પડે. તેઓ કહે છે–

‘જગત કી ઓર જબ જ્ઞાન કી દૃષ્ટિ સે દેખો તો સાફ–સાફ યહ પહચાનને કી કોશિષ કરો કી બ્રહ્મ હી જગતરૂપ હુવા હૈ, અતઃ જગત્ ભી બ્રહ્મરૂપ હૈ. સ્નેહ કી દૃષ્ટિ સે દેખના હો તો એકાગ્ર હોના પડેગા. સ્નેહ યદિ ફૈલ જાતા હૈ તો વહ સ્નેહ નહીં રહ પાયેગા, જ્ઞાન બન જાયેગા. જ્ઞાન યદિ સિમટ ગયા તો સ્નેહ બન જાયેગા (માહાત્મ્યજ્ઞાન પૂર્વસ્તુ સુદૃઢ સર્વતોઽધિક સ્નેહઃ) અતઃ બ્રહ્મ સે સ્નેહ કરના હૈ તો જગત કી – બ્રહ્માંડ કો – બ્રહ્મ કે વ્યાપક અક્ષર રૂપ કો છોડ દો, વહ તો ગણિતાનંદ હૈ જિસે જ્ઞાનદૃષ્ટિ સે પ્રાપ્ત કિયા જા સકતા હૈ, યદિ અગિણતાનંદ હંસિક કરના હૈ તો સ્નેહ દૃષ્ટિસે બ્રહ્મ કો દેખના પડેગા, જ્ઞાન કો સિમટ કર એકાગ્ર–એકાંત હોના પડેગા.’ (ગૃહસેવાનું તાત્પર્ય)

‘અગણિતાનંદ બ્રહ્મ કે પ્રિયતમ રૂપ કી પ્રાપ્તિ કે લિયે ચિત્ત મેં ભાગવતપ્રેમ સમ્પાદિત હોના ચાહિયે. પ્રેમ સંવલિત ચિત્ત સે ભગવાન કો ખોજને આવશ્યકતા નહીં હોગી ક્યોં કિ સ્નેહદૃષ્ટિ કે લાભ માત્ર સે ભગવાન કા

છિપ સકના સંભવ નહીં રહ પાયેગા. ચિત્ત મેં ભગવત્પ્રેમ સંપાદિત હોના ચાહિયે, પ્રેમ સંવલિત ચિત્ત સર્વત્ર સ્વયમેવ વિદ્યમાન ભગવાન કો ખોજ લેતા હૈ ભક્ત્યાવિષ્ટ ચિત્ત સ્વયમેવ ભગવાન કો ગ્રહણ કરતા હૈ (સુબોધિનીજી) **હમેં લોક મેં કુછ ભી આનંદ અનુભૂત હોતા હૈ વહ પરમાત્મા કે પરમાનંદ કા અંશ હૈ. મનુષ્ય કે વિભિન્ન વિષયાનંદો સે લેકર બ્રહ્માનંડ પર્યંત જો ભી પરિગણિત આનંદ હૈ વે પરમાત્મા કે ભજનાનંદ-સ્નેહાનુભૂતિ કી આંશિકા અભિવ્યક્તિયાં હૈં. જિસે જિતના આનંદ પ્રદાન કિયા ગયા હૈ ઉસે ઉતના અનુભૂત હોતા હૈ. પુત્ર, પત્ની, ઘ, ધન, વૈભવ આદિ સભી વિષયો મેં હમારે સ્નેહ કા-સુખ કા શ્રોત આત્મા કી ઓર સે પ્રવાહિત હોતા હૈ. યે (પ્રત્યેક) વ્યક્તિગત આત્માયેં ઉસ પરમાત્મા કી આંશિક અભિવ્યક્તિયાં હૈં. અતઃ સ્વયં અપની આત્મા મેં હમારે સ્નેહ-સુખ કા શ્રોત પરમાત્મા કી ઓર સે બહ રહા હૈ, ઓર સ્નેહ સરિતા મેં ઈસી શ્રોત કી તરફ એક બાર પુનઃ તેરા જાય તો ઉસ વ્યાપક, અક્ષર, અચિન્ત્ય તત્ત્વ કો અપને સ્વભાવ ઔર સ્નેહભાવ પ્રયુક્ત આકાર દિયા જા સકતા હૈ, ઈસ આકાર કો કાલ્પનિક માનના સ્નેહ કે સામર્થ્ય એવં બ્રહ્મ કે સામર્થ્ય કે સાત અપરિચય હૈ.'** (ગો.શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી-વલ્લભ વેદાંત-પે.૪૫૪, ૪૫૫)

આનાથી સ્પષ્ટ થાય છે કે કૃષ્ણ એ નિરાકાર અક્ષર બ્રહ્મનું સાકાર સ્વરૂપ છે અને એ સાકાર બ્રહ્મ કૃષ્ણનું વ્યાપક સ્વરૂપ એ જ અક્ષરબ્રહ્મ જેમાં જ્ઞાની ભક્તો લીન થઈ બ્રહ્માનંદનો અનુભવ કરે છે પરંતુ ભજનાનંદ તો એ સાકાર સ્વરૂપ કૃષ્ણની સેવાથી-તેમના અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે. કેટલાક કૃષ્ણને કેવળ ઉપાસનાના હેતુથી ઉદ્ભવેલું માયા-વિશિષ્ટ બ્રહ્મ માને છે. એ ઉપરોક્ત ખુલાસાથી નિરસ્ત થાય છે. આ વાસ્તવિકતાનું જ્ઞાન વલ્લભવેદાંતના અધ્યયનથી જ પ્રાપ્ત થઈ શકે છે. તેથી પૂ.મહારાજશ્રી ત્યાં જ (પે.૪૫૬) સ્પષ્ટ કહે છે : '**કુછ ઈસી તરહ વ્યાપક નિરાકાર બ્રહ્મ ભક્તો કે અનુસાર આકાર ગ્રહણ કરતા હૈ. યહ આકાર નિરપેક્ષ નહીં પરંતુ**

ભક્તભાવ સાપેક્ષ સર્વથા ઔર વાસ્તવિક હોતા હૈ કલ્પિત યા મિથ્યા નહીં' માટે જ શ્રી વલ્લભાચાર્યજી '**કૃષ્ણસેવ્યઃ**'ની આજ્ઞાની પૂર્વશરત- '**શાસ્ત્રમ્ અવગત્ય**' કહે છે.

પુષ્ટિમાર્ગમાં પ્રત્યેક ક્રિયા-પ્રક્રિયા સારગર્ભિત છે, હેતુપૂર્વક છે, ચાહે તે બ્રહ્મસંબંધની દીક્ષા હોય કે પ્રણાલી મુજબની સ્વરૂપ સેવા-નામ સેવા હોય. એ બધાનું તાત્પર્ય, આપણી માનસિક અવસ્થા, એનું પ્રયોજન ઈત્યાદિને સારીરીતે સમજીને જો આચરણમાં મૂકવામાં આવે તો જ એની ફલદાયિતા બને, અન્યથા એ એક કર્મકાંડ ક્રિયામાત્રથી વિશેષ કશું જ ન હોય અને આપણે માત્ર આપણો અહં જ પોષતા રહીએ કે હું ભક્તિ કરું છું, સેવા કરું છું, સત્સંગ કરું છું ઈત્યાદિ પરમ વિદુષી પૂ.પા.ગો.શ્રી ઈન્દિરાબેટીજીએ સાચું જ કહ્યું છે. (જ.ભૂ. તા.૬-૧૧-૨૦૧૨) કે **લોકો એક ઘેટાં પાછળ બીજું જાય, બીજાની પાળ ત્રીજું જાય એમ ઘેટાંની માફક બધા લોકો ચાલી રહ્યા છે. ક્યાં જવાના છે, શું કરવાના છે, ખરેખર શ્રી મહાપ્રભુજીના માર્ગ પર ચાલી રહ્યા છે કે જુદે જ રસ્તે દોડી રહ્યા છે એનું આત્મચિંતન કરવાની આજે ઘડી આવી ગઈ છે. પૂ.પા.ગો.શ્રી શરદકુમારજીએ વ્યક્ત કરેલી ચિંતા પણ સાર્થક છે. (જ.ભૂ. તા.૧૬-૧૦-૨૦૧૨) કે 'પુષ્ટિભક્તિ સંપ્રદાય આજે જે સમસ્યાઓથી પીડાઈરહ્યો છે એનું મૂળ પણ કોઈને કોઈરીતે પુષ્ટિમાર્ગીઓમાં રહેલાં અજ્ઞાન, શ્રદ્ધા અને સંશયમાં જ રહેલું છે. તેથી પુષ્ટિમાર્ગની સમસ્યાઓનું સમાધાન પણ અજ્ઞાન, અશ્રદ્ધા અને સંશયના નિવારણથી અથવા તો અજ્ઞાન, અશ્રદ્ધા અને સંશય જે કારણોથી જન્મતાં હોય એ કારણોને દૂર કરવાથી જ આવી શકશે.'** પોતાની વાતને વધુ સ્પષ્ટ કરવા અને સ્વગૃહમાં ભગવત્ સેવાના મુદ્દાને વધુ સ્પષ્ટ કરવા પૂ.મહારાજશ્રી કહે છે (જ.ભૂ. તા.૨૩-૧૦-૨૦૧૨) પુષ્ટિમાર્ગમાં ભગવત્ સેવા સ્વગૃહમાં સ્વદેહ તથા સ્વકીય ધન-સંપત્તિથી જ કરી શકાય છે. સાર્વજનિક સ્થાન કે સાર્વજનિક ધનસંપત્તિથી પુષ્ટિમાર્ગમાં ભગવત્ સેવા કરવી એ શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતથી તદ્દન વિરુદ્ધ છે.

શ્રી મહાપ્રભુજી પોતાના સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથની શરૂઆત કરતાં જ કહે છે : **'નત્વા હરિં પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાંત વિનિશ્ચયમ્, કૃષ્ણ સેવા સદા કાર્યા'** અર્થાત્ વિચારપૂર્વક નિશ્ચય કરીને હું મારો સિદ્ધાંત કહી રહ્યો છું– 'કૃષ્ણસેવા' હંમેશાં કરવી જોઈએ. 'શ્રી ગુંસાઈજીએ આનો અર્થ સમજાવતાં કહ્યું છે – કૃષ્ણ એ ફલાત્મક નામ છે, માટે એની સેવનાને શ્રી મહાપ્રભુજી સ્વસિદ્ધાંત કહે છે. કૃષ્ણ આનંદાત્મક છે, તેમની સેવાકૃતિ એ સ્વતઃ પુરુષાર્થ છે. કૃષ્ણસેવા એ જ પુરુષાર્થરૂપ છે અને ફલ પણ એ જ છે. કૃષ્ણને માણવા, કૃષ્ણનો આનંદ પ્રાપ્ત કરવો – જે શાશ્વત આનંદ છે, તે જ પુષ્ટિ જીવનનો અંતિમ ઉદ્દેશ્ય છે. શ્રી મહાપ્રભુજીએ નિર્દેશ કરેલ ગૃહસેવાનું એ જ કારણ છે. તેમણે પ્રવર્તિત કરેલ પુષ્ટિમાર્ગનું એ જ તાત્પર્ય છે.'

પુષ્ટિમાર્ગમાં પ્રમાણ–પ્રમેય–સાધન–ફલ એ સર્વ કાંઈ કૃષ્ણ જ છે. કૃષ્ણસેવા એ સાધન પણ છે અને ફલ પણ છે. માટે જ શ્રી મહાપ્રભુજીએ પોતાના પ્રત્યેક સેવકને તેનો પોતાનો કૃષ્ણ આપી દીધો છે. કૃષ્ણ એક એવું બ્રહ્મતત્ત્વ છે જેને માટે શ્રુતિ **'યઃ સર્વજ્ઞઃ યઃ સર્વશક્તિઃ'** કહે છે. એ બધું જ જાણે છે, એ આધારે એટલાં રૂપ ધારણ કરી શકે છે એ પ્રત્યેક ભક્તને પોતાનો અનુભવ કરાવવા સમર્થ છે. એને કોઈ એક સાર્વજનિક મંદિરમાં કેદ થઈ જવાની આવશ્યકતા નથી. તેથી પુષ્ટિમાર્ગમાં સૈદ્ધાંતિક રીતે સામૂહિક સેવાનો કોઈ પ્રકાર નથી. પ્રત્યેકના કૃષ્ણ પોતાના. પ્રત્યેકનો પોતાના કૃષ્ણ સાથેનો પારસ્પરિક વ્યવહાર ભક્ત ભગવાનેનો આનંદ લે, ભગવાન ભક્તને માણે. બધું જ પર્સનલ. સૌનું પોતપોતાનું એ છે પુષ્ટિમાર્ગની વિલક્ષણતા.

કોઈકને પ્રશ્ન થાય -- શું આવું સંભવ બને. હા, એ સહજસંભવ છે. દ્વારકાલીલામાં કૃષ્ણની ૧૦૦૮ રાણીઓ હતી. ત્યાં એ બધી પત્નીઓના સામૂહિક પતિ ન હોતા. બધી પત્નીઓના વારા બાંધી દેવામાં નહોતા આવ્યા. નારદજીને ભગવાને પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો હતો કે પ્રત્યેક રાણીના મહેલમાં કૃષ્ણ બિરાજતા હતા અને પત્નીને સુખ આપી રહ્યા હતા. કૃષ્ણ માટે એ સહજ

છે. રાસના પ્રસંગમાં પણ પ્રત્યે વ્રજાંગનાને અનુભવ થયો કે કૃષ્ણ તેની સાથે રમી રહ્યા છે. એ જ તો ભગવાનની ભગવત્તા છે. શ્રી મહાપ્રભુજીએ પણ પોતાના સેવકોને આવો જ અનુભવ કરાવવા ઈચ્છયો છે. તેથી જ પ્રત્યેકને માટે કૃષ્ણ સેવા સદા કાર્યાનો ઉપદેશ આપ્યો છે. પ્રત્યેક પોતાના કૃષ્ણને માણે એ તેમનું પ્રયોજન છે. પોતાના હરકોઈ અનુયાયીને કૃષ્ણરૂપી ફલ પ્રાપ્ત થાય એવી તેમની માનસા છે. એ જ પુષ્ટિમાર્ગનું હાર્દ છે. તદનુસાર જ તેમણે પુષ્ટિમાર્ગની સાધનપ્રણાલી બનાવી છે. પોતાના સેવકોને બતાવી છે અને એ માર્ગ પર ચાલવા ઉપદેશ આપ્યો છે.

કેટલાક શ્રી મહાપ્રભુજીના શ્રી કૃષ્ણ પ્રત્યેના પક્ષપાતને પુષ્ટિમાર્ગની સંકુચિત દૃષ્ટિ કહે છે. શ્રી મહાપ્રભુજીએ સ્વયં પોતાના નિબંધ ગ્રંથની શરૂઆતમાં જ બ્રહ્મ–પરમાત્મા–ભગવાન એક જ તત્ત્વના નામ હોવાની સ્પષ્ટતા કરી છે. એકમાત્ર અને જે અદ્વિતીય છે. એ અવ્યક્ત બ્રહ્મ સૃષ્ટિનું સર્જન કરે ત્યારે જીવાત્માના સંદર્ભમાં તે પરમાત્મા કહેવાય છે અને જ્યારે કોઈ ભક્ત તેને ભજે–તેની ઉપાસના કરે ત્યારે તે ભગવાન તરીકે ઓળખાય છે. ભાગવત કહે છે – અન્ય દેવો,અવતારો ભગવાનના અંશ–કલારૂપ છે, પણ **'કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્'** કૃષ્ણ અવતાર નથી, અવતારી છે એ જ શ્રી કૃષ્ણ ગીતામાં કહે છે – **'અતોસ્મિ લોકેવેદે ચ પ્રથિત પુરુષોત્તમ'** છેલ્લા અધ્યાયમાં પણ છેલ્લી આજ્ઞા કરતાં કૃષ્ણ–સખા અર્જુનને કહે છે – **'મામેકં શરણં વ્રજ'** એકમાત્ર મારા શરણે આવ. અન્ય અનેક સ્થળે ગીતામાં શ્રીકૃષ્ણે કહેલા વાક્યો – **'મયા તતમિદં સર્વં'** (૯/૪) **'તત્કુરુષ્વ મદર્પણમ્'** (૯/૨૭) **'મન્મનોભવ મદ્ભક્તો'** (૯/૩૪) **'મધ્યેવ મન સાધત્સ્વ, મયિ બુદ્ધિં નિવેશય'** (૧૨/૮) **'મમૈવાંશો જીવ લોકે જીવભૂત સનાતન'** (૧૫/૭) ઈત્યાદિ શું શ્રી કૃષ્ણને જ પરમતત્ત્વ સાબિત નથી કરતાં ? મધુસૂદન સરસ્વતી સ્વયં કહે છે – **'કૃષ્ણાત્ પરંકિમપિ તત્ત્વ હં ન જાને'** તો પછી આવા અનેક શાસ્ત્ર પ્રમાણોના આધારે શ્રી મહાપ્રભુજી કૃષ્ણ ભક્તિનું પ્રાધાન્ય

પ્રતિપાદિત કરે તો સંકુચિતતા શેની ? માટે જ ભક્ત કવિ દયારામ કહે છે – **'જગત વૃક્ષ તેહનું મૂળ હરિ મૂળ પોષે વૃક્ષ પોસાય, પ્રતિ શાખા જળ સિંચિયે તેથી તરુવર તૃપ્ત ન થાય.'** સર્વ દેવો એ શ્રી હરિ – ભગવાન કૃષ્ણે લીધેલાં રૂપો છે. તેમનો અનાદર કરવાનો તેમાં કોઈ પ્રશ્ન જ ક્યાં છે કે નથી એવો કોઈ ઉપદેશ શ્રી મહાપ્રભુજીએ ક્યાંય આપ્યો. તે સર્વ દેવી દેવતાઓનું પૂજન–અર્ચન શ્રી કૃષ્ણસેવામાં સમાવિષ્ટ થઈ જાય છે. તેઓ નિબંધમાં સ્પષ્ટતયા કહે છે – **'ભજનં સર્વરૂપેષુ ફલ સિદ્ધ્યા તથાપિતુ. આદિમૂર્તિ કૃષ્ણ એવ સેવ્યઃ સાયુજ્યકામ્યચ'** (શા.પ્ર.૧૩) અર્થાત્ કોઈપણ પ્રકારની ફલસિદ્ધિની ઈચ્છા હોય તો ભગવાનના દરેક રૂપોનું ભજન કરવું પરંતુ પરબ્રહ્મને વિશે સાયુજ્યની કામનાને માટે આદિમૂર્તિ કૃષ્ણ એ જ સેવવા લાયક છે. કૃષ્ણ સેવા સદા કાર્યા ઉપદેશ પાછળ તેમનો એ જ મૂળભૂત હેતુ છે. આમાં કોઈ પ્રકારની સંકુચિત મનોવૃત્તિનો પ્રશ્ન ઊભો થતો જ નથી.

કેટલાક માને છે – સેવા એટલે એવી કૃતિ જે કરવાથી ભગવાનમાં મન પરોવાય. સેવાની આ પરિભાષા ભૂલ ભરેલી છે. કારણ કે શ્રી મહાપ્રભુજી કહે છે – **'ચેતસ્તત્ પ્રવણં સેવા'** ચિત્ત કૃષ્ણમાં પરોવાય એનું નામ સેવા. ચિત્તનું ભગવાન સાથે જોડાઈ જવું એ ફલરૂપી માનસીની પૂર્વભૂમિકા છે. એવી અવસ્થાને શ્રી મહાપ્રભુજી 'નિરોધ'નું નામ આપે છે. જગતને ભૂલી જઈ જગદીશમાં મનનું આસક્ત થવું એને નિરોધ કહે છે. એ જ પુષ્ટિમાર્ગમાં ફલ છે. એ જ પુષ્ટિમાર્ગનું અંતિમ લક્ષ છે. પુષ્ટિજીવનું એ ગંતવ્ય છે. પુષ્ટિમાર્ગનું એ જ તો હાર્દ છે. આવી માનસિક અવસ્થા પ્રાપ્ત કરવા માટે શ્રી મહાપ્રભુજીએ ભગવાનની તનુ–વિત્તજા સેવા દ્વારા આપણી અહંતા–મમતા પ્રભુને સમર્પિત કરવાનો ઉપદેશ આપ્યો છે, અને એ બ્રહ્મસંબંધ દ્વારા સર્વસ્વ સમર્પણની પ્રક્રિયા તેમણે બતાવી છે. ભગવાનની સંપૂર્ણ બિનશરતી શરણાગતિ સ્વીકારવાનું મહત્ત્વ, તેથી જ તેમણે વિવેકધૈર્યાશ્રય ઈત્યાદિ ગ્રંથોમાં સમજાવ્યું છે.

શ્રી વલ્લભાચાર્યજીએ **'ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'** પોતાના ઘરમાં રહી સ્વધર્મ પાલનની આજ્ઞા કરી છે. તેમણે ઘર કે ગૃહસ્થાશ્રમ ત્યજવાની કે કાયિક વૈરાગ્યની વાત નથી કરી, કેમ કે તેઓ કહે છે કે સંસારમાં કેવળ દોષ નજરે પડવાને કારણે જે વૈરાગ્ય જાગી ઊઠે છે એ મનુષ્યને નીરસ બનાવી દે છે. એના કારણે તો અસ્વસ્થ હોય છે. ઝાઝો ટકતો નથી. એવા અસ્વસ્થ વૈરાગ્યને વશ બનીને વ્યર્થ જ કોઈપણ વસ્તુનો ત્યાગ કરવાને બદલે એ વસ્તુ ભગવાનને સમર્પિત કરી દેવી જોઈએ. આપણી અહંતા-મમતાના વિષયોનો ત્યાગ કરવાને બદલે એનો શ્રી કૃષ્ણની સેવામાં વિનિયોગ કરાવવાનો અને પોતાના ઘરમાં સ્વધર્મ-ભગવત્સેવા તથા ભગવત્કથામય જીવન વીતાવવાનો ઉપદેશ તેમણે કર્યો છે.

શ્રી મહાપ્રભુજી નિબંધમાં સ્પષ્ટપણે આજ્ઞા કરે છે કે 'સ્વધર્માચરણં શક્ત્યા' સ્વધર્મનું આચરણ શક્તિ મુજબ કરવું જોઈએ. તેઓ કહે છે કે ઘરમાં રહેવું હોય તો **'સ્વધર્માચરણ'**નો ત્યાગ સંભવ નથી. અહીં તેઓ **'સ્વધર્મ'**નો અર્થ પોતાના વર્ણ તથા આશ્રમને અનુરૂપ શાસ્ત્રમાં કહેલું આચરણ કરવું તેમ કરે છે. પોતાના વર્ણ-કર્માનુસાર અને ગૃહસ્થાશ્રમ ઈત્યાદિ જે આશ્રમમાં મનુષ્ય હોય તદનુસાર પોતાનું કર્તવ્ય કરવું જોઈએ. ફરજ નિભાવવી જોઈએ. કારણ કે જ્યાં સુધી આ દેહ છે અને એની સાથે આપણી અહંતા-મમતા જોડાયેલી છે ત્યાં સુધી શ્રી મહાપ્રભુજીના મતે વર્ણાશ્રમ ધર્મ જ સ્વધર્મ છે. એ અવસ્થામાં ભગવદ્ ધર્મ પણ વિધર્મ કે પરધર્મના જેવો બની જાય છે. પરંતુ જ્યારે દેહાભિમાન શિથિલ થવા લાગે ત્યારે જ ભગવદ્ દાસ્ય અને ભગવદ્ સેવા આત્મદષ્ટિથી જોતા સ્વધર્મ બની જાય છે. માટે દેહાભિમાન તથા આત્માભિમાનના વિવેકની સાથે વર્ણાશ્રમ ધર્મનો નિર્વાહ કરતાં કૃષ્ણ ભજનમાં-કૃષ્ણ સેવામાં તત્પર રહેવું જોઈએ તેમ શ્રી મહાપ્રભુજીનો મત છે. તેઓ સુબોધિનીજીમાં સમજાવે છે કે પુષ્ટિમાર્ગીય જીવનું ભગવદીયપણું એ ઘરમાં રહેવાનો સ્વસ્થ, સાચો અને દોષરહિત હેતુ નથી. કિંતુ ભગવાનની સાથે રહેવું અથવા ભગવત્સેવા માટે રહેવું એ જ ઉત્કૃષ્ટ હેતુ છે.

11.

દેહધર્મ અને આત્મધર્મનો વિવેક શ્રી ગુસાંઈજીના સેવક રાજા આશકરણના ઉદાહરણથી સમજી શકાય છે. રાજાને માનસી સેવા સિદ્ધ થયેલી હતી, મન તેમના મોહન નાગર પ્રભુમાં પ્રવણ થઈ ચૂકેલું હતું અને એ તેમના સેવ્ય સ્વરૂપમાં વ્યસન દશામાં અહર્નિશ રહતો હતો અને પોતાના રાજ્યનો કારભાર પોતાના દીવાનને સોંપી દીધો હતો. પરંતુ એક સમયે જ્યારે પાડોશના રાજાએ તેના રાજ્ય ઉપર ચડાઈ કરી ત્યારે રાજાને સ્વયં તેના મોહનનાગર પ્રભુએ તેને તે રાજા હોવાથી પ્રજાનું રક્ષણ કરવું એ તેનો દેહધર્મ હોઈ એને અદા કરવાની આજ્ઞા કરી હતી અને તે ભગવદ્ આજ્ઞાને માથે ચડાવી તે લશ્કર લઈ સામે લડવા ગયો અને પ્રભુના બલથી ફતેહ મેળવી.

આમ શ્રી મહાપ્રભુજીએ યથાર્થરૂપે માનવજીવનના ઉત્કર્ષ માટેનો વ્યવહારિક રસ્તો બતાવ્યો છે અને જીવનના અંતિમ લક્ષ સુધી પહોંચવાનો એક સરલતમ માર્ગ પ્રતિપાદિત કર્યો છે. **‘હકીકતમાં તેમણે કોઈ ધર્મ કે સંપ્રદાય નથી સ્થાપ્યો પરંતુ એક વિશિષ્ય જીવન પ્રણાલીનો નિર્દેશ કર્યો છે જેને આપણે પુષ્ટિમાર્ગના નામથી ઓળખીએ છીએ.’** તેમના મતે આ માર્ગે ચાલવા અને અંતિમ લક્ષને પામવામાં ભગવત્કૃપા જ નિયામક છે. જે વૈષ્ણવતાના ગુણો નરસિંહ મહેતાએ પુષ્ટિમાર્ગીય કવિતામાં વર્ણવ્યા છે એ તો પુષ્ટિ જીવનના પાયાની આવશ્યકતા છે અને પુષ્ટિમાર્ગીય બનવાની શરૂઆત ત્યાંથી આરંભાય છે. એ ગુણો અપનાવવા એ ‘પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ’ બનવાની પૂર્વ આવશ્યકતા કહી શકાય. પુષ્ટિમાર્ગમાં માનવીય સંવેદનાઓનું મૂલ્ય લગીરે ઓછું નથી એ શ્રી ગુસાંઈજીએ ગરમીમાં તરફડતી મુસ્લિમ સ્ત્રીને પોતાની સોનાની ઝારીથી, જે પુનઃ પોતાને કામમાં નહીં લાગી શકે એ જાણવા છતાં, પાણી પાઈ તેનો જીવ બચાવ્યો હતો. તેવા અનેક ઉદાહરણોથી સ્પષ્ટ થાય છે. માનવસેવા એ પ્રભુસેવાનો અંગરૂપ હોઈ શકે કારણ કે પ્રાણીમાત્રમાં જીવાત્મા સાથે અંતર્યામી સ્વરૂપે પ્રભુ બિરાજે છે. પરંતુ એ પ્રભુસેવા વિકલ્પરૂપે ન હોઈ શકે. ચૈતન્ય મહાપ્રભુ જ્યારે શ્રી મહાપ્રભુને ઘેર મહેમાનરૂપે મળવા આવે છે ત્યારે તેમના હૃદયમાં પોતાના ઈષ્ટ શ્રી કૃષ્ણ બિરાજે છે તેમ

જાણી તેમણે પોતાના શ્રી ઠાકોરજીના આરોગ્ય પૂર્વે જ સામગ્રીની પાતલ તેમને ધરી દીધી હતી. આવાં અનેક ઉદ્દાત ચરિત્રોથી પુષ્ટિમાર્ગનો ઈતિહાસ સમૃદ્ધ છે. આવશ્યકતા છે શ્રી મહાપ્રભુજીના વિશાળ દૃષ્ટિકોણને સમજવાની, તેમના ગ્રંથો દ્વારા તેમણે પ્રવર્તિત કરેલા પુષ્ટિમાર્ગના હાર્દ-ને તેના સાચા સ્વરૂપને જાણવાની અને તદનુસાર પોતાના જીવનને ઢાળવાની.

ભક્તિનો શબ્દપ્રયોગ આ લેખમાળામાં અનેક મહાનુભાવોએ કર્યો છે જે અનેક સ્થાને પોતપોતાના વિચાર મુજબ અર્થ ધરાવે છે. જે વ્યાખ્યા નારદજીએ પોતાના 'નારદ-ભક્તિ સૂત્રો'માં આપી છે તદનુસાર '**ભગવાનના માહાત્મ્ય જ્ઞાનપૂર્વક તેમનામાં સુદૃઢ-સર્વતોધિક સ્નેહ હોવો એનું નામ ભક્તિ**' તેમ છે. જે પ્રભુની ભક્તિ કરીએ તેના માહાત્મ્યનું જ્ઞાન તે સર્વજ્ઞ છે. સર્વ સામર્થ્યયુક્ત છે, સર્વ વ્યાપ્ત છે ઈત્યાદિથી પરિચિત થવાથી તેમની શરણાગતિ સ્વીકારવાનો ભાવ જાગે. વિશ્વાસ બને અને ક્યારેય ન ડગે એવો તેમનામાં ઉત્કટ પ્રેમના કારણે તેમને સંપૂર્ણપણે સમર્પિત થવાનો ભાવ ઉત્પન્ન થાય. જેને શ્રી મહાપ્રભુજી પણ ભક્તિના રૂપે વ્યાખ્યાયિત કરે છે. ભગવાનમાં એવા અખૂટ પ્રેમનું નામ જ ભક્તિ છે. જે ભલે વૃત્તિ હો પરંતુ તેની અભિવ્યક્તિ આવશ્યક છે, કારણ કે એનાથી જ આપણે જેની ભક્તિ કરી રહ્યા હોઈએ એનો તેને અહેસાસ થાય. એવા અહેસાસ કરાવવાની પ્રક્રિયાનું નામ જ સેવા છે. સેવા દ્વારા જ આપણે સેવ્ય પ્રત્યેની આપણી ભક્તિને આપણી સ્નેહપૂર્ણ લાગમીને અભિવ્યક્ત કરી શકીએ. તેથી જ સાધનરૂપી તનુ-વિત્તજા સેવાને શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિ જીવનું અનિવાર્ય કર્તવ્ય બતાવ્યું છે. જે અર્થમાં તેમણે ''**કૃષ્ણ સેવા સદા કાર્યા**''નો નિર્દેશ કર્યો છે.

કેટલાક સેવાને કર્મકાંડ કહેતા હોય છે. બાહ્યાચાર માને છે, જે ભૂલભરેલી માન્યતા છે. પુષ્ટિભક્તિની અભિવ્યક્તિ સેવા દ્વારા થાય છે જેને શ્રી મહાપ્રભુજી અનિવાર્ય બતાવે છે, એટલું જ નહીં, પરંતુ સદા-અહર્નિશ કરવાની આજ્ઞા કરે છે. એ સેવા ચાહે નામ-સેવા હોય કે સ્વરૂપ-સેવા સે સદા કરવાનો તેમણે ઉપદેશ આપ્યો છે. એનું તાત્પર્ય એ છે કે આપણી પ્રત્યેક

ક્રિયામાં કૃષ્ણ કેન્દ્રસ્થાને હોવા જોઈએ. આપણી પ્રત્યેક પ્રવૃત્તિનો હેતુ કૃષ્ણ હોય. એની હરક્ષણ યાદ આવે.એવી કૃષ્ણમાં તન્મયતાની સ્થિતિ એ જ પુષ્ટિમાર્ગનું ધ્યેય છે, લક્ષ છે, પુષ્ટિ જીવનું ગંતવ્ય છે. માટે જ દયારામભાઈ કહે છે : **'પ્રેમ આસક્તિ, વ્યસન એ ત્રણ રૂપ સ્નેહના લહિયે; તે ઉપર ચોથી તન્મયતા તે થકી કંઈ ન કહીએ.'** જેનું આ લક્ષ છે, તેને માટે પુષ્ટિમાર્ગ છે. પુષ્ટિમાર્ગ ચાલવું એ બધાને માટે આવશ્યક નથી. અપેક્ષિત પણ નથી. પરંતુ જે પુષ્ટિજીવની આ માર્ગમાં રૂચિ હોય, જેમણે શ્રીવલ્લભાચાર્યજીને ગુરુ તરીકે સ્વીકાર્યા હોય, જેમને તેમની વાણીમાં શ્રદ્ધા-વિશ્વાસ હોય તેમણે પુષ્ટિમાર્ગના શુદ્ધ સ્વરૂપને જાણવું, સમજવું અને પોતાના જીવનમાં આત્મસાત કરવું આવશ્યક ગણાય.

પુષ્ટિભક્તિમાર્ગ એ એક વિલક્ષણ માર્ગ છે. એને પૃથકશરણ માર્ગ પણ કહ્યો છે. આ માર્ગ સ્વયં ભગવાનના અનુગ્રહ પર અવલંબિત છે. અન્ય માર્ગોથી તે ભિન્ન છે. શ્રુતિ કહે છે : **'યમે વૈષ વૃણુતે તેન લભ્ય'** અર્થાત્ તે જેનું વરણ કરે તેને તે પ્રાપ્ત થાય. એ વચન આ માર્ગનો આધાર છે. આ માર્ગનું અનુસરણ બધા જ જીવો કરી શકતા નથી. ગીતામાં દૈવી અને આસુરી એમ બે પ્રકારની સૃષ્ટિનો નિર્દેશ સ્વયં ભગવાને કર્યો છે. શ્રીવલ્લભાચાર્યજીએ પણ પોતાના પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા ભેદ નામક ગ્રંથમાં જીવોના વિભિન્ન પ્રકાર બતાવ્યા છે. પ્રત્યેક જીવની રૂચિ તેમના અધિકાર મુજબ ભિન્ન ભિન્ન હોય છે.

ગો.શ્રી શરદકુમારજીએ મર્યાદા ભક્તિથી કઈ રીતે પુષ્ટિમાર્ગ અલગ છે તેની સ્પષ્ટતા કરતાં લખ્યું છે – (જ.ભૂ. તા.૧૩-૧૧-૨૦૧૧) **'મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના મતે જડ-જીવાત્મિકા આ સમગ્ર સૃષ્ટિ ભગવાને પોતાની ક્રીડા માટે સર્જી છે. ક્રીડાના જ ભાગરૂપે જીવ સૃષ્ટિને યત્ર-તત્ર-સર્વત્ર ભટકનારા ચર્ષણી જીવોને બાદ કરતાં મુખ્યત્વે પુષ્ટિજીવ, મર્યાદાજીવ અને પ્રવાહજીવ એમ વિભાગોમાં વહેંચી છે. શ્રી મહાપ્રભુજીને ભગવાનની આજ્ઞા પુષ્ટિજીવોને સેવા-ભક્તિના માર્ગે વાળવાની થઈ હતી. મર્યાદા માર્ગમાં જો કે કર્મ-જ્ઞાન વગેરે સાધનાના પ્રકારો શાસ્ત્રીય હોવા છતાં પુષ્ટિજીવ માટે પુષ્ટિ**

ફલની પ્રાપ્તિ કરવા માટે કારગત નીવડે તેમ નહોતા. શ્રી મહાપ્રભુજીએ અપાર પરિશ્રમ લઈને મર્યાદા માર્ગથી નોખો પાડીને શાસ્ત્રથી અવિરુદ્ધ એવો પુષ્ટિભકિતનો માર્ગ પુષ્ટિજીવોને સમજાવ્યો. તેમણે પ્રભુને સર્વસ્વ સમર્પણપૂર્વક પોતાના ઘરમાં જ શ્રી કૃષ્ણની પુષ્ટિભાવોથી તનુ-વિત્તજા સેવા કરવાની પુષ્ટિ ભક્તિમાર્ગીય સાધના પ્રણાલી ભગવદાજ્ઞાથી પ્રવર્તિત કરી.'

આમ ભગવાને આ સૃષ્ટિની રચના નિજલીલાર્થે સ્વરમણ માટે કરી છે જે શ્રુતિવચનોથી સિદ્ધ છે. આ વાતની પુષ્ટિ બ્રહ્મસૂત્રો-ભાગવત્ ઈત્યાદિ શાસ્ત્રોથી પણ થાય છે. લીલાર્થ સૃષ્ટિવાદનું નિરૂપણ શ્રીવલ્લભાચાર્યજીએ અણુભાષ્ય ગ્રંથમાં સ્પષ્ટપણે કર્યું છે. તેમની શુદ્ધાદ્વૈત વિચારધારાનું આ એક વિશિષ્ટ અંગ છે. આ સૃષ્ટિના સર્જનનું પ્રયોજન તેમણે તેમાં ખુલાસાથી સમજાવ્યું છે.વૈચિત્ર્ય અને વિવિધતા એ બે લીલા માટે-અહેતુકી આનંદ માટે આવશ્યક અંગ છે. તેથી ભગવાને અનેક પ્રકારની જીવ સૃષ્ટિ-માનવ જ નહીં પરંતુ પશુ-પક્ષી ઈત્યાદિ અસંખ્ય પ્રકારની વૈવિધ્યપૂર્ણ સૃષ્ટિ રચી છે. ઉપનિષદ કહે છે – ભગવાને પોતે જ પોતાની ઈચ્છાથી અનેકરૂપ ધારણ કર્યા છે અને આ સૃષ્ટિમાં એ વિલસી રહ્યા છે. જેનું વર્ણન અનેક સંતમહાત્માઓએ પણ તેમની અનેક રચનાઓમાં કર્યું છે. શેક્સપિયરે કહ્યું છે તેમ આ જગત એ રંગમંચ છે. પ્રત્યેક જીવધારીને ભિન્ન-ભિન્ન પાત્ર ભજવવા માટે આપવામાં આવેલું છે. જેઓ પોતપોતાના પાત્ર મુજબની ભૂમિકા અદા કરે છે. કોઈ રાજા તો કોઈ રંક, કોઈ ચર તો કોઈ સિપાહી. પ્રત્યેક જગત નિયંતાના નિર્દેશન હેઠળ પોતપોતાનું પાત્ર ભજવી રહ્યો છે. તેથી કોઈ ભગવદ્ ભક્ત છે કે કોણ ભસ્માસૂર એ આપણે નિરપેક્ષપણે કહી શકીએ નહીં. પ્રત્યેક જીવ ભગવાનની આ અદ્ભુત અહેતુકી લીલાના અભિન્ન અંગ છે.

એ રીતે પુષ્ટિ-મર્યાદા કે પ્રવાહી જીવો તેમના મિશ્ર પ્રકારો-પ્રત્યેકના અધિકારો જુદા-જુદા છે, અને તદનુસાર સૌની રૂચી પણ અલગ-અલગ હોય. બધા જ જીવોને શુદ્ધ પુષ્ટિમાર્ગમાં રુચિ હોવી આવશ્યક નથી. ભગવાન જેઓને પોતાની કૃપાનો અનુભવ કરાવવા માંગતા હોય તેને જ પુષ્ટિમાર્ગમાં

પ્રવેશ આપે છે અને પોતાની અલૌકિક લીલાની અનુભૂતિ કરાવે છે. ભાગવતમાં ભગવાનના વિવિધ અવતારોની કથા છે જે બતાવે છે કે ભગવાન અલગ અલગ ભક્તોને પોતાનું જે સ્વરૂપ બતાવવું હોય એ જ તેમને જણાય છે. ભગવાન કૃષ્ણ જ્યારે કંસના નિમંત્રણથી અક્રુરજી સાથે મથુરા પધારે છે ત્યારે ત્યાં સૌને પોતપોતાના અધિકાર કે મનોભાવ મુજબ તેમનાં દર્શન થાય છે. કંસાદિ દૈત્યોને તેઓ પોતાના કાળરૂપ દેખાય છે તો સામાન્ય જન તેમને નટવર રૂપે નિહાળે છે. ગોપાંગનાઓને તેમનામાં પોતાના પ્રિયતમરૂપે દર્શન થાય છે તો ગોપબાલકોને તેમના મિત્ર હોવાનું ભાસે છે. દેવકી-વસુદેવને પોતાના પુત્ર હોવાનો અનુભવ થાય છે. કૃષ્ણ તો એક જ છે, પરંતુ સૌના અનુભવ જુદા જુદા હતા.

શ્રીવલ્લભાચાર્યજી દ્વારા પ્રવર્તિત પુષ્ટિમાર્ગ વેદાદિ શાસ્ત્રો પર આધારિત શુદ્ધ અને સંદેહરહિત જ છે, જે સર્વનું કલ્યાણ કરનારો છે, પરંતુ જેમ બુદ્ધાવતાર પણ ભગવદ્ અવતાર જ હોવા છતાં એનું પ્રયોજન સામાન્ય જનને મોહ પમાડવાના હેતુથી હોવાના કારણે તેમણે શૂન્યવાદનું પ્રવર્તન કર્યું અને લોકોને વેદાદિશાસ્ત્રોથી વિમુખ કર્યા.

ભગવાનની માયા શક્તિનાં બે રૂપછે તેમ શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે. એક '**સર્વભવન સામર્થ્ય**' છે જેના કારણે ભગવાનમાં કર્તુમ-અકર્તુમ-અન્યથાકર્તુમ સામર્થ્યની પ્રતિતિ થાય છે જ્યારે તેનું બીજું રૂપ '**વ્યામોહિકા માયા**' છે જે ભગવાનની ઈચ્છાથી જ મનુષ્યને મોહ પમાડે છે. મૂળ સ્વરૂપને ઢાંકી દે છે અને કાંઈક જુદો જ અનુભવ કરાવે છે. આમ આ જગતમાં દેખાતી વિપરીતતા અને વિષમતાઓ ભગવાનની સ્વયંની ઈચ્છાથી તેમની માયા દ્વારા દ્રશ્યમાન થાય છે જેથી તેનાથી વિચલિત થવાની આવશ્યકતા ન હોય. તેને માટે કોઈ વ્યક્તિ વિશેષને દોષી ઠેરવવું યોગ્ય ન કહેવાય. પુરાણો અને અર્વાચીન સમયમાં પણ એવાં અનેક ઉદાહરણો મળે છે કે જેઓના પરિવારમાં દૂર દૂર સુધી ભગવદ્ ભાવનું વાતાવરણ ન હોય. સાદી ભાષામાં જેને આપણે નાસ્તિક કહીએ ત્યાં પણ નાસ્તિક-પ્રવાહી જીવ જન્મ લે છે. (કુંભનદાસજીના

આઠ દીકરા હોવા છતાં તેમણે દોઢ દીકરા હોવાનું કહ્યું હતું) આનું કારણ એ છે કે વૈષ્ણવતા એ વંશ પરંપરાગત નથી. જીવનો સીધો સંબંધ ભગવાન સાથે છે. પારિવારિત સંબંધો તો ઋણાનુબંધનથી જોડાતા હોય છે.

શ્રી મહાપ્રભુજી પોતાના ભક્તિવર્ધિની ગ્રંથમાં સમજાવે છે તેમ જો જીવમાં દૈવી અંશ હોય–તેમાં ભક્તિનું બીજ હોય તો તેને યોગ્ય વાતાવરણ–સત્સંગ ઈત્યાદિ મળતાં એ પાંગરે છે–વધે છે. **આ સંદર્ભમાં જો આજની યુવા પેઢીને સાચું માર્ગદર્શન મળી રહે તેમ આપણે ઈચ્છતા હોઈએ તો પ્રત્યેક વૈષ્ણવ જેઓ આજની વિપરીત પરિસ્થિત માટે ચિંતિત છે, તેઓએ કેવળ પ્રવર્તિત સિસ્ટમ કે ગોસ્વામી આચાર્યો પર દોષનો ટોપલો ઢોળી દેવા કરતાં પોતે જિજ્ઞાસાપૂર્વક શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથોનો વિદ્વાનો–આચાર્યો પાસે સ્વયં જઈ તેનો સારી રીતે અભ્યાસ કરી તદનુસાર પોતાના જીવનમાં તે સિદ્ધાંતોનો અમલ કરી પોતાના સંતાનોને માટે આવશ્યક ભગવદીય વાતાવરણ સર્જવું જોઈએ અને ત્યારે જ તેઓ પોતાનાં સંતાનો પર પ્રભાવ પાડી શકશે અને તેઓ જો અધિકારી હશે તો તેમના ભક્તિના બીજને પાંગરવામાં મદદરૂપ ચોક્કસ થઈશકશે.**

સમસ્યાનું સમાધાન શોધીએ :

શ્રી અવિનાશ પારેખના આધાર લેખ – વૈષ્ણવ સંપ્રદાય – વહેમ, વિશ્વાસ અને વિજ્ઞાનના ત્રિભેટે (જ.ભૂ. તા.૧૮–૯–૨૦૧૨)માં પ્રસ્તુત થયેલા પુષ્ટિ સંપ્રદાય વિશેના મૂળભૂત પ્રશ્નોના સંદર્ભમાં અનેક આચાર્યશ્રીઓ, વિદ્વાનો, અનુયાયીઓ દ્વારા આ ચર્ચાપત્રમાં ઘણી છણાવટ કરવામાં આવી છે. જન્મભૂમિ સમાચાર પત્રના લેખમાં અનેક દૃષ્ટિકોણ રજૂ થયા છે અને સમસ્યાઓનું વિશ્લેષણ કરી એના ઉપાય સૂચવવામાં આવ્યા છે. એમાં પુષ્ટિમાર્ગની વર્તમાન સ્થિતિ, એનાં કારણો પુષ્ટિમાર્ગના મૂળભૂત સિદ્ધાંતો અને અજ્ઞાન કે સ્વાર્થવશ એમાં પ્રવેશેલી વિકૃતિઓ/વિપરીતતાઓની છણાવટ કરવામાં આવી છે. પુષ્ટિમાર્ગના વિદ્વાન શિરોમણી આચાર્ય શ્રી ગો.૧૦૮ શ્રી

સંપ્રદાય.

શ્રી વલ્લભાચાર્યજીએ ભગવાને નિજ લીલાર્થે પ્રગટ કરેલી સૃષ્ટિના અધિકાર ભેદથી પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા તેમજ મિશ્ર જીવાત્માનો નિર્દેશ કર્યો છે. તદનુસાર બધા જ મનુષ્યો પુષ્ટિમાર્ગીય બની શકતા નથી કે તદનુસાર શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોનું અનુસરણ કરી શકતા નથી. પરંતુ જેઓમાં પણ બીજભાવ હોય તેઓને પોષણ આપવાની જવાબદારી જે તે વર્ગની ચોક્કસપણે રહેલી છે. છેવટે તો ભગવદ્કૃપા જ નિયામક છે. પ્રત્યેક જીવનો અધિકાર રુચિ ભગવાન દ્વારા થયેલ વરણ પર આધારિત છે તેમ છતાં માતાપિતા, ગુરુજનો ઈત્યાદિનું ઉત્તરદાયિત્વ તો બને જ છે. પ્રત્યેકે પોતપોતાની જવાબદારી નિભાવવી જ પડે. પ્રત્યેક પોતાની અનિવાર્ય ફરજના નિર્વહન માટે પુરુષાર્થ કરવો અનિવાર્ય ગણાય. ફલ ભગવાન આધીન છે. એનું નામ જ પ્રારબ્ધ.

(૧) વડીલોનું ઉત્તરદાયિત્વ : પ્રત્યેક માતાપિતા પોતાનાં સંતાનોનો સુયોગ્ય ઉછેર થાય. તેઓ સારું શિક્ષણ મેળવે, જવાબદાર નાગરિક બને, સૌજન્યશીલ વ્યક્તિબને એ માટે પ્રયત્નશીલ હોય છે. નાનપણથી જ તેઓને શારીરિક સ્વચ્છતા વિશે સ્વાસ્થ્ય સંબંધી, અભ્યાસ ઈત્યાદિ માટે પૂરતી દરકાર રાખતા જ હોય છે. એવી જ રીતે જો તેઓમાં ધાર્મિક સંસ્કારો રેડાય તેઓ પુષ્ટિમાર્ગના સિદ્ધાંત રીતિ-પ્રણાલી સમજે તેમ ઈચ્છતા હોય તો વડીલોએ નાની વયમાં જ બાળકોને એ પ્રકારનું શિક્ષણ આપવું ઘટે, એ માટે કાળજી રાખવી જરૂરી ગણાય. બાળકો વડીલોના આચરણને જોઈને તેમનું અનુકરણ કરતાં હોય છે. આ પ્રત્યેક બાળકની સહજવૃત્તિ હોય છે. તેથી પ્રથમ તો વડીલોએ જ પુષ્ટિમાર્ગને યથાર્થરૂપે સમજી, એના સિદ્ધાંતને પોતાના જીવનમાં ઉતારી તદનુસાર બાળકોને પ્રયત્નપૂર્વક-આગ્રહપૂર્વક એવું આચરણ કરવાનીટેવ પાડવી જોઈએ. આવો પુરુષાર્થ વડીલોએ કરવો પડશે, ત્યારે જ જો તેમનાં સંતાનોમાં બીજભાવ હશે તો મોટાં થતાં તેમનામાં એ વૃક્ષરૂપે પડશે. આગળ કેવળ નામ મંત્ર કે બ્રહ્મસંબંધની પરાણે દીક્ષા અપાવી

તેઓ તેમના વડીલો જે પણ પ્રકારે પુષ્ટિમાર્ગનું આચરણ-સેવા, મનોરથ, દર્શન, કથાશ્રવણ ઈત્યાદિ કરે છે એના માત્ર મૂક ગવાહ બની રહે છે. બાલ્યાવસ્થામાં અણસમજ્યા જ વડીલો દ્વારા કોઈ વલ્લભકુળ આચાર્ય પાસે તેમને કંઠી બંધાવી હોય છે, વધુમાં બ્રહ્મસંબંધની દીક્ષા પણ પ્રાપ્ત કરેલી હોય છે જેના વિશે ન તો એનો મર્મ તેઓ જાણતા હોય છે ન એમાં નિષ્ઠા હોય છે. ઘરમાં વડીલો સેવા ઈત્યાદિ જે પણ પ્રક્રિયા કરતા હોય એનો તેમને કોઈ બુદ્ધિગમ્ય ખુલાસો પ્રાપ્ત થતો નથી. તેઓ માત્ર એટલું જાણતા હોય છે કે વડીલો હવેલીધર્મ પાળે છે તેથી તેઓ પણ વૈષ્ણવ છે. શ્રી અવિનાશભાઈએ સાચું જ કહ્યું છે કે આજનો યુવાવર્ગ શ્રદ્ધા સાથે તર્કને જોડીને વિચારવા ટેવાયેલો છે. ટીવી, ઈન્ટરનેટના માધ્યમથી વિશ્વના અન્ય ધર્મો, સંપ્રદાયો, વિજ્ઞાન અને સમાજમાં થઈ રહેલા પરિવર્તનથી એ માહિતગાર છે અને એના પરિપ્રેક્ષ્યમાં પોતાના ધર્મનું આકલન કરતો હોય છે. એ ગઈ કાલની પેઢીની માફક વડીલોની આજ્ઞાને શ્રદ્ધાપૂર્વક સ્વીકારી લેવા તત્પર નથી. તેથી જ લેખકે કેટલાક મૂળભૂત સવાલો પૂછી (જ.ભૂ. તા.૧૫-૧-૨૦૧૩) કોઈ ચોક્કસ દિશા નિર્દેશનની અપેક્ષા સેવી છે. અહીં શ્રી અવિનાશભાઈએ પુષ્ટિમાર્ગ વિષયક કેટલાક મૂળભૂત પ્રશ્નો (જ.ભૂ. તા.૧૫-૧-૨૦૧૩)ના ઉપયુક્ત જવાબ ગો.શ્રી યોગેશકુમારજી મહોદયશ્રીએ આપ્યા છે. (જ.ભૂ. તા.૨૯-૧-૨૦૧૩ અને તા.૫-૨-૨૦૧૩) જે આ સમગ્ર સમસ્યાને સમજવામાં માર્ગદર્શન બની રહે એવા છે.

ઉપરોક્ત વિવિધ લેખોમાં પુષ્ટિમાર્ગની વર્તમાન સમસ્યાઓના ઉપાય તરીકે અનેક પ્રકારનાં સૂચનો કરવામાં આવ્યાં છે, કેવી વ્યવસ્થાઓ હોવી જોઈએ એ વિશે ચર્ચા કરવામાં આવી છે. **પરંતુ પાયાનો પ્રશ્ન એ છે કે એનું ઉત્તરદાયિત્વ કોનું ? કોણ એને માટે જવાબદાર ? જો સમગ્રપણે વિચાર કરવામાં આવે તો વર્તમાન પરિસ્થિતિના સુધારનું ઉત્તરદાયિત્વ ત્રિવિધ પ્રકારે ગણી શકાય - (૧) વડીલ વર્ગ, (૨) ગુરુજનો અને (૩) સમગ્રપણે પુષ્ટિ**

શ્યામ મનોહરજી મહારાજશ્રીએ અન્ય ગોસ્વામી આચાર્યશ્રીના પત્ર દ્વારા વૈષ્ણવોની મનોદશાનું ચિત્ર રજૂ કરી મૂળભૂત સમસ્યાઓ તરફ ધ્યાન દોરી એના ઉપાય દર્શાવ્યા છે. અન્ય એક લેખકે વર્તમાનમાં પ્રવર્તિત પુષ્ટિમાર્ગના કારણે શ્રી મહાપ્રભુજી દ્વારા પ્રસ્થાપિત પુષ્ટિમાર્ગની વગોવણીને એક વિડંબનાના રૂપમાં દર્શાવી છે. બીજાએ વર્તમાન પરિસ્થિતિના મૂળમાં શ્રી મહાપ્રભુજીની અંતિમ વાણી–શિક્ષાશ્લોકોને યાદ કરાવી છે તો કોઈકે કહેણી અને કરણીના ભેદને મિટાડવા આત્મચિંતનની સલાહ આપી છે. પરમ વિદુષી પૂ.પા.ગો.શ્રી ઈન્દિરાબેટીજી મહાદયાઓ આત્મચિંતન કરી ધિસ ઈઝ રોન્ગ વેની કબૂલાત કરી જે રીતે વર્તમાનમાં પુષ્ટિમાર્ગમાં વગર સમજે–વિચારે ભેડચાલ ચાલી રહી છે એ વિશે ટીકા કરી સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે 'શ્રી વલ્લભાચાર્યજીના વિચારોમાં ફેરફાર કરવાની જરૂર નથી. પરંતુ એકવીસમી સદીના પ્રવર્તિત જે પુષ્ટિમાર્ગ છે એમાં ઘણાં પરિવર્તન માંગીલે છે.' આમ તેમણે પુષ્ટિમાર્ગના યથાર્થ સ્વરૂપને પુનઃ સ્થાપિત કરવાની હિમાયત કરી છે. પ્રાધ્યાપક ડૉ. નિગલે બ્રહ્મ શ્રી કૃષ્ણની નિર્ગુણ ભક્તિને જ ખરી પુષ્ટિભક્તિનું સ્વરૂપ પ્રતિપાદિત કરી વર્તમાન પરિસ્થિતિને સુધારવા શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથો–શ્રીમદ્ ભગવદ્ ગીતા ઈત્યાદિના અધ્યયન પર ભાર મૂક્યો છે. એક અન્ય લેખકે આજે જે લોકો પુષ્ટિમાર્ગના નામે ભ્રમિત થઈ જે કાંઈ મનઘડંત રીતે આચરણ કરી રહ્યા છે તેમને જેના સુકાની શ્રી વલ્લભાચાર્યજી હોય એવી ગાડીમાં બેસવાની સલાહ આપી છે જેથી તેઓ સાચા ગંતવ્ય સ્થાને પહોંચી શકે.

શ્રી અવિનાશભાઈએ પ્રસ્તુત કરેલા પ્રશ્નોમાં પુષ્ટિ સંપ્રદાયમાં શિક્ષણ–પ્રશિક્ષણની વ્યવસ્થા વિશેનું ચિંતન છે. પુષ્ટિમાર્ગમાં પ્રેમ અને શ્રદ્ધા તેમ જ તેના સિદ્ધાંતોમાં નિષ્ઠા ધરાવનાર પ્રત્યેક વૈષ્ણવનાં સંતાનો પરત્વેના આ પ્રશ્નો છે, જેઓ વશાનુગત પુષ્ટિાર્ગ સાથે જોડાયેલ છે પરંતુ એ વિશેનું પાયાગત જ્ઞાન અને એની વિવિધ પ્રક્રિયા તેમ જ એના તાત્ત્વિક દર્શનથી તેઓ અનભિજ્ઞ છે.

દેવામાં જ ઈતિશ્રી ન થઈ શકે. આમ પહેલું ઉત્તરાદાયિત્વ તો વડીલોનું–માતાપિતાનું જ છે. સમસ્યાના સમાધાનનું આ પ્રથમ સોપાન ગણાય. વ્યક્તિના સ્વયંના સુધારાથી સમગ્ર સમાજ સુધરી શકે તે હકીકત છે.

(૨) ગુરુજનોનું ઉત્તરદાયિત્વ : પુષ્ટિમાર્ગમાં સામાન્યતઃ નામ દીક્ષા કે બ્રહ્મસંબંધની દીક્ષા આપી એટલે દીક્ષાર્થી સાથે ગુરુ–શિષ્ય કે સેવકનો સંબંધ સ્થાપિત થઈ ગયો એમ મનાય છે. કેટલાક અપવાદ સિવાય એ પછી જવલ્લે જ ગુરુ અને સેવક વચ્ચે કોઈ પ્રકારનું આદાનપ્રદાન થતું હોય છે. વાસ્તવમાં ગુરુ માર્ગદર્શક હોવા જોઈએ. બ્રહ્મસંબંધની દીક્ષાનું એક વિશેષ તાત્પર્ય છે અને એ પછી મનુષ્ય શ્રી મહાપ્રભુજીએ પ્રવર્તિત કરેલ પુષ્ટિના પંથે અગ્રેસર થઈ ભક્તિ દ્વારા ભગવદ્ પ્રાપ્તિની આકાંક્ષા ધરાવે છે તેમ સમજવામાં આવે છે. આ માર્ગે ચાલતાં મનુષ્યના જીવનમાં આવતી અનેકાનેક મુશ્કેલીઓનું સમાધાન તેને ગુરુ પાસેથી મળી શકે એવી અપેક્ષા સેવાય છે. આ માર્ગમાં બધું છોડી વૈરાગ્ય/સંન્યાસ લેવાની વાત નથી, પરંતુ ગૃહસ્થાશ્રમનું પાલન કરતાં, બધી લૌકિક જવાબદારીઓ નિભાવતાં તેને કેવી રીતે શ્રી મહાપ્રભુજીના આદર્શોને તેમાં વણી લેવા જોઈએ એનું માર્ગદર્શન દીક્ષાદાતા ગુરુ જ આપી શકે છે. વિડંબના તો એ છે કે મોટા ભાગે દીક્ષાર્થી દીક્ષાદાતાને જ માત્ર ગુરુ માની પોતાના ભાવને ભેટ ઈત્યાદિ ધરી અભિવ્યક્ત કરતો હોય છે. પરંતુ તેમનામાં વિદ્યમાન શ્રીવલ્લભના સ્વરૂપથી તે અનભિજ્ઞ જ રહે છે. પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજી સમસ્ત પુષ્ટિમાર્ગીય અનુયાયીઓના મૂળભૂત ગુરુ છે એવો ભાવ તેઓમાં ભાગ્યે જ પનપે છે. આને કારણે જ આજે પુષ્ટિમાર્ગમાં સૃષ્ટિવાદ ફેલાયો છે અને સંપ્રદાય વિઘટિત થઈ ગયેલો નજરે પડે છે.

પુષ્ટિ સંપ્રદાય શ્રી વલ્લભાચાર્યજીની છત્રછાયા નીચે એક હોય. એના વિધિ–વિધાન એક હોય તેવું જણાતું નથી અને આ એક ગંભીર સમસ્યા છે જેના કારણે સમગ્ર અનુયાયી ગણ અવઢવમાં રહે છે. ખાસ કરીને આજની યુવા પેઢી જે કેવળ શ્રદ્ધાથી કે અંધશ્રદ્ધાપૂર્વક અનુસરણ કરવાની મનોદશા નથી ધરાવતી પરંતુ બૌદ્ધિક સમાધાન શોધે છે. વાસ્તવમાં દીક્ષાદાતા ગુરુ દ્વારા જો

દીક્ષાર્થી પોતે કોના વતી દીક્ષા આપે, તે કોનો સેવોક થયો, દીક્ષાનું તાત્પર્ય તેમ જ તેના બ્રહ્મસંબંધ લીધા પછીના કર્તવ્ય વિશેનો જો પ્રત્યક્ષ બોધ દીક્ષા આપ્યા પછી આપવામાં આવે તો ગુરુ-સેવકનો પારસ્પરિક સંબંધ સાચા અર્થમાં શરૂ થાય, ગાઢ બને અને બંને વચ્ચે એક આધ્યાત્મિક સંબંધ પ્રસ્થાપિત થાય. સામાન્યતઃ ગુરુના પક્ષે પણ દીક્ષા આપવા માત્રમાં ઈતિશ્રી સમજી લેવાતી હોય છે, એ પછી દીક્ષાર્થીને પોષણ આપવાની કોઈ વિધિવત્ પ્રવૃત્તિ, પ્રશિક્ષણની કોઈ વ્યવસ્થા અવારનવાર સંવાદ થાય એવી યોજના ભાગ્યે જ કરાતી હોય છે. વધુમાં વધુ આચાર્યશ્રીના મંદિરમાં પ્રસંગોપાત્ત દર્શન, મનોરથ, ચરણસ્પર્શ ઈત્યાદિમાં એકપક્ષી વ્યવહાર મોટા ભાગના અનુયાયીઓ રાખતા હોય છે, પ્રસંગોપાત્ત ક્યારેક વચનામૃતનો લાભ લઈ કેવળ કાનને પવિત્ર કરવા પૂરતી ધન્યતા અનુભવાતી હોય છે. જેની અસરકારકતા અનુયાયીના મન પર નહીંવત્ થતી રહેતી હોય છે. આના પરિણામે અનુયાયીને જ્યાંથી જે પ્રકારની માહિતી પ્રાપ્ત થાય એ ગ્રહણ કરી પુષ્ટિમાર્ગનું તાત્પર્ય સમજતો થાય છે અથવા એ પ્રત્યે તે ઉદાસીન બની અન્યત્ર ભટકી જતો હોય છે. હકીકતમાં પ્રત્યેક આચાર્ય દ્વારા શ્રીમદાચાર્ય ચરણોના ગ્રંથોના અભ્યાસની, સુનિયોજિત સત્સંગની, સુવ્યવસ્થિત પાઠશાળાની તેમજ સેવા ઈત્યાદિ ઉપક્રમના પ્રશિક્ષણની ગોઠવણ કરવામાં આવે, જે પ્રકારે અન્ય સંપ્રદાય/ધર્મોમાં હોય છે, તો આજે જે સમસ્યાની ચર્ચા થઈ રહી છે એનું સમાધાન આસાનીથી પ્રાપ્ત થઈ શકે. આ વિશે આચાર્ય વર્ગ અને અનુયાયી વર્ગ બંનેએ ગંભીરતાપૂર્વક વિચાર કરવો જરૂરી છે.

(૩) સમગ્ર 'પુષ્ટિ સંપ્રદાય'નું સામૂહિક ઉત્તરદાયિત્વ : પ્રત્યેક જીવે શ્રી મહાપ્રભુજીના માર્ગે ચાલી તેમણે જે સાધના-પ્રણાલી બતાવી છે. તદનુસાર આચરણ કરી પોતપોતાનો ઉત્કર્ષ સાધવાનો હોય છે. કારણ કે પ્રત્યેક જીવનો અંશ-અંશીરૂપે સીધો સંબંધ ભગવાન સાથે હોય છે. પારિવારિક કે સામાજિક સંબંધો તો ઋણાનુબંધનના કારણે થતાં હોય છે, પરંતુ ભગવાન સાથેનો નાતો વ્યક્તિગત છે. સૌએ પોતપોતાના કલ્યાણનો અંતિમ પુરુષાર્થનો વિચાર

કરવાનો હોય છે. તેમ છતાં મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. તે તેનું, પોતાના કુટુંબનું, સમાજનું, દેશનું હિત વિચારી સામૂહિક ઉત્કર્ષ માટે હંમેશાં પ્રયત્નશીલ રહે છે. પુષ્ટિ સંપ્રદાયમાં પણ ગુરુસ્થાને બિરાજતા શ્રી વલ્લભકુળ આચાર્યો તેમ જ તેનો બહોળો અનુયાયી વર્ગ એ બંને તેનાં અભિન્ન અંગ છે અને પુષ્ટિમાર્ગની પરંપરાને વહન કરવાની જવાબદારી એ બંને અંગોની સહિયારી ગણાય. એક શ્રીવલ્લભાચાર્યજીની બિંદુસૃષ્ટિ છે અને બીજી તેમની નાદસૃષ્ટિ એ બંને એ પરસ્પરના સહયોગથી શ્રી મહાપ્રભુજીએ પ્રસ્થાપિત કરેલાં આધ્યાત્મિક મૂલ્યો જળવાઈ રહે, તેમણે બતાવેલી સાધના પ્રણાલી અક્ષુણ્ણ રહે અને તદનુસાર પુષ્ટિ જળવાઈ રહે. તેમણે બતાવેલી સાધના પ્રણાલી અક્ષુણ્ણ રહે અને તદનુસાર પુષ્ટિ સંપ્રદાયની પરંપરા જળવાઈ રહે એ જોવું આવશ્યક ગણાય. કહ્યું છે **'પરસ્પરમ્ ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ'** અર્થાત્ આપસી સહયોગની ભાવનાથી મનુષ્ય ઉચ્ચતમ ઉત્કર્ષ પ્રાપ્ત કરી શકે છે.

'સંગચ્છધ્વમ્' એ વેદાજ્ઞામાં પણ આ જ ભાવ રહેલો છે. પુષ્ટિ સંપ્રદાયના અભ્યુત્થાનના ભગીરથ કાર્યમાં ભગવદ્ અભિમુખ બની પરસ્પર સહકારની ભાવના સાથે પોતપોતાનો સામર્થ્ય અનુસાર એકબીજાને સાથ આપી આપસી વૈમનસ્ય કે સ્પર્ધા ત્યજી જો પુષ્ટિમાર્ગના પ્રવર્તક એકમાત્ર ગુરુ શ્રી વલ્લભાચાર્યજીની છત્રછાયામાં એક પરિવાર રૂપમાં સૌ કોઈ એકત્ર થાય તો સંપ્રદાયના અનેક પ્રશ્નોનું નિરાકરણ ચોક્કસપણે સંભવી શકે છે. એ જ વાત અનુયાયી વર્ગને પણ લાગુ પડે છે. તેઓએ પણ પોતે અમુક સૃષ્ટિ સાથે જોડાયેલ છે એ ભાવને ગૌણ ગણી પોતે શ્રીમદાચાર્ય ચરણ શ્રી વલ્લભાચાર્યના સેવક છે અને તેમના પ્રત્યે પોતાનું ઉત્તરદાયિત્વ છે એવો ભાવ કેળવવો જોઈએ.

'વસુધૈવ કુટુંબકમ્' એ ભારતીય સંસ્કૃતિની ઉચ્ચતમ વિચારધારા છે. જો આપણા આર્યદ્દષ્ટાઓએ સમગ્ર વિશ્વને એક પરિવારના રૂપમાં વિચારી આ પ્રકારની સંકલ્પના કરી હોય તો શું વિશ્વના શ્રી મહાપ્રભુજીના કહેવાતા એક કે બે કરોડ વલ્લભીયજનો એક પરિવારના રૂપમાં એકછત્ર ન થઈ શકે ? પરિવારની વ્યાખ્યા છે **'પરિતઃ વૃણોતિ'** જ્યાં એકબીજાને બધી રીતે સરખી

રીતે વણી લેવાય. આવરી લેવાય તેને પરિવાર કહેવાય. હું અને તું એ દ્વૈતભાવ. તેમાં જુદાપણું પ્રતીત થાય. તેમાં એકબીજાથી ભય ઉત્પન્ન થાય અથવા આપસી સ્પર્ધાની સંભાવની રહે. અમે એ અદ્વૈતભાવ છે. હું અને તું એ બે અલગ વ્યક્તિ મટી અમે બને ત્યારે પરિવાર જન્મે. હું અને તું એકબીજાને આવરી લે ત્યારે પરિવાર બને. પારિવારિક સંબંધમાં અલગતા નથી હોતી, વિષમતા નથી હોતી, જુદાપણું નથી હોતું. સ્પર્ધા નથી હોતી. આપસમાં ભ્રાતૃભાવ પ્રદીપ્ત થાય છે, સહયોગ અને સહકારની ભાવના વિકસે છે. સૌ કોઈ આપસમાં એકસૂત્રમાં જોડાય છે.

પુષ્ટિ સંપ્રદાયના સર્વે અનુયાયી શ્રી મહાપ્રભુજીના સેવક છે. વાસ્તવમાં તો શ્રી મહાપ્રભુજીએ બ્રહ્મસંબંધની દીક્ષા આપી પોતાના સેવક પણ નથી બનાવ્યા. શ્રી કૃષ્ણના સેવક–દાસ બનાવ્યા છે. કારણ કે આપણું સમર્પણ શ્રી કૃષ્ણ પરત્વે છે. એમ કહી શકાય કે શ્રી મહાપ્રભુજીના અનુયાયી બધા શ્રીકૃષ્ણના સેવક છે. જો બધાનું અનુસંધાન એક તત્ત્વ સાથે થયેલું હોય તો આપસમાં પારિવારિક સંબંધ કેમ ન હોઈ શકે ? સમસ્ત વલ્લભીય પરિવારના અંગ સૌ કોઈ કેમ ન હોઈ શકે ? આજે પુષ્ટિ સંપ્રદાયના અનેક પ્રશ્નો છે, જેવા કે બ્રહ્મસંબંધના અધિકાર વિષયક (કથાકાર કિરીટભાઈએ ઉપસ્થિત કરેલ), શ્રી યમુના પ્રદૂષણ વિષયક (જે પુષ્ટિ સંપ્રદાય માટે મહત્વનો પ્રશ્ન છે.), સાંપ્રદાયિક સિદ્ધાંતો વિષયક (અર્થઘટનનો વિવાદ), સંપ્રદાયના શિક્ષણ–પ્રશિક્ષણની વ્યવસ્થા વિષયક (જે આજે નહિવત્ છે), બેઠકજીઓના જિર્ણોદ્ધાર તેના સુવ્યવસ્થિત સંચાલન વિષયક–એવા અનેકાનેક પ્રશ્નોનું લાંબુ લિસ્ટ બનાવી શકાય એમ છે.આ બધાનું સમાધાન જો સમગ્ર પુષ્ટિ સંપ્રદાય પારિવારિક રૂપે શ્રી વલ્લભાચાર્યની છત્રછાયામાં સંગઠિત થશે તો ચોક્કસપણે કરી શકાશે. આવશ્યકતા છે એ વિશે આચાર્ય વર્ગ તેમ જ અનુયાયી વર્ગ બંને એ ગંભીરતાપૂર્વક, નિખાલસપણે, આપસી સહયોગના ભાવથી વિચારવાની અને એને અમલમાં મૂકવાની.

શ્રી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટના તત્ત્વાધાનમાં પ્રસ્થાપિત કરવામાં

આવેલ '**વલ્લભવેદાંત એકેડેમી અને રિસર્ચ સેન્ટર**' શ્રીવલ્લભાચાર્યજીના પ્રકિર્ણ ગ્રંથો ભણવાની વિધિવત્ શૈક્ષણિક વ્યવસ્થાનું પુષ્ટિ સંપ્રદાયના ઈતિહાસમાં પ્રથમ પ્રયાસ છે. આવો જ એક પ્રયાસ પૂ.પા.ગો.શ્રી વાગીશકુમારજી મહોદય દ્વારા વડોદરામાં શ્રી વલ્લભવિદ્યાપીઠ એવમ્ શ્રી વિઠ્ઠલેશ વિદ્યાપીઠ સ્થાપી કેટલાંક વર્ષો પૂર્વે કરવામાં આવ્યો છે, જેના દ્વારા જિજ્ઞાસુ વૈષ્ણવ ઘેર બેઠાં પત્રાચાર અભ્યાસક્રમનો લાભ લઈ શકે છે. આ પણ એક સ્તુત્ય ઉપક્રમ છે. તેમ છતાં ઘણું બધું ખૂટે છે. આવા અભ્યાસક્રમોની વ્યવસ્થા ઊભી કરવી જ પૂરતી નથી પરંતુ એ માટેની આંતરિક ભૂખ જગાવવી પણ આવશ્યક છે. તેને માટે તેમ જ ઉપરોક્ત અનેક સમસ્યાઓના નિરાકરણ માટે 'Like-minded' વૈષ્ણવોએ તેમજ યુવા આચાર્યશ્રીઓએ આપસી મહત્ત્વાકાંક્ષા કે મેતભેદોને ભુલાવી, કેવળ પુષ્ટિ સંપ્રદાયના ઉત્કર્ષ માટે, જેનો અલૌકિક વારસો આપણા સૌના ગુરૂ **શ્રીવલ્લભાચાર્યજી**એ આપણને સોંપ્યો છે, એની જાળવણી માટે એક થઈ. પારિવારિક રૂપે સાથે બેસી વિચાર વિમર્શ કરવો પડશે. ચોક્કસ કાર્યક્રમ ઘડવો પડશે અને તેને કાર્યાન્વિત કરવા કટીબદ્ધ થવું પડશે.

આવું પહેલા પણ વિચારાયું હશે પ્રયત્નો પણ થયા હશે, લાગતા-વળગતા સૌ પોતપોતાની રીતે પ્રયત્નશીલ પણ હશે/છે જ. છતાં આજે પ્રશ્ન જેમનો તેમ ઊભો છે. **પરંતુ મેં વિચાર્યું : મારા પક્ષે શું ? મારું કર્તવ્ય શું ? મારી એ મનોવ્યથામાંથી આ પુસ્તક તૈયાર થયું છે. વિચારો અનેક મહાનુભાવોના છે. મેં કેવળ તેમાં વલોણું ફેરવ્યું છે.** અંતમાં તો આચાર્ય શિરોમણિ ગો.૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીના શબ્દોમાં (જ.ભૂ. તા.૨૫-૬-૨૦૧૩ **'નેચુરા વર્બી એસ્તાદૂરી'** (વચનોનો સ્વભાવ કાને પડવાનો હોય જ છે.) શ્રી મહાપ્રભુજી કૃપા કરે.

હું તો એટલું જ ઈચ્છીશ કે પુષ્ટિમાર્ગને પ્રેમ કરનારા, પુષ્ટિમાર્ગનું હિત જેમના હૃદયમાં વસે છે તેવા (અમારા સુહૃદ શ્રી અવિનાશ પારેખ જેવા, જેમને

પોતાને સંપ્રદાયના ગ્રંથોનો ઊંડો અભ્યાસ ન હોવા છતાં પણ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીમાં ગુરુ તરીકેની અતૂટ શ્રદ્ધા, તેમની વિચારધારાના ઉદાત્તપણામાં વિશ્વાસ અને સૌથી વિશેષ શ્રી મહાપ્રભુ પ્રત્યેનો સક્ષુણ્ણ પ્રેમ હોવાના કારણે માતબર **દૈવી** (ખરેખર) ધનરાશિના વિનિયોગથી શ્રી પુષ્ટિ સંપ્રદાયમાં અજોડ **'વલ્લભવેદાંત'**ના અભ્યાસક્રમ વતી મુંબઈ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં નીંવ નાંખી છે, એટલું જ નહીં પરંતુ એને વિસ્તારવા તત્પર છે. વધુમાં વધુ કૃપાપાત્ર વૈષ્ણવોના કાનમાં આ સંપૂર્ણ લેખમાળામાં પ્રસ્તુત થયેલા શબ્દો કાને અથડાય અને તેમના હૃદયને ઝંકૃત–આદોલિત કરે ! અંતમાં તો

બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદ પદ્મમ્ પ્રસિદતુ !

(આ સમીક્ષા ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત કરેલ પુસ્તક **'પુષ્ટિમાર્ગ–એક ચિંતન'** માંથી **'સાભાર'** અત્રે ઉમેરવામાં આવી છે.)

–ડો.જયેન્દ્ર સોની



ડૉ.જયેન્દ્ર સોની

એમ.એ., એડ.ડીપ્લોમા–વ.વેદાંત, પી એચ.ડી.

મહાપ્રભુજી શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પુષ્ટિજીવોના ઉદ્ધારાર્થે પ્રવર્તિત કરેલો માર્ગ તે '**પુષ્ટિ–ભક્તિમાર્ગ**' અર્થાત્ '**પુષ્ટિમાર્ગ**' તે '**પૃથકશરણમાર્ગ**' પણ કહેવાય છે,જે વેદાદિ શાસ્ત્રોના પ્રમાણોના આધારે શ્રી મહાપ્રભુજીએ પ્રતિપાદિત કર્યો છે. તદર્થ તેઓ આ માર્ગના '**ગુરુ**' છે. વર્તમાનમાં તેઓ જ નિજકુળમાં બિરાજી આ માર્ગને અનુસરવા ઈચ્છતા જીવોને બ્રહ્મસંબંધ કરાવે છે. સેવાર્થે ભગવદ્ સ્વરૂપ પધરાવી આપે છે. વલ્લભવંશજ આચાર્યો '**ગુરુદ્વાર**' રૂપે પ્રત્યક્ષમાં એ જવાબદારીઓ નિભાવે છે. શ્રી મહાપ્રભુજી જ સમસ્ત અનુયાયીઓના '**ગુરુ**' હોવાના કારણે તેમજ આ માર્ગના સિદ્ધાંતો તેમણે પ્રસ્તુત કરેલા હોઈ પુષ્ટિમાર્ગના બધા જ ઉપક્રમો ગતિવિધિઓ માટે માત્ર તેમના વચનો જ '**પ્રમાણ**' છે.

શ્રી વલ્લભાચાર્યજી સમસ્ત વલ્લભીયજનોના એકમાત્ર '**ગુરુ**' હોવાના કારણે સમગ્ર પુષ્ટિ સૃષ્ટિ વાસ્તવમાં '**વલ્લભીય સૃષ્ટિ**' છે. તેથી જ કીર્તિનમાં ગાયું છે – 'વલ્લભીય સૃષ્ટિ સમાજ સંગમીલ જીવન કે રૂલ પાઈએ, શ્રી વલ્લભ ગુણ ગાઈએ, તાહિતે રસીક કહાઈએ !' માટે વર્તમાનમાં પ્રચલિત ભિન્ન ભિન્ન આચાર્યોની સૃષ્ટિઓ અપ્રસ્તુત છે, જેના કારણે જ કદાચ પુષ્ટિ–સૃષ્ટિ વિઘટિત છે, વહેંચાયેલી છે. તેના લીધે વર્તમાનમાં સિદ્ધાંત વિષયક પણ ભિન્ન ભિન્ન મત પ્રવર્તે છે.

'**વલ્લભીય સૃષ્ટિ**'ના બે અભિન્ન અંગ છે. ૧. વલ્લભવંશજ આચાર્યો–જેને '**બિંદુસૃષ્ટિ**' કહેવાય છે. ૨. સંપ્રદાયનો અનુયાયી વર્ગ જેને '**નાદ સૃષ્ટિ**' કહે છે. બંને પરસ્પર આધારિત છે, તેથી બંને વચ્ચે સુસંવાદિતતા હોવી અપેક્ષિત છે. કારણ કે તે પુષ્ટિ સંપ્રદાય રૂપી રથના બે પૈડા સમાન છે.

'**ગુરુ**'ના આવશ્યક લક્ષણોનો નિર્દેશ કરતાં શ્રી મહાપ્રભુજીએ '**દંભાદિ રહિતમ્**' કહ્યું છે, જે સારગર્ભિત છે, કારણ કે '**ગુરુ**'ના ઉપદેશ અને તેના પોતાના આચરણમાં એકરુપતા આવશ્યક છે. અન્યથા ઉપદેશ કારગત નિવડી ન શકે.

પુષ્ટિમાર્ગનું અનુસરણ કરનારે આ સંપ્રદાયનું 'હાર્દ' સારી રીતે સમજવું આવશ્યક ગણાય. તે માટે આચાર્યોએ '**તત્ત્વોપદેશ**', '**સિદ્ધાંતોપદેશ**', '**વ્યવહારોપદેશ**' અને '**ફલોપદેશ**' અનુયાયી વર્ગને આપવો જોઈએ. તદ્‌વિષયક ખુલાસા શ્રી મહાપ્રભુજીએ વિભિન્ન ગ્રંથોમાં કર્યા છે, જેનું અદ્યયન આચાર્યશ્રીઓ તેમજ અનુયાયી વર્ગે કરવું જોઈએ. ત્યારે જ આ માર્ગનું અનુસરણ સારી રીતે કરી શકાય અને અપેક્ષિત રૂપે પ્રાપ્તિ થઈ શકે.

ઉપરોક્ત સર્વે બાબતો વિશે 'વિમર્શ' આ પુસ્તકનું હાર્દ છે.

Khushi Multi Prints : 09227504555